

સનાળસુરભી
ના.પાર્થસારથિ અનુ.નવનીત મદ્રાસી
'સાહિત્ય અકાદમી પુરસ્કાર'થી
સન્માનિત તમિળ સર્જકની
યશસ્વી નવલકથા

## உலகளாவிய பொதுக் கள உரிமம் ( CC0 1.0 )

இது சட்ட ஏற்புடைய உரிமத்தின் சுருக்கம் மட்டுமே. முழு உரையை https://creativecommons.org/publicdomain/zero/1.0/legalcode என்ற முகவரியில் காணலாம்.

**பதிப்புரிமை அற்றது**

இந்த ஆக்கத்துடன் தொடர்புடையவர்கள், உலகளாவிய பொதுப் பயன்பாட்டுக்கு என பதிப்புரிமைச் சட்டத்துக்கு உட்பட்டு, தங்கள் அனைத்துப் பதிப்புரிமைகளையும் விடுவித்துள்ளனர்.

நீங்கள் இவ்வாக்கத்தைப் படியெடுக்கலாம்; மேம்படுத்தலாம்; பகிரலாம்; வேறு கலை வடிவமாக மாற்றலாம்; வணிகப் பயன்களும் அடையலாம். இவற்றுக்கு நீங்கள் ஒப்புதல் ஏதும் கோரத் தேவையில்லை.

***

இது, உலகத் தமிழ் விக்கியூடகச் சமூகமும் ( https://ta.wikisource.org ), தமிழ் இணையக் கல்விக் கழகமும் ( http://tamilvu.org ) இணைந்த கூட்டுமுயற்சியில், பதிவேற்றிய நூல்களில் ஒன்று. இக்கூட்டுமுயற்சியைப் பற்றி, https://ta.wikisource.org/s/4kx என்ற முகவரியில் விரிவாகக் காணலாம்.

## Universal (CC0 1.0) Public Domain Dedication

This is a human-readable summary of the legal code found at https://creativecommons.org/publicdomain/zero/1.0/legalcode

**No Copyright**

The person who associated a work with this deed has **dedicated** the work to the public domain by waiving all of his or her rights to the work worldwide under copyright law, including all related and neighboring rights, to the extent allowed by law.

You can copy, modify, distribute and perform the work, even for commercial purposes, all without asking permission.

***

This book is uploaded as part of the collaboration between Global Tamil Wikimedia Community ( https://ta.wikisource.org ) and Tamil Virtual Academy ( http://tamilvu.org ). More details about this collaboration can be found at https://ta.wikisource.org/s/4kx.

સાહિત્ય અકાદમી પારિતોષિક પુરસ્કૃત

તમિળ સર્જક

ના. પાર્થસારથિની

સુપ્રસિદ્ધ યશસ્વી નવલકથા

'કુરિંજિમલર'નો

અનુવાદ

'સ્વપ્નસુરખી'

## દક્ષિણ ભારતીય સાહિત્યમાળા

ભારતની ભાવાત્મક એકતા સાધવા માટે ભારતની વિવિધ ભાષાઓનાં સાહિત્યનું અન્ય ભાષાઓમાં આદાન-પ્રદાન થાય તે અત્યંત આવશ્યક છે.

હિંદી, મરાઠી, બંગાળી અને ઉર્દૂ ભાષાનાં સાહિત્યમાંથી તો ઘણાં ભાષાંતરો અવારનવાર ગુજરાતી ભાષામાં રજૂ થાય છે. પણ દક્ષિણ ભારતની ભાષાઓનું સાહિત્ય અને તેમાં વ્યક્ત થતી સામાજિક ભૂમિકાનો હજી ગુજરાતને ઝાઝો પરિચય નથી, દક્ષિણ ભારતની ચાર ભાષાઓ તમિળ, તેલુગુ, મલયાળમ અને કન્નડ ભાષાને એમનાં આગવાં વ્યક્તિત્વ અને પરંપરા છે. તેથી આ ભાષાઓની શ્રેષ્ઠ કૃતિઓ તેમજ ત્યાંના સમાજનું દર્શન કરાવતાં પુસ્તકો ગુજરાતી ભાષામાં ઊતરે તો ગુજરાતી સાહિત્યને અને વાચકોને અનોખું સાહિત્યધન પ્રાપ્ત થાય અને એ દ્વારા ભારતની ભાવાત્મક એકતાને વેગ મળે. 'દક્ષિણ ભારતીય સાહિત્યમાળા' શરૂ કરવાનો આ હેતુ છે.

**સંપાદક**

**નવનીત મદ્રાસી**

દક્ષિણ ભારતીય સાહિત્યમાળા : ૪૮

ના. પાર્થસારથિ

□

# સ્વપ્નસુરખી

□

અનુવાદક

નવનીત મદ્રાસી

આદર્શ પ્રકાશન

૧૭૬૦/૧, ગાંધીમાર્ગ, બાલાહનુમાન સામે, અમદાવાદ ૩૮૦ ૦૦૧

"SWAPN-SURAKHI" A Gujarati Translation By Navnit Madrasi, of Naa.. Parthsaraty's Well-known, Tamil Novel, "Kurijjimalar".


: પ્રકાશક :

કૃષ્ણકાંત મદ્રાસી
આદર્શ પ્રકાશન
જુમ્મા મસ્જિદ સામે, બીજે માળ,
ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

□

પ્રથમ આવૃત્તિ : ૨૬, જાન્યુઆરી, ૧૯૯૮

□

મૂલ્ય રૂ. ૮૫-૦૦

□

: મુદ્રક :

વિજય ઓફસેટ
૨૩, અજય એસ્ટેટ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ ૩૮૦ ૦૦૪

મુ. શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક'ને...

સ્નેહાદરપૂર્વક

( જેમની નવલકથા 'પ્રેમ અને પૂજા'ના પ્રકાશન દ્વારા પ્રકાશનની દુનિયામાં મેં પ્રવેશ કર્યો હતો. )

— નવનીત મદ્રાસી

## ના. પાર્થસારથિ : એક પરિચય

# સુરભિત જીવન કેડી

સને ૧૯૩૨ના ડિસેમ્બર માસની ૧૮મી તારીખે એક સામાન્ય પરિવારમાં જન્મેલા શ્રી ના. પાર્થસારથિનો વિદ્યાભ્યાસકાળ આમ તો મુશ્કેલીઓથી ઘેરાયેલો હતો. પરંતુ તેમની વિદ્યાર્થી કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. 'તમિળ સાહિત્ય'નો વિષય લઈને મદ્રાસ યુનિવર્સિટીની એમ.એ.ની પરીક્ષા તેમણે પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ કરી. મદ્રાસ યુનિવર્સિટી દ્વારા તેમને 'વિદ્વાન'નું પદ એનાયત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત 'મદુરૈ તમિળ સંગમ'ની 'પંડિત'ની પદવી પણ તેમણે માન સાથે પ્રાપ્ત કરી છે. યુનિવર્સિટીની પરીક્ષા દરમિયાન તો ત્રણ ત્રણ સુવર્ણચંદ્રકોના તેઓ વિજેતા બન્યા હતા. આમ તો ના. પાર્થસારથિએ વિદ્યાભ્યાસ ક્ષેત્રે તેજસ્વી કારકિર્દી સંપાદન કરી છે.

# સર્જનનો ફાગ અને ફોરમ

શ્રી ના. પાર્થસારથિનું સાહિત્યનું સર્જન વિપુલ તેમજ વૈવિધ્યપૂર્ણ છે. છત્રીસ જેટલી તો નવલકથાઓ તેમણે રચી છે અને પચીસ જેટલા તેમના વાર્તાસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. તેમણે કેવળ વાર્તાઓની રચના જ અર્પી છે એવું નથી; કાવ્યસંગ્રહો, નિબંધો, વિવેચનો તેમજ સંશોધનો વગેરેના ફાલની સંખ્યા પચીસેક થવા જાય છે. આ તો માત્ર સંખ્યાની દૃષ્ટિએ તેમના પક્ષે એક જમા બાજુ કહી શકાય, પરંતુ ગુણકક્ષા અને પ્રયોગશીલતાની દૃષ્ટિએ પણ તેમનું નામ ઝળહળતું છે. સને ૧૯૮૫માં યોજાયેલી 'કલ્કિ ટૂંકી વાર્તા હરીફાઈ'માં તેમની વાર્તાકૃતિ પ્રથમ સ્થાને આવી હતી ને તે બદલ તેમને પારિતોષિક મળ્યું હતું. નવલકથા 'સમુદાયવિધિ'ને માટે સાહિત્ય અકાદમી ઍવોર્ડ પ્રાપ્ત થયો. સને ૧૯૮૧માં તેમની નવલકથા 'તુલસીમાડમ'ને રાજા સર અણ્ણામલૈ ચેટ્ટિયાર ઍવોર્ડ એનાયત થયો. સને ૧૯૮૩માં તમિળનાડુ સરકાર દ્વારા તેમની નવલકથા 'સાયંકાળ મેગંગળ'ને ઉત્તમ નવલકથા તરીકે ઍવોર્ડ આપવામાં આવ્યો. આવી ઉત્કૃષ્ટ સાહિત્ય સેવા બદલ એમનું રોટરી આંતરરાષ્ટ્રીય બહુમાન કરવામાં આવ્યું હતું.

# પરિસીમાઓની પરિક્રમા

શ્રી ના. પાર્થસારથિએ યૂરોપ ખંડનાં લગભગ બધાં રાજ્યોનો પ્રવાસ ખેડ્યો છે. તેમાંયે ઇંગ્લૅન્ડ અને ફ્રાંસની ધરતી તેઓ બબ્બે વાર ખૂંદી વળ્યા છે. શ્રીલંકા, સિંગાપુર, મલેશિયા, ઇટલી, પોલૅંડ, યુ.એસ.એસ. અને દક્ષિણ અને પૂર્વનાં રાજ્યોની પણ તેમણે ઊડતી મુલાકાત લીધી છે. આ વ્યાપક પરિક્રમા દ્વારા તેમણે જુદી જુદી પરિષદો મધ્યે સંભાષણો કર્યાં છે. સેમિનાર સન્મુખ વ્યાખ્યાનો આપ્યાં છે. શોધ-નિબંધોનું વાચન કર્યું છે. આ દેશોમાં રેડિયો અને ટેલિવિઝનોના માધ્યમ દ્વારા તેમનાં પ્રવચનોનું પ્રસારણ પણ થયું છે. ભારતનો એવો સાહિત્ય સર્જક જવલ્લે હશે જેનાં રેડિયો દ્વારા બસો કરતાં વધુ પ્રવચનો પ્રસારણ પામ્યાં હોય. આ યશ શ્રી ના. પાર્થસારથિને પ્રાપ્ત થયો છે.

શ્રી ના. પાર્થસારથિએ આમ સ્વયં સીમાડાઓ બહાર પરિભ્રમણ કર્યું છે, પરંતુ તેમની રચનાઓએ પણ આવી સુગંધ લેરખીઓ લહેરાવી છે. તેમની નવલકથા 'આત્માવિન રાગંગળ'નું ગુજરાતીમાં 'આત્માના આલાપ' નામે ભાષાંતર થયું છે. સામાજિક ઉદ્દેશને વ્યક્ત કરતી નવલકથા 'સમુદાયવિધિ' પણ કન્નડ, ગુજરાતી, પંજાબી, મલયાળમ, અંગ્રેજી અને તેલુગુ, જેવી ભાષાઓમાં રૂપાંતર પામી છે. ગુજરાતીમાં 'સ્નેહ, સ્મિત અને સપનાં' નામે ભાષાંતર થયું છે. તેમની નવલકથા 'તુલસીમાડમ'નું ગુજરાતી, અંગ્રેજી અને મલયાળમમાં ભાષાંતર થયું છે. ગુજરાતીમાં તેનું ભાષાંતર 'જિંદગીના રંગ અનેક' નામે થયું છે. જ્યારે નવલકથા પટ્ટપ્પૂચ્ચિનો ગુજરાતીમાં 'પતંગિયાનો પથ પવન' નામે ભાષાંતર થયું છે. આવી જ તેમની યશસ્વી કૃતિ 'કુરિજ્જિમલર' છે જેનું ભાષાંતર ફ્રેંચ અને અંગ્રેજીમાં થયું છે. જ્યારે તેનું ગુજરાતી ભાષાંતર તમારા હાથમાં છે.

તેમની આમ કેટલીક રચનાઓનું અન્ય ભાષાઓમાં ભાષાંતર થયું છે, તેમ તેમણે પણ કેટલીક ભાષાઓની વિશિષ્ટ કૃતિઓનું તમિળમાં ભાષાંતર કર્યું છે. આમાં અંગ્રેજી અને ફ્રેંચ ભાષાની તેમજ કવિવર ટાગોરની કેટલીક કૃતિઓ છે. અત્રે નોંધપાત્ર હકીકત એ છે કે ગુજરાતના કવિવર ન્હાનાલાલની કેટલીક કૃતિઓનું તેમણે તમિળમાં રૂપાંતર કર્યું છે. આમ ગુજરાતની સરવાણીને તેમણે તમિળ ધરતી પર રેલાવી છે.

## જ્યોતથી જ્યોત જલે

શ્રી ના. પાર્થસારથિનાં ઘણાં પુસ્તકો મદ્રાસ યુનિવર્સિટીમાં પાઠ્ય પુસ્તક તરીકે પસંદગી પામ્યાં છે. તેમની પ્રયોગલક્ષી નવલકથાઓ બી.એ. અને એમ.એ.ના અભ્યાસક્રમમાં માર્ગસૂચક સ્તંભ સમાન રહી છે. તેમના સર્જન વિશે 'પીએચ.ડી.'ની પદવી માટે બે વિદ્યાર્થીઓએ મહાનિબંધ લખ્યા છે. જ્યારે એક અભ્યાસીએ તેમની કૃતિઓની તુલના અંગ્રેજી સાહિત્યના વિખ્યાત નવલકથાકાર થોમસ હાર્ડીની નવલકથાઓ સાથે કરી એક શોધ-નિબંધ તૈયાર કર્યો છે. સમર્થ સાહિત્યકારનાં સર્જન અને શૈલીની અસર જે તે યુગલક્ષી સાહિત્ય પર ક્યાં અંકિત થતી નથી ?

## વિવિધલક્ષી સેવાઓ

આમ તો શ્રી ના. પાર્થસારથિની સાહિત્યિક સેવાઓ અવિરત ચાલુ રહી હતી. 'દીપમ' નામે એક સાહિત્યિક સામયિકનું સફળતાપૂર્વક મંત્રીપદ સંભાળ્યું હતું. 'તમિળ રાઇટર્સ એસોસિયેશન' અને 'તમિળ રાઇટર્સ કો. ઑ. સોસાયટી લિ.'ની કારોબારીના સભ્ય તરીકે તેઓએ સારી એવી સેવાઓ અર્પી હતી. એન.એફ.ડી.સી. દ્વારા સંચાલિત સ્ક્રિપ્ટ કમિટીના તેઓ ડિરેક્ટર પણ હતા. જ્યારે સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હીના તમિળ ભાષાના સલાહકાર મંડળમાં ગવર્નર તરીકે મૃત્યુ પર્યંત સેવાઓ અર્પી છે.

સૌમ્ય અને સૌજન્યપૂર્ણ પ્રતિભા ધરાવતા શ્રી ના. પાર્થસારથિની સાહિત્યિક પ્રતિષ્ઠા ગૌરવાન્વિત છે. તેઓએ સાહિત્ય માટે સાહિત્ય દ્વારા સાહિત્યિક જીવન સાર્થક બનાવ્યું છે. તેમણે વિપુલ સાહિત્ય સર્જ્યું છે.

તેઓ મલયેશિયા સાહિત્ય પરિષદમાં ગયા અને ત્યાંથી નાદુરસ્ત તબિયતે પાછા ફર્યા. તા. ૧૩-૧૨-'૮૭ના રોજ તેઓ નાની દુનિયા ત્યજીને વિરાટમાં વિલીન થઈ ગયા.

આ નવલકથાનું ગુજરાતીમાં ભાષાંતર કરી તેનું પ્રકાશન કરવાની પરવાનગી આપવા બદલ હું સ્વર્ગસ્થનાં પત્ની શ્રી સુંદરવલ્લીનો ઋણી છું. પ્રસ્તુત નવલકથાના વાચનમાં વાચકોને અનુકૂળતા રહે તે માટે કેટલાંક પાત્રોનાં નામોમાં સરળતા આણી છે.

**– નવનીત મદ્રાસી**

## પ્રાક્કથન

□

આ કથાનો પ્રાદુર્ભાવ તમિળ ભૂમિમાં થયો છે. આ કથા તમિળ સભ્યતાનો પરિચય કરાવે છે. તમિળ સૌરભનો પ્રસાર કરે છે. ભાષા, દેશ અને સભ્યતાની એવી ગૌરવપૂર્ણ છાપ પ્રત્યેક કથામાં અનિવાર્ય હોવી જોઈએ એવી મારી માન્યતા છે. આ માન્યતાની પૂર્તિ જ મારું પરમ લક્ષ્ય છે. આ લક્ષ્યને નજર સમક્ષ રાખીને આ નવલકથાની રચના થઈ છે.

આ નવલકથાનાં પૂરણી અને અરવિંદન-બંનેને તમિળ સ્ત્રી-પુરુષના સ્વરૂપમાં સ્થાપિત કરીને તેમને સમજવા માટે સારભૂત આવશ્યક ગુણોની સ્થાપના કરવામાં આવી છે. જ્યારે આ નવલકથા સાપ્તાહિક પત્રિકા 'કલ્કિ'માં સંપૂર્ણ થઈ ત્યારે કેટલાય વાચકોએ મને પત્રો લખ્યા હતા. લખ્યું હતું કે તેમણે પોતાનાં પુત્ર-પુત્રીનાં નામ અરવિંદન અને પૂરણી રાખ્યાં છે. અને આપના આશીર્વાદની અપેક્ષા. આ નવલકથાની સાથે વાચકોને કેવો ગાઢ સંબંધ રહ્યો છે, લેખકને પણ આનો અનુભવ તે જ સમયે થયો.

કથાનો આરંભ તિરુપરંગકુડ્રમ પર્વતીય પ્રદેશથી થાય છે અને પર્વતીય પ્રદેશ કોડૈક્કેનાલમાં સમાપ્ત થાય છે. કથાક્રમ જ્યારે પહેલી વાર કુરિજ્જિપુષ્પ ખીલ્યું ત્યારે નવલકથાની નાયિકા પણ પ્રસન્નચિત્તે અરવિંદન સાથે વાતો કરી રહી છે. કથાના અંતમાં જ્યારે બીજી વાર 'કુરિજ્જિપુષ્પ' ખીલ્યું ત્યારે શોકવિહ્વળ નાયિકા સજળ નેત્રે ઊભી છે. આ કથામાં તે 'કુરિજ્જિપુષ્પ'ની જેમ અપૂર્વ છટા-અદાથી પ્રગટ થયેલી નારી છે, 'કુરિજ્જિપુષ્પ'ની જેમ ઉચ્ચ સ્થાન પર પણ રહેનારી છે. તેનો વિનાશ ક્યારેય નહિ થાય, શાશ્વત જીવન જીવનારી છે તે.

પ્રત્યેક તમિળ યુવક સ્વભાવે અરવિંદનના જેવો સાદગી પસંદ નીવડે, પુનિત સેવાભાવવાળો થાય. મણિવણ્ણનની આ જ હાર્દિક ઇચ્છા છે અને 'કુરિજ્જિપુષ્પ'ની સમાન અપૂર્વ વિકસિત પૂરણી જેવી અનેક નારીઓ તમિળ પ્રદેશમાં જન્મ ધારણ કરે, મણિવણ્ણનનું આ સ્વપ્ન છે.

**ના. પાર્થસારથિ (મણિવણ્ણન)**

# દક્ષિણ ભારતીય સાહિત્ય તીર્થના સાહિત્યોપાષક શ્રી નવનીતભાઈ મદ્રાસી

સિધ્ધિના સરોજ સાધનાના સરોવરમાં સુહાય ! સંન્નિષ્ઠ સારસ્વત શ્રી નવનીતભાઈ મદ્રાસીની શબ્દસાધના આ પંક્તિને સાક્ષાત્કાર કરે છે. તેઓ એક પ્રખર શબ્દ ઉપાસક છે.

દક્ષિણ ભારતની ચાર દ્રવિડ ભાષાઓ તમિળ, તેલુગુ, કન્નડ અને મલયાળમ સાહિત્યના અગ્રગણ્ય લેખકોનાં સાઠેક પુસ્તકોના અનુવાદો આપણી ગરવી ગુજરાતી ભાષામાં શ્રી નવનીતભાઈ મદ્રાસીએ કર્યાં છે.

એમના આ પરિશ્રમને પરિણામે જ ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સુવિખ્યાત તમિળ સર્જક શ્રી અક્લિનની નવલકથા 'ચિત્રપ્રિયા', સાહિત્ય અકાદમી પુરસ્કૃત તમિળ સર્જક શ્રી ના. પાર્થસારથિની નવલકથાઓ, ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત સુવિખ્યાત કન્નડ લેખક શ્રી માસ્તિ વ્યંકટેશ આય્યંગારની સુપ્રસિદ્ધ કૃતિઓ, કન્નડ લેખક શ્રી એસ. એલ. ભૈરપ્પાની નવલકથા 'જન્મોજનમના ખેલ', સુવિખ્યાત સાહિત્યકાર, ઇતિહાસજ્ઞ અને આદરણીય રાજકારણી સરદાર કે. એમ. પણિક્કરની મલયાળમ નવલકથા 'કલ્યાણમલ', મલયાળમ સર્જક પી. કેશવદેવની સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા 'આભ ધરાને અડતું લાગે !' તેમજ તેલુગુ સર્જક શ્રી આર. એસ. સુદર્શનમની આંધ્ર સાહિત્ય અકાદમી પુરસ્કૃત નવલકથા 'વંશવૃક્ષ' અને અડિવિ બાપિરાજુ કૃત નવલકથા 'આલાપ-વિલાપ' જેવી ઉત્તમ કૃતિઓ આપણને-વાચકોને ઉપલબ્ધ થઈ છે. તેમણે અંગ્રેજી ભાષામાંથી પણ કેટલાક અનુવાદો આપ્યા છે.

સાહિત્ય અકાદમી દિલ્હી, નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા તેમજ ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર જેવી પ્રકાશન સંસ્થાઓએ પણ આ ઉત્સાહી અનુવાદકનાં પુસ્તકો પ્રકાશન કર્યાં છે તે સંતોષપ્રદ હકીકત છે.

ગુજરાતી સાહિત્યમાં ભાષાંતરકર્તા તરીકે સ્વ. મહાદેવભાઈ દેસાઈનું નામ વિરલ છે. ભાષાંતર ક્ષેત્રે શ્રી નગીનદાસ પારેખની પરિપાટી પ્રખ્યાત છે. શ્રી રમણલાલ સોનીની સેવાઓએ ગુજરાતીને સમૃદ્ધિ અર્પી છે. તેવી રીતે શ્રી નવનીતભાઈ મદ્રાસીની સેવાઓ પણ માર્ગસૂચક સ્તંભ છે.

ભાષાંતર એ એક કલા છે. એ કંઈ શબ્દ અને અર્થની ક્વાયત નથી. એક ભાષાનાં શબ્દના અર્થ-પરિધાનને બીજી ભાષાનાં શબ્દ-વસ્ત્રની માત્ર સજાવટ નથી. જે ભાષામાં અસલ રચના રચાઈ હોય, તેની અર્થઆભા અન્ય ભાષામાં ખીલે, તેની રૂપછટા અન્ય ભાષામાં લાવણ્યંતી બને, તેના રસનો સાક્ષાત્કાર થાય, તે જીવંત શ્વાસોચ્છ્વાસ ઘૂંટે-તે છે - સફળ ભાષાંતર. શ્રી નવનીતભાઈ મદ્રાસીએ સવિશેષ નવલકથા-નવલિકાઓનાં ભાષાંતર કર્યા છે, ત્યારે તેઓ મૂળ ભાષામાં વ્યક્ત થયેલી કર્તાની સમસંવેદનાની પ્રતીતિ કરાવી શક્યા છે. તેમણે ભલે ભાષાંતર કર્યા પરંતુ ગુજરાતીમાં તો તે રચનાઓ જાણે મૌલિક સર્જના જેવી તૃપ્તિ અર્પે છે. આ છે તેમની ભાષાંતરની સફળતા !

અમૃત મહુર્તે પહોંચેલા શ્રી નવનીતભાઈ મદ્રાસીની અર્ધીસદીની સાહિત્ય સેવાઓનું મૂલ્ય તેમને, આપણને સામાન્યત: અપરિચિત એવી દક્ષિણ ભારતની ભાષાઓની સાહિત્યકાવેરીનો પ્રવાહ આપણે આંગણે વાળ્યો તે ઘણું મહત્ત્વનું ગણાય. કોઈ અકાદમી કે યુનિવર્સિટી જેવી સાહિત્ય સંસ્થાઓએ કરવા જોગું કામ શ્રી મદ્રાસીએ એકલે હાથે, પોતાની હોંશથી અને સાહિત્યપ્રીતિથી કર્યું છે. તે આપણા સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર ને અભિનંદનીય ઘટના લેખાય. આ માટે આપણે વાચકો તેમના ઋણી છીએ.

- વિનોદ અધ્વર્યુ

# ૧

ક્યારેક જે સત્ય ભાસતું હતું તે હવે તો સમયચક્રની સાથે સાથે નરાતર અસત્ય, અતીતકથા અને કલ્પના બનીને રહી ગયું.

પ્રપંચરૂપી છોડમાં ફરી એક દિવસ ફૂલ ખીલવાં લાગ્યાં. ડિસેમ્બર મહિનાનું પ્રભાત ઝાકળભીના ગુલાબના મંડપમાંથી ચોતરફ ભીની ભીની સુવાસ પ્રસારી રહ્યું હતું. પુષ્પોની આ ભીની સુવાસ અને ઠંડકને એક સાથે વહન કરતો માદક અને સુખદ અનિલ લહેરાઈ રહ્યો હતો. ખીલી-અધખીલી કળી જેવો પ્રભાતનો સમય હતો. ઉષાંગના નારીએ પૂર્વ દિશાના પ્રકાશપુંજમાં હળધર ચોળીને સ્નાન કરવાનો હજી પ્રારંભ કર્યો ન હતો.

પૂરણી આંખો મસળતી પથારીમાંથી બેઠી થઈ. ઝરૂખામાંથી સામેના ઘરની રંગોળી તે સમયે ઝાંખા ચિત્ર સમાન દેખાતી હતી. મોટી સફેદ રંગોળીની વચમાં સીતાફળીનાં ફૂલ મૂક્યાં હતાં. સફેદ રંગોળીની વચમાં પીળા રંગનાં ફૂલ જાણે સુવર્ણને અગ્નિમાં ગરમ કરીને ઠેર ઠેર પાથર્યું હોય તેવું દૃશ્ય લાગતું હતું. રંગોળી અને તેની સુંદરતા જોઈને તેનું મન શોકના અતિરેકથી વધુ ભારે થઈ ગયું. તેની આંખો ભીની થઈ ગઈ.

તે તો એક વરસ સુધી આવી રંગોળી પોતાના આંગણામાં પૂરી પણ નહિ શકે. વાડામાં અને તેના ઘરમાં પણ સીતાફળીનાં ઢગલાંબંધ ફૂલ થાય છે. એ ચૂંટીને તે ક્યાં મૂકે ? અને રાખે પણ ક્યાં ? જ્યાં લોકોએ પોતાની જાતને એટલી હદે બદલી નાંખી છે કે દુઃખને પણ રૂઢિ અને નિયમ અનુસાર માનવા લાગે છે, સ્વીકારે છે. જૂના રીતરિવાજો પણ તમિળનાડુના વિશાળ જીવનરૂપી વટવૃક્ષને પણ જડમૂળમાંથી પકડી રાખે છે. આંસુ લૂછીને પૂરણી ઊભી થઈ અને બત્તી કરી. જો બાપુજી હયાત હોત તો સવારના સમયે આ ઘરમાં અંધકાર અને એકલતા વ્યાપેલાં હોત ? સાડાચાર વાગતાંની સાથે જ ઊઠી, ઠંડા પાણીએ સ્નાન કરી, પરવારીને તિરુવાચકમ*

---

** શિવભક્ત કવિઓમાં ચાર મુખ્ય કવિ છે-માણિક્કવાચકર, તિરુજ્ઞાન સંબંધર, અપ્પર અને સુંદરર. આ ચાર કવિઓમાંથી માણિક્કવાચકરની સ્ફૂટ કવિતાઓ 'તિરુવાચકમ'ના નામથી અને જ્યારે અન્ય ત્રણેની કવિતાઓ 'તેવારમ'ના નામથી સુપ્રસિદ્ધ છે.*

*તિરુવાચકમ વાસ્તવમાં માણિક્કવાચકરની આત્મકહાણી છે. તેમાં છસ્સો છપ્પન પદ છે.*

અને તિરુવેમ્પાવૈ ગાતા. ડિસેમ્બર મહિનામાં પ્રભાત થતાં પહેલાં જ સમગ્ર ઘરમાં ધૂપ મહેંકી ઊઠતો અને તમિળ મીઠાશ કાનને ભરી દેતી.

આજે ક્યાં છે તે તમિળ ? ક્યાં છે મેધાવી બાપુજી ? કેટલાંય હજારો વિદ્યાર્થી-વિદ્યાર્થિની પર સ્નેહ અને વિદ્વત્તાથી અધિકાર જમાવી યશપ્રાપ્તિ કરનાર, પંચભૂતનું બનેલું તે શરીર જ હવે નથી રહ્યું. હવે છે બાપુજીનાં પુસ્તકો ભરેલાં મોટાં કબાટ. આ કબાટો અને દુ:ખો જ પોતાની પુત્રી માટે મૂકીને તે સિધાવી ગયા છે. નહિ, એથી પણ અધિક જવાબદારીનો ભાર તે એકવીસ વરસની દૂબળી-પાતળી, ભલીભોળી પુત્રીના સુકોમળ ખભા પર મૂકીને ગયા છે.

અસહ્ય ઠંડીમાં ગેંડુઆરની* જેમ સંકોચાઈને સૂતેલાં પોતાનાં ભાઈબહેન તરફ પૂરણીએ નજર કરી. તેમને આમ સૂતેલાં જોઈને પૂરણીને ખ્યાલ આવ્યો કે તેને અવિવાહિત સ્થિતિમાં જ માની જવાબદારી પણ સંભાળવી પડશે.

જેવું તેણે માથું ઊંચું કર્યું કે, સામે દીવાલ પર ટાંગેલો બાપુજીનો ઘણો મોટો ફોટો જોયો. તેને થયું કે તે ફોટો તેને જોઈને હસી રહ્યો હતો. તે એ જોતી ઊભી જ રહી ગઈ. તેને સંદેહ થયો કે જાણે તેઓ જ તેને જોઈ રહ્યા છે.

તેમનો ચહેરો સુંદર અને હસમુખો હતો. ગહન અધ્યયન અને મેધા બંનેએ તેમના સૌંદર્યમાં અપૂર્વ તેજ પૂર્યું હતું. તેમની અપૂર્વ આંખો જોતાં જ થતું કે બ્રહ્માએ તે આંખોનું સર્જન તેમને માટે જ કર્યું છે. તેમાં સ્નેહ અને કરુણા ભારોભાર હતાં. બધાંને અપનાવતો મહાન વાત્સલ્યભાવ તે આંખોમાં રમ્યા કરતો. વિના બોલે હંમેશાં હસતા રહેતા, તેમના અધર, તેમની એ આંખો ! તે ચહેરો, તે હાસ્ય જ જાણે વિદ્યાર્થીઓને વશ કરવા માટે સર્જાયાં હતાં. તેમના મેધાવી વ્યક્તિત્વની અસરમાં આવીને કોઈ પણ વિદ્યાર્થી, તે ભલેને ઉન્નત-સારી સ્થિતિનો કેમ ન હોય, કે મોટો પદાધિકારી કેમ ન હોય, તેઓ કહેતાં હું તમિળ પ્રા. અલગિયનો વિદ્યાર્થી છું. અને તેમની મેધા વિદ્યાર્થીઓને પણ ગૌરવાંવિત કરતી હતી.

પૂરણીએ એક દીર્ઘ નિ:શ્વાસ નાખ્યો. દીવો બુઝાવીને, અંધારામાં

---

** માણિક્કવાચકરની કવિતા*

બેસી, બાપુજીના મૃત્યુશોકથી વ્યાકુળ તેનું હૈયું ધરાઈને રોવા ઇચ્છતું હતું. આંસુઓથી દુઃખ ઓછું થાય છે. રુદનથી મન હલકું થાય છે.

જેમ મંદિરના ગર્ભગૃહમાં ઊભેલો સાચો ભક્ત પુલકિત થઈ જાય છે, તેવી જ રીતે પૂરણી પણ ભાવવિહ્વલ થઈ ગઈ. આંસુની અવિરત ધારા તેની દૃષ્ટિને ઝાંખી કરી રહી હતી.

બાપુજીના વદન પર જે પ્રૌઢતા દેખાય છે, તે તો માના મૃત્યુ પછી જ જોવામાં આવી. માના મૃત્યુએ કદાચ ગહન અધ્યયન, ચિંતન – મનન અને અનુભવોએ તેમના મનને એટલી ઉચ્ચ સ્થિતિએ પરિપક્વ બનાવ્યું હતું.

આડંબરહીન, વ્યાધિરહિત રહી કેટલી સહજતા અને સરલતાથી તેમણે મૃત્યુને સ્વીકાર્યું હતું. બીજા મૃત્યુ પામે છે એમ તેઓ થોડા જ મૃત્યુ પામ્યા હતા ? જાણે કોઈને કોઈ રહસ્યમય રીતે બોલાવીને ક્યાંક મોકલી દે અને પોતે ચાલ્યો જાય એમ જ તેઓ પણ ચાલ્યા ગયા હતા.

બાપુજી હવે નથી. દુઃખ અને જવાબદારીની સાથે નાનાં અબૂઝ ભાઈબહેનને તેના આધારે છોડીને તેઓ ચાલ્યા ગયા. સમગ્ર ગામ શોકમાં ગરકાવ હતું. કૉલેજના હજારો વિદ્યાર્થીઓ, અનેક પ્રાધ્યાપકો તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ બાપુજીની સ્મશાનયાત્રામાં સામેલ થયા હતા. સહાનુભૂતિ પ્રદર્શિત કરતા, દિલાસો આપતા તાર અને પત્રો હજી પણ ક્યાં ક્યાંથી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના આવતા હતા.

બાપુજીના મૃત્યુને પંદર દિવસ વીતી ગયા. પ્રભાત થતાં જ દરરોજ સહાનુભૂતિ પ્રદર્શિત કરતા પત્રોના ઢગલા અને રૂબરૂ આવનારાઓની હારમાળા લાગે છે. પૂરણીની ભાવનાઓ, ચેતનાશક્તિ, ઉત્સાહ વગેરે તે ગહન દુઃખમાં ક્યાંય થંભી ગયાં છે.

દૂધવાળાનો અવાજ સાંભળીને આંસુઓ લૂછી પૂરણી દૂધ લેવા ગઈ. દૂધ આપીને જતાં જતાં દૂધવાળાએ કહ્યું : કપાળમાં વિભૂતિની આડ કરી, મુખે તિરુવાચકમનો પાઠ રટતાં બાપુજી દૂધ લેવા આવતા ત્યારે સાક્ષાત ભગવાનનાં દર્શન થયાનો મને અનુભવ થતો ! દૂધવાળાથી માંડીને શેરી વાળનારી સુધી દરેકને બાપુજી માટે વિશેષ આદરભાવ હતો.

બાપુજી હરકોઈ વ્યક્તિ માટે અનુકરણીય હતા. જ્ઞાન પ્રદાન

સાથ હોવાથી તથા જીવનની અન્ય સુવિધાઓ પ્રાપ્ત થવાથી પણ પ્રાધ્યાપક અલગિયે' તિરુપરંગકુંડ્રમમાં આવીને વસવાનો નિર્ણય લીધો, તેનાં કેટલાંય કારણો હતાં. સ્વાસ્થ્યવર્ધક શુદ્ધ હવા, ચારે તરફ હરિયાળી જ હરિયાળી અને મનને સંતુષ્ટ કરનારું કાર્તિકેયનું મંદિર. મદુરૈમાં પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક થતાં તેઓ અહીં આવીને વસી ગયા. તેઓ એકાંતપ્રિય, ધર્માનુરાગી, ચિંતનશીલ હતા. તેથી ત્યાંનું વાતાવરણ તેમને અનુકૂળ લાગ્યું. તેમણે તેમના જીવનનો આરંભ ત્યાંથી જ કર્યો હતો. પૂરણીની માએ ત્યાં જ તેનું ગૃહસ્થી જીવન વ્યતીત કર્યું હતું. પૂરણીનો જન્મ પણ ત્યાં જ થયો છે. ભાઈ કુમરન અને સંબંધન તથા બહેન વલ્લીનો જન્મ પણ ત્યાં જ થયો હતો. વલ્લીના જન્મ પછી માનો સ્વર્ગવાસ પણ ત્યાં જ થયો હતો.

અને હવે બાપુજીનું મૃત્યુ પણ ત્યાં જ થયું. એક કુશળ કલાકાર એક સુંદર ચિત્રનું સર્જન કરતાં કરતાં ચિત્ર અધૂરું મૂકીને - છોડીને ચાલ્યો જાય, તેમ અલગિયં પણ કાંઈક એ જ પ્રકારે પરિવારને અધવચ્ચે છોડીને ચાલી નીકળ્યા. તેઓ પોતાના જીવનકાળમાં જેવાં નામ, યશ, શીલ, ચારિત્રિક ગુણો પ્રાપ્ત કર્યાં હતાં એ જ પ્રમાણે પ્રાપ્ત કરેલી સંપત્તિ પણ સુરક્ષિત રાખી શકે તેમ હતા. પરંતુ તેમણે એવું કર્યું નહિ. તંગ હાથ ને દાતા મન હોવાથી જ તેઓ એવું કરી શક્યા નહિ.

અપરિપક્વ અવસ્થામાં રહીને તેમણે પરિવાર માટે શું એકત્રિત કરીને ગયા ? કોને આધારે છોડીને ગયા ? તમિળ સંસ્કૃતિ, સ્વ-અર્જિત યશ અને આ બધાંની સહ્યોગિની જેવી પૂરણીને જ છોડીને ગયા ? તેમણે પૂરણીનું એકવીસ વરસ સુધી પાલન-પોષણ કર્યું એટલું જ નહિ, બલ્કે આત્મવિશ્વાસ, વિવેક, પોતાની સાથે રાખીને શીખવેલા ઉચ્ચ આદર્શ, બધું જ કાંઈ સંભાળવાની યોગ્યતા આદિ સર્વ બાબતોમાં પૂરણીને શિક્ષિત કરીને ગયા હતા. કંકણ પહેરનાર હાથમાં જીવનનો ભાર સોંપીને તે ગયા હતા. તેમના દાંપત્ય જીવનના યૌવનકાળમાં પૂરણીનો જન્મ થયો હતો. તે દિવસોમાં તેઓ તમિળ કાવ્યમાં નિર્મિત નારીપાત્રો વિશે એક આલોચનાત્મક ગ્રંથ માટે અવિરત સંશોધન કાર્યમાં વ્યસ્ત હતા. સંશોધન કાર્ય પૂર્ણ થયું અને તેના પ્રકાશનના દિવસે જ પૂરણીનો જન્મ થયો. તમિળ કાવ્યોમાં જે પૂર્ણ સૌંદર્યનું દર્શન તેમણે કર્યું હતું, પૂરણીને જોવાથી

કરવામાં જ નહિ, ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક મદદરૂપ થવામાં તેઓ ગરિમા અને કૃતજ્ઞતાને પાત્ર બન્યા હતા. તેમનો જમણો હાથ આપવા માટે હંમેશાં ઊંચો રહેતો, લેવા માટે ક્યારેય નીચે નમ્યો જ નથી.

રેડિયોનો કાંટો નિર્ધારિત મીટર પર ન મૂકવાથી અનેક અવાજો એક સાથે ગુંજી ઊઠે છે તે રીતે કેટલાય અવાજોએ તેની વિચારધારામાં ખલેલ કરી. તે કૂવે સ્નાન કરવા ગઈ.

નજીકમાં જ મુખ્ય સડક પર શહેરથી તિરુપરંગકુંદ્રમ તિરુનગર પાછી ફરતી બસોનો કોલાહલ સંભળાતો હતો. તિરુનગર શહેરની નજીક હતું અને તે ગ્રામ્યસૌંદર્ય અને દૈવી મહત્ત્વ ધરાવતું હતું. મંદુરૈની સમક્ષ કલાત્મક સૌંદર્ય અને ગરિમા ન હોવા છતાં પણ તિરુનગરનું સાદગીભર્યું સૌંદર્ય તેનું પોતાનું હતું. ચિર યુવા અને ભક્તો પર કૃપાદૃષ્ટિ રાખનાર કાર્તિકેયનું મંદિર પહાડ પર નગરના ગૌરવચિહ્ન સરીખું હતું. ઉત્તરના ભાગમાં પહાડની નીચે એક નાનું અણીદાર ગોપુર હતું. ઢોળાવ પર પગથિયાં ઊતરતાં હોઈએ એવું એક અંતિ વિશાળ મંદિર હતું. તેની સામે જ એક વિશાળ નગર હતું, તે નગરનો દેખાવ જાણે મંદિરને નમીને નમસ્કાર કરવા માટે વસાવ્યું ન હોય એવો હતો ! પહાડની પશ્ચિમ તરફ એક નાનું રેલવે સ્ટેશન હતું ત્યાર પછી જ સુવ્યવસ્થિત યોજનાબદ્ધ એક શ્રેણીમાં એક પછી એક સરખા જણાતા મિલમજૂરોના નિવાસો હતા. તેની પશ્ચિમમાં જ તિરુનગર વસ્યું હતું.

તિરુપરંગકુંદ્રમની ઉત્તરે અને દક્ષિણે બે નાળાં વહેતાં હતાં. તેને જોઈ રહેવાથી એવી પ્રતીતિ થતી હતી કે જાણે પ્રકૃતિએ તિરુપરંગકુંદ્રમનું સૌંદર્ય નિહાર્યા કરવા માટે જ દર્પણવત્ નાળાં નિર્માણ કર્યાં છે. તેની ચારે તરફ ઠેર ઠેર કેળના બગીચા, શેરડીનો પાક, નાળિયેરી, મકાઈના છોડવા નજરે પડે છે.

તેનું સૌંદર્ય અને દેખાવ જોવાથી એવું જણાતું હતું કે જાણે સેંકડો વરસોથી અત્યંત આયોજનપૂર્વક તેનું નિર્માણ કરવામાં આવ્યું ન હોય ! તેને નિહાળવાથી પ્રાચીનતાની ઝળક પ્રાપ્ત થતી હતી અને એવી પ્રતીતિ થતી હતી કે જાણે તમિળ દેશવાસીઓએ હજારો વરસથી ત્યાંના વાતાવરણથી આસક્ત થઈને તેને પોતાના વાતાવરણને અનુરૂપ ઓપ આપ્યો ન હોય ! ત્યાં કૉલેજમાં કાર્ય કરવાથી, પોતાના ઘનિષ્ઠ મિત્રોનો

એ જ સૌંદર્ય તેમને યાદ આવતું, બાળકીના અદ્વિતીય સૌંદર્યને અનુકૂળ જ તેમણે નામ રાખ્યું પૂરણી.*

તે પુસ્તકના પ્રકાશનના સાત-આઠ મહિના પછી વિશ્વવિદ્યાલયે તેમને ડૉકટરની પદવીથી સન્માનિત કર્યા. પરંતુ આથી પણ અધિક સુખદ અનુભૂતિ તેમને ત્યારે થઈ જ્યારે પહેલી વખત પૂરણીએ કાલી ભાષામાં અપ્પા કહી બોલાવ્યા હતા. યથા નામ તથા ગુણ અનુસાર વયની સાથે સાથે તેનાં સૌંદર્ય અને બુદ્ધિની પણ વૃદ્ધિ થતી ગઈ. બુદ્ધિમાં તો બાપુજી અને સૌંદર્યમાં તે મા પર પડી હતી.

યૌવન પર્વમાં અનુરાગનાં સ્વપ્નમાં ડૂબેલાં, કુશળ ચિત્રકાર અને ભાવુક સૌંદર્ય-દૃષ્ટા દ્વારા અંકિત કરેલા ચિત્ર સરીખું પૂરણીનું વદન હતું. અપ્રાપ્ય ઉચ્ચ આદર્શોને સર્વદા ક્યાંક કોઈની શોધની સમાન ચિંતન અને સૌંદર્યમિશ્રિત ભાવ તો તેનાં નેત્રોમાં દૃષ્ટિગોચર થતો હતો. મહાન ઉત્તરદાયિત્વનો સ્વીકાર કરીને, તેને પોતાના જીવનમાં પૂર્ણ સ્વરૂપે પરિપાલન કરવાની દૃઢતા તેના વદન પર સ્પષ્ટ ઝળકતી હતી. હજારો વરસોથી આ દેશની નારીમાં જોવા મળતા પરિપક્વ ગુણો દર્પણની જેમ તેના સુંદર સોહામણા વદનમાં દૃષ્ટિગોચર થતા હતા.

પૂરણીને જોયા પછી બળપૂર્વક આ કહેવું પડે કે પૂરણી સમાન પૂરણી જ હોઈ શકે. પ્રા. અલગિયે પૂરણીને એસ. એસ. એલ. સી.+ સુધી ભણાવી હતી. ઘરમાં અવકાશના સમયે તેમણે પૂરણીને વ્યાકરણનું સારું જ્ઞાન આપ્યું હતું. ભલે તેઓ આધુનિક વિચાર ધરાવતા હોવા છતાં સ્ત્રીશિક્ષણની બાબતમાં તેમના વિચાર સંકુચિત હતા. પૂરણીને કૉલેજ ન મોકલવાનું આ જ કારણ હશે. કૉલેજમાં મોકલવાથી બુદ્ધિનો જેટલો વિકાસ થાય તેનાથી ચાર ગણો વિકાસ તેમણે ઘરમાં જ કરાવ્યો હતો - અને તેની ઉન્નતિમાં સહાયક થયા હતા. તમિળ ભાષા પ્રત્યે લગની અને રુચિ હોવાને કારણે તેમણે જે રીતે પોતાનાં ભાષણ અને લેખનથી તમિળ ભાષાની સમૃદ્ધિમાં યોગ આપ્યો હતો, એ જ પ્રકારે પૂરણીને પણ વધુ પ્રગતિ કરવામાં સહયોગ આપ્યો.

સાડા નવ વાગ્યા છે. જમ્યા પછી દફતર લઈને શાળાએ જતાં જતાં

** પૂરણી : શિવશક્તિ*

*+ અગિયારમું ધોરણ*

કંઈક યાદ આવવાથી કુમરન અને સંબંધન ઉમરા આગળ ઊભા થઈ ગયા. એટલામાં નાની બહેનના હાથ ધોવડાવવા આવેલી પૂરણીએ તે બંનેને જોયા.

'કેમ, હજી સુધી ઊભા છો ? નિશાળે જવામાં મોડું નહિ થાય ?' ત્યાં તો યાદ આવતાં પૂરણીએ કહ્યું : 'અરે ! શાળામાં ફી આપવાનો આજે છેલ્લો દિવસ છેને ? જોઉં છું. ઊભા રહો.'

ઘરમાં જઈ પેટી ઉઘાડીને જોયું. તેમાં કુલ્લે સાડાસાત રૂપિયા હતા. બૅંકની પાસબુક જોઈ તેમાં ખાસ રકમ જમા ન હતી. ભાઈને બોલાવીને તેણે સાત રૂપિયા આપ્યા અને આજે જ ફી જમા કરાવવા કહ્યું.

તે ઘરની ચારની દીવાલની અંદર જે ગણો તે એની પાસે કુલ આઠ આના બાકી રહ્યા હતા.

ટપાલી ઘરની બહાર આવીને ઊભો રહ્યો. હૉલમાં બેસીને અંબુલિમામા*નાં ચિત્રો જોઈ રહેલી વલ્લી ઊછળતી-કૂદતી ગઈ અને ટપાલ લઈ આવી. ઊછળતી-કૂદતી આવતી પોતાની નાની બહેનને જોઈને પૂરણીની આંખો હર્ષવિભોર થઈ ગઈ.

વલ્લીએ લાવેલ બે પત્રોમાંથી પૂરણીએ એક પત્ર ખોલ્યો. તે પત્ર બાપુજી પાસે તમિળ શીખી ગયેલા એક અત્યંત ધનાઢ્ય વેપારીનો હતો. તમિળ શીખવા આવનાર તે વેપારીનું નીતિ વિરુદ્ધનું આચરણ વગેરે બાપુજીને પસંદ ન હતાં. તેમણે તે વેપારી પાસેથી તમિળ શિખવાડવાનો એક પૈસો પણ લીધો ન હતો. તિરસ્કારના ભાવથી તેઓ ઘણી વાર પૂરણીને કહેતા, 'ગરીબોનું રક્ત ચૂસીને આણે ધન એકત્ર કર્યું છે, દીકરી ! પરંતુ હું માનું છું કે જે તમિળ શીખવા આવે છે તેમને ભણાવવાનો ઇન્કાર કરવો એ પાપ છે. મારા આ સિદ્ધાંતને લીધે મારે આવા લોકોને નભાવી લેવા પડે છે.'

દુનિયામાં ભલેને ગમે તેટલી મોટી વ્યક્તિ કેમ ન હોય, પણ જો તેનામાં ચારિત્ર અને પ્રામાણિકતા ઓછાં હોય તો તેને તુચ્છ માનવાની તેમનામાં અદ્‌ભુત શક્તિ અને અદમ્ય સાહસ હતાં. તેમને સભ્યતાને માટે આદર અને સન્માનનો ભાવ હતો. પરંતુ ધનને માટે આદરનો ભાવ સહેજ પણ ન હતો.

** અંબુલિમામા-ચંદામામા*

સ્મૃતિ અને ઘૃણાની ચરમ સ્થિતિ સાથે પૂરણીએ પત્ર વાચવો શરૂ કર્યો :

'આ સાથે એક ચેક મોકલું છું. તેમાં મેં સહી કરી છે પણ રકમ લખી નથી. તમારે જેટલા રૂપિયાની જરૂર હોય તેટલી રકમ ચેકમાં લખી નાખજો. બાપુજીના મૃત્યુ પછી તમારા ઘરની પરિસ્થિતિથી હું પૂરેપૂરો માહિતગાર છું. કૃપા કરીને ચેકનો અસ્વીકાર ન કરશો.'

પૂરણીએ ચેકનો રંગીન કાગળ બરાબર જોયો. લાલ રંગના તે અક્ષરોએ ન જાણે કેટલાંય ગરીબોનાં આંસુ પીધાં હશે ! તેને એવી ગ્લાનિ થઈ કે જાણે જગતની સૌથી વધુ ઘૃણિત ચીજ હાથમાં લીધી ન હોય ! તેણે પત્ર અને ચેક બંને ઉપેક્ષાથી નીચે ફેંકીને મસ્તક ઊંચું કર્યું. સામે બાપુજીનો હાસ્ય વેરતો ફોટો જાણે તેના કાર્યને પ્રશંસાત્મક દૃષ્ટિથી જોઈ રહ્યો છે, એવો આભાસ થયો.

તે અંદર ગઈ. પેન લઈ આવી. પછી જમીન પર પડેલો ચેક લઈ તેની પાછળ લખ્યું. 'બાપુજીનો સ્વર્ગવાસ થયો છે, પરંતુ તેમનું આત્મસન્માન હજી પણ આ પરિવારમાં જીવંત છે અને સદા રહેશે. આપની સહાયતા માટે આભાર. જરૂરિયાતવાળાઓને સહાય કરજો. તમારો મોકલેલો ચેક પાછો મોકલું છું.'

પછી કવરમાં તેણે તે ચેક બીડ્યો. ક્યારેક ખરીદેલી ટિકિટ ઘરમાં પડી હતી. તે તેના પર ચોડી અને સામેની ટપાલપેટીમાં નાખી આવી.

ઘરમાં આવતાં તેની નજર બીજા બંધ કવર પર પડી. કવર ખોલ્યું. તિરુપરંગકુંદ્રમના જે ઘરમાં આ લોકો અત્યારે રહેતા હતા તે ઘરના માલિક મદુરૈ રહેતા હતા. આ પત્ર તેમણે લખેલો હતો.

'આવતા મહિને હું આ ઘર વેચી રહ્યો છું. તે દરમિયાન પાછલા છ મહિનાનું ચઢેલું ભાડું ચૂકવી આપજો અને નવા મકાનની વ્યવસ્થા કરી લેજો.'

પત્ર તેના હાથમાંથી પડી ગયો.

બાપુજીના ફોટાને, તેમની અદ્‌ભુત આંખોને પૂરણી પાષાણવત્ ઊભી જોઈ રહી.

'દીકરી ! તારા પર હજી તો જીવનરૂપી દુ:ખના બાણનો આ પહેલો પ્રહાર જ થયો છે. મારા મૃત્યુ પછી તું પ્રથમ વાર કષ્ટનો સાક્ષાત્કાર કરી

રહી છે. ધૈર્ય ગુમાવીશ નહિ, કષ્ટોનો સામનો કરી, તેના પર વિજય મેળવવાનો પ્રયત્ન જ જીવન છે.' બાપુજીનું કથન જાણે સ્વયં તેના મનમાં ભ્રમ ઉત્પન્ન કરી રહ્યું હતું. તેમની અદ્ભુત આંખોમાંથી એક પ્રકાશ નીકળીને શનૈ: શનૈ: તેની તરફ પ્રસરતો, તેનામાં પ્રવેશતો જતો હતો.

તેના મનમાં ધીરજજન્ય વિશ્વાસની જ્યોતિ ઝગમગી ઊઠી.

## ૨

વલ્લી પુસ્તકનાં પાનાં ફેરવતાં ફેરવતાં ત્યાં જ પોઢી ગઈ હતી. પૂરણી મકાનમાલિકનો પત્ર લઈને ભ્રમિત મનોદશામાં બેઠી હતી. તેણે એક દીર્ઘ નિ:શ્વાસ નાખ્યો. દુકાનમાંથી ખસની સુવાસ આવતી હતી. તે સુવાસ એ ગામની નિતાંત વિશિષ્ઠતા છે. મંદિરની આસપાસની ચારે શેરીઓ સુધી આ સુવાસ અવિચ્છિન્નપણે ફેલાયેલી રહે છે.

બાપુજી ઘણી વાર કહેતા, 'કાર્તિકેયની કૃપાસૌરભ સરખી આ સૌરભ પણ આ ગામની પોતાની વિશિષ્ઠતા છે, દીકરી !' તે સૌરભ જાણે તેને એ વાતોની યાદ કરાવી રહી હતી.

મકાનમાલિકને છ મહિનાનું ભાડું ચૂકવવા માટે રૂપિયા જોઈએ. પછી ઓછા ભાડાનું મકાન પણ જોવાનું છે. આ બંનેથી પણ વધુ અગત્યનું કામ પોતાને માટે કોઈ પણ નોકરી શોધવાની છે. આડંબરપૂર્ણ અને વૈભવશાળી જીવન ન જીવે પરંતુ સન્માનપૂર્વક જીવન તો જીવવું જોઈએને ! બાપુજી ન હોય તો પણ તેમણે પ્રાપ્ત કરેલ કીર્તિ અને ગૌરવનો પ્રભાવ તો ઘરમાં રહેવો જોઈએને ! પરંતુ કીર્તિથી તો મન ભરી શકાય છે, પેટ ભરી શકાતું નથી. કીર્તિ ભાત આપી શકતી નથી, પરિવારનું પોષણ કરી શકતી નથી, ભાઈ-બહેનોને ભણાવી શકતી નથી. ખાલી શબ્દોથી પ્રશંસા કરનારાઓ પાસેથી સહાયની આશા સેવવી ઉચિત નથી. અનુચિત બીજાઓની મદદ પ્રાપ્ત કરીને સારું જીવન વિતાવવા કરતાં ઉચિત મહેનત કરીને સીધુંસાદું જીવન જીવવું એ વધુ શ્રેયકર છે. ગરીબીમાં જીવન જીવીને પણ પ્રામાણિકપણે જીવવું જોઈએ. બાપુજીને આવું જીવન પસંદ હતું.

બાપુજી અવારનવાર કહેતા, 'દીકરી પૂરણી ! આપણા દોષ પર પડદો નાખીને, એવું આડંબર અને વૈભવયુક્ત જીવન જીવીએ કે જેથી અન્ય લોકો

આપણી પ્રશંસા કરે, પણ તે નિરર્થક છે. આવું જીવન જીવવા કરતાં બહેતર છે કે આપણે નાનાં નાનાં સુકાર્યોમાં આપણે પરિશ્રમ કરીએ અને સૌની સામે ગૌરવપૂર્વક ગરીબાઈમાં જીવીએ.' બાપુજીને ધર્મમાં અટળ શ્રદ્ધા હતી, ઈશ્વરમાં અટલ વિશ્વાસ હતો. ધર્મના વિજયમાં પ્રેમનું જ મહત્ત્વ છે. અને તે પ્રેમમાં ઈશ્વરનો નિવાસ છે. બધાંમાં, બધાંની અંદર ઈશ્વરનો વાસ છે, આ ભાવ તેઓ પોતાનાં ભાષણોમાં સદા વ્યક્ત કરતા હતા.

પૂરણી અધ્યયનખંડમાં ગઈ. તે ખંડમાં પુસ્તકો વ્યવસ્થિત ગોઠવેલાં હતાં. પ્રવેશદ્વારની બરાબર સામેના કબાટમાં તેમની પ્રિય પંક્તિઓ લખેલી હતી : અગ્નિમાં ઉષ્ણતા, સુમનમાં સુરભિ, મણિઓમાં માણિક્ય, વચનમાં સત્ય, ધર્મમાં પ્રેમ, વીરતામાં શક્તિસ્વરૂપ એક તું જ છે.

બાપુજીના પગારનો મોટો ભાગ પુસ્તકોની ખરીદી પાછળ જ ખર્ચાતો હતો. આર્થિક મુશ્કેલી ભોગવવા છતાં પુસ્તકોનો સારો સંગ્રહ કરીને તેઓ ગયા હતા. ત્યાં ખુરશી પર બેસીને તેમણે તમિળ ભાષા પર રાજ્ય કર્યું હતું. તે મેજ પર રાખી છે તે કાળી કલમ, જેનાથી તેઓ લખતા હતા, અને તે મેજની નીચે અગરબત્તિયું છે. છેલ્લા દિવસે તેમણે સળગાવેલી અગરબત્તીની રાખનું નિશાન હજી પણ હયાત છે. જેમ અગરબત્તી પોતે બળીને સુવાસ અર્પે છે, તેવી જ રીતે તેઓ પણ પોતાનું જીવન જીવીને ચાલ્યા ગયા.

તે ખંડની પ્રત્યેક વસ્તુઓ જોઈને પૂરણીનું દુઃખ અધિક થતું ગયું. તેને થયું, જો થોડો સમય વધુ ત્યાં તે ઊભી રહેશે તો તેના હૃદયમાંથી રુદન સ્ફુરિત થશે. તે દુઃખને છુપાવવાના પ્રયત્ન કરે છે ને દુઃખ તેને પોતાની અંદર છુપાવવા પ્રયત્ન કરે છે. મૃત્યુજન્ય શોકની આગળ ધૈર્ય અને વિશ્વાસની વિશાત જ શી છે ?

ત્યાં મનમાં પ્રશ્ન ઊઠ્યો. રહેવા માટે ઓછા ભાડાનું મકાન મળી જાય તો પણ આ બધાં પુસ્તકો ક્યાં રાખીશ ? મહિનાના પચાસના હિસાબે છ મહિનાનું ભાડું ત્રણસો રૂપિયા ચુકાવી આપ્યા પછી જ બીજા મકાનનો વિચાર કરી શકાયને ? નવું મકાન પણ આટલું મોટું અને આટલા ભાડામાં ન મળે. હાથમાં આઠ આના અને નોકરી શોધવાના ધ્યેયને લઈને તે પોતાનું જીવિકાનો પ્રારંભ કરવા જઈ રહી છે.

મોટો ભાઈ દશમીમાં અને નાનો ભાઈ આઠમીમાં છે. તેઓ

ઓછામાં ઓછું ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ લે ત્યાં સુધી તેમનું ભરણપોષણ કરવું પડશે. વલ્લીને પણ શાળામાં દાખલ કરવી પડશે. આવતા જાન્યુઆરીમાં તેને છ પૂરાં થશે. પ્રાથમિક શાળા તો તેના ઘરની પાસે જ છે.

બાપુજીના મૃત્યુ પછી પોતાના પર આવેલી જવાબદારીઓનો પૂરણીએ ફરી એક વાર વિચાર કર્યો. આ બધાનો તે તાત્કાલિક કોઈ રસ્તો શોધવા ઇચ્છતી હતી. સમસ્યાઓ બારણું ખખડાવી રહી છે. હવે તે વધુ સમય બારણું બંધ રાખીને અંદર બેસી રહી શકે નહિ. ધૈર્ય અને વિશ્વાસથી સજ્જ થઈને કર્મક્ષેત્રમાં ઊતરવું પડશે.

પશુમલૈમાં કુમરન અને સંબંધનની શાળા છે. તેઓ શાળાએ ચાલતા જાય છે. છૂટીના સમયે તેઓ ઘેર ખાવા આવતા નથી. સવારે શાળાએ જતી વખતે જ પૂરણી કાંઈક ને કાંઈક બાંધી આપે છે. ઘેર પાછા આવતાં તેમને સાડાચાર થઈ જાય છે.

તેઓ આવે ત્યાં સુધી ઘરમાં બેસીને તેમની રાહ જોઈ શકાય નહિ. ત્રણેક વાગે નીકળે તો મદુરૈનાં કામો પતાવીને પાછી આવી શકે છે. મકાનમાલિકને બાકી નીકળતું ભાડું જલદી ચૂકવી ખાલી કરી આપવાનું જણાવવાનું છે. બાપુજીનો પ્રકાશક 'નવા મંડપ'માં રહે છે. તેને મળવાનો કોઈ અર્થ નથી. તે હંમેશાં પૈસાની તંગીની બૂમ પાડતો જ રહે છે. છતાં પણ તેને ચેતવણી આપવી પડશે. મદુરૈમાં એવાં કેટલાંય મકાનો છે જેમાં ચારપાંચ પરિવાર સાથે ભાડે રહે છે. પરંતુ અહીં તિરુપરંગકુંડ્રમમાં મોટા મકાનનું જે ભાડું આપે છે તેટલું ભાડું તો મદુરૈમાં બે રૂમનું આપવું પડે. તદ્ઉપરાંત ભાઈઓને અધવચ્ચે શાળામાંથી ઉઠાડી ત્યાં શાળામાં દાખલ કરવા પડે. આવી પરિસ્થિતિમાં મદુરૈમાં રહેવું અનુકૂળ નથી. તેમજ મદુરૈના ઘરનું ભાડું આપવાની પણ તેની શક્તિ નથી.

અઢી વાગ્યા છે. કૂવે જઈને પૂરણી મોં ધોઈ આવી. સાડી બદલીને ચાંલ્લો કરવા માટે તે અરીસાની સામે આવીને ઊભી રહી. ત્યાં તેની પ્રતિચ્છાયા તેની સામે આવીને ઊભી થઈ ગઈ.

સાબુથી ધોયેલું તેનું વદન હમણાં જ વિકસિત લાલ કમળ જેવું તાજું અને પ્રફુલ્લ જણાતું હતું. તેના ગોરા ગોરા ગાલ પર, કાનની પાસે કાળા કેશની બે લટો, જાણે ચિત્રકારની પીંછીએ અનાયાસે જ ખેંચેલી કાળી રેખાઓની સમાન શોભી રહી હતી.

તેના બાપુજી ભલે ધનનો સંચય કરી ગયા ન હોય, પણ તેને આભૂષણોનો અભાવ ન હતો. તેના હાસ્ય જેવા જ તેની પાસે સુવર્ણ આભૂષણો હતાં. પણ તેણે તે આભૂષણોનો ક્યારેય ઉપયોગ કર્યો ન હતો.

તેણે બંને સોનાની બંગડીઓ સાથે લઈ લીધી. જો પુસ્તકવિક્રેતા પૈસા આપવાની ના પાડે તો પૈસા માટે ક્યાં જવું ! ચઢેલું ભાડું અને નોકરી મળે ત્યાં સુધી ઘર નભાવવા માટે હાથમાં રૂપિયા તો જોઈએને ! તેથી બંગડીઓ વેચીને રૂપિયામાં તેનું પરિવર્તન કરવા તે ઇચ્છતી હતી.

'વલ્લી ! હું જરૂરી કામ માટે મદુરૈ જાઉં છું. તને ભજનિકદાદાને ત્યાં મૂકીને અને ચાવી પણ તેમને આપીને જઈશ. ભાઈ નિશાળેથી આવે ત્યાં સુધી તું ત્યાં રહેજે.'

ઘરને તાળું મારી, ચાવી હાથમાં લઈને વલ્લી સાથે પૂરણી સામેના ઘેર ગઈ.

ઘરના ઓટલા પર બેસીને 'તેવારમ'નાં પાનાં ફેરવી રહેલા વૃદ્ધે માથું ઊંચું કરીને જોયું. પૂરણીના બાપુજી આ વૃદ્ધ પ્રત્યે ખૂબ આદરભાવ ધરાવતા હતા.

'અરે પૂરણી...આવ દીકરી ! લાગે છે કે તું ક્યાંક જાય છે. મદુરૈ જાય છે ?' કાંસાની ઘંટડી જેવો અટકી અટકીને ઉત્પન્ન થતો ગંભીર અવાજ હતો તેમનો.

તેમની સામે ચાવી મૂકીને પૂરણીએ કહ્યું : 'હા દાદા ! બહેનનું ધ્યાન રાખજો. ભાઈ આવે તો તેમને ચાવી આપજો.'

ભજનિકદાદાની પૌત્રી કામાક્ષી અને તેની દાદી બારણાની સામે અંદર બેઠાં હતાં.

કામાક્ષીએ કહ્યું : 'પૂરણી ! અંદર જરા મળીને જજે.'

'ફરી ક્યારેક આવીશ. કામુ ! અત્યારે મારે ઉતાવળ છે' કહી પૂરણી જવા તૈયાર થઈ.

'એવી તે શી ઉતાવળ છે દીકરી !' વૃદ્ધે કહ્યું.

પૂરણીએ વિચાર કર્યો : પિતૃવત્ વૃદ્ધને પોતાની કઠિણાઈ જણાવવામાં કાંઈ ખોટું નથી. મકાનમાલિક ઘર ખાલી કરાવે છે. તેમનું ભાડું ચઢી ગયું છે તેમજ હાથ તંગીમાં છે વગેરે વાત સ્પષ્ટ કહેવા તે ઇચ્છતી હતી, પરંતુ

કહી શકી નહિ. મન અને જીભના સંઘર્ષની તે પળે બાપુજીના સંસ્કારોએ તેને તેમ કરતાં બચાવી લીધી.

પૂરણી પણ પોતાના બાપુજી જેવી સ્વાભિમાની હતી. આથી કરવા જેટલી જ વાત તેણે ટૂંકમાં જણાવી. 'કાંઈ નહિ દાદા ! બાપુજીના નિવૃત્તિ ફંડ વિશે કૉલેજમાં આચાર્યને મળીને વાત કરવાની છે. બીજું કાંઈ ખાસ કામ નથી.'

બસસ્ટૅન્ડ પર આવીને તે ઊભી રહી. દક્ષિણ તરફથી સેન્ટ્રલ તિરુપરંગકુન્દ્રમ જતી પાંચ નંબરની બસ આવીને ઊભી રહી. તે બસમાં બેસી ગઈ. કંડકટરે પ્રસન્નતાપૂર્વક નમસ્કાર કરી તેનું સ્વાગત કર્યું. બાપુજીના ન જાણે કેટલાય જૂના વિદ્યાર્થીઓ હતા. ઘણુંખરું બાપુજીની સાથે જતી હોવાને કારણે તેને લગભગ બધા જ ઓળખતા હતા. તેની પાસે જે ગણો તે આઠ આનાની મૂડી બચી હતી તેમાંથી કૉલેજની ટિકિટ લીધી અને બાકીના વધેલા પૈસા પોતાની પાસે રાખ્યા.

કૉલેજના આચાર્યે સ્નેહપૂર્વક તેનું સ્વાગત કર્યું અને તેના બાપુજીનું નિવૃત્તિફંડ બને તેટલું વહેલું અપાવવાનું આશ્વાસન આપીને તેને વિદાય કરી. ત્યાંથી તે નવા મંડપ સુધી ચાલતી ગઈ.

નવા મંડપમાં આવેલા તેના બાપુજીના પ્રકાશકની દુકાનમાં જઈને તે ઊભી રહી.

'આવો બહેન ! જો કહેવડાવ્યું હોત તો હું જ તમારે ત્યાં આવી જાત. આપે શા માટે તસ્દી લીધી ?' પોતાની ઉંમરનો લાભ ઉઠાવતાં પ્રકાશકે પૂરણીને આવકારી.

ચિનગારી ઝરતી આંખે પૂરણીએ તેને ટીકી ટીકીને જોયો. તેની આ દૃષ્ટિનો દુકાનદાર પાસે કોઈ જવાબ ન હતો. તેની આંખો અપૂર્વ, તીક્ષ્ણ અને પવિત્રતાથી પરિપૂર્ણ હતી.

'બહેનજી નારાજ જણાય છે' પ્રકાશકે હસીને વાત ટાળવા પ્રયત્ન કર્યો.

પૂરણીએ મક્કમ સ્વરે ક્રોધાવેશમાં કહ્યું : 'આપના આ બનાવટી હાસ્ય અને ગરબડગોટાળાપૂર્ણ વાતો સાથે મારે કોઈ લેવાદેવા નથી, બાપુજીનાં પુસ્તકોની રૉયલ્ટી આપની પાસે ત્રણ વરસથી બાકી છે. પૂછીએ ત્યારે જૂઠું બોલો છો કે પુસ્તકો હજી વેચાયાં નથી. જો આપના

તરફથી યોગ્ય જવાબ નહિ મળે તો મારે નાછૂટકે કાયદેસર પગલાં ભરવાં પડશે !'

દુકાનમાં ઘરાકોની વચ્ચે, એક છોકરીએ મારી આબરૂ લીધી, આ વિચાર આવતાં ગુસ્સે તો થયા છતાં પ્રકાશકે સંયમ જાળવીને કહ્યું. 'બહેન, આ મહિનાની છેલ્લી તારીખ સુધીમાં પુસ્તકોની ગણતરી કરીને જે કાંઈ હશે તે તમારો હિસાબ જરૂર ચૂકવી દઈશ.' અને નમ્રતાપૂર્વક વિદાય આપવાની મુદ્રામાં હાથ જોડ્યા. તેમનો હાથ જોડવાનો આશય હતો : હવે વધુ બોલવાની કાંઈ જરૂર નથી. આપ જઈ શકો છો.

પૂરણી પાછી ફરી. બાપુજી પોતે પણ પ્રકાશકથી તંગ થઈ ગયા હતા.

ગોપુર અને વિશાળ મંદિર તથા સામેની ભવ્ય અને સુગંધિત સડક પરથી વિચારોમાં ડૂબેલી પૂરણી આગળ વધી રહી હતી. તેને થયું કે હજારો વરસો પછી, હજારો નકલી વસ્તુઓની ભેળસેળ થઈ ગયા પછી પણ મદુરૈના દૈવીની પ્રાચીનતા કોઈથી પણ બદલી શકાઈ નથી. દૈવીની સામેવાળી ગલીમાં તેણે પ્રવેશ કર્યો. ફૂલોની દુકાનમાંથી ફૂલ અને ચંદનની ભીની ભીની મહક આવી રહી હતી. તળાવ તરફ થઈને દેવીનાં દર્શન કરી, દક્ષિણના રસ્તે થઈને તે મુખ્ય રસ્તા પર આવી. તેને કોઈએ જોઈ તો નથીને, એ જાણવાની ઇચ્છાથી એક વાર ફરીને જોયું અને ભીડ વગરની એક દુકાનમાં ગઈ.

ચાર તોલાની બંગડીઓ, દુકાનદારે જૂના ભાવની ખરીદ કિંમત કરતાં થોડો વધુ ભાવ ગણીને તેને ત્રણસો ઉપર થોડા વધુ રૂપિયા આપ્યા. આવેલા રૂપિયા ચુપચાપ ગણી લઈને તે મકાનમાલિકને ત્યાં ગઈ. છ મહિનાનું ચઢેલું ભાડું ચુકાવીને અને એ જ મહિનામાં ઘર ખાલી કરી આપવાનું જણાવીને તે પાછી ફરી. બંગડીઓ વેચીને જે રૂપિયા આવ્યા હતા તેમાંથી હવે તેની પાસે સાત રૂપિયા પાંચ આના બાકી રહ્યા હતા.

બાપુજીના પરિચિતોમાંથી સંપૂર્ણ સુખસગવડવાળા એક ધનાઢ્યનું ઘર પાસે જ બીજી શેરીમાં હતું. તે પ્રામાણિક છે, પૂરણીને વિશ્વાસ હતો કે તેને મળીને પોતાની સ્થિતિ જણાવવાથી કોઈ કામ કદાચ આપે પણ ખરા, પરંતુ તેમને ત્યાં પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે તેઓ બહારગામ

ગયા છે. અને પાછા ફરતાં હજી બે દિવસ થશે. આવે ત્યારે જોયું જશે, વિચારી તે પાછી ફરી.

ઘેર પહોંચતાં પહોંચતાંમાં તો અંધારું થઈ ગયું. તેણે જોયું તો તેમના ઘરની સામે હાથમાં દફતર લઈને વિદ્યાર્થીઓ ઊભા હતા. એક ટાંગો પણ ઊભો હતો. ભજનિકદાદા પણ હતા.

ઘર તરફ આવતી પૂરણીને ચિંતાતુર જોઈને ભજનિકદાદા તેની પાસે ગયા અને કહ્યું : 'જણાય છે કે તારાં દુઃખ અને ચિંતાઓનો પાર નથી. નિશાળમાં ઝાડ પરથી પડવાથી નાના ભાઈ સંબંધનના હાથનું હાડકું તૂટી ગયું છે, દીકરી !'

આ સાંભળતાં જ પૂરણી છોકરાઓની ભીડને ચીરીને ઝડપથી ઘરમાં પહોંચી ગઈ.

## ૩

પૂરણીને જ્યારે પણ દુઃખો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો ત્યારે તેના અંતરમાં સ્પષ્ટ અને દૃઢ સાદ સંભળાતો, 'તું હિંમત હારીશ નહિ ! જીવનને જીતીને વિજયમાળા પહેરવા માટે જ તારો જન્મ થયો છે. આ મુશ્કેલીઓ તારી શક્તિની વૃદ્ધિ કરશે.'

દુઃખોનો અત્યંત નિકટથી સાક્ષાત્કાર કરતી વખતે તેના હૃદયમાં હંમેશાં આવો જ સાદ ગુંજતો. આખરે આ સાદ કોનો હોઈ શકે ? શા માટે પ્રતિધ્વનિત થાય છે ! આ કોણ જાણી શકે તેમ છે ?

પૂરણી પણ તુલસીના છોડની જેમ વિકસિત થતી હોવા છતાં પણ તેનું લક્ષ સ્પષ્ટ હતું. તુલસીની જેમ તેનું અંતર અને બાહ્ય જીવન પાવન છે, પુનિત છે. તેનું અંતર તમિળ સુરભિથી સુરભિત છે. કષ્ટોને આહ્વાન કરીને તેના પર વિજય મેળવવાની અપૂર્વ ક્ષમતા છે તેનામાં. ઘરમાં દાખલ થતાં પૂરણીએ નાના ભાઈ સંબંધનને ચટાઈ પર સૂતેલો જોયો. તેની આજુબાજુ તેની શાળાના વિદ્યાર્થીઓ ઊભા હતા. કુમરન કિંકર્તવ્ય વિમૂઢ અવસ્થામાં સંબંધનને જોતો સ્તબ્ધ ઊભો હતો. સંબંધન જાણે પોતાનાથી કોઈ મોટી ભૂલ થઈ ગઈ હોય તેમ રડી રહ્યો હતો. વલ્લી પણ તેની સાથે રડતી હતી.

પૂરણીએ ચટાઈ પર ઉદાસ વદને સૂઈ રહેલા નાના ભાઈને ટેકો

કરીને બેસાડવા પ્રયત્ન કર્યો પરંતુ તેનો હાથ સ્થિર રહ્યો નહિ અને વચ્ચેથી કપાયેલ કેળની જેમ શિથિલ થઈને લબડી ગયો. દીદીને જોતાં સંબંધન વધુ રોવા લાગ્યો.

પૂરણીની પાછળથી આવીને ભજનિકદાદાએ કહ્યું, 'બાળકનો હાથ છેને દીકરી ! ખપાટિયા મૂકીને બાંધવો પડશે. અહીંથી ચાર ઘર મૂકીને હાડવૈદ રહે છે તેને બોલાવી લે.' પૂરણીએ કુમરન તરફ જોયું અને ઇશારો થતાં જ તે હાડવૈદને બોલાવવા ઝડપથી દોડી ગયો.

'દીદી ! ખરૂં કહું છું મેં કાંઈ જ કર્યું નથી. બાલુ જે મારી સાથે ભણે છે તેણે મેડા પરથી મારી નોટ છીનવી લઈને નીચે નાખી દીધી. મેડાની બરાબર સામે આંબો છે. તેની ડાળીમાં મારી નોટ ભરાઈને ત્યાં આંબા પર રહી ગઈ. હું તે લેવા માટે આંબા પર ચઢ્યો. પણ મારો પગ લપસી ગયો ને હું નીચે પડી ગયો.' રડતાં રડતાં સંબંધને પોતાની વાત પૂરણીને જણાવી. બીજા વિદ્યાર્થીઓને પૂછતાં ઉદ્ધત બાલુના તોફાન વિશે આવી જ બીજી વાત પણ પૂરણીને જાણવા મળી.

કુમરન હાડવૈદને બોલાવી આવ્યો. પૂરણી ખસીને થોડે દૂર ઊભી રહી. સંબંધનની પાસે બેસીને હાડવૈદે તેની કોણી દબાવીને જોયું. ભજનિકદાદા પણ તેની પાસે બેઠા હતા.

'ડરવા જેવું કાંઈ નથી. જલદી સારું થઈ જશે' હાડવૈદે કહ્યું અને વાંસનાં ખપાટિયાંના આધારે હાથ સીધો કર્યો અને મરઘીના ઈંડાંના રસમાં કપડું ભીંજાવીને તેના પર કસીને બાંધ્યું અને ઊભા થતાં જણાવ્યું, 'હાથ હલાવીશ નહિ. થોડા જ દિવસમાં હાડકું જોડાઈ જશે ને હાથ પહેલાં જેવો થઈ જશે.' ભજનિકદાદાએ પૂરણી પાસે જઈને તેના કાનમાં કંઈક કહ્યું. પૂરણીએ ચાર રૂપિયા તાસકમાં મૂકીને હાડવૈદની સામે ધર્યા.

હાડવૈદ હસ્યા. રૂપિયા લેવાની ના પાડતાં તેમણે કહ્યું, 'તારા પૈસા લઈને હું કાંઈ માલદાર નહિ થઈ જાઉં. દીકરી ! હું તારા બાપુજીનો ઘણો ઋણી છું. આ તારી પાસે રાખ. છોકરાનો હાથ બરાબર થઈ જવા દે. જરૂર પડશે તો હું પોતે માગી લઈશ.'

પૂરણીને અનુભવ થયો કે બાપુજીની મોટાઈનો પ્રભાવ હજી પણ તે ઘરમાં વ્યાપેલો છે. ભલે રૂપિયા પૈસા ભેગા ન કર્યા હોય, પરંતુ આ પરિવારને મદદરૂપ થવામાં ગૌરવ અનુભવનારાઓ અને આવા જ

લોકોને શોધી શોધીને તેઓ પોતાના સંબંધી બનાવીને ગયા છે. વિના મૂલ્યે ચિકિત્સા કરનારા હાડવૈદ, પોતાના પરિવાર જેમ સુખદુ:ખમાં ભાગીદાર ભજનિકદાદા અને સપ્રેમ સહાય કરવા માટે તત્પર રહેનાર પાડપડોશી...બધાં બાપુજીની સ્મૃતિ સાથે જોડાયેલાં ગૌરવચિહ્ન જ તો છે.

ભજનિકદાદા જવાની રજા લઈને ગયા. જતાં જતાં તેમણે કહ્યું, 'હું આવું* છું. પૂરણી ! ભાઈનું બરાબર ધ્યાન રાખજે. જરૂર પડે તો તરત મને બોલાવજે. બહાર ઓટલા પર જ સૂતો હોઈશ. કોઈ જાતની ચિંતા કરીશ નહિ. દીકરી ! તું અલગિયની દીકરી છે-એટલું જ કહેવાથી તારી સહાયમાં આવીને ઊભા રહેવાની હોડ બકનારાનું ગૌરવ તારા બાપુજી તારે માટે મૂકીને ગયા છે. તારે ચિંતા કરવાની શી જરૂર છે ?'

બધાં જ લોકો આમ જ કહે છે. પરંતુ બાપુજીનું ગૌરવ લાભ લેવા માટેનો જીવનવીમો થોડો જ છે ? નહિ, આ તો એક સભ્ય વ્યક્તિએ કમાયેલ યશ સમાન સ્મરણીય અને પ્રશંસાયોગ્ય ગૌરવ છે. સુવિધા મેળવવા માટે બાપુજીના ગૌરવનો હું અનાવશ્યક લાભ શા માટે લઉં ? હું તો મારા પગ પર ઊભી રહીને મારું જીવન નભાવીશ. મારાં ભાઈબહેનનું પાલન કરીને આ પરિવારને ઉન્નત રાખી શકું એમ છું. આથી તુચ્છ આકાંક્ષાઓની પૂર્તિ માટે બાપુજીના ગૌરવનો અનુચિત લાભ ઉઠાવીને કદી આગળ આવવાનો પ્રયત્ન નહીં કરું. બાપુજીના ગૌરવને સાંસારિક ધૂળથી ખરડાવા નહિ દઉં. આ નિર્ણય પર આવીને પૂરણીએ રાહતનો શ્વાસ લીધો. હંમેશાં આવા જ વિચારો સેવતી તેનાં વદન અને આંખોમાં તેજ અને દૃઢતાના ભાવ સ્પષ્ટ ઝળકી ઊઠે છે.

બાપુજી હયાત હોત તો આ સમયે મંદિરેથી પાછા આવ્યા હોત. સંધ્યા સમયે તેઓ દક્ષિણી તિરુમંગલમ સડક પર ઘણે દૂર ચાલતા જતા હતા. અને પાછા ફરતાં કાર્તિકેય મંદિરનાં દર્શન કરીને સાત-સાડાસાતના સુમારે ઘેર આવતા હતા. રાતે મોડે સુધી તેઓ જાગતા. બાપુજીની આ જ આદતનો વારસો તેમનાં સંતાનોને મળ્યો હતો.

પૂરણીએ ચૂલો સળગાવીને ઈડલી બનાવવાનો સંચો તેના પર

---

* *દક્ષિણ ભારતમાં વિદાય થતી વખતે 'હું આવું છું' કે 'હું જઈ આવું છું' કહે છે. પણ વિદાય થનાર જો ત્યાં ફરી પાછો આવવાનો ન હોય-કાયમ માટે ત્યાગ કરીને જતો હોય તો જ 'હું જાઉં છું' કહે છે.*

મૂક્યો. ઘરની પ્રત્યેક ચીજમાં, પ્રત્યેક કાર્યમાં, ઘરના પ્રત્યેક ખૂણામાં ભૂલ્યા વિના, છુપાયા વિના બાપુજીની સ્મૃતિ હતી. સ્વભાવ સાથે, જીવન સાથે વણાઈ ગયેલી તેમની સ્મૃતિઓ શું એટલી સહજતાથી ભૂલી જઈ શકાય કે ? અન્ય મનુષ્યોની જેમ તેમની સ્મૃતિઓ પણ એટલી જલદી ભૂલી જઈ શકાય ખરી ? જો એમ ભૂલી જઈ શકાય તો આ જગતમાં બાકી રહે જ શું ?

પૂરણીએ નાના ભાઈ સંબંધનને માટે રકાબીમાં ચારપાંચ ઈડલી મૂકીને તેને આપી આવી, જેથી તે અગવડ વગર ખાઈ શકે. પછી કુમરન અને વલ્લીને પોતાની પાસે બેસાડીને તેણે ઈડલી પીરસી. માતૃત્વ અને મમતાનો ભાવ ન જાણે આ કિશોરાવસ્થામાં જ તેણે ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત કર્યો હશે ? તેણે પોતાનાં ભાઈબહેનને સ્નેહ અને વાત્સલ્યભાવથી ઉછેરીને મોટાં કર્યાં છે. જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તે ઘર અને પોતાને શોધતી આવતી મુશ્કેલીઓની તેમના પર સહેજ અસર થવા ન દેતી. મોટો ભાઈ કુમરન થોડો સમજુ હતો. પરંતુ તેને પણ ઘરની મુશ્કેલીઓની જાણ થાય એ એને પસંદ ન હતું.

મકાનમાલિકને આપેલા વચન અનુસાર આ માસના અંત સુધીમાં ઘર ખાલી કરવું પડશે. તિરુનગરને ન તો ગામડું કહી શકાય કે ન તો શહેર. ગામની શાંતિ અને શહેરની સગવડવાળો કસબો છે. તેની ચારે તરફ મિલ, કારખાનાં, શાળા-કૉલેજ હોવાથી સહેલાઈથી કોઈ મકાન મળવું મુશ્કેલ છે. તેમજ દિવસે-દિવસે મકાનની તંગી મદુરૈમાં વધતી જાય છે.

તે સમયે પૂરણીએ ચાર શેરીઓમાં મકાનની તપાસ કરવા જવાનો વિચાર કર્યો. ભલે રાત પડી ગઈ હોય પણ વધુ મોડું થયું નથી. ચાર સંબંધીઓને મળીને આ વિશે વાત કરું તો કદાચ મકાન મળી જાય પણ ખરું. જેમ ગરીબ પરિવારની છોકરી માટે વર મળવો મુશ્કેલ છે તેમ ભાડે મકાન મળવું પણ મુશ્કેલ થઈ ગયું છે.

પૂરણીએ કુમરનને કહ્યું, 'કુમરન ઘરનું ધ્યાન રાખજે, વલ્લીને ઊંઘ આવે તો તેને પથારીમાં સુવાડજે. હું બહાર જાઉં છું. નવ-સાડાનવ સુધીમાં તો પાછી આવી જઈશ. બારણે સાંકળ વાસીને ઊંઘી ન જઈશ.'

રાત્રિનો પ્રથમ પ્રહર. ઠંડી પડવાની શરૂઆત થઈ ગઈ હતી.

જ્યોત્સ્નાની નીચે મંદિરવાળી વીથીમાં અવર્ણનીય શોભા વીખરાઈ હતી. બંને તરફ હારબંધ ઘર, બારીઓમાંથી દેખાતી વીજળીની રોશની, પુષ્પોની સુવાસ, લોકોનો અવાજ, રેડિયોના સ્વર, ગાયના ગળે બાંધેલી ઘંટડીઓનો રણકાર વગેરે અનંત પ્રપંચવાળા પુસ્તકના પાનાની જેમ તે સડકની ભવ્યતા અને ઝળકાટનો પરિચય આપતા હતા. સડકના વળાંક પર ઊંચો ઊભેલો પર્વત જાણે જ્યોત્સ્નામાં સ્નાન કરીને આવ્યો હોય એવો જણાતો હતો. તેની નજીક ગોપુર અને ગોપુરની પાસે જ કાર્તિકેયનું મંદિર હતું.

મંદિરના પ્રવેશદ્વારમાં આવેલી દુકાનોમાં લોકોની ભીડ હતી. મંદિરની સામે એક ક્ષણ ઊભી રહી પૂરણી પૂર્વ તરફની રથવીથીની દિશામાં વળી.

તિરુકુલમની પહેલી શેરીમાં તેની શાળાની બહેનપણી કમલાનું ઘર છે, એ તેને યાદ આવ્યું.

કમલા, તેની મા અને એક વૃદ્ધા બારણાંની સામેના ઓટલા પર બેસીને વાતો કરતાં હતાં.

કમલા બોલી, 'કોણ પૂરણી કે ?' અને ઊભાં થતાં કહ્યું, 'અત્યારે આવવાની ફુરસદ મળી તને ?'

પૂરણીએ પોતાના આવવાનું કારણ જણાવ્યું.

'મંદિરની સામેની સગવડવાળી શેરી છોડીને અહીં અને આ શેરીમાં આવવા માગે છે ? મદુરૈ આવવાજવા માટે ત્યાં પાસે જ બસની અનુકૂળતા છે. અને જો અહીં રહેવા આવીશ તો એટલે દૂર ચાલતા જવું પડશે. તારા ભાઈઓને પણ શાળા આઘી પડશે. આ બધી વાતોનો બરાબર વિચાર કરી લેજે' કમળાએ કહ્યું.

પૂરણીએ કહ્યું, 'સગવડવાળા લોકો જ વધુ સગવડની આકાંક્ષા સેવે છે. કમલા ! જેને કોઈ જ સગવડ ન હોય, તેને તો અગવડ પણ સગવડ જ જણાય છે.'

કમલા આનો કોઈ જવાબ આપી શકી નહિ.

પૂરણી અને કમલા બંને ઘરની શોધ કરવા નીકળ્યાં. તેઓ બંને અલગ અલગ ખંડવાળી એક કોઠીની સામે આવ્યાં.

'આ મકાન શહેરથી તદ્દન જુદું પડે છે. લાઇટ નથી. વીજળીના કનેકશન માટે મકાનમાલિક ચેટ્ટિયાર પ્રયત્ન કરે છે. ઘણા ઓરડા હજી

પણ ખાલી છે. ભાડું ઘણું જ ઓછું છે. એક રસોડું, એક ખંડ અને સામે વરંડો-આ ત્રણેનું ભાડું રૂપિયા ફક્ત બાર જ છે' કમલાએ વિગતવાર જણાવ્યું.

પૂરણીએ વિચાર કર્યો : ભાડું તો ઓછું છે. પણ આ જગા શહેરથી ઘણી દૂર છે.

ત્યાં તો મકાનની બહાર લીમડા નીચે બીડી પી રહેલો એક માણસ બોલાવ્યા વગર તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો. 'ચેટ્ટિયારે વીજળીનું કનેકશન લઈ લીધું છે. એક સપ્તાહની અંદર જ વીજળી આવી જશે. તમે ઘણા કમરા ખાલી હોવાનું કહો છો, પરંતુ તે અત્યારે ખાલી નથી. તેને માટે ભાડવાત બાનું આપી ગયા છે. અત્યારે તો એક જ કમરો ખાલી છે. થોડા સમય પહેલાં જ આ વૃક્ષ નીચે મને મકાનમાલિક ચેટ્ટિયાર મળ્યા હતા. એક માણસ તેમને બાનું લેવા માટે ખૂબ આજીજી કરતો હતો. ચેટ્ટિયાર તેની સાથે વાત કરતાં કરતાં સરવણપોયગૈના કિનારા સુધી ગયા છે. ચેટ્ટિયાર તેની પાસેથી બાનું લે તે પહેલાં જ આપ તેને મળીને વાત કરો તો કદાચ એક સ્ત્રી હોવાને લીધે તમને જ મકાન ભાડે આપશે.'

સફેદ મૂછ અને ભૂખરી આંખવાળા તે બદમાશ ડોસાએ જો તે વખતે એવું ન કહ્યું હોત તો પૂરણી અને કમલા મકાનમાલિકને પછી મળવા જવાનું નક્કી કરીને પાછાં ફર્યાં હોત.

પૂરણીએ ધીમેથી કમલાના કાનમાં કહ્યું, 'અત્યારે મારી આવી પરિસ્થિતિમાં મને બાર રૂપિયામાં મકાન મળી જાય તો કેવું સારું. મારો તો વિચાર મકાન રાખી લેવાનો તો છે. આ અંગે વાત કરી લઈએ. મને અને ભાઈઓને પહેલાં કરતાં થોડું ચાલવું પડશે. પરંતુ બધી સગવડ જોઈએ તો કામ જ ન થાય.'

કમલા પણ પૂરણીની જરૂરિયાત સમજતી હતી. તેણે ભૂખરી આંખોવાળા ડોસાને કહ્યું, 'મકાનમાલિક ચેટ્ટિયારને હું પણ ઓળખું છું. જો હું તેમને વાત કરું તો તે મારી વાત નહિ ટાળે. મારા બાપુજીને તેમની સાથે સારો પરિચય છે. આપ જરા તેમનું મકાન બતાવો તો આપનો આભાર...'

'જરૂર હું આપની સાથે આવીશ. સરવણપોયગૈના કિનારે જાંબુડી

નીચે બેસીને ચેટ્ટિયાર વાતો કરતો હશે.' ઉત્સાહપૂર્વક કહેતો તે બુઢ્ઢો તેમની સાથે ચાલી નીકળ્યો. આગળ બુઢ્ઢો પાછળ કમલા અને સૌથી પાછળ પૂરણી. એકની પાછળ એક ચાલતાં હતાં. જળપ્રવાહનો કલકલ નિનાદ, ખેતરોમાં દેડકાંઓનો અવાજ, પર્વત સાથે અથડાઈને ઉત્પન્ન થતી હવાનો સરર અવાજ ! આ બધાં ઉપરાંત રાત્રિના શાંત વાતાવરણમાં ઘનઘોર અંધકારનું સામ્રાજ્ય ફેલાયું હતું.

વૃક્ષોનાં પર્ણોની વચમાંથી ચળાઈને આવતી ચાંદની ધરતી પર પથરાવાથી ત્યાં સૌંદર્યનું સામ્રાજ્ય પ્રસર્યું હતું. પૂરણી તે જોતી જોતી આગળ વધી રહી હતી.

'હાય, ગળામાંથી અછોડો ખેંચીને ભાગ્યો.' એકાએક કમળાની ચીસ અને તે માણસના દોડવાના અવાજથી પૂરણી આશ્ચર્યચકિત થઈ ગઈ. સામે જોયું તો કમલા અને તે માણસ આગળ નીકળી ગયાં હતાં. થાકી જતાં કમલા રડતી બૂમો પાડતી ઊભી રહી ગઈ અને ભૂખરી આંખોવાળો તે બુઢ્ઢો દોડે જતો હતો. પરંતુ પૂરણીના શરીરમાં ન જાણે તે તાકાત ક્યાંથી આવી ગઈ કે તેણે દોડતાં એનો પીછો પકડ્યો. ત્યાં તો નીચે પડેલો એક અણીદાર પથ્થર ઉપાડીને પૂરણીએ તે માણસના માથામાં જોરીથી માર્યો. તે માણસને પથ્થર સખત વાગ્યો અને તે જ પળે જમીન પર નીચે ઢળી પડ્યો. પરંતુ બીજી જ પળે તે ઊભો થઈને દોડવા લાગ્યો. પરંતુ પૂરણીએ તેને છોડ્યો નહિ. તેને પકડી લીધો. તેની પછેડીથી જ તેને બાંધી દીધો.

## ૪

દગાનો ભોગ બનેલી પૂરણીએ સાહસ કરીને તે ચોરને પકડીને તેના ખેસથી તેને બાંધ્યો હતો. ધ્રૂજતી કમલાએ જે સ્થળે પૂરણીએ ચોરને પકડ્યો હતો તે સ્થળે તૂટીને પડેલા અછોડાના ત્રણચાર ટુકડા શોધી કાઢ્યા.

ચોરે પૂરણીના હાથમાંથી છૂટીને ફરી ભાગવા પ્રયત્ન ક્યો. ગમે તેમ તોય પૂરણી છોકરી હતી. ખૂબ જોર કરીને પોતાનો હાથ છોડાવવાનો ચોરે પ્રયત્ન કરવાથી તેનો હાથ ઢીલો પડી ગયો.

ન જાણે શું થયું ને પૂરણીએ પોતે જ ચોરનું બંધન ઢીલું કરી નાખ્યું

અને તે ભાગી નીકળ્યો. 'અછોડો મળી ગયો. તે ચોરને પકડીને સજા કરાવવાથી કયો વધુ લાભ થવાનો છે !' પૂરણીએ વિચાર કર્યો.

ખમચાતી, ડરતી દૂર ઊભી રહેલી કમલા પૂરણીની પાસે આવી. 'કેટલો ખરાબ જમાનો આવ્યો છે ? દેખાવ પરથી તો તે ભલો અને સજ્જન લાગતો હતો. અને જોતજોતામાં ગળાનો અછોડો તોડીને ભાગી ગયો. પૂરણી તારા જેવી સાહસિક છોકરી મારી સાથે ન હોત તો અછોડા વગર આંખો ચોળતી ઘેર પાછી જાત.' આશ્ચર્યચકિત કમલાએ પૂરણીના સાહસનાં ખૂબ વખાણ કર્યાં. પૂરણીએ જમણો હાથ તેના મોં પર મૂકી દીધો.

'બસ કર કમલા ! કોઈ દુઃસ્વપ્ન જોઈને જાગી જઈએ તેમ આ ભૂલી જા. વગર વિચારે અહીં મકાન જોવા આવ્યાં એ જ આપણી મોટી ભૂલ હતી. આપણે અહીંથી ચાલી નીકળીએ.' પૂરણી કમલાને ખેંચતી ઝડપથી પાછી ફરી.

રથવીથીના વળાંક પર સ્ટ્રીટ લાઇટમાં પૂરણીના હાથ પર કમળાની નજર પડી. બંગડીઓ તૂટી જવાથી અને નખના ઉઝરડાથી થયેલા ઘા અત્યાર સુધીમાં લાલ થઈ ગયા હતા. પુષ્પ જેવા કોમળ તે હાથ વીજળીના પ્રકાશમાં પકડીને કમળાએ જોયા. સફેદ કાગળ પર શાહીની વાંકી રેખાઓ જેવા નખના ઉઝરડા પૂરણીના કાંડા પર સ્પષ્ટ દેખાતા હતા. તે જોતાં જ કમલાનાં નેત્રો ભીનાં થઈ ગયાં. તેણે પૂરણીના વદન સામે જોયું. પરંતુ પૂરણી એવું હસી જાણે તેને કોઈ તકલીફ જ ન હોય.

'અરે ગાંડી ! આ બધાં માટે કોઈ થોડા જ રડે છે ? બોલ્યા વિના તૂટેલા અછોડાના ટુકડા મને આપી દે. મારી શેરીમાં એક સોનીની દુકાન છે. કાલ સાંજ સુધીમાં બરાબર કરાવીને લેતી આવીશ. એક વાતનો ખ્યાલ રાખજે. જે કાંઈ થયું છે તે પેટમાં જ રાખજે.' કહી પૂરણીએ તેની પાસેથી અછોડાના ટુકડા લીધા અને તે એક પ્રૌઢાની જેમ હસી. આવું હાસ્ય તો પૂરણી જ હસી શકે છે.

કમલાને તેને ઘેર પહોંચાડીને પૂરણી મંદિર સામેની વીથીમાં આવી ત્યારે માર્ગ લગભગ સૂમસામ થઈ ગયો હતો. ઘણા સમય સુધી ખખડાવ્યા પછી કુમરને બારણું ઉઘાડ્યું. બારણે સાંકળ વાસી તેણે અંદર જઈને બાપુજીના અધ્યયન ખંડમાં બત્તી કરી. થોડું વાંચીને સૂવા જવાનો વિચાર કરીને તેણે કબાટમાંથી એક પુસ્તક લઈને વાંચવા માંડ્યું.

તમિળ કવિ સમ્રાટ ભારતીનાં ગીતોનો તે સંગ્રહ હતો. પુસ્તકનું પાનું ઉઘાડતાં તે પાના પર જે ગીત નીકળ્યું તે પૂરણીની મનોદશાને અનુકૂળ હતું :

નાની નાની કેટલીય કથાઓ કહી
આહાર માટે પ્રત્યેક દિન ભટકીને,
કષ્ટોથી મનને દુઃખી બનાવી
બીજાને પણ ઉદાસ કરી
વૃદ્ધાવસ્થામાં પાકી ગયેલા કેશ
અનેક હાસ્યાસ્પદ વ્યક્તિઓની માફક
ક્રૂર કાળથી વશીભૂત થઈને
હું પણ પસંદ કરીશ મૃત્યુને.

બાપુજીનો મૃત્યુ-શોક, પરિવારને સંભાળવાની જવાબદારી, ઘર ખાલી કરીને બીજું મકાન શોધવાની ચિંતા, હાથ ભાંગીને પથારીવશ થયેલો ભાઈ અને અંધારામાં ચોર સાથે ઝઝૂમવાની વાત - આ બધા વિચારોના ભારથી લદાયેલા તેના મનમાં કવિ ભારતીના ઉપર્યુક્ત ગીતે એક ઉત્સાહપૂર્ણ પ્રકાશ પાથર્યો.

રાત્રિ નિસ્તબ્ધતામાં ડૂબી ગઈ હતી. સમગ્ર નગર નિદ્રામાં વશીભૂત હતું. પરંતુ પૂરણી ગીતના ભાવોમાં મગ્ન થઈ ગઈ. જાણે શિયાળામાં સોડ તાણીને સૂઈ રહેવાથી જ આનંદ પ્રાપ્ત થાય છે, તેમ વિચારોમાં આમ મગ્ન રહેવું એ તેનો સ્વભાવ છે. ખાદ્ય પદાર્થ આસ્વાદતાં આસ્વાદતાં કાળનો ગ્રાસ બની જવું એ જ શું જીવન છે ? દુઃખોના ચક્કરમાં જીવન પસાર કરવું અને બીજાઓને પણ ચક્કરમાંથી પસાર કરવા જ એ શું જીવન છે ? બીજાઓને આપણે અને આપણને બીજાઓ સારું-નરસું કહીએ, શું આ જ જીવન છે ? આ બધાંથી શ્રેષ્ઠ એવી બીજી કોઈ વસ્તુ જીવનમાં છે ? કે જીવન માટે છે ? શીતળ છંટકાવ જેવા આ ભાવોમાં મગ્ન થતાં જ શરીર અને મન પ્રસન્નતાથી ભરાઈ ઊઠ્યાં. જેમ બરફ ઘસવાથી શરીર રોમાંચિત થાય છે તેમ સ્મૃતિઓનો પણ પોતાનો એક રોમાંચ હોય છે. જ્યારથી તે સમજણી થઈ છે ત્યારથી આમ કેટલીય વાર રોમાંચિત થઈ છે.

આંખની પાંપણો ઊંઘથી ભારે થઈને મીંચાવા લાગી. તેના હાથમાંથી એકાદબે વાર પુસ્તક પડી પણ ગયું. આથી બત્તી હોલવીને તે પથારીમાં

સૂઈ ગઈ. તરત જ શરીરનો ભાર શીમળાના રૂની જેમ હલકો થઈ ગયો. સુખદ નિદ્રાએ તેને પોતાની ગોદમાં લઈ લીધી.

સવારે હાડવૈદ સંબંધનનો હાથ જોવા આવ્યા. તે દિવસે શનિવાર હતો. કુમરનને શાળામાં રજા હતી.

સોની તો ઓળખીતો છે. પરંતુ એક ગરીબ બીજા ગરીબને સારી રીતે ઓળખતો હોય. પણ એથી શો લાભ ? સહાય ન કરી શકે પણ સહાય કરવા માટે કહી પણ ન શકાય. અછોડો સંધાવતાં બે કલાક થયા. પૂરણીએ સોનીને પૂછ્યું, 'અછોડો સંધાવાનું શું આપવાનું છે ?'

'પાંચ રૂપિયા આપ દીકરી !' સોનીને તો ગમે તેટલી ઉંમરની કોઈ પણ સ્ત્રી કેમ ન હોય, બધી દીકરી જ છે.

પૂરણીએ પાંચ રૂપિયા ચૂકવી આપી. અછોડો લઈને કમલાને ત્યાં ગઈ ત્યારે અગિયાર થયા હતા. સખત તાપ હતો.

સારું હતું કે એ વખતે કમલા પાસે કોઈ ન હતું. ઘરના આગળના ખંડમાં તે એકલી બેસીને પુસ્તક વાંચતી હતી.

'કાલ રાતના બનાવ વિશે તેં કોઈને કાંઈ કહ્યું નથીને કમલા ?' પૂરણીએ પૂછ્યું.

'અરે ભલા હું શા માટે કહું ? એક તું અને બીજી હું એ સિવાય બીજું કોઈ આ વાત જાણતું નથી. હવે એ વાત રહેવા દે. ભવિષ્યની તારી શી યોજના છે ? કોઈ બીજું ઘર જોયું ? સાંભળ્યું છે કે ઝાડ પરથી પડી જવાથી તારા ભાઈના હાથનું હાડકું ભાંગી ગયું છે. તેં તો મને વાત પણ કરી નહિ ?'

'મારે કાંઈ એક થોડી જ ચિંતા છે ? મારે તો ચિંતાનો ઢગલો છે. કમલા ! બધાંને કહીને તેમને શા માટે ચિંતિત કરું ? કાંટાળા છોડને માટે જેમ કાંટા જ તેના રક્ષક છે, એ જ પ્રમાણે અત્યારની મારી પોતાની ચિંતાઓ મારી રક્ષક છે. લે, તારો આ અછોડો. મારે હજી ઘણું કામ રેઢું પડ્યું છે. જો અવાય તો તું સાંજે જરૂર ઘેર આવજે, હું જઈ આવું છું.'

કમલાને અછોડો આપીને પૂરણી ઘેર પાછી ફરતી હતી.

તેની પાસે બાકી રહેલા બે રૂપિયા ને અઢી આનામાંથી દોઢ રૂપિયો રસ્તામાં દહીંવાળીને આપ્યો. પોણા બાર વાગે તે તાપમાં મંદિર સામેની શેરીમાં કોઈ અવરજવર ન હતી. કોલાહલ પણ ન હતો.

સવારે ફક્ત કૉફી જ ભાઈબહેનને પિવડાવીને તે બહાર નીકળી હતી. અત્યારે તે ભૂખ્યાં થયાં હશે, યાદ આવતાં તેણે આઠ આનાનો નાસ્તો લઈને તે ઘેર આવી.

'દીદી, ખૂબ ભૂખ લાગી છે' બોલતી વલ્લી દોડીને બારણા પર જ પૂરણીને બાઝી પડી.

ભૂખથી પીડાતો કુમરન થાકીને તેના નાના ભાઈ સંબંધનના માથા આગળ બેઠો હતો.

હૉટલમાંથી ખરીદેલાં પૅકેટ પૂરણીએ ખોલીને ત્રણેને નાસ્તો જુદાં જુદાં પાનમાં આપ્યો.

'તમે નહિ ખાવ દીદી !' પોતાની સામે પીરસેલા નાસ્તાને અડ્યા વિના જ કુમરને પૂરણીના મોં તરફ ધ્યાનથી જોયું.

'મેં ખાધું છું. કમલાને ત્યાં ગઈ હતી. તેણે ખૂબ આગ્રહ કર્યો તેથી મારે ત્યાં ખાવું પડ્યું. તમે ખાવ.'

'દીદી ! તમારું મોં જોવાથી, નથી જણાતું કે તમે ખાઈને આવ્યાં હો.'

'જા રે ! વાચાળ ક્યાંનો ! ખાધું છે એ જણાવવા મારે મોં પર લેબલ લગાવવું પડશે ?' પૂરણી હસી.

દીદીને હસતી જોઈને તેને થોડો વિશ્વાસ બેઠો. તેમણે ભોજન શરૂ કર્યું. પાનમાંથી ખાદ્યસામગ્રી જેમ જેમ ઓછી થતી ગઈ તેમ તેમ પૂરણીનો ચહેરો ખીલી ઊઠ્યો.

'દીદી ! ટપાલી ટપાલ આપી ગયો છે' કુમરને કેટલીક ટપાલ લાવીને આપી.

તે ટપાલમાંથી એક ટપાલ એક ભાવનાશાળી નવયુવકની હતી. તેણે અત્યંત ભાવપૂર્ણ અને લાગણી સાથે લખ્યું હતું કે આવા મહાન તમિળ વિદ્વાનની સ્મૃતિમાં તિરુનગરમાં એક સ્મારક મંડપ રચવું જોઈએ. આ વાંચીને પૂરણી મનમાં હસી અને ઘૃણા સાથે પોતાની જાતને કહ્યું : સ્મારક-મંડપ રચશે. સ્મારકમંડપ ! મનુષ્યને વીસરીને તેની સ્મૃતિમાં મંડપ રચીને તેની સ્મૃતિ સુરક્ષિત રાખવા ઇચ્છે છે. મંડપ માટે ખોદવામાં આવેલા પાયામાં અમને બધાંને પણ ધકેલી દે તો ચિંતા સમાપ્ત થઈ જાય. દીર્ઘ કાળ સુધી જીવીને ભૂખ અને સભ્યતા સાથે સંઘર્ષ તો ન કરવો પડેને !

તેને અત્યારે સખત ભૂખ સતાવી રહી હતી. સ્નાન કરવાથી કદાચ થાક દૂર થાય, એ વિચારથી તે સ્નાન કરવા ગઈ.

કૂવામાંથી પાણી કાઢવાનું દોરડું વચમાંથી ઘસાઈ ગયું હતું. ન જાણે તે ક્યારે તૂટી જાય. કઈ કઈ ચિંતાઓ કરવી ! જીવનના ઘસાઈ ગયેલા દોરડા જેવી તે જણાતી હતી.

વાસણમાં ચોખા નથી, રસોઈઘરમાં લાકડાં નથી. પાસે અઢી આનાથી વધુ પૈસા નથી. પૂરણી રડતી રડતી નહાઈ રહી હતી. સ્નાન કરતી વખતે રડીએ તો કોઈ જાણી શકે નહિને ! અને વળી રડવું પણ તે તો એક પ્રકારનું સ્નાન જ છે. દુઃખમાં સ્નાન કરવું પણ રુદન છે. પાણીથી સ્નાન કરવાની સાથે સાથે દુઃખથી પણ જાણે તે સ્નાન કરી રહી હતી. અનાથ દશામાં મૂકીને ગયેલી માનો ચહેરો મનસમક્ષ લાવવાનો પ્રયત્ન કરતી હતી. બાપુજીનો ચહેરો અનાયાસે જ સામે આવી ગયો. ઘણા પાણીથી સ્નાન કર્યા પછી પણ શરીર જ શીતળ થયું પણ મનનો તાપ બુઝાયો નહિ.

માનો ચહેરો સ્મૃતિપટલ પર ઊભરાતાં જ જાણે એક અગ્નિ-સ્ફુલિંગ ઉત્પન્ન થયો. તમિળ સંસ્કૃતિની 'મીનાક્ષી અમ્મન*ના' વદન સરખા તેના વદનમાંથી વાત્સલ્ય ટપકી રહ્યું હતું. તેને જણાયું, જાણે મા દૃઢતાપૂર્વક કહી રહી હતી, 'દીકરી ! જીવો અને જીવવા દો.'

સ્નાન કર્યા પછી તે બહાર જવા તૈયાર થઈ. રુદન કરવાથી તેની સુંદર આંખો કેણ્ડેની+ આંખો જેવી લાલ થઈ ગઈ હતી. તેનાં વિશાળ નેત્રોને અદ્વિતીય સૌંદર્યનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

'સાંજે જો હાડવૈદ આવે તો ભાઈને તપાસવાનું કહેજે. ખ્યાલ રાખજે કે વલ્લી તાપમાં ન ફરે. મને આવતાં મોડું થશે.' કુમરનને કહીને પૂરણી છત્રી લઈને ઘરની બહાર નીકળી. નગરમાં ક્યાંયથી પોતાને માટે કોઈ પણ કામ શોધીને પાછા ફરવાના દૃઢ સંકલ્પ સાથે તે ઘરમાંથી નીકળી હતી. પેટમાં ક્ષુધા, મનમાં દૃઢતા, આંખોમાં ચમક અને હાથમાં નાની સુંદર છત્રી લઈને તે જઈ રહી હતી. આવી ગરમીમાં બહારની ઉષ્ણતાથી અપરિચિત તેના સુકોમળ પગ લજામણીના છોડની માફક સંકોચાતા હતા. દરદની તો તેને પરવા જ ન હતી.

---

** દેવીનું નામ*

*+ એક જાતની માછલી*

હાથ પર જેટલા પૈસા હતા તેટલાથી જ્યાં સુધી બસમાં જઈ શકાય ત્યાં સુધી ગઈ. પછી આગળ ચાલતી ગઈ. તેના મનમાં ઉત્સાહ અને ચાલમાં ઝડપ હતી. અને તે સમયે તેના પર તો જિજીવિષાનું ગાંડપણ સવાર થયું હતું.

ન્યાયોચિત જીવન જીવવા માટે આટલા મોટા નગરની સડકો પર રખડવામાં શરમ અને વ્યથા અનુભવવી જોઈએ નહિ. આ જ મદુરૈના રસ્તામાં હજારો વરસ પૂર્વે એક ઝાંઝર હાથમાં લઈને ચોળ દેશની એક નારીએ ન્યાય માગ્યો હતો.* પૂરણી પણ ન્યાયોચિત જીવનની તપાસ કરી રહી છે.

તેની આંખો ચારે તરફ ગોપુરની આજુબાજુ જીવન શોધી રહી હતી. પરિશ્રમના બદલામાં સહાય કરનાર ગૌરવપૂર્ણ વ્યક્તિઓને શોધી રહી હતી. ઉદરક્ષુધાને શાંત કરવાના માર્ગ શોધી રહી હતી. પરંતુ ત્યાં તો ઊંચા ઊંચા ગોપુર જ દેખાયા. તેની આસપાસના માણસોનાં મન નાનાં જ નીકળ્યાં. ક્યાંય કોઈ કામ નથી. કામ હોય તો તેને આપવાનું મન નથી. એક વૃદ્ધ વ્યવસ્થાપકે તો તેને ઉપદેશ આપીને પાછી રવાના કરી. ‘દીકરી! ખોટું લગાડીશ નહિ. હું તને મારી પુત્રીવત ગણીને જ આ કહું છું. તારા જેવી સુંદર છોકરીઓએ ચાર લોકો ચાર કામ કરતા હોય એવા સ્થળે આવવું જોઈએ નહિ. તેમાંથી સર્જાતા અનર્થને હું સંભાળી નહિ શકું.’

સુંદર ન હોય તોય મુશ્કેલી, સુંદર હોય તોય મુશ્કેલી. અધિક બુદ્ધિશાળી હોય તોય મુશ્કેલી, અધિક આળસુ હોય તોય મુશ્કેલી ! આવું વ્યવસ્થાહીન જગત છે. આ ન્યાયની ધા ક્યાં ક્યાં જઈ કરે. અને વળી ન્યાય નામની કોઈ ચીજ હોય તો તેની માગણી પણ કરેને !

નિરાશા, ક્ષુધા, થાકથી નિસ્તેજ પૂરણી ગોપુરના પશ્ચિમના દ્વાર અને ટાઉન હૉલ રોડને મળતો રસ્તો ઓળંગી ગોપુરના પ્રાંગણ તરફ આગળ વધી જઈ રહી હતી.

ત્યાં એક સ્થળે ચાર રસ્તા હતા. દક્ષિણ તરફથી એક ટ્રક, ઉત્તર તરફથી એક ટ્રક, બાકીના બંને તરફથી એકાએક કાર આવી ગઈ. પૂરણી સમજી ન શકી કે કઈ તરફ જવું. આંખોની સામે અંધારું છવાઈ ગયું.

*સંઘોત્તર કાળના એક મહાકાવ્ય ‘શિલપ્પદિકારમ’નો એક પ્રસંગ

માથું ચકરાવા લાગ્યું કપાઈને ચમેલીની લતા પડે તેમ છત્રી સાથે રસ્તા વચ્ચે તે ઢળી પડી.

જો હજારો વરસ પહેલાં આ જ નગરમાં આ પ્રકારે એક નવયૌવના માર્ગની વચમાં ઢળી પડી હોત તો ન જાણે કેટલાય મહા કવિઓના અંતરાત્મા વ્યાકુળ થઈને કવિતાની રચના કરી નાખત. એક નારીને દુ:ખમાં ફસાયેલી જોઈને એક હજાર કવિના અંતરાત્મા દુ:ખથી વ્યથિત થાત. કણ્ણગી અને શંકુતલા પર આવેલાં કષ્ટોએ ઇળગો અને કાલિદાસે કાવ્યમાં વર્ણવ્યાં હતાં. પણ આને માટે શું ? કવિઓની પરંપરા જીવતી હતી ત્યારે પૂરણી જન્મી નથીને ? આ અબોધ નારીએ કેવળ વ્યક્તિ તરીકે જીવન વિતાવી રહેલી પેઢીમાં જન્મ લીધો છે.

## ૫

ભાનમાં આવ્યા પછી પૂરણીનાં નેત્રો ખૂલ્યાં. એક પળ તો તે સમજી ન શકી કે પોતે ક્યાં છે ? કોઈ મોટા ઘરના નવા પરિવેશમાં વીજળીના પંખા નીચે પલંગ પર સૂઈ રહી હોય એવો તેને આભાસ થયો. વિસ્ફારિત નેત્રે તેણે ચારે તરફ જોયું. પણ તે કાંઈ સમજી શકી નહીં. આથી થોડે જ દૂર બેઠેલી એક મહિલા ઊભી થઈ અને સહાનુભૂતિથી તેને કહ્યું,

'દીકરી ! નવી જગા સમજીને સંકોચ ન પામતી. આ ઘરને તારું જ ઘર સમજજે. એક સગાને વિદાય આપીને સ્ટેશનથી ઘેર પાછી ફરતી હતી. ટાઉન હૉલના પશ્ચિમી સડક પર જતી કાર વળી તે સમયે ગભરાટની મારી બેભાન થઈને તું પડી ગઈ હતી. તને કારમાં મારે ઘેર લઈ આવી. અત્યારે તું મારા ઘરમાં છે. નીચે પડતી વખતે પણ ભગવાનની કૃપાથી તને સહેજ પણ આંચ આવી નથી. ચિંતા કરવા કે ડરવા જેવું કાંઈ નથી.'

માર્ગમાં પસાર થતી વખતે તેની સાથે જે કાંઈ બન્યું હતું એ તે મહિલાના મોંએથી સાંભળીને પૂરણી શરમાઈ ગઈ. વિગતવાર એણે જણાવ્યા પછી જ તેને ખ્યાલ આવ્યો કે પોતાને માથે શી વીતી હતી.

'હું આપનો કયા શબ્દોમાં અને કેવી રીતે આભાર માનું ? આપ માતાની જેમ મારી રક્ષા કરીને મને અહીં લઈ આવ્યાં છો.'

'આભારની વાત રહેવા દે, દીકરી ! એ બતાવ કે કાર, ગાડી વગેરેની ભીડવાળા ચાર રસ્તા પર થઈને જાણે કાંઈ લટાર મારવા

નીકળ્યા હોય એમ જવાય ખરું ? તારા ભાગ્યે જ તારી રક્ષા કરી છે. તું સહેજ માટે બચી ગઈ.'

'આ અનિષ્ટ બનાવમાંથી તો બચી ગઈ. આપે મને બચાવી લીધી. આથી પણ મોટો અનિષ્ટ બનાવ બીજો એક છે. ઇચ્છા હોય કે ન હોય પણ તેનો સામનો તો કરવો જ પડે છે.'

'તું શું કહે છે ? કઈ બાબતની વાત કરે છે ?'

'જીવનની વાત કરી રહી છું. મારી માન્યતા મુજબ તે પણ અનિષ્ટ બનાવ જ છે.'

તે મહિલા આ સાંભળીને હસી પડી. તુમ્બૈ પુષ્પોની* માળા જેવું તેનું ઉજ્જ્વળ હાસ્ય ઊભરાઈને ફરી ખોવાઈ ગયું. તે મહિલાના દાંત દાડમની કળી જેવા સુંદર હતા.

'આ ઉંમરે જ તું સો વરસની વૃદ્ધાની જેમ બોલતાં ક્યાંથી શીખી ?'

'માત્ર વાત કરવાથી શો દહાડો વળે છે ? ભણીને-શાળાના જ્ઞાનથી તો જીવન નભતું નથી. જીવનનું શિક્ષણ તો જુદું જ છે. ત્યાં અનુત્તીર્ણ લોકોને ઉચ્ચ કક્ષામાં અને ઉત્તીર્ણ લોકોને નિમ્ન કક્ષામાં મોકલવામાં આવે છે. બધું જ કાંઈ ઊંધું છે. આને દુર્ઘટના ન કહું તો બીજું શું કહેવું ?'

પૂરણીની વાત સાંભળીને તે મહિલા આશ્ચર્યચકિત થઈ ગઈ. આપણે કોઈ ધાતુને પિત્તળ માનીને ફેંકી દેવા જતા હોઈએ ને ત્યાં આપણને જાણ થાય કે એ તો સોનું છે. તે વખતે આપણને અપ્રત્યાશિત આનંદ થાય છે. બરાબર એવી જ પ્રસન્નતા તેમને થઈ. બેભાન પડેલી તે છોકરીને થોડો સમય ઘરમાં રાખીને મોકલી આપવાનું વિચાર્યું હતું. પરંતુ હવે તેમને પૂરણી માટે એક શુભદાયક ભાવના જાગી હતી.

ચંપો ભલે ગમે ત્યાં ગમે તે સ્વરૂપમાં હોય, પણ મહેક્યા વગર રહી શકતો નથી. પ્રો. અલગિય પોતાની દીકરીને જ્ઞાનજ્યોતના સ્વરૂપમાં નિખારી ગયા હતા. તે ક્યારેય, અને કોઈ પણ વાત કરે ત્યારે ચંપાના ફૂલની સૌરભ સમાન તેના શબ્દોમાં અર્થસૌરભ સુરભિત થઈને રહે છે. તે સૌરભને અલગ તારવીને તે વાત જ કરી શકતી નથી.

'જણાય છે કે તું બહુ ભણીગણી છે. મને તારો થોડો પરિચય આપ દીકરી ! તું શબ્દોને માપી-જોખીને અર્થપૂર્ણ વાત કરે છે.'

* *વિજયમાળા*

પરિચય આપવાની શી જરૂર છે ? આ વિચાર સાથે પૂરણીએ માતૃત્વની ગરિમાપૂર્ણ તે મહિલાના વદનને માથું ઊંચું કરીને જોયું. પ્રાતઃસ્નાન કરતી વખતે અટકી અટકીને રુદન કરતી વખતે માનું વદન યાદ આવ્યું હતું તે જ વદન પુનઃ તેની સ્મૃતિપટ સમક્ષ ખડું થઈ ગયું.

ન અધિક વૃદ્ધ, નહિ વધુ યુવતી, આધેડ ઉંમરથી સહેજ વધુ જણાતી તે મહિલાના વદન પર એક પ્રકારની કાંતિ ઝળકી રહી હતી. તેને એવું લાગ્યું કે સામેના વદનમાં કોઈ એક જ ભાવ જોઈ જોઈને તેનું મન ધીરે ધીરે પીગળતું જાય છે.

'તારે વિશે જો હું કંઈ અયોગ્ય પૂછી બેસું તો ક્ષમા કરજે. તેં અત્યંત વિરક્ત ભાવે કહ્યું હતુંને જીવન જ એક અનિષ્ટ બનાવ છે. હું તેના પંજામાંથી તને બચાવી શકું છું ? આ જાણવા માટે જ પૂછી રહી છું.'

પૂરણીએ કહેવા યોગ્ય વાતો સંક્ષિપ્ત અને સંયમપૂર્વક જણાવી પોતાનો પરિચય આપ્યો.

'તારા બાપુજીનું નામ મેં ઘણી વાર સાંભળ્યું છે દીકરી ! તેમનું એકાદ પુસ્તક પણ મેં વાંચ્યું છે. મારું નિવાસસ્થળ મદુરૈ છે. વરસો સુધી સમુદ્ર પાર લંકામાં રહ્યાં. પછી ટૂંક સમય પહેલાં જ અમે અહીં આવ્યાં છીએ. ત્યાં અમારાં ઘણા ચાના બગીચા હતા. પતિના દેહાંત પછી તેની દેખરેખ મારાથી સંભાળી શકાઈ નહિ, આથી તે બધું વેચીસાટીને મદુરૈમાં અમારા ઘરમાં જ આવી ગઈ છું. મારે બે દીકરી છે. એક શાળામાં આઠમા ધોરણમાં ભણે છે અને મોટી કૉલેજમાં છે. ભગવાનની કૃપાથી બધું બરાબર નભે છે.'

'આપનું શુભ નામ હું જાણી શકું છું, માતાજી ?'

'મને મંગલેશ્વરી નામથી બધાં સંબોધે છે ! જોયુંને કેવી મંગલપૂર્વક રહું છું.' સસ્મિત વદને જ તેમણે આ શબ્દો કહ્યા હતા. છતાં તે શબ્દોના ઊંડાણમાં છુપાયેલ સંતાપનો પૂરણીને ખ્યાલ આવી ગયો.

મંગલેશ્વરી પોતાની સ્થિતિની વાત કરીને જ્યારે હસી ત્યારે, તેમાં પણ વ્યથા સ્પષ્ટ ઝળકી રહી હતી. 'જીવન એક દુર્ઘટના છે' એવું પૂરણીએ કહ્યું ત્યારે તે મહિલાના મુખ પર વીખરાયેલું પવિત્ર હાસ્ય અને આ વ્યથાપૂર્ણ હાસ્યની સરખામણી-તુલના કરીને પૂરણી તે અંગે વિચાર કરતી રહી.

પલંગમાં બેસીને બારીમાંથી બહાર જોવાથી સડકનો થોડોક જ ભાગ દેખાતો હતો. તેણે અનુમાન કર્યું કે આ દાનપ્પમુદલી સ્ટ્રીટ જ હોવી જોઈએ. આ અનુમાનની ખાતરી કરવા માટે તેણે એ મહિલાને પૂછ્યું, 'માતાજી ! આ દાનપ્પમુદલી સ્ટ્રીટ જ છેને ?' અને માતાજીએ સ્વીકારાત્મક જવાબ આપ્યો.

આ ઘર એક વિશાળ હવેલી જેવું જ વૈભવશાળી જણાતું હતું. સ્વચ્છ, ચોખ્ખી ફરસ, દીવાલ પર ટાંગેલી મોટી મોટી તસ્વીરો, જ્યાં જુઓ ત્યાં માનવકદના અરીસા, રેશમના કવરવાળા સુંદર સોફા, ફર્શ અને દીવાલો પરનો વૈભવ આંખોને આંજી નાખે તેવો હતો. અને તે વૈભવની અધિકારિણીના વદન પર શાંતિ ચમકી રહી હતી. અપૂર્વ માતૃત્વ ઝળકી રહ્યું હતું. સાથે જ સૌમ્યતા અને વિનમ્રતાભરી સભ્યતા વ્યાપેલી હતી.

'આપની પુત્રી કઈ કૉલેજમાં ભણે છે ?' પૂરણીએ પૂછ્યું.

'અમેરિકન કૉલેજમાં. આ નગરમાં સગવડ ઓછી છે, પૂરણી ! સવારે તે કૉલેજમાં જઈ પાંચ વાગે પાછી આવે છે.'

'આ નગરમાં છોકરીઓની બબ્બે કૉલેજ હોવા છતાં છોકરાની કૉલેજમાં મોકલવાનું આપને કેમ મન થયું ?' પૂરણીએ આ સવાલ તો પૂછી નાખ્યો, પરંતુ માતાજીનું વદન જોતાં તેને થયું કે જો પોતે આ પ્રશ્ન ન કર્યો હોત તો સારું હતું.

'આ અંગે હું આધુનિક વિચારસરણી ધરાવું છું. પૂરણી ! સ્ત્રીઓને જીવનભર એક એવા વર્તુલમાં રહેવું પડે છે. લગ્ન પહેલાં કે પછી, તેઓને તેમાંથી નીકળીને બીજા પરિવેશમાં રહેવાનો મોકો જ મળતો નથી. વધુ નહિ તો જો તે વાતાવરણ અધ્યયનકાળ દરમિયાન મળે તો ભવિષ્યમાં સારું છે આ મારી માન્યતા છે.'

આ સાંભળીને પૂરણીએ સ્મિત કર્યું. અન્ય સાથે મતભેદ હોવાથી ઘણા લોકોના વદન ક્રોધથી લાલ થઈ જાય છે. પૂરણી આ ટેવની અસરથી મુક્ત હતી. પોતે સહમત ન હોય એવી વાત સાંભળતાં જ તેના ગુલાબી અધર પર સ્મિત પથરાઈ જાય છે. બાપુજી પાસેથી પ્રાપ્ત થયેલું આ શિક્ષણ છે. મંગલેશ્વરીઅમ્માળથી પૂરણીનું સ્મિત છૂપું રહ્યું નહિ.

'કેમ હસી દીકરી ?'

'વર્તુળમાં કોણ ન હોય. આ જ ગણિત છેને ? પ્રતિકૂળ પરિવેશમાં રહેવા છતાં પણ છોકરી તો છોકરી જ છેને ? નારીનું જીવનધ્યેય જુદું જ છે. તે વર્તુલાકારના જેટલી સુંદર છે-પછી ચતુષ્કોણની આશા સેવીને આપણે મોટી ભૂલ કરી બેસીએ છીએ.'

'જીવનમાં સામર્થ્યની આવશ્યક્તા છે. પૂરણી ! થોડી વાર પહેલાં તેં પણ આ જ અભિપ્રાય બીજી રીતે વ્યક્ત કર્યો હતો.'

'વર્તુલાકારમાં સૌંદર્ય છે અને તેમાં નૈતિકતામાંથી વિચલિત થવાનો પ્રસંગ ઉપસ્થિત થતો નથી. ચતુષ્કોણમાં સામર્થ્ય છે. વિચલિત પથભ્રષ્ટ થવાના અવસર છે. બાપુજી માનતા હતા કે સ્ત્રીનું જીવન વર્તુલાકારમાં રહે, એમાં કાંઈ ખોટું નથી.

પૂરણીની વાત સાંભળીને મંગલેશ્વરીઅમ્માળને વધુ આશ્ચર્ય થયું. આ છોકરીની આ ઉંમરે વાણી કેટલી સુંદર, મર્યાદિત છે અને તોળીમાપીને ઇષ્ટ શબ્દોમાં જવાબ આપવાનું સામર્થ્ય ધરાવે છે. એટલું જ નહિ. ક્યારેક ક્યારેક દીવામાં ઘાસતેલ છલકાતાં, અધિક પ્રકાશ પ્રકટ થઈ જાય છે, તે જ પ્રમાણે પોતાની વાત રજૂ કરતી વખતે ન જાણે ક્યાંથી આનાં ચહેરા અને નેત્રોમાં એક અનોખું તેજ આવી જાય છે ?

મંગલેશ્વરીઅમ્માળે જ્યારે તેને ભોજન કરવા માટે કહ્યું ત્યારે પૂરણી ના ન પાડી શકી. વિભૂતિયુક્ત તે વદનની કાંતિની સામે, ગરિમાપૂર્ણ તે ચહેરા સન્મુખ પૂરણીનું મિથ્યા-અભિમાન હારી જ ગયું. માની સમક્ષ તે બાળકી બની ગઈ.

'ગઈ કાલ સુધી મારે બે જ દીકરીઓ હતી. આજે તું ત્રીજી દીકરી પ્રાપ્ત થઈ. આવ. મારી સાથે ભોજન કરીને જજે.' જ્યારે મંગલેશ્વરી-અમ્માળે આંતરિક અને બાહ્ય પ્રસન્નતાથી તેને કહ્યું તો તે વિના બોલે ઊઠીને તેમની સાથે ગઈ.

ભોજનખંડમાં મેજ પર સામસામે પાન પીરસવામાં આવ્યાં. પૂરણી અચકાઈ. આ રીતે બેસીને જમવું તેને માટે તદ્દન નવું હતું.

'તને મેજ પર ખાવાની ટેવ નથી, પૂરણી ?'

'નહિ.'

'જોયુંને ? આટલા માટે જ પ્રતિકૂળ પરિવેશમાં પણ રહેવાની ટેવ પાડવી જોઈએ' મંગળેશ્વરીઅમ્માળ વ્યંગમાં હસ્યાં.

'ક્ષમા કરો માતાજી ! આપને હું સમજી શકી નહિ. વિભૂતિયુક્ત કપાળ, પવિત્રતાનું ભાન કરાવતું આપનું વદન પ્રાચીન સભ્યતાનો આભાસ કરાવે છે. આપની વાત કરવાની શૈલી આધુનિકતાનું ભાન કરાવે છે. ક્યારેક આપ પ્રાચીનતાની પ્રશંસા કરો છો તો ક્યારેક આધુનિકતાને દાદ આપો છો. નિકટના અતીતની ગ્રહણ કરેલી આદતો માટે હજારો વરસથી ચાલ્યા આવતા રીતરિવાજો છોડવા એ જ શું પ્રતિકૂળ પરિવેશ છે ? જમીન પર બેસીને પાનમાં ખાવાને હું ટેવાઈ છું. મારા બાપુજી પણ આમ જ ટેવાયેલા હતા. તેમના બાપુજીની પણ આ ટેવ હતી. દાદા-પરદાદાના જમાનાની આ ટેવ આધુનિક સભ્યતાના નામ પર હું શા માટે બદલું ? પ્રેમવશ થઈને ટેવ બદલી શકાય છે. પરંતુ વ્યંગ કરવાના ભયથી ટેવ બદલવી ન જોઈએ. મને મેજ પર જમવાની ટેવ નથી. જો તમને મારી આ ટેવ હાસ્યાસ્પદ લાગતી હોય તો હું નીચે જમીન પર બેસીને જમીશ. પણ જો આપ નીચે બેસશો તો શક્ય છે કે હું આપને હસીશ.'

'ઓ બાપ રે ! અત્યંત સામર્થ્યશાળી છે તું તો ! લાગે છે કે ગમ્મતમાં પણ તને કોઈ કાંઈ કહીને બચી ન શકે.'

પૂરણી નત મસ્તકે હસી.

'જો તારા બાપુજી અત્યારે જીવતા હોત તો તારું અનુકૂળ નામ પાડવાના ઉપલક્ષ્યમાં સન્માન પ્રદર્શિત કરવા માટે એક સભાનું આયોજન કરત.'

બાપુજીની ચર્ચાનો આરંભ થતાં જ પૂરણીના અધર પરથી હાસ્ય અદૃશ્ય થઈ ગયું. તેણે એક દીર્ઘનિ:શ્વાસ નાખ્યો. વદન પર શોકની છાયા છવાઈ ગઈ. વાણીનું સ્થાન મૌને લીધું.

ભોજન પછી થોડો સમય વાતચીત કરીને પૂરણી જવા માટે ઊભી થઈ.

'ઘેર નાનાં ભાઈબહેન મારી રાહ જોતાં હશે. મારે રસોઈ બનાવીને તેમને જમાડવાનાં છે. હવે જવાની આજ્ઞા આપો માતાજી !'

મંગલેશ્વરીઅમ્માએ અત્યંત પ્રેમભર્યા સાદેથી કહ્યું, 'જવાશે બેસ. ભરબપોરે જઈને તું શું રસોઈ બનાવીશ ? સાંજે જઈને બનાવજે. પાંચ-સાડાપાંચે મારી બંને દીકરીઓ આવી જશે. તેમને મળીને જજે. ડ્રાઇવરને કારમાં પહોંચાડી આવવા કહી દઈશ.'

જીવનદાન આપીને ઉપકાર કરનાર માતાજીની વાત પૂરણી ટાળી શકી નહિ. તે ત્યાં રોકાઈ ગઈ.

પૂરણીને હવેલી બતાવવા માટે મંગલેશ્વરીઅમ્માળ તેને પહેલા માળે લઈ જઈને બધે ફેરવીને બતાવ્યું. ત્યાં એક ખંડમાં એક ઘણી મોટી ઘડિયાળ ટાંગેલી હતી. તેમાં ટકોરા વાગતી વખતે એક સુરીલો સ્વર સંભળાય છે. તે લંકામાંથી ખરીદી હતી.

'જરા ઊભી રહે. સાડા ચાર વાગવાની તૈયારી છે. હમણાં ટકોરો વાગશે તે સાંભળીને તું નવાઈ પામીશ' કહી મંગલેશ્વરીઅમ્માળે પૂરણીનો હાથ પકડીને તેને ઘડિયાળની સામે ઊભી રાખી.

સાડાચાર વાગતાં જ પિયાનોના સ્વર જેવો લાંબો સુરીલો સ્વર સંભળાયો. તે સ્વર પ્રતિધ્વનિત થઈને બંધ થતાં એવું જણાતું હતું, જાણે મધની ધારા વેગથી વહીને જાણે એકદમ સુકાઈ ગઈ ન હોય !

'ઘડિયાળ તો સમય વીત્યાનું ભાન કરાવે છે. મનુષ્યને આથી કાલાવધિ ક્ષય થયાનો આભાસ કરાવે છે. પ્રત્યેક ટકોરો વાગતાંની સાથે જ જો એક વાર રડવાનો અવાજ પણ સંભળાતો હોત તો ઘણું સારું. અને બુદ્ધિમત્તાની પણ વાત થાત.'

'જા રે ગાંડી જા ! જીવનનો આનંદ માણવાનું તું જાણતી જ નથી. જો આ ઉંમરે હું વૈરાગ્યપૂર્ણ વાત કરું તો બરાબર છે. પરંતુ તારા મોંએ આવી વાતો અસ્વાભાવિક લાગે છે.'

'ભલે અસ્વાભાવિક હોય કે સ્વાભાવિક. મને જે લાગ્યું, તે મેં કહ્યું.'

'કોઈને ન સૂઝે એવી વાત જ તને સૂઝે છે !'

'હું પ્રતિકૂળ પરિવેશની અભ્યસ્ત નથી. એક જ વાત વિચારનારી હું છું. હું જે વિચારું છું તે ખોટું પણ હોઈ શકે છે.'

'જોયુંને ? પહેલાંની જેમ જ મને વ્યર્થ વાતોમાં ઘસડી રહી છે !'

પ્રાચીન અને અર્વાચીન વચ્ચે સેતુ જેવી મંગલેશ્વરીઅમ્માળ સાથે વાતો કરવામાં પૂરણીને અત્યંત આનંદ આવતો હતો. બાળકને ખીજવ્યા પછી જેમ તેના ક્રુધ્ધ સૌંદર્યમાં આનંદ આવે છે, કાંઈક એવો જ પૂરણીને ખીજવીને માતાજી પણ પ્રસન્ન થઈ રહ્યાં હતાં.

તેમની મોટી દીકરી કૉલેજથી પાંચ વાગે આવી. તેને જોઈને પૂરણી આશ્ચર્યચકિત થઈ ગઈ. પંજાબી છોકરીઓના જેવો પાયજામો-કુરતું ! આ

પહેરવેશમાં તે જોનારને બળપૂર્વક આકર્ષતી હતી. તેણે વાદળી ઓઢણી ખભા પર નાખી હતી. તેને જોઈને પૂરણીની આંખો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. તે તમિળ સંસ્કૃતિ જોવાને ટેવાઈ હતીને.

'છોકરી સુંદર હોઈ શકે છે. તેમાં કાંઈ ખોટું નથી. પરંતુ પોતાની સુંદરતાથી પોતે બીજાઓને આકર્ષે એ કેટલું મોટું પાપ છે.'

તેનો પહેરવેશ જોઈને પૂરણીએ આવો વિચાર કર્યો. પરંતુ પોતાનો આ વિચાર કહે કોને ? તે કોઈને કહી શકી નહિ.

મંગલેશ્વરીઅમ્માળે પોતાની દીકરી સાથે પૂરણીનો પરિચય કરાવ્યો. તે છોકરીની દૃષ્ટિમાંથી, બોલીમાંથી બધાં પ્રત્યે અસભ્યની ભાવના વ્યક્ત થઈ રહી હતી. ખડખડાટ હસતી તે છોકરી અંગ્રેજી શબ્દો મિશ્રિત તમિળમાં વાત કરતી હતી. તેનું નામ વાસંતા છે. પૂરણીએ મંગલેશ્વરી-અમ્માળને પૂછીને પહેલેથી જાણી લીધું હતું. થોડો સમય વાત કરીને, કોઈ બહાનું કાઢીને, પૂરણીને એકલી મૂકીને તે બે ચોટલા હલાવતી જતી રહી. તેના ગયા પછી જ મંગલેશ્વરીઅમ્માળે પૂરણીની મન:સ્થિતિ સમજીને હસતાં કહ્યું, 'આનામાં ડૉળ-બાહ્ય આડંબર સહેજ વધુ છે.' પરંતુ પૂરણીએ કોઈ જવાબ આપ્યો નહિ. માત્ર સહેજ સ્મિત કર્યું.

'નાની દીકરીને આજે શાળા નથી. તે પણ ટ્યુશન ક્લાસમાં ગઈ હશે. તેની આવવાની તૈયારી છે !' માતાજી પૂરણીને આ વાત કરતી હતી ત્યાં નાની દીકરીએ અંદર પ્રવેશ કર્યો. પહોળી કિનારની બૉર્ડરવાળો રેશમી ચણિયો, ઓઢણી ઓઢેલી શાંત સ્વભાવની તે તેની મા પર પડી હતી.

'ચેલ્લમ ! અહીં આવ. તારો આ દીદીને પરિચય કરાવું.' માએ નાની દીકરીને બોલાવી. તેણે પાસે આવીને ભાવપૂર્વક હાથ જોડીને નમસ્કાર કર્યા. પૂરણી પર આ છોકરીની સારી છાપ પડી.

અત્યંત ગૌરવપૂર્વક મંગલેશ્વરીઅમ્માળે પોતાની નાની દીકરી માટે કહ્યું. 'આનું નામ ફક્ત ચેલ્લમ* નથી. બલકે મને પણ એથી જ વધુ વહાલી છે.'

'આ છોકરી આપની જ પ્રતિકૃતિ છે.' કાંઈ પણ કચવાટ વગર પૂરણીએ પોતાના વિચાર વ્યક્ત કર્યા.

'અનિષ્ટ બનાવમાંથી બચાવવાના બદલામાં તું અમારો માત્ર આભાર

---

* *સુભાષિની*

માને એટલું પૂરતું નથી. આવતી-જતી રહેજે. હું પણ આવીશ. તેં કહ્યું હતું જીવન એક અનિષ્ટ છે. તેમાંથી તારું રક્ષણ કરવા માટે કોઈ માર્ગ જલદી શોધી કાઢીશ. હવે તું ઘેર જા' મંગલેશ્વરીઅમ્માળે કહીને તેને પોતાની કારમાં વિદાય કરી.

કારે દાનપ્પામુદલી સ્ટ્રીટ આગળથી વળીને પશ્ચિમ ગોપુર શેરીમાં પ્રવેશ કર્યો. સંધ્યા રાત્રિમાં બદલાઈ રહી હતી. કાર વારંવાર માર્ગ બદલતી સડકો વટાવતી ઝડપી ગતિએ આગળ વધી રહી હતી.

'સાંજે કમલાને ઘેર આવવાનું કહ્યું હતું. તે આવીને રાહ જોઈ રહી હશે. બાળકો સાથે વાતચીત કરતાં કરતાં તેને કદાચ ઘરની પરિસ્થિતિનો ખ્યાલ આવી પણ ગયો હોય. જો આવું થયું હોય તો મને તેને મોં બતાવતાં પણ શરમ આવશે. હે પ્રભુ ! જગતમાં ક્ષુધા અને સભ્યતા - આ બંનેની સૃષ્ટિ એક જ સ્થળે શા માટે કરી હશે ? પેટ અને સત્યને એક સાથે શા માટે ભેગાં કર્યાં છે ?' પૂરણીની વિચારધારા અટકતી ન હતી. પરંતુ કાર અટકી ગઈ હતી. આથી સડકના વળાંક પર મયૂરમંડપ પાસે જ પૂરણી ઊતરી ગઈ.

'માતાજીએ ઘર જોઈને આવવાનું કહ્યું છે' ડ્રાઇવરે કહ્યું.

પૂરણીએ ત્યાં ઊભા ઊભા જ ઘરની નિશાની બતાવી અને આગળ વધી ગઈ. કાર પાછી ગઈ. પરંતુ બહારથી જ ઘરના બારણા પર તાળું જોઈને તે આશ્ચર્યચકિત થઈ ગઈ.

## ૬

ક્ષુધાથી પીડિત પૂરણી મદુરૈ નગરના ચાર રસ્તા પર બેહોશ થઈને પડી ગઈ હતી તે જોઈને એક યુવકનો અંતરાત્મા પણ વ્યથિત થયો હતો. તે યુવક કોણ હતો ? હા, તે યુવક ચાર રસ્તાની અત્યંત નજીક પૂર્વ તરફ આવેલા મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસમાં કામ કરતો.

બહારથી આવીને ઊભી રહેલી એક નાની કારમાંથી પ્રેસના માલિક જેવા દેખાતા એક પ્રૌઢ ઊતરીને પ્રેસમાં દાખલ થયા. તેમણે જોયું તો મેજ પર નોટબુક જેવડી એક ડાયરી ખુલ્લી પડી હતી. તેમણે એ વાંચવી શરૂ કરી. જેમ જેમ તે ડાયરી વાંચતાં ગયાં તેમ તેમ તેમના ચહેરા પર ચીડ અને ક્રોધના ભાવ વ્યક્ત થવા લાગ્યા.

'આ સમાજ કેવી રીતે ઉન્નતિ કરશે ? તાપમાં એક અપરિચિત યુવતી રસ્તાની વચમાં થાકથી ઢળી પડી. કાર, ટ્રક અને બધાં લોકો મૂક દર્શક બનીને કેવા એકત્ર થઈ ગયાં હતાં ? મનને મુગ્ધ કરે એવી સુંદર યુવતીએ ભલા આમ પડી જવું જોઈએ ? એક યુવતી જમીન પર ઢળી પડતાંની સાથે જ તે દેશની મંગલકારી સભ્યતા પણ માટીમાં ભળી જાય છે. હાય ! મારું હૃદય વ્યાકુળ થઈ રહ્યું છે. આ મદુરૈ નગરમાં તમિળે એક જમાનામાં એકછત્ર રાજ્ય કર્યું હતું. સદ્‌ભાગી અને સંપત્તિ વૈભવયુક્ત હોવાનું ગૌરવ ધરાવતો હોવાનો ઢંઢેરો પીટ્યો હતો. એ બધું શું અતીતનું ગૌરવ હતું ? વર્તમાનનું ગૌરવ કાંઈ જ નથી ?

'આજે મારી આંખો તે સડક પર મંડાઈ છે. નિરાશામાં ડૂબેલાં માણસોને હું જોઈ રહ્યો છું. મન આ ભાર સહન કરી શકતું નથી. સૌંદર્ય, શિક્ષણ, સભ્યતાથી પરિપૂર્ણ એક યુવતીએ આમ ધરતી પર પડી જવું જોઈએ ? શા માટે તે પડી ગઈ ? કેવી રીતે પડી ગઈ ? અરે અરવિંદન ! તું કવિ છે ? કવિ હોઈને પણ તારો અંતરાત્મા હજી સુધી વ્યથિત થયા વિના કેવી રીતે કહી શક્યો ? આ જોયા પછી પણ વ્યથિત થયો નહિ ? તારી વ્યથાને એકત્ર કરીને કોઈ એક કવિતાની રચના તો કર. પ્રેસમાં પ્રૂફ જોવા માટે જ તારો જન્મ થયો છે ? નહિ, નહિ જ. તારું હૃદય એક કવિનું હૃદય છે. સમાજને સુધારવા માટે તારો જન્મ થયો છે.' ડાયરી વાંચતાં વાંચતાં તે વૃદ્ધ ગુસ્સાથી ગરમ થઈ ગયા. અનિયંત્રિત ક્રોધના આવેશથી તેમણે મેજ પરનો કૉલબેલ જોરથી દબાવ્યો. એક નાનો છોકરો ઝડપથી દોડતો આવીને અત્યંત વિનયપૂર્વક તેમની સામે ઊભો રહ્યો.

'તે ગધેડા અરવિંદનને તરત મોકલ. જોઈ રહ્યો છું દિન-પ્રતિદિન તેનું ગાંડપણ વધી રહ્યું છે.'

તે છોકરો અરવિંદનને બોલાવવા દોડતો ગયો. અરવિંદન મશીનમૅન સાથે વાત કરતો ઊભો હતો. તેને એ નાના છોકરાએ જણાવ્યું.

'ભાઈ ! શેઠ આવ્યા છે. તમને બોલાવે છે. મેજ પર મૂકેલું કોઈ પુસ્તક વાંચીને ખૂબ નારાજ થયા છે.'

બોલાવવા આવેલો નાનો છોકરો પાછળ અને અરવિંદન આગળ શેઠની કૅબિન તરફ ઝડપથી ગયા. મનની દૃઢતા અને આત્મવિશ્વાસયુક્ત તેની ચાલ પણ વૃષભની ચાલ જેવી ગંભીર હતી.

કૅબિનમાં તે દાખલ થયો, તેવા જ શેઠ તેના પર વરસી પડ્યા. 'અરવિંદન ! આ કેવું ગાંડપણ ? મેં અહીં તને પ્રૂફ જોવા માટે રાખ્યો છે કે સમાજ સુધારવા માટે !'

તેમના હાથમાં પોતાની ડાયરી જોઈને અરવિંદને હોઠ દબાવ્યા અને શરમનો માર્યો નીચું જોઈ ગયો. એ વખતે તેના ચહેરાનું સૌંદર્ય નિરાળું હતું.

'હું શું પૂછું છું ? જવાબ ન આપતાં કેમ પથ્થરના પૂતળાની જેમ ઊભો છે ? દશ વાગ્યાથી સાંજના પાંચ સુધી દરરોજ આ જ કામ થાય છે કેમ ?'

'નાજી ! વાત એમ છે કે આજ બપોરે અહીં સામે જ સડક વચ્ચે એક યુવતી બેભાન થઈને ઢળી પડી હતી. તે જોઈને મનમાં જે ભાવ ઉત્પન્ન થયા તે બધા...'

'મનમાં ઊઠેલા તે બધાં ભાવ કવિતામાં રજૂ કર્યા છે, એમ જ ને ?'

'જી નહિ. આવા ભાવ જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તેને ડાયરીમાં લખી લેવાની મારી ટેવ છે.'

'અહાહા ! લખ્યા વિના કેવી રીતે રહી શકાય ? જો આમ ન લખે તો દુનિયાને કેટલું મોટું નુકસાન થાય ! વ્યવસ્થિત પ્રેસનું કામ કરવાને બદલે ભાઈ ! કવિતા કરવા નીકળ્યા છે. માણસ બનતાં શીખ' કહી મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના માલિક મીનાક્ષીસુંદરમે ડાયરી તેના તરફ ફેંકી.

ડાયરી તેના તરફ ફેંકીને તેઓ પ્રેસમાં ચાલ્યા ગયા.

તેઓ પાછા આવ્યા ત્યાં સુધી અરવિંદન પોતાની જ રચેલી કવિતાનો ચોરીછૂપીથી રસાસ્વાદ માણવા લાગ્યો. 'જ્યોત્સ્નાને પકડીને'થી શરૂ થતી પ્રારંભિક બે પંક્તિ મનમાં વાંચ્યા પછી બાકીની પંક્તિઓ તેણે મોટેથી વાંચી. આ પંક્તિઓ વાંચતી વખતે તેની આંખો ચમકી. યુવતીનો ચહેરો ઉપસાવવા તેણે પ્રયત્ન કર્યો. હાથમાં છત્રી લઈને હંસની ગતિથી ચાલીને સડક પર મૂર્છિત થઈને પડી ગયાનું તે દૃશ્ય તેની આંખોમાં સ્થાયી થઈ ગયું. તે વાગોળતો હોય તેમ એ કવિતા પુનઃ પુનઃ ગાઈને આનંદવિભોર થઈ રહ્યો હતો. કેટલી સુંદર કવિતા છે ! શું શબ્દો છે, કેવું અર્થસૌંદર્ય છે- વિચારતાં વિચારતાં તે પોતે ગૌરવ અનુભવવા લાગ્યો.

આ દરમિયાન માલિક ત્યાં પાછા આવી ગયા. અરવિંદને ડાયરી સંતાડી દીધી.

'કેમ ભાઈ અરવિંદન ! નવલકથાના કેટલા ફરમા છપાઈ ગયા છે ?'

'દશ ફરમા છપાઈ ગયા છે.'

'દશ ! વારું. તે પુસ્તક જલદી પૂરું કરો. આ એટલા માટે કહું છું કે એક મોટું પ્રકાશન કાર્ય હાથ ધરવાનો મેં વિચાર કર્યો છે. તે અંગે તારે આજે એક જગાએ જવાનું છે. આ નવલકથાનું છાપકામ જો વહેલું પૂરું થઈ જાય તો મારી પ્રકાશન યોજના વહેલી હાથ ધરી શકાય.'

'જી, એમાં શું ! બે દિવસોમાં જ પૂરી કરી નાખીશ.'

પ્રેસના માલિક મીનાક્ષીસુંદરમનો અરવિંદન પર ખૂબ ભાવ હતો. તેને માટે તેઓ મરી ફીટતા હતા. જ્યારે અરવિંદન માટે પણ ઘરબાર બધું જે ગણો તે એ જ હતા. દિવસરાત પરિશ્રમ કરીને તે ત્યાં જ જમીન પર છાપાં પાથરીને તેના પર સૂઈ જતો.

મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસ નામના સુપ્રસિદ્ધ પ્રેસનો વ્યવસ્થાપક, પ્રૂફરીડર, મુનીમ જે ગણો તે બધું અરવિંદન જ હતો. જરૂર પડે ઉઘરાણીનું કામ પણ તે જ કરતો હતો. કયું કામ ક્યારે અને કેવી રીતે હાથ ધરવું, આ બધામાં તે નિપુણ હતો. તે અત્યંત વિનયી હતો. તેની કામ કરવાની સ્ફૂર્તિની તો વાત જ ન કરો. કામ કર્યા વગર ચુપચાપ તે એક મિનિટ પણ બેસતો નહિ. અરે એમ જ કહોને કે સ્ફૂર્તિ જ તેની મૂડી હતી.

અઠ્ઠાવીસ વરસની ઉંમરે જ આધારસ્તંભ જેવો અરવિંદન મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસનું સંચાલન કરતો હતો. તે સૌંદર્ય, બુદ્ધિમત્તા, કાવ્યપ્રતિભા, ચાતુર્ય અને સુમધુર ભાષા ધરાવતો હતો. તેનો ચહેરો આકર્ષક હતો. એક વાર તેને જોયા પછી તેને ભૂલી શકાય જ નહિ. કૉલરવાળું શર્ટ અને આઠ હાથની ધોતી પહેરવી તેને પસંદ ન હતી. સાદગી જ તેને પસંદ હતી. તે માનતો હતો કે તમિળ દેશના વાતાવરણને સાદગી જ અનુકૂળ છે.

'આ ગરીબોનો દેશ છે. અહીંના પ્રત્યેક નાગરિકે ઓછામાં ઓછી સગવડનો ઉપયોગ કરીને બીજાઓને પણ તેનો લાભ આપવા માટે તત્પર રહેવું જોઈએ' આ વાત તે ઘણી વાર હસતાં હસતાં કહેતો. ગાંધીવાદી સિદ્ધાંત પ્રત્યે તેને શ્રદ્ધા અને આદર હતાં. તેના ખિસ્સામાં કાયમ તિરુક્કુરળ* રહેતું.

---

* *તિરુક્કુરળના રચયિતા તિરુવલ્લુવર છે. તે રચનાનો સમય પહેલી સદી મનાય છે. તેમાં 'મુપ્પાળ'—ધર્મ, અર્થ અને કામ પર અતિવિસ્તારપૂર્વક લખવામાં આવ્યું છે. તે તમિળવેદ કહેવાય છે.*

'અરવિંદન ! અહીં આવ તો. મારે તારી સાથે એકાંતમાં વાત કરવી છે.' મીનાક્ષીસુંદરમ તેને પ્રેમથી બોલાવીને પોતાની સાથે સામેના ખંડમાં લઈ ગયા.

અંદર બેસીને તેમણે પોતાની યોજના સમજાવી. તેમને એની બુદ્ધિમત્તામાં સંપૂર્ણ ભરોસો હતો. એની સલાહ લીધા વગર તેઓ કોઈ પણ કાર્ય કરતા નહિ. તે દિવસે તેમણે જણાવેલી યોજનામાં અરવિંદને પૂર્ણ સંમતિ વ્યક્ત કરી.

'આ યોજના આપણા અને આપણા દેશ માટે ઉપયોગી છે. સુપ્રસિદ્ધ તમિળ વિદ્વાનોનાં પુસ્તકો સસ્તી કિંમતે પ્રકાશન કરવાં અત્યંત આવશ્યક છે. યોગ્ય રીતે તેનું પ્રકાશન કરી જો વેચીએ તો આપણને પણ કોઈ આર્થિક સમસ્યા નહિ નડે.'

અને તેમણે એક સરનામું લખેલો કાગળ આપીને કહ્યું, 'તો પહેલાં આ સ્થળે જઈને આ સાથે સંબંધ ધરાવતાં માણસોને મળીને વાતચીત કરી લે. સાડા સાત સુધી હું અહીં છું. કારમાં જા અને ત્યાં સુધીમાં પાછો આવી જજે...'

અરવિંદને પોતાની ડાયરી પણ સાથે લઈ લીધી.

'યાદ રાખજે, અત્યારે તું જ્યાં જાય છે ત્યાંનાં પુસ્તકો આપણે પહેલી વાર પ્રકાશન કરવાનાં છે. તે કાર્યમાં સફળ થઈને આવજે...' બહાર આવીને મીનાક્ષીસુંદરમે તેને કારમાં વિદાય આપી.

મંગલેશ્વરીઅમ્માળના ડ્રાઇવરને ઘરની નિશાની બતાવીને, તેને પાછો મોકલ્યા પછી ઘરને તાળું મારેલું જોઈને પૂરણી આશ્ચર્યચકિત થઈને ઊભી હતી. બરાબર તે જ સમયે એક નાની કાર ઘરની બહાર આવીને ઊભી રહી.

'પ્રો. અલગિય મહાશયનું ઘર આ જ છે ?'

તાળું મારેલા દ્વારને આશ્ચર્યચક્તિ થઈને જોઈ રહેલી પૂરણીએ પ્રશ્ન પૂછનાર તરફ ફરીને જોયું. તે ચહેરો જોતાં જ અરવિંદનની વિસ્મયતાનો પાર રહ્યો નહિ. – તે જ વદન ! તે જ સૌંદર્ય ! ચં[illegible] કલંક રહિત નાનો હસતો ચહેરો ! આજ બપોરે પ્રેસની બરાબર સામે બેહોશ થઈને પડવાની સાથે જ તેના મનને મૂર્છિત કરનારી તે જ છોકરી ! તેના કવિમનને કવિતા રચવા માટે પ્રેરનારું સૌંદર્ય, સ્વપ્નમાં જોયેલું મુખડું, કલ્પનાનું સૌંદર્ય જાણે તે દ્વાર પર ઊભું હતું.

'આપ કોણ છો ? શું કામ છે ?' પૂરણીએ સહેજ ગુસ્સામાં પૂછ્યું.

'હું મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસમાંથી આવું છું. મારું નામ અરવિંદન છે. પ્રોફેસરનાં પુત્રીને મળીને પુસ્તકના પ્રકાશન વિષે વાત કરવાની છે' સસ્મિત જવાબ આપતાં અરવિંદન ત્યાં બહારના ઓટલા પર બેઠો.

એ વખતે પૂરણીના મનમાં કડવાશ વ્યાપેલી હતી. દુનિયામાં બધા દગાબાજ છે. કોઈ કોઈને મદદ કરતું નથી, આવા વિચારોમાં તેનું મન ગ્લાનિથી ભરેલું હતું. આવી સ્થિતિમાં નવા મંડપના પ્રકાશક ઉપર તેને જે ક્રોધ ઊપજ્યો હતો, તે બધો તેણે પ્રકાશક પર ઉતાર્યો. અરવિંદનની આવવાની રીત, હસીને વાત કરવી, કાંઈ પણ તેને રુચ્યું ન હતું. તેણે શબ્દોથી અરવિંદનની બરાબર ખબર લઈ નાંખી.

'અરે ! ધરાઈ ગઈ છું આવા પુસ્તકપ્રકાશકોથી. એક પણ પ્રકાશક વિશ્વાસ મૂકવા લાયક નથી. આવે છે ત્યારે હરિશ્ચંદ્રની જેમ હસી હસીને સત્ય જ ઉચ્ચારે છે અને છેવટે...'

પૂરણીએ પોતાની વાત પૂરી કરી ન હતી ત્યાં અરવિંદન જેના ચહેરા પરથી હાસ્ય વિલાઈ ગયું હતું તેણે વચમાં બોલતાં કહ્યું,

'માફ કરો બહેન ! અત્યારે આપનું મન સ્વસ્થ નથી. ફરી ક્યારેક આવીશ. આપ સડક પર બેભાન થઈને પડી ગયાં, તેને માટે સમસ્ત જગત જવાબદાર છે એમ માનીને નારાજ થવાની કાંઈ જરૂર નથી.'

અને એકદમ ઊઠીને તે કારમાં બેસી ગયો અને કારનું બારણું બંધ કરી દીધું. ધૂળ ઉડાડતી કાર અદૃશ્ય થઈ ગઈ. પૂરણી અવાક્ થઈને ઊભી રહી ગઈ. હું બેભાન થઈને પડી ગઈ, એની તે નવયુવકને કેવી રીતે ખબર પડી ? આ જ પ્રશ્ન તેના મનમાં વારે વારે ઊઠતો હતો. અરવિંદન જ્યાં બેઠો હતો ત્યાં તેની ડાયરી ભૂલી ગયો હતો.

પૂરણીએ તે તરત હાથમાં લઈને કોયલ જેવા સુમધુર સાદે બૂમ પાડી,

'અરવિંદન....મહાશય'

બૂમ તો પાડી પણ ત્યાં સુધીમાં કાર ઘણે દૂર નીકળી ગઈ હતી. અરવિંદનનો ચહેરો, તેનું સ્મિત, વૃષભ જેવી તેની ગંભીર ચાલ આદિ તેના સ્મૃતિપટ પર ઊપસી આવ્યાં. એક પળ માટે, માત્ર એક ક્ષણ માટે તે

પોતાને ભૂલી ગઈ, પરંતુ બીજી પળે તેની પોતાની ચિંતાઓએ આવીને તેને ઘેરી લીધી. તાળું મારેલું ઘર, ભાઈબહેનને જવાનું અજ્ઞાત સ્થળ આદિ કારણોથી ઊપજેલો આશ્ચર્યભાવ તેના મનને કોઈ ભારની જેમ પીડી રહ્યો હતો.

## ૭

ભૂલમાં રહી ગયેલી અરવિંદનની નોંધપોથી હાથમાં લઈને પૂરણી બંધ ઘરની સામે ઊભી હતી. ભજનિકદાદાની પૌત્રી કામુએ તેને ઘરની બહાર ઊભેલી જોઈ. તેણે આવીને કહ્યું, 'પૂરણી, સાંજે કમલા આવી હતી. તેણે તારા આવવાની ઘણી રાહ જોઈ. પણ તું આવી નહિ; તેથી અંધારું થતાં થોડી વાર પહેલાં બાળકોને ઘોડાગાડીમાં પોતાની સાથે લઈ ગઈ છે. જતી વખતે તેણે મને કહ્યું હતું : પૂરણી આવે તો તેને પણ અમારે ત્યાં આવવાનું કહેજે.'

'ઠીક ! તે તો ગઈ પણ મારે ત્યાં તાળું મારીને ભાઈબહેનને શા માટે લઈ ગઈ ?'

'મને બીજી કોઈ ખબર નથી. મેં તેને લઈ જતાં જોયાં હતાં.'

'અરે ! આ કમલા છે જ એવી, વિના સમજે - જાણે કાંઈ ને કાંઈ કરી બેસે છે !'

અને પૂરણી નારાજ થઈને કમલાને ત્યાં જવા નીકળી.

મંદિરની સામેની વીથીમાં નાની-મોટી ચમકતી નવી કારો ઊભી હતી. એવો રિવાજ છે કે નવી કાર કે ટ્રક ખરીદે તો તેને કાર્તિકેય મંદિરની સામેની શેરીમાં ઊભી રાખીને ચંદન-કુમકુમ લગાવી, હાર પહેરાવી, દોડાવી જુએ છે. કારના ચાર પૈડે ચાર લીંબુ બાંધીને વધેરવામાં આવે છે.

પૂરણી જ્યારે કમલાને ત્યાં જવા માટે મંદિરની સામેની શેરીમાં વળી, બરાબર એ જ વખતે પાંખો ફફડાવીને ઊડતા હંસની જેમ એક નવી કાર પૈડે બાંધેલા લીંબુને કચડતી મંદ ગતિએ આગળ સરકી રહી હતી. કારમાં બેઠેલી વ્યકિતના ચહેરા પર નવી કાર ખરીદ્યાની મોટાઈ ઝળકી રહી હતી. નવી કારમાં બેઠેલી તે વ્યક્તિને જોઈને પૂરણી અંધારામાં છુપાઈને જતી રહી. એવી તે ઘૃણાપાત્ર તે વ્યક્તિ કોણ હતી ?

બાપુજીનું સ્વાભિમાન આ પરિવારમાંથી હજી ખલાસ થયું નથી, એવું લખીને ચેક પાછો મોકલી આપ્યો હતોને, તે જ ધનાઢ્ય અત્યારે નવી કારમાં બેઠો હતો.

'આની નવી કારમાં પૈડાંથી લીંબુ કચડાઈ રહ્યાં છે. આ પહેલાં ન જાણે કેટલાય ગરીબોના અંતરાત્માઓ આના પગ નીચે કચડાયા હશે.' આ વિચાર કરતી પૂરણી જઈ રહી હતી. મંદિરની સામેની વીથીના નાકા પર ભિખારીઓનું ટોળું નવી કારવાળા 'દાની' પાસે એકત્ર થયું અને એ દાની મહાશય તેને દૂર કાઢતા હતા. એ દૃશ્ય પણ પૂરણીએ જોયું. તે દિવસે મધ્યાહ્ન સુધી મદુરૈની મોટી મોટી ઇમારતોમાં ભીખ માગવાની જેમ જ નોકરીની શોધવા માટે ભટકી રહી હતી.

પૂરણીને જોતાં જ કમલા ખૂબ નારાજ થઈ. 'દિવસે દિવસે તું વધુ અભિમાની થતી જાય છે. તારું હૃદય તો પથ્થરનું છે. મને ખબર છે પૂરણી ! તું સવારથી ભૂખી છે. તેં તારાં ભાઈબહેનને જૂઠું કહ્યું હતું કે તેં મારે ત્યાં ખાધું છે. સાંજે મેં તારા ઘરમાં બધે ફરીને જોયું હતું. આમ અમારાથી છુપાવવામાં તને કયું ગૌરવ પ્રાપ્ત થાય છે ?'

આનો જવાબ પૂરણી શો આપે ! કાંઈ ન સૂઝવાથી તે નીચું જોઈ ગઈ.

'તારાં માબાપમાંથી કોઈ કેમ દેખાતું નથી ? તેઓ ક્યાં ગયાં છે ?' પૂરણીએ વાત બદલતાં પૂછ્યું.

'બપોરે બહારગામ ગયાં છે. પાછા ફરતાં બે-ત્રણ દિવસ થશે.'

'ગામ શા માટે ગયાં છે ?'

પૂરણીના આ પ્રશ્નનો જવાબ કમલાએ આપ્યો નહિ. તેનું મોં રતૂમડું થઈ ગયું. લાલ કમળ જેવા પગની આંગળીઓ જમીન ખોતરવા લાગી.

પૂરણી સમજી ગઈ. સલજ્જ સૌંદર્યયુક્ત કમલાનું વદન જોઈને પૂરણીએ કહ્યું,

'ઓહો. વાત એમ છે. જાન્યુઆરી મહિનો આવે છેને ? લાગે છે કે વહાલી પુત્રી માટે વર જોવા ગયાં છે.'

વિકાસ પામવાની સાથે જ જેમ પુષ્પની લાલાશ વધતી જાય છે તેમ જ કમલાનું વદન શરમથી લાલ થઈ રહ્યું હતું. કહે છે કે નારીના વદન

પર લજ્જા-શરમ પ્રકટ થતાં જ કવિના મનમાં પણ કવિતા જન્મ લે છે. ખરું જ છે. કમલાનું સૌંદર્ય-દીપ્ત વદન જોઈને પૂરણીએ આવો જ અનુભવ કર્યો.

'વારુ બધાંને લઈને હું ઘેર જાઉં છું.' પૂરણીએ ઘેર જવાની ઇચ્છા વ્યક્ત કરી, આથી કમલા તેની સાથે ઝઘડો કરવા તૈયાર થઈ ગઈ.

'ઘેર જઈને કરીશ શું ? મને બધી ખબર છે પૂરણી ! ઘરમાં શું શું છે ? હારબંધ પુસ્તકો સિવાય બીજું કાંઈ અત્યારે ઘરમાં નથી. મને બનાવવાનો પ્રયત્ન ન કરીશ. પુસ્તકો વાંચવાથી જ્ઞાન-ક્ષુધા જ તૃપ્ત થઈ શકે છે, ઉદરક્ષુધા તૃપ્ત થતી નથી. આ બધો વિચાર કરીને જ હું આમને અહીં લઈ આવી છું. તું ઘેર જઈશ તો આમને ભૂખે મરવું પડશે. હું એવું કદી નહિ થવા દઉં.'

'ન થવા દઈશ કમલા ! પણ હું તને એક પ્રશ્ન પૂછું છું. તું મને અને આમને કેટલા દિવસ સુધી રાખીને મદદ કરી શકીશ ?' કહી પૂરણી હસી. દુઃખો સહન કરનારું હાસ્ય હતું તે.

'કોઈ કામ મળે ત્યાં સુધી તું અહીં જ રહે. વખત આવે એક-બીજાને મદદ કરવા માટે જ લોકો છે. પૂરણી ! કોઈ કાંઈ બાંધીને સાથે લઈ જતું નથી.'

'કમલા ! તું કહે છે તો હું તને ના નથી પાડી શકતી. પરંતુ જરૂર પડતાં, સ્નેહ બતાવવા માટે આજના જીવનની ગતિમાં ક્યાંય કોઈ સ્થળ છે, એવું જણાતું નથી. ગાડીના ઘોડાની આંખે ડાબલા બાંધીને જેમ તેને દોડાવે છે અને તે નથી જાણતો કે તેને ક્યાં જવાનું છે. તેથી જ આજે અમે આંખો બંધ કરીને અસુર વેગે આગળ વધતાં હોવા છતાં અમે જાણતાં નથી કે અમે ક્યાં જઈ રહ્યાં છીએ.'

ભાઈબહેન સૂઈ રહ્યાં. પછી કમલા અને પૂરણીએ ઘરના ધાબા પર થોડો સમય બેસીને વાતો કરી. તે દિવસે કામ શોધ કરતાં થયેલા અનુભવો પૂરણીએ કમલાને જણાવ્યા. મંગલેશ્વરીઅમ્માળ સાથે થયેલો મેળાપ વગેરે વાતો તેને જણાવી. પણ સડક પર બેભાન થઈને પડી ગયાની વાત ન જણાવતાં તે મારીમચડીને બીજી રીતે જણાવી.

વાત સાંભળતાં સાંભળતાં ભીંતને ટેકવીને ઊંઘી ગયેલી કમલાને જગાડીને પૂરણી પણ સૂવા જવા માટે તૈયાર થઈ. કમલા પડતાંની સાથે

જ ઊંઘી ગઈ, પરંતુ અનેક ચિંતાઓથી ઘેરાયેલી પૂરણીને તરત ઊંઘ આવી નહિ.

'જગત માટે દરરોજ પ્રભાત થાય છે. પરંતુ મારા પરિવાર માટે ન જાણે ક્યારે પ્રભાત થશે ? હે કાર્તિકેય ! મને જીવવા માટે કોઈ માર્ગ બતાવો. મને બાપુજી લોકોને સહારે છોડી ગયા નથી. તેઓ તો તમારા નિવાસ સ્થાનમાં છે. તમારા પરમ પુનિત મંદિરની સામે અને તમારી દયા પર વિશ્વાસ રાખીને જ મને અને આ નાનાંઓને મૂકીને ગયા છે. રક્ષા કરો, સહારો આપવાનું ભૂલશો નહિ. જીવવા માટે એક માર્ગ બતાવો,' પથારીમાં પડીને, આંખો બંધ કરીને પૂરણી મોડે સુધી વિચાર કરતી રહી. તેનાં અંતર્ચક્ષુઓને એવો આભાસ થયો કે જાણે કરુણામય ચહેરો, લાલ હોઠ, ત્રિશૂળ અને કમળ હાથમાં ધારણ કરી બાળ કાર્તિકેય જ દર્શન આપી રહ્યા છે. અને આ પછી તરત જ વિના કારણે, વિના કોઈ સંબંધે સાંજે જે નવયુવક તેને શોધતો આવ્યો હતો તેનો ચહેરો સ્મૃતિપટ પર છવાઈ ગયો. ચુપચાપ, મીઠી ગોળી ખાનાર બાળકની જેમ 'અરવિંદન' શબ્દ તે ધીરેથી મનમાં બોલી. અને આ સાથે તેને અત્યંત આનંદનો અનુભવ થયો. આંતરિક સંતોષ અનુભવ્યો. તે સુખ, તૃપ્તિ અકથનીય અને અનભિવ્યક્તિ હતાં. તે યુવકનો સૌમ્ય અને સુંદર ચહેરો, તે સમયે કેવી રીતે અને શા માટે યાદ આવ્યો. તેનાં કારણ-કાર્યોને એકત્રિત કરીને તે પોતે કોઈ નિષ્કર્ષ પર આવી શકતી ન હતી. વાદ્યમાં પારંગત ન હોવા છતાં પણ સ્વર કાઢવાની આકાંક્ષા જેમ વીણાના તારને આંગળીઓના સ્પર્શ માત્રથી ઝંકૃત કરે છે, તે જ પ્રકારે અપ્રત્યાશિત રૂપે તે ચહેરો પણ તેની સ્મૃતિમાં તરવા લાગ્યો હતો.

નીંદમાં ડૂબેલી કમલાને ખલેલ ન પડે, એટલા માટે ટેબલ-લૅમ્પ કરીને પૂરણીએ અરવિંદનની ડાયરી ઉઘાડી. આશરે અઢી વાગ્યા સુધી ટેબલ-લૅમ્પ હોલવાયો નહિ.

વાંચતાં વાંચતાં પૂરણીને અત્યંત આશ્ચર્ય થયું. અરવિંદન જ્ઞાનપિપાસુ યુવક છે. જીવનનાં અનેક પાસાંઓને પોતે જોઈ-અનુભવીને મેળવેલા જ્ઞાનનું તેણે બહુવિધ વર્ણન કર્યું છે. અનુભવની ટૂંક નોંધ અને ભાવાતિરેકની પળે રચેલી કવિતાઓ સ્થળ અને વાતાવરણને અનુકૂળ સુંદર રીતે રજૂ કરી હતી. જેમ કોઈ ધનાઢ્ય છાનોમાનો એકલો પોતાના ધનને જોયા પછી પ્રસન્ન થાય છે એવી જ રીતે પૂરણી અરવિંદનની અનુભવ સંપત્તિ

જોઈ જોઈને પ્રસન્ન થઈ રહી હતી. તે બેભાન થઈ હતી તે બનાવને કેંદ્રમાં રાખીને રચેલી કવિતા વાંચતાં જ 'સડક પર પોતે બેભાન થઈને પડી ગઈ, તો એને માટે સમગ્ર જગતને જવાબદાર સમજીને આપને નારાજ થવાની કોઈ જરૂર નથી.' અરવિંદનને સાંજે કહેલી આ વાતનો મર્મ હવે તેની સમજમાં આવી ગયો.

એક જગાએ લખેલા એક વાક્યમાં મનનો આવેશ જાણે ગાંડપણની સીમા સુધી પહોંચી ગયો હતો.

'તમિળ પ્રદેશના આજના જીવનમાં કવિતા તો છે જ નહિ. પેટની ક્ષુધા જ છે. માત્ર નિરાશા છે, વ્યથા છે, જેમ ગૂંચવાયેલા દોરામાં શરૂઆત અને છેડાનો ખ્યાલ નથી આવતો, તેમ જ આ સમસ્યાઓ ક્યાંથી ઉત્પન્ન થઈ, કેવી રીતે તેનો ઉકેલ લાવવો, કાંઈ સૂઝતું નથી. એક સમય હતો જ્યારે જીવનમાં સમસ્યાઓ આવતી હતી, હવે તો સમસ્યાઓમાં જીવન છે. એક સમય હતો જ્યારે જીવનમાં ક્યારેક અવિશ્વાસ અને સંદેહ થતો હતો. અને આજે તો અવિશ્વાસ અને સંદેહોની વચમાં જ જીવનનું અસ્તિત્વ છે. આજે હૃદય અને તેના સ્વામી જીવતા નથી. લોખંડ અને પ્લાસ્ટિકનાં હૃદય જીવે છે. સડકની બાજુએ જીવતો માણસ કચરાપૂંજા જેવું જીવન જીવી રહ્યો છે. આ જીવનને બદલીને કેવી રીતે આનું પુનઃનિર્માણ કરવું ? 'વ્યક્તિને જો ભોજન નહિ મળે તો જગતને ખલાસ કરી નાખશે.' કવિ આવી ભાવવાહી કવિતા રચી શકે છે, પરંતુ જીવનનું પુનઃનિર્માણ કરી શકતો નથી. માંકડ મારવાની દવાઓ અને મોરથૂથુ ખાઈને કીડીમંકોડાની જેમ માનવ જ વિનાશ તરફ ડગ ભરી રહ્યો છે ?'

આ થોડાં વાક્યોમાં જ તે અરવિંદનનું મન પામી ગઈ. દેશની સમસ્યાઓ પ્રત્યે વ્યગ્ર એક નવયુવકના વિચારો તેને પોતાના જ હોય એવું જણાયું. અરવિંદનનું સૌંદર્ય, બુદ્ધિ, ગુણ, આદર્શ વગેરે બધાં તેને આકર્ષી ગયાં. 'આજે આવા આદર્શવાદી વ્યક્તિ પર હું ખિજાઈ હતી' આ વિચાર આવતાં તેને પસ્તાવો થયો. અજાણતાં જ એક કોમળ, સુરભિત પુષ્પને પગ તળે કચડી નાંખ્યું હોય એવી વ્યથા તેણે અનુભવી. મદુરૈનાં મંદિરનાં ગોપુર જેવો ગંભીર, તિરુમલૈ નાયગરના પ્રાસાદના સ્તંભ જેવા વિરાટ અને સજ્જન અરવિંદનના આદર્શો તેને સ્પર્શી ગયા.

તેણે તે નોંધપોથી પોતાની આંખે અડકાડી અને પછી મેજ પર

મૂકીને બત્તી ઓલવી નાખી. પૂરણીના તન પર નીંદે અને મન પર અરવિંદને આધિપત્ય જમાવ્યું. જાણે અંધકારમાં ઘણા સમય સુધી અટવાયા પછી કોઈ ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઈ જાય એવો જ અરવિંદન જેવી યોગ્ય અને અનુકૂળ વ્યક્તિને પામીને તેણે પ્રસન્નતા અનુભવી.

તેના નિદ્રિત વદન પર હાસ્ય વીખરાઈ રહ્યું હતું. જેમાં એક સુમધુર સ્વપ્ન રમી રહ્યું હતું.- અરવિંદન તેનો હાથ પકડીને તેને લઈ જાય છે. બંને તિરુપરંગકુંડ્રમ પર્વત પર ચઢી જાય છે. પીગળેલી ચાંદીના તળાવની જેમ આકાશમાં ચાંદની છંટાઈ હતી. શીતલ, મંદ, સુવાસ હવામાં વહી આવે છે. યુગ યુગની તપસ્યા કરીને નભમાં એક એવા પ્રેમીયુગલને નિહાળવાની પ્રતીક્ષા કરતાં કરતાં નક્ષત્રગણ તેમને આંખો ભરીને નિહાળી રહ્યા હતા.

'પૂરણી ! નભ, જ્યોત્સ્ના, શીતળવાયુ બધાંમાં કવિતા છે, સૌંદર્ય છે. આ બધું તારા અને મારે માટે છે' કાનની પાસે આવીને અરવિંદને સ્મિત કરતાં કહે છે. તેના સ્મિતમાં પ્રેમ ઢોળાઈ રહ્યો છે.

'નહિ અરવિંદન ! તમે અસત્ય બોલો છો. જગતમાં કાવ્ય, કવિતા નથી, છે માત્ર ઉદરની ક્ષુધા જ. નથી આનંદ. છે માત્ર દીર્ઘ નિઃશ્વાસ' પૂરણી અરવિંદનનું ખંડન કરે છે.

'તું ધરતીની વાત કરે છે. આપણે અત્યારે પહાડ પર છીએ. ઉચ્ચ સ્થળે હોઈએ ત્યારે મનને નીચે જવા દેવું ન જોઈએ.'

'ઊંચાઈ પર સૌંદર્ય હોઈ શકે છે. પરંતુ જીવન તો ધરતી પર છે, અરવિંદન.'

આવી ન જાણે બંને બીજી પણ વાતો કરી રહ્યાં છે. પર્વત ચઢતી વખતે પૂરણીના પગ થાકી જાય છે. અરવિંદનના વિશાળ, પહોળા, સુંદર ખભા પર હાથ ટેકવીને, લથડ્યા વગર તે ચાલે છે.

અરવિંદને કહ્યું, 'સામે દૂર બત્તીઓ રંગબેરંગી હીરા વીખરાયા હોય એવી દેખાય છેને તે જ મદુરૈ છે.' તે જોવા માટે પૂરણી માથું ઊંચું કરે છે. પગનો અંગૂઠો ખડક સાથે અથડાય છે. લોહી નીકળવાથી અંગૂઠો દાડમડીના પુષ્પમાં પરિવર્તન પામે છે. અરવિંદન નીચો નમીને અંગૂઠો પકડી લે છે. તેના હાથ લાલ થઈ જાય છે. તે કપડું ફાડીને ઝરણામાં પલાળીને અંગૂઠા પર પાટો બાંધે છે.

'તમારો હાથ લોહીવાળો થઈ ગયો. ધોઈ નાખો.'

અરવિંદને કહ્યું, 'શા માટે ધોઉં ? આ રક્તથી જગતની સ્ત્રીકુળની દુ:ખમય ગાથાઓ લખવા માગું છું, પૂરણી !'

પૂરણી જાગી જાય છે. પગના અંગૂઠે ખરેખર દરદ થતું હતું. તે ભીનો હોવાનો આભાસ થઈ રહ્યો હતો. તેણે ઊઠીને બત્તી કરી જોયું તો ભીંતને અડીને મૂકેલાં દાંતરડા સાથે પગ અથડાવાથી અંગૂઠે વાગ્યું હતું. સ્વિચ દબાવવાના અવાજથી કમલા પણ જાગી ગઈ હતી.

'શું થયું પૂરણી ?'

'ઊંઘમાં પગ દાંતરડા સાથે અથડાયો.'

કમલા ઊઠીને આવી અને ઘા પર ચૂનો ચોપડીને પાટો બાંધ્યો.

જે સ્વપ્ન અધવચ્ચેથી તૂટી ગયું તે હવે ફરી નહિ દેખાય ? વિચાર કરતી પૂરણી સૂઈ ગઈ.

સવારે પૂરણી અને કમલા તળાવે નહાવા ગયાં. જતી વખતે કમલાએ મકાનની તપાસ કરી. રથવીથીમાં દક્ષિણ દિશાના બારણાવાળું એક નાનું ઘર હતું. તેમાં કૂવો અને ત્રણ ખંડ વગેરેની સગવડ હતી. માસિક અઢાર રૂપિયાના ભાડે તે મળી ગયું. કમલાએ પૂરણી વતી ભાડું અગાઉ આપી દીધું. મકાન મળી જવાથી પૂરણી પ્રસન્ન થઈ. તે મકાન કમલાના ઘરની નજીક હતું. બંને નહાઈને પાછા આવ્યાં. કમલાના ઘરની બહાર ઓટલા પર ભજનિકદાદા રાહ જોતા બેઠા હતા. તેમની બાજુમાં અરવિંદનને જોઈને પૂરણી નત મસ્તકે ઘરમાં જતી રહી.

'પૂરણી ! આ ભાઈ તને શોધતા આવ્યા છે. કામુએ જણાવ્યું કે તું બાળકો સાથે અહીં આવી છે. આથી આ ભાઈને અહીં લઈને આવ્યો છું, દીકરી !'

'હું હમણાં આવું છું દાદા. તેમને જરા બેસવાનું કહો' પૂરણીએ કહ્યું.

'હું કાલે આવ્યો ત્યારે મારી ડાયરી ભૂલી ગયો હતો. તે લેવા આવ્યો છું...' ઘરમાં જતાં જતાં પણ પૂરણીએ અરવિંદનનું આ વાક્ય સાંભળ્યું હતું. રાતે જોયેલું સ્વપ્ન તેને યાદ આવ્યું. કપડાં બદલીને તે ડાયરી લઈને બહાર આવી.

આ દરમિયાન ભજનિકદાદા મંદિરમાં પહોંચી ગયા હતા. કારણ કે

મંદિરમાં તેવારમ* ગાવાનો સમય થઈ ગયો હતો. એકલા બેઠેલા અરવિંદને પૂરણીને ડાયરી લઈને આવતી જોઈને ઊભો થયો. પૂરણીએ તેને ડાયરી આપતાં કહ્યું, 'બેસો. તમારી સાથે મારે થોડી વાત કરવી છે. તમારે ઉતાવળ તો નથીને ?'

આને ડાયરી વાંચી હશે. અને જણાય છે કે આ બેભાન થઈને પડી ગઈ તે વિશે મેં જે લખ્યું હતું તે આને વાચ્યું હોવું જોઈએ. અને તે અંગે જ મને પૂછવા માગે છે...! વિચારતો અરવિંદન ફરી ઓટલા પર બેઠો.

'ગઈ કાલે ગુસ્સામાં ન જાણે મેં તમને ન કહેવાનું કહ્યું હતું. એ માટે તમે પહેલાં ક્ષમા આપો.'

ક્ષમા માગતો પૂરણીનો સુમધુર અને વિનમ્ર સ્વર સાંભળીને અરવિંદને થોડું સાહસ એકત્ર કરીને તેના વદન સામે જોયું.

પૂરણીએ પણ તેને નિહાળ્યો. જાણે પોતાના વિચારોથી પ્રભાવિત કરી, આંખોના ઝરૂખા દ્વારા અંદર પ્રવેશ કરી, સ્વપ્નમાં દર્શન આપનાર તે તોફાની ચોરને પહેલી વાર આંખ ભરીને નિહાળ્યો હોય તેમ. હવે તેઓ પરસ્પરને નિહાળી રહ્યાં હતાં. જાણે કરોડો વરસોથી તે દૃષ્ટિની રાહ જોતાં હોય તેમ. પ્રેમની પ્યાસ તે ચારે નેત્રોમાં ઝળકી રહી હતી.

'તમારી ડાયરી મેં સંપૂર્ણ વાંચી છે, આ માટે ક્ષમા કરો.'

'એનો કાંઈ વાંધો નહિ. આ કાંઈ એવી મોટી ભૂલ નથી કે જે બદલ ક્ષમા માગવી પડે. મને જે કાંઈ અનુભૂતિ થઈ તે બધી અસ્પષ્ટ શબ્દોમાં લખી છે.'

'બધું સરસ-સુંદર છે. સવાર સુધી જાગીને બધું વાંચી નાખ્યું.'

'એમ છે ? તમારે વિશે ન જાણે શુંય મેં લખી નાખ્યું છે.'

'તેં પણ વાંચ્યું.'

'જો ભૂલ થઈ હોય તો મારે પણ તમારી ક્ષમા માગવી જોઈએ.' અરવિંદને તદ્દન તોફાની હાસ્ય સાથે પૂરણી સામે જોઈને કહ્યું. તેનામાં સામાને પણ હસાવવાની શક્તિ હતી. તે પણ હસી. હસીને કહ્યું. 'બાપુજીના પુસ્તકોનું પ્રકાશન તમે કરી શકો છો. તમારી નોંધપોથી વાંચ્યા પછી હું આ નિર્ણય પર આવી છું. તમારા પર મને વિશ્વાસ છે. તમારું સરનામું આપો. હું પોતે આવતી કાલે તમારા પ્રેસમાં આપી જઈશ.'

---

* *અપ્પર, સંબંધર અને સુંદરરે રચેલાં ભક્તિગીત*

'આ બદલ તમારો આભાર. પ્રેસનું આ સરનામું' કહીને અરવિંદને વિઝિટિંગ કાર્ડ ધર્યું.

વિદાય થતી વખતે તેને જણાતું હતું કે જાણે પોતાનું મન પૂરણી પાસે મૂકીને અને તેનું મન પોતાની સાથે લઈને જઈ રહ્યો ન હોય !

તે દિવસે સાંજે મકાન ફેરવી નાખવાનો વિચાર કરીને ત્રણના સુમારે ગાડીની વ્યવસ્થા કરીને કુમરન અને કમલા સાથે પોતાને તે ઘેર ગઈ. અને ગાડીમાં સામાન મુકાવા માંડ્યો. બરાબર તે જ સમયે કારમાં મંગલેશ્વરીઅમ્માળ આવ્યાં અને એક જરૂરી કામ માટે પૂરણીને લઈને મદુરૈ ગયાં.

## ૮

'અત્યંત જરૂરી કામ છે પૂરણી ! ક્યાં અને શા માટે, આ બધું પૂછીશ નહિ. ના પાડ્યા વગર મારી સાથે ચાલ.' મંગલેશ્વરીઅમ્માળનો આ આગ્રહ પૂરણી ટાળી શકી નહિ. જૂનું ઘર ખાલી કરીને ઘરવખરી નવા મકાનમાં લઈ જવાની જવાબદારી કુમરન, કમલા અને ભજનિક-દાદાને સોંપીને તે માતાજી સાથે ગઈ.

મંગલેશ્વરીઅમ્માળે જ વાત શરૂ કરી.

'હું અત્યારે તને ક્યાં લઈ જાઉં છું, ખબર છે ?'

'નહિ, તમે કહો તો જ મને ખબર પડે.'

'તને એક સારું કામ અપાવવા લઈ જાઉં છું.'

પૂરણીએ વિશ્વાસપૂર્ણ વદને માતાજી તરફ નજર કરી. કાર મુખ્ય વીથીમાં આવેલી 'મદુરૈ મહિલા સંઘ'ની મોટી ઇમારત સામે આવીને ઊભી રહી. મંગલેશ્વરીઅમ્માળને અનુસરતી પૂરણી અંદર ગઈ.

મંગલેશ્વરીઅમ્માળ જેવી જ અત્યંત ધનાઢ્ય પરિવારની પાંચછ પ્રૌઢ મહિલાઓ અંદર બેઠી હતી. પૂરણીએ એમાંની મોટા ભાગની મહિલાઓને કેટલાય પ્રસંગોએ જોઈ છે. ઓળખે પણ છે.

'પૂરણી ! આ બધાં મહિલા સંઘની કારોબારીના સભ્ય છે' મંગલેશ્વરીએ પૂરણીને કર્યું. પૂરણીએ બધાંને હાથ જોડીને નમસ્કાર કર્યા.

'સ્વ. પ્રો. અલગિયનાં આ પુત્રી છે, જેની મેં તમને વાત કરી હતી. તમિળ વ્યાકરણ અને સાહિત્યનું આણે પદ્ધતિસર સંપૂર્ણ અધ્યયન કર્યું છે.

કામચલાઉ અંગ્રેજી પણ જાણે છે. જાન્યુઆરી મહિનામાં શરૂ કરનારા વર્ગો માટે આને અધ્યાપિકા તરીકે નીમીએ.'

'અમને કાંઈ વાંધો નથી. પરંતુ ઉંમર નાની છે' એક પ્રૌઢ મહિલાએ સંદેહ વ્યક્ત કર્યો.

'આને ઉંમર સાથે શી લેવાદેવા છે ? આની સાથે થોડી વાત કરી જોશો તો તરત આપને ખ્યાલ આવી જશે.'

'એ તો ખરું, પણ રમવા અને સમય પસાર કરવા માટે આપણે આ વર્ગો શરૂ કર્યા નથી. આ સંઘના માધ્યમથી મહિલાઓમાં પરિવર્તન અને વિકાસ થાય, વાસ્તવમાં આ જ આપણું ધ્યેય છે.'

મંગલેશ્વરીઅમ્માળ અને બીજી મહિલાઓ વાતચીત કરવામાં તલ્લીન હતાં ત્યારે પૂરણી શાંત બેઠી હતી. ત્યાં બેઠેલી મહિલાઓના ચહેરા જોઈને તે તેમના હૃદય અને ગુણોનું અનુમાન કરતી હતી. તીક્ષ્ણ દૃષ્ટિવાળી તેની આંખો અને ગહન ચિંતન કરનારા તેના મનને માટે પ્રત્યેક ચહેરો એક દુનિયા, દરેક ચહેરો એક અનુભવ, દરેક ચહેરો એક મધુરતા, દરેક ચહેરો એક જીવન, દરેક ચહેરો એક સૌંદર્ય, દરેક ચહેરો એક પુસ્તક હતું. તે જોઈને, વાંચીને, મનન કરીને યાદ રાખવા જેવું.

મહિલા સંઘના પ્રવેશદ્વારની બરાબર સામે શારદામણિ દેવીનો ફોટો હતો. જે સાક્ષાત પવિત્રતાનું જીવંત સ્વરૂપ હતો. વિવેકાનંદ, પરમહંસ, તિરુવલ્લુવર જેવા અન્ય મહાનુભાવોના ફોટા પણ દીવાલ પર ટાંગેલા હતા. શારદામણિ દેવીના ફોટા નીચે બંને તરફ એક સાથે બે કુંતુકિલકુ* સોનેરી કિરણો વિખેરી રહ્યાં હતાં. સુખડની સળીઓ સળગાવીને મૂકી હોવાથી ઇમારતમાં અને તેની ચારે તરફ ચંદનની સુવાસ ફેલાયેલી હતી.

'તમારાં લગ્ન થયાં છે ?'

આ પ્રશ્ન કરનાર મહિલા તરફ જોઈને પૂરણીએ જવાબ આપ્યો, 'નથી થયાં.'

'ઠીક, એમ વાત છે ! ઉંમર તો પૂરી જણાય છે.'

આવા જ ન જાણે કેટકેટલાય પ્રશ્નો તે સાધનસંપન્ન ઘરોની

---

** કાંસાનો લાંબી સાંકળવાળો દીપક*

મહિલાઓએ પૂછ્યા. પૂરણીએ એ બધા પ્રશ્નોના નમ્રતાપૂર્વક જવાબ આપ્યા. વચ્ચે વચ્ચે પૂરણીને બદલે મંગલેશ્વરીઅમ્માળ જ જવાબ આપતી હતી. બધાંને સાંભળ્યા પછી છેવટે તમિળ અને અંગ્રેજી બેમાંથી એકમાં પણ બી.એ. ડિગ્રી ન પ્રાપ્ત કરનાર ઉમેદવારને કેવી રીતે નિમણૂક કરાય ? કૉલેજમાં ભણતી છોકરીઓ પણ સાંજના વર્ગમાં આવે છેને ? આ તેમને સંભાળી શકશે ? જે પ્રૌઢ મહિલાએ પહેલાં પ્રશ્ન કર્યો હતો તેમણે જ આ પુન: મુશ્કેલી ઉપસ્થિત કરી.

'ડિગ્રી તો મોટાં મોટાં થોથાં પાંચ-છ વરસ સુધી હાથમાં રાખવાથી અને મગજમાં તેનો ભાર ઉપાડવાથી મળી જાય છે. જ્યારે જ્ઞાન તો જન્મજાત હોય છે. તે મનુષ્ય આપી શકતો નથી. આ જ જ્ઞાન આ છોકરી પાસે પૂર્ણકળાએ છે. ઇચ્છા હોય તો આને કામ પર રાખો, નહિતર ના કહી દો. આ માટે સામે બેસીને અપમાનિત કરે એવા સવાલ ન પૂછો.' અસહનીય પરિસ્થિતિમાં મંગલેશ્વરીઅમ્માળના કડક શબ્દોને પરિણામે નિરર્થક પ્રશ્નો પુછાવા બંધ થઈ ગયા. આ માટે પૂરણીએ મનમાં તેમનો આભાર માન્યો.

છેવટે મંગલેશ્વરીઅમ્માળની ભલામણ સાર્થક થઈ. તેમની ઇચ્છાની આડે કોઈ આવ્યું નહિ. પૂરણીને તે કામ મળી ગયું. જાન્યુઆરી મહિનાથી દરરોજ સાંજે છથી આઠ સુધી તેણે વર્ગ લેવાના હતા. આ માટે તેનું માસિક વેતન રૂપિયા એકસો આપવાનું ઠરાવ્યું. બધાંને પહેલી તારીખે સાંજે મળવાનું જણાવીને પૂરણી મંગલેશ્વરીઅમ્માળ સાથે પાછી ફરી. બહાર કારમાં આવીને બેઠી ત્યાં સુધી તેની આંખો સમક્ષ શારદામણિ દેવીની દૈવી પ્રસન્ન મુખમુદ્રા છવાયેલી હતી.

મહિલા સંઘથી પાછા ફર્યા પછી તે મંગલેશ્વરીઅમ્માળને ત્યાં થોડો સમય રોકાઈ.

'પૂરણી ! મારાથી થાય તેટલું કરીને, તને કામ અપાવ્યું છે. મહિલા સંઘમાં બધાં વિવાદ કરનારાં છે. સારી રીતે ભણાવીને, હવે નામના કાઢવી એ તારી જવાબદારી છે દીકરી.'

'આપ એની ચિંતા કરશો નહિ. હું તમારા બોલ જરૂર સફળ કરીશ.'

ઘણું મોડું થયું હોવાથી પૂરણી જવા તૈયાર થઈ.

તે સડક પર ઝડપથી જતી હતી. બિંદીવિહીન વિધવાના વદનની જેમ બજાર પણ રવિવારના દિવસ જેવું સૂનું જણાતું હતું. ભભકો ન હતો. તે ચાલતી જતી હતી. ત્યાં બોર્ડ વાંચીને તે સહેજ નવાઈ પામી ઊભી રહી. તેનો ચહેરો ખીલી ઊઠ્યો: બોર્ડ હતું મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના નામનું. રવિવારની રજા હોવાથી પ્રેસનું બારણું બંધ હતું. પરંતુ સામેના ખંડમાં બળતી બત્તી અને બેઠેલો અરવિંદન બહાર સડક પરથી તેને દેખાયાં. પહેલા દિવસે તે જે સ્થળે બેભાન થઈને પડી ગઈ હતી, તે સ્થળની ઘણી પાસે તે ઊભી હતી. જો આ સ્થળે હું બેભાન ન થઈ હોત તો અરવિંદને મારા પર આવી કવિતા લખી ન હોત - વિચાર કરતાં તેનું મન સ્નેહથી પરિપૂર્ણ થઈ ગયું. સવારે તેણે વિઝિટિંગ કાર્ડ લીધું હતું. ત્યારે બીજે દિવસે મળવાનું તેણે જણાવ્યું હતુંને ! પણ એથી શું ? એવો કોઈ કાયદો નથી કે આ સમયે ન મળી શકાય.

પૂરણીએ બારીની નજીક ઊભા રહીને જોયું. પરંતુ તે બોલાવે એ પહેલાં જ અરવિંદન તેને જોઈ ગયો.

'અરે ! તમે છો. આ સમયે કેમ...કાલે જ આવવાનું કહ્યું હતુંને ?' પૂછતાં અરવિંદન દરવાજો ઉઘાડવા ઊઠ્યો. પૂરણીને વિચાર આવ્યો : મારે આ સમયે તેને હેરાન કર્યા વગર ઘેર જવું જોઈતું હતું. તે ખમચાઈને શરમાઈને થોડી ખસીને ઊભી રહી.

'અંદર આવોને. બહાર કેમ ઊભાં છો ?' દરવાજો ઉઘાડતાં અરવિંદને કહ્યું. તેના હોઠ પર આશ્ચર્યજનક આકર્ષક હાસ્ય વિલસી રહ્યું હતું, જે જોનારના મનમાં સ્વપ્નનાં બીજનું વાવેતર કરે. પૂરણી અંદર જઈને બેઠી. મેજ પર થોડી મગફળી, એક કેળું અને ગ્લાસ ભરીને દૂધ મૂક્યાં હતાં. પૂરણીએ તે જોઈને પૂછ્યું,

'આ બધું શું છે ?'

'આ મારું વાળુ છે.' અંદર આવીને તેનાથી સહેજ દૂર ઊભા રહીને અરવિંદને જવાબ આપ્યો.

'આ નાનું કેળું, થોડી મગફળી અને આટલું દૂધ તમારે માટે પૂરતાં છે ?'

આ સાંભળીને અરવિંદન હસી પડ્યો, 'પૂરતાં છે કે નહિ એ નિર્ણય કરવાનું જો પેટ પર છોડવામાં આવે તો જવાબ 'ના'માં જ મળશે. પરંતુ

આ અધિકાર મારા મનને આપીને 'પૂરતાં છે' સમજવાની ટેવ પાડી છે. આ ગરીબોનો દેશ છે. આપણે તો ત્રણ વખત ભાત અને ચોથી વાર નાસ્તો કરીને જીવીએ છીએ. પરંતુ બીજાઓની પરિસ્થિતિ પણ વિચારપૂર્વક જોવી જોઈએ. આ દેશમાં કેટલાંય લાખો લોકો એક ટંક પણ પેટ ભરીને જમી શકતાં નથી. સોમાંથી ઓછામાં ઓછા એકે તો તેમના ખાલી પેટનો વિચાર કરવો જ જોઈએ. તેમનામાં રસ લેવો જ જોઈએ.'

'આનો આ અર્થ તો નથી કે તમારે અડધું ખાઈને ભૂખ્યા રહેવું જોઈએ ?'

'ખોટું છે. હું ભૂખ્યો તો નથી રહેતો. દિવસનું ભોજન ભૂખ માટે લઉં છું. પેટ ભરવા માટે નહિ. મારા આ ભોજનનો ખર્ચ ત્રણ આના આવે છે. બચેલા પૈસા રસ્તા પર બાળકોને ગોદમાં લઈને ભીખ માગતી સ્ત્રીઓને આપી દઉં છું. સ્ત્રીઓ પવિત્ર માતાઓ છે. તેઓ ધૂળભર્યા રસ્તામાં ભીખ માંગતી ફરે, એ આ દેશને માટે કેટલી શરમભરી વાત છે ? ઘેર આવેલા ભિખારીને ભોજન કરાવીને ધર્મનું પાલન કરનારી અન્નપૂર્ણા છે સ્ત્રીઓ. તેઓ જ જો ઘેર ઘેર જઈને ભીખ માગે એ કેટલી અધોગતિ કહેવાય.' અરવિંદન આવેશમાં બોલે જતો હતો. બોલતી વખતે તેનો ચહેરો લાલ થઈ ગયો હતો અને હોઠ કંપી રહ્યા હતા.

'આપનું કહેવું ખરું છે. આજકાલ મદુરૈમાં ભિખારીઓની સંખ્યા વધી ગઈ છે.'

'ગોપુર, બજારો, હવેલીઓ, સિનેમાઓથી ભર્યાભાદર્યા આ સુંદર નગર મદુરૈને આપ જોઈ રહ્યાં છો.' અરવિંદને પૂરણીને ઉદ્દેશીને ફરી કહ્યું, 'પરંતુ હું તો એક બીજા જ મદુરૈને પણ જોઈ રહ્યો છું. વૃક્ષોની નીચે તાપને જ છાપરું અને વરસાદને કરુણા માનીને કીચડ અને ધૂળમાં જીવન વિતાવી રહેલા લોકો તથા ગંદગીભર્યા અનાથ મદુરૈની પણ કોઈને ચિંતા છે ? કોઈએ વિચાર કર્યો છે ?'

તેના વિચારો સાંભળીને, તેના વદન પર પ્રતિબિંબિત મહાન ઉદ્દેશની છાયાને જોઈને અરવિંદનની ગંભીરતા, તેનો આદર્શ કેટલી હદે તેના સ્મૃતિપટમાં અમિટ ઉચ્ચ ભૂમિકા પર ઘર કરી ગયો છે, આનો પૂરણીને ખ્યાલ આવ્યો.

બજારમાં જઈને એક ગ્લાસ દૂધ અને બે કેળાં લઈ આવીને

અરવિંદને પૂરણીનો આદરસત્કાર કર્યો. પૂરણીએ પણ તે આતિથ્યનો સ્વીકાર કર્યો. 'જે ઉચ્ચ ભૂમિકા પર તમે પહોંચ્યા છો ત્યાં સુધી બીજો કોઈ પહોંચી શકે નહિ. અને પોતાને સ્મરણ કરનારાઓના મનમાં બીજ તરીકે સ્થપાઈને વિચારોના રૂપમાં અંકુરિત થાય છે !' તેવારમનો આ વિચાર જ અરવિંદને પચાવ્યો હોય એવું પૂરણીને લાગ્યું. તેને ખ્યાલ આવી ગયો કે અરવિંદનના મનની સીમા વિસ્તૃત છે.

તેની સાથે વાતચીતમાં સમય ક્યાં વીતી ગયો તેની ખબર જ પડી નહિ. તેના ચહેરા અને તેના હાસ્યની જેવી જ તેની વાતચીત પણ તેને આકર્ષક જણાઈ.

અચાનક બહાર વરસાદ શરૂ થઈ ગયો અને જોતજોતામાં વધી ગયો. પૂરણીએ પ્રેસની ભીંત-ઘડિયાળમાં જોયું તો સાડા દશ થવાની તૈયારી હતી.

'અરે, તમારી સાથે વાત કરવામાં સમય ક્યાં વીતી ગયો, એની ખબર રહી નહિ. સાડા દશે તો બસ બંધ થઈ જાય છે. પછી હું ઘેર કેવી રીતે પહોંચીશ ?' બોલતી પૂરણી જલદી ઊભી થઈ.

'વરસાદ પડે છે. કેવી રીતે જશો ? છેલ્લી બસ ઊપડી ગઈ હશે તો તમે શું કરશો ?'

'કોઈ પણ હિસાબે ઘેર પહોંચવું પડશે જ. બીજો ઉપાય શો છે ?'

તેની મૂંઝવણ અરવિંદન સમજી ગયો. અંદર જઈને તે એક છત્રી લઈ આવ્યો.

'આ તમે લો. હું પણ તમારી સાથે બસસ્ટૅન્ડ સુધી આવું છું. છેલ્લી બસ ઊપડી ગઈ હશે તો બીજો કોઈ બંદોબસ્ત કરીશું.' અને આના જવાબની રાહ જોયા વગર જ દરવાજે તાળું મારીને તે તૈયાર થઈ ગયો.

'છત્રી તો એક જ છે. તમે કેવી રીતે આવશો ? નાહક તમે ભીંજાઈ જશો. હું ગમે તેમ કરીને જઈશ. તમે હેરાન ન થાવ.'

પરંતુ અરવિંદને તેને એકલી જવા દીધી નહિ. તે પણ એની સાથે ગયો.

તેના સુંદર, ગોરા કપાળ પર પાણીનાં ટીપાં મોતીઓની જેમ ઢળી રહ્યાં હતાં. તેના કેસ લહરીની જેમ લહેરાતા હતા.

'તમે પણ આ છત્રીમાં આવી જાવ. ભીંજાશો નહિ' પૂરણીએ કહ્યું

અને પોતે તેની પાસે જઈને તેને છત્રીમાં લઈ લીધો. એક નવયુવતીના સુંદર વદનના અતિ નિકટના સ્પર્શને તે પળોમાં અરવિંદનને એવી પવિત્રતાનો આભાસ થયો જેવી ચમેલીની સુવાસ, ગુલાબજળની શીતલતા, અને કપૂરની પવિત્રતા એકત્ર થઈને થાય છે. ભાવવિહ્વળતાની તે ક્ષણોમાં તેનું તન અને મન રોમાંચિત થઈ ગયાં અને આ ભાવોને પરિણામે તેના હોઠ સદ્યવિકસિત કમલની જેમ ખીલી ઊઠ્યા.

પરંતુ બીજી જ ક્ષણે સાવચેત થઈને અરવિંદને કહ્યું, 'નહિ. આ નાની છત્રીમાં તો આપણે બંનેય બરાબર પલળી જઈશું. તમે જ આમાં ચાલો' અને હસીને તે આપોઆપ દૂર ચાલવા લાગ્યો. ફરી ક્ષણભરમાં પ્રેમમાં ડૂબવાનો અનુભવ કરીને તે તેની પાસે પાસે ભીંજાતો ચાલવા લાગ્યો. સહાનુભૂતિ અને સ્નેહાસિક્ત નેત્રોથી પૂરણીએ તે મોટી વયના બાળક તરફ જોયું અને તેના રતુમ્બડા ગાલ પર સ્મિત છવાઈ ગયું.

જ્યારે તેઓ બસસ્ટૅન્ડ પર આવ્યાં ત્યારે છેલ્લી બસ ઊપડી ગઈ હતી. આટલી રાતે રિક્ષામાં કે ઘોડાગાડીમાં જવા તે માંગતી ન હતી. આથી તે સંદેહમાં પડી ગઈ.

'તમને વાંધો ન હોય તો હું સાથે આવું. ઘોડાગાડીમાં જઈએ' અરવિંદને કહ્યું.

વરસાદમાં ભીંજાયેલો અરવિંદન અને છત્રીમાં અડધી ભીંજાયેલી પૂરણી બંને બસસ્ટૅન્ડ પર જઈને ઊભાં રહ્યાં.

'જવું હોય તો ચાલતા જઈએ. હું સાથે આવું છું.'

'તિરુપરંગકુંદ્રમ સુધી ભીંજાતા ?'

'તિરુપરંગકુંદ્રમ સુધી તો શું ? તમારી સાથે તો હું કન્યાકુમારી સુધી પણ ભીંજાતા ચાલવા તૈયાર છું.' અરવિંદન હસ્યો.

આ જ સમયે વરસાદના પાણી અને કીચડને ઉછાળતી સરરર કરતી એક કાર આવીને ત્યાં ઊભી રહી. અરવિંદનના શર્ટ પર કાદવના છાંટા ઊડ્યા. ક્રોધમાં ફરીને તે એ કારવાળાને પૂછવા જતો હતો ત્યાં કારમાંથી મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના માલિક મીનાક્ષીસુંદરમ ઊતરીને તેમની પાસે આવ્યા.

# ૯

વરસાદની તે રાત પૂરણીના જીવનમાં અવીસ્મરણીય હતી. એવું તેણે નહોતું માન્યું કે તે અરવિંદન માત્ર વરસાદમાં ભીંજાઈને આવ્યો હતો. પરંતુ તેને એવી પ્રતીતિ થતી હતી કે તે દ્રવીભૂત થઈને પ્રેમની વર્ષામાં ભીંજાઈ ગયો હતો. તે જ દિવસે તેને એના અસીમ અને વિશાળ હૃદયનો ખ્યાલ આવ્યો હતો. તે દિવસે રાતે મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના માલિક તેને પોતાની કારમાં તિરુનગર સુધી પહોંચાડીને અરવિંદન સાથે પાછા ફર્યા હતા. બસસ્ટૅન્ડ પર તે અને અરવિંદન ભીંજાતાં હતાં. તે સમયે તેમની આ સહાય જાણે તેને જીવનપર્યંત સહાય મળવાનો સંકેત હતો.

ગરીબી અને અગવડોમાં જીવવા માટે અભ્યાસ કરવાની જરૂર હોય છે. નાના ભાઈના હાથનો પાટો છૂટી ગયો હતો. નવા મંડપના પુસ્તક પ્રકાશકે ખરોખોટો હિસાબ બતાવીને અડધાથી પણ ઓછી રકમ આપી હતી. ઘણો પ્રયત્ન કર્યા પછી ભવિષ્યનિધિનો એક ભાગ મળ્યો હતો. એથી કહેવું જોઈએ કે કેટલાક સહાનુભૂતિવાળા લોકો અને કૉલેજના પ્રિન્સિપાલની કૃપા દૃષ્ટિથી જ તેને આ પૈસા આટલા જલદી મળી શક્યા હતા. મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના માલિક અને અરવિંદન બંને તેના બાપુજીના ગ્રંથો ઉચિત અને નિયમાનુસાર પ્રકાશન કરવાની વ્યવસ્થા કરી રહ્યા હતા.

સવારે ગૃહકાર્ય અને સાંજના સમયે મહિલા સંઘમાં ભણાવવાને લીધે પૂરણીને આરામ મળતો ન હતો. તેમ છતાં ચિંતાઓમાં ડૂબેલી અને ઘોળાતી પૂરણીને હવે થોડી શાંતિ હતી.

કમલાનાં બા-બાપુજી સારે ઠેકાણે વાત કરીને આવ્યાં હતાં અને હવે લગ્નની તૈયારીઓ થતી હતી. તેનાં બા-બાપુજી પાછાં આવ્યાં તેના ત્રીજા દિવસે સાંજે વરપક્ષવાળાએ આવીને તેને જોઈ. કમલાની માને મદદ કરવા અને મહેમાનોની આગતાસ્વાગતા કરવા માટે પૂરણી ત્યાં આવી હતી. તેણે પોતે કમલાના કેશ હોળ્યા, ચોટલો વાળ્યો અને ફૂલોથી સજાવી તેનો શૃંગાર કર્યો. પછી તેને જોવા આવનારાઓની સામે લાવીને ઊભી રાખી. કમલાનું સગપણ થઈ ગયું. જાન્યુઆરીમાં લગ્નની તિથિ નક્કી થઈ.

દરરોજ સંધ્યા સમયે મહિલા સંઘમાં જઈને એ જ રસ્તે પાછી

ફરતી હોવા છતાં તેને અરવિંદનને મળીને વાત કરવાનો દરરોજ સમય મળતો નહોતો. વર્ગ લઈને ઘેર જતી વખતે તેને સમય મળતો ત્યારે તે થોડો સમય વાત કરવા આવતી. કોઈ કોઈ દિવસ અરવિંદન પોતે દિવસ દરમિયાન તિરુપરંગકુંદ્રમ આવીને તેના બાપુજીના પ્રકાશન કરવાનાં પુસ્તકોની હસ્તપ્રત લઈ જતો. તો કોઈ દિવસ મંગલેશ્વરીઅમ્માળ અને તેમની નાની પુત્રી ચેલ્લમ આવતાં, તેઓ કાર્તિકેયના દર્શન કર્યા પછી પૂરણીને મળીને પાછાં ફરતાં.

નવા ઘરના એક ખંડને તો પુસ્તકોએ જ રોકી લીધો હતો. પુસ્તકો મૂક્યા પછી તે ખંડમાં એક જ વ્યક્તિ માટે ખૂરશી મૂકીને બેસવાની જ જગા બાકી રહેતી હતી. ગૃહકાર્ય પતાવીને તે પુસ્તકવાળા ખંડમાં આવતી ત્યારે તેને દુનિયાનું ભાન રહેતું નહિ. બાપુજીએ એકત્ર કરેલા જ્ઞાનની દુનિયામાં તે ડૂબી જતી.

મહિલા સંઘના વર્ગમાં દરરોજ કરવાના ભાષણ માટે નવા નવા વિષયોની તૈયારી આવા ગહન અધ્યયનનું જ પરિણામ હતી. તેને સમય અને એકાંત જોઈએ તેટલાં મળી રહેતાં હતાં. એ એકાંતમાં તે પોતાના વિચારોને ઉત્તરોત્તર વિકસિત કરવા અને પોતાના ધ્યેયની સીમાઓ વધારવાનો સમર્થ પ્રયત્ન કરતી.

એક સપ્તાહ પછી એક દિવસ તેના મનને દુઃખ પહોંચાડે એવો એક દુર્ભાગ્યપૂર્ણ બનાવ જાણે તેને શોધતો ઘેર આવી ઊભો રહ્યો.

બપોરનો અગિયારનો સમય હશે. બંને ભાઈ જમીને બપોરનો નાસ્તો સાથે લઈને શાળાએ ગયા હતા. વલ્લી ચારપાંચ ઘર દૂર એક વૃક્ષની નીચે બીજાં બાળકો સાથે રમતી હતી. કામ પતાવીને, ભોજન કર્યા પછી પૂરણી અધ્યયન ખંડમાં ગઈ. વલ્લી ગમે ત્યારે પાછી આવે એ જ વિચારથી તેણે સાંકળ ન મારતાં બારણું ખાલી વાસ્યું હતું.

તે દિવસ મહિલા સંઘના વર્ગમાં તિરુક્કુરળ ભણાવવાનું હતું. ભણાવવું એટલે તેને મન શબ્દોના અર્થ અને ભાવાર્થ જણાવીને તેનું રટન કરાવવું, એવું ન હતું. ત્યાં વર્ગમાં બાર વરસથી ત્રીસ વરસ સુધીની નાની-મોટી અનેક પ્રકારની સ્ત્રીઓ આવતી હતી. પરણેલી સ્ત્રીઓ પણ આવતી હતી. આથી પૂરણી તેમનાં હૃદયને સ્પર્શી જાય એવી સુંદર રીતે તે વર્ગનું સંચાલન કરતી હતી. વર્ગ લેવાની શરૂઆત કર્યાના બે-ત્રણ દિવસમાં જ તેના અને

તેની શિક્ષણપદ્ધતિ પ્રત્યે બધાંની અત્યંત સન્માનપૂર્ણ લાગણી ઉત્પન્ન થઈ. દિન-પ્રતિદિન સંખ્યા વધવા લાગી. કેરમ રમનારી અને ગપશપ કરીને સમય પસાર કરનારી મહિલા સંઘની મહિલાઓને તેણે એક નવી દુનિયાનાં દર્શન કરાવ્યાં, નવા જ્ઞાનરસનો આસ્વાદ કરાવ્યો, નવા જ્ઞાનજગતનું દર્શન કરાવ્યું. મહિલા મંડળના સભ્યોમાં તે દિનપ્રતિદિન સન્માનભર્યું સ્થાન પામતી જતી હતી. આ ગૌરવપૂર્ણ પોતાની સ્થિતિનો વિચાર કરતાં તેણે તિરુક્કુરળ ઉઘાડ્યું અને તેના મુદ્દાઓ તૈયાર કરવા લાગી.

ખાલી વાસેલું બારણું ઉઘાડીને કોઈના આવવાનો અવાજ તેને સંભળાયો. અત્યારે બીજું કોણ આવે ? વલ્લી જ આવી હશે. એ વિચારથી તે માથું ઊંચું કર્યા વગર લખે ગઈ. અસભ્ય જંગલી અવાજ સાંભળતાં જ તેણે માથું ઊંચું કર્યું અને ક્રોધાગ્નિમાં બળતા નવા મંડપવાળા પુસ્તક પ્રકાશકને ત્યાં ઊભેલો જોયો. પૂરણીએ તેમનો સત્કાર કરતાં કહ્યું. 'પધારો...પેલી ખુરશી પર બેસો. !'

'હું અહીં બેસવા માટે આવ્યો નથી. હું તો મારો ગુસ્સો ઉતારવા માટે આવ્યો છું.'

'કોના પર નારાજ થયા છો ?'

'જાણે કાંઈ જ ખબર ન હોય એવી રીતે વાત કરે છે. મેં પુસ્તક પ્રકાશન કર્યું છે તેની અડધી નકલો વેચાઈ છે ને અડધી વેચાયા વગરની પડી છે. આથી હું કિંકર્તવ્યવિમૂઢ દશામાં મુકાઈ ગયો છું. આવી સ્થિતિમાં મને પૂછ્યા વિના જ તમે કોઈ મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસ કે કામાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના માલિકને પ્રકાશન માટે અનુમતિ કેવી રીતે આપી દીધી ?'

ચાલીસ વરસથી પણ વધુ વયની જણાતી તે વ્યક્તિની મૂછો બોલતી વખતે ફફડી રહી હતી. પૂરણીએ શાંત ભાવથી જવાબ આપ્યો.

'માફ કરજો મહાશય ! હવે હું અણસમજુ બાળકી નથી. મને ખરું કહો. અસત્ય સાંભળવા હું તૈયાર નથી.'

'કયું અસત્ય ?'

'એ જ કે અડધી વેચાઈ છે અને અડધી ન વેચાયેલી નકલો રાખીને આપ કિંકર્તવ્યવિમૂઢ થયા છો ? આ તદ્દન જૂઠું છે, અસત્ય છે, આપે કેટલી આવૃત્તિઓ છાપીને વેચી માર્યાની વાત છુપાવી રાખી છે. આપનો હિસાબ, આપની વાતો, અન્યાયપૂર્ણ છે, બાપુજીએ તમને ક્ષમા કરી હતી પણ હું નહિ કરું. મારે પણ પેટ છે, મારે જીવવું છે.'

'મારી સાથે દુશ્મનાવટ કરીને તમે જીવી નહિ શકો. સાંભળ્યું હશે કે હું દુષ્ટ અને નીચ છું. જો ન સાંભળ્યું હોય તો હું તમને જે કાંઈ કહું છું તે કાન ખોલીને સાંભળી લો અને સમજી જાવ. મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસવાળા પુસ્તકો પ્રકાશિત કરીને કેવી રીતે વેચે છે, આ હું પણ જોઈ લઈશ.'

'આમાં કાંઈ સંદેહ છે ? આપ તો જોતાં જ...' આ ગંભીર અને અપરિચિત અવાજ કોનો છે, એ જાણવા માટે તેમણે ફરીને જોયું. પૂરણીએ પણ આશ્ચર્યચકિત થઈ ફરીને જોયું. બારણા પાસે ચુપચાપ સાંભળી રહેલા અરવિંદને જ આ પડકાર આપ્યો હતો.

અરવિંદનને તેણે એવી રીતે તાંકીને જોયો કે જાણે ક્રોધથી બાળીને ભસ્મ કરી નાંખશે. અરવિંદન પૂરણીને પ્રૂફ બતાવવા આવ્યો હતો.

'અરે ! તું છો ?' તે ગરજ્યા. તે એને પહેલેથી જ જાણતા હતા.

'પ્રો. અલગિયે તેમના પુસ્તકની પ્રત્યેક પંક્તિએ જીવનમાં નીતિ, સદાચાર, સભ્યતા અને ન્યાય આદિને વિશેષ મહત્ત્વ આપ્યું છે. અને આપ તેમનાં જ પુસ્તકો દ્વારા તેમને જ નીતિરહિત, આચરણરહિત, અન્યાયપૂર્ણ આચરણથી દગો દેતા આવ્યા હતા. શું આટલું બસ નથી ?' કહેતાં જેવો અરવિંદન અંદર આવવા ગયો તેવો જ તેના મોં પર એણે જોરથી એક થપ્પડ મારી દીધી. આથી અરવિંદન ક્ષુબ્ધ થઈ ગયો. જો પૂરણીએ ઝડપથી દોડી આવીને તેના હાથ પકડી લીધા ન હોત તો અરવિંદનના મજબૂત હાથે એ દુષ્ટને નીચે પછાડીને દડાની જેમ રગડી નાંખ્યો હોત.

# ૧૦

તે દિવસે પોતાના ઘરમાં નવા મંડપના હલકટ સ્વભાવવાળી પામર વ્યક્તિએ અરવિંદનને મારેલો તમાચો પોતાને માર્યો છે, માનીને પૂરણી વ્યથિત થઈ હતી. અંદરથી કંપી ઊઠેલી તેની આંખોમાં આંસુ છલકાઈ રહ્યાં હતાં. અને દુ:ખનું ઝરણું તેના કંઠને રૂંધી રહ્યું હતું. અરવિંદનની વ્યથાના ભાગીદાર બનવા માટે તેનું મન વ્યગ્ર બન્યું હતું.

'આપ શા માટે રડો છો ? હરિશ્ચંદ્રના જમાનામાં જે કોઈ સત્ય બોલે તેને હાર પહેરાવવામાં આવતો હતો. પરંતુ આપ અને હું જે પેઢીમાં

જીવી રહ્યાં છીએ, તેમાં તો સત્ય બોલનારના ગાલ પર તમાચા જ મારવામાં આવે છે"અરવિંદને પૂરણીને સમજાવતાં કહ્યું.

મારનાર ગુસ્સે થઈને ચાલ્યો ગયો હતો.

અરવિંદન જે કામ માટે પૂરણી પાસે આવ્યો હતો તે કામ પતાવીને ત્યાંથી ગયો. તેને વિદાય આપતી વખતે પૂરણીએ અસહ્ય વ્યથા અનુભવી.

'અરવિંદન ! આપ તે દિવસે મારે માટે વરસાદમાં ભીંજાયા હતા. અને આજે કોઈ અસભ્ય વ્યક્તિનો તમાચો ખાવો પડ્યો. ન જાણે કયાં દુ:ખો આપવા માટે હું પાપી જીવું છું.' તે દુ:ખી થઈ.

આ બનાવ બન્યો તે જ રાતે અરવિંદને પોતાની ડાયરીમાં લખ્યું :

'સત્ય કહેવાથી એક કાયર વ્યક્તિએ નાક પર તમાચો માર્યો. ને લોહી નીકળ્યું. આ જીવન એક રીતે શ્રેષ્ઠ ચંપલોની દુકાન છે. ત્યાં ભોજન જમાડી, વસ્ત્ર પહેરાવી, જીવંત ચામડાની પરીક્ષા કરીને સજાવીને રાખે છે. તે ચામડામાં સભ્યતાને બાંધીને રાખવામાં આવતી નથી. કાયરતાનું પલ્લું જ ભારે થાય છે.'

ધ્યેય અને વિચારોમાં અરવિંદન મક્કમ અને તીક્ષ્ણ બુદ્ધિવાળો છે. તેના મન અને તેની આંખોમાં અન્ય વસ્તુઓ અને અન્ય વ્યક્તિઓને જાણવાની પ્રબળ શક્તિ છે.

પાવલનની પરિપક્વ અને અર્થગાંભીર્યમય કવિતાને જેટલી વાર વાંચીએ તેટલી જ વાર નવું સૌંદર્યદર્શન થાય છે. એ જ પ્રમાણે દિનપ્રતિદિન અરવિંદનના સંપર્કમાં આવતાં પૂરણીને તેના નવા નવા આંતરિક ગુણોનો પરિચય થતો હતો.

એક વખત તે અરવિંદનને મળવા પ્રેસમાં ગઈ. ત્યાં અરવિંદન ન હતો. પ્રેસના માણસોએ જણાવ્યું કે પ્રેસના માલિક મીનાક્ષીસુંદરમ અને તે ક્યાંક કારમાં ગયા છે. થોડી વારમાં પાછા આવશે. રોકાવું કે આવતી કાલે મળવા આવવું, એ મૂંઝવણમાં હતી ત્યાં તો કાર આવવાનો અવાજ સંભળાયો. તેઓ આવી ગયા. મીનાક્ષીસુંદરમે પૂરણીનું સ્વાગત કર્યું.

'આવ દીકરી ! તને આવ્યાને વાર થઈ ? હું આને લઈને કાપડની દુકાને ગયો હતો. દીકરી ! તું જ કહે, આ રાતદિવસની ચિંતા કર્યા વગર એકધારી મહેનત કર્યા કરે છે. શરીર ન બગડે એનો તેને ખ્યાલ રાખવો ન જોઈએ ? ખોં ખોં કરે છે, ઠંડીથી હોઠ ફાટી ગયા છે. આના કારણની

મેં તપાસ કરી તો જાણ થઈ, તે સ્વેટર અને ચાદર ઓઢ્યા વગર ઠંડીમાં સૂઈ જાય છે. પરાણે આને લઈ જઈને બે સ્વેટર અને ચાદર અપાવી આવ્યો છું. માણસે પોતાની આવશ્યક્તાનો તો ખ્યાલ રાખવો જોઈએને !'

સ્વેટર અને ચાદરનું પૅકેટ લઈને અરવિંદન પાછળ ઊભો રહીને હસતો હતો. મોટાઈ દાખવતાં મીનાક્ષીસુંદરમે તેના હાથમાંથી પૅકેટ લઈને ખોલીને પૂરણીને બતાવ્યું.

આ માણસને અરવિંદન પર કેટલો પ્રેમ છે ! કેટલો અધિકાર છે- વિચારથી પૂરણી આશ્ચર્યચકિત થઈ ગઈ.

આ બનાવના દશબાર દિવસ પછી બસસ્ટૅન્ડની વાયવ્યમાં આવેલો પુલ ચઢતાં, નાકા પર એક ઘરડા ભિખારીના શરીર પર તે ચાદર દેખાઈ. પૂરણીએ તે જોઈને વિચાર કર્યો કે મારે આવો સંદેહ કરવો વ્યર્થ છે. આવી ચાદર એકલા અરવિંદન પાસે થોડી જ હોઈ શકે ? બીજા કોઈએ આને આપી હશે. આમ તેણે પોતાના મનને સમજાવીને વિચાર બદલવા પ્રયત્ન કર્યો. આવી ચાદર તો બધા પાસે હોઈ શકે. પરંતુ આવી કરુણા અને સહાનુભૂતિ બધાની પાસે હોઈ શકે નહિ. આ વિચાર મક્કમ થતો જતો હતો. અરવિંદનને મળી ત્યારે તેણે આ આશંકા વિશે પૂછ્યું ત્યારે એ નતમસ્તકે હસ્યો. કાંઈ જવાબ આપ્યો નહિ.

'તમારામાં ક્યાં સુધી આ બચપણ રહેશે ? તમારી જરૂરિયાત પૂરી થયા પછી જ દયા, દાન ધર્મ કરવાં જોઈએને ?'

'તમે તો એક મારી જ ચિંતા કરો છો. હું બધાની ચિંતા કરું છું. પાંચ કરોડ તમિળ ભાષીઓમાં જ્યારે હું ગરીબોને જોઉં છું ત્યારે મારું મન દ્રવીભૂત થઈ જાય છે. આમના દેશમાં, આમની સાથે, આમનામાંના એક તરીકે હું પણ જન્મ્યો છું.'

'અરવિંદન ! તમે અદ્વિતીય છો, અદ્‌ભુત છો, તમારી સાથે હું દલીલ કરી શકતી નથી. તમારાં વિચારો, કાર્યો સામાન્ય મનથી પારખી નહિ શકાય.' પૂરણીના આ શબ્દોના કોઈ જવાબ આપ્યા વગર અરવિંદન તેના વદનને જોતો હસી રહ્યો.

એક દિવસે પૂરણીએ મદૂરૈ કૉલેજ હાયર સેકંડરી સ્કૂલની પાસે અરવિંદનને ઊભેલો જોયો.

વીખરાયેલા વાળ અને ફાટલાં વસ્ત્રોવાળાં અનાથ સ્ત્રીપુરુષો તેની

આજુબાજુ વીંટળાઈને ઊભાં હતાં. પાસે જ એક વૃક્ષની નીચે કેળાં વેચનારી પાસેથી તેણે આખી ટોપલી ભરેલાં કેળાં ખરીદીને બધાંને વહેંચી દીધાં. અરવિંદન તેને જોઈ ન જાય એટલા માટે ત્યાંથી થોડે દૂર એક વૃક્ષની આડમાં ઊભી રહીને તે એ દૃશ્ય જોઈ રહી હતી. કેળાં વહેંચવાનું કાર્ય પૂરું કરીને તેણે જવાની તૈયારી કરી તો પૂરણીએ પણ તેનું અનુગમન કર્યું. અરવિંદને તેને પાછળ આવતાં જોઈ ન હતી.

'એક અનાથ બાળકી બાકી રહી ગઈ છે. તેને કાંઈ આપીને નહિ જાવ ? ફરીને તો જરા જુઓ !' પાસે જઈને પૂરણીએ તેને તોફાની સ્વરે અવાજે બોલાવ્યો. અરવિંદને પાછળ ફરીને જોયું તો તે હસી રહી હતી.

'તમે અનાથ છો ? મેં મારી જાતને જ તમને અપર્ણ કરી દીધી છે' અરવિંદન કહેવા માગતો હતો, પણ કહી શક્યો નહિ. ફક્ત હાસ્યનું જ પરસ્પર આદાનપ્રદાન થઈ શક્યું. પૂરણીને વિચાર આવ્યો. બીજાઓની વસ્તુ હડપ કરીને જીવવાની આકાંક્ષાવાળા નવા મંડપના પુસ્તક પ્રકાશનના વેપારી જેવા અનેકાનેક લોકોથી ભરીભાદરી આ દુનિયામાં અરવિંદન જેવી વ્યક્તિ પણ છે. પોતાને પ્રાપ્ત બધી વસ્તુઓ બીજાને આપીને આનંદે રાચનાર મન અરવિંદનને ન જાણે ક્યાંથી મળ્યું હશે !

ધીરે ધીરે સરકતો સમય પણ જલદી જ વીતી જાય છે. જાન્યુઆરી મહિનામાં મદુરૈમાં ગરમી અને ઉત્સવ વધુ હોય છે. મહિલા સંઘના વર્ગોમાં ભણવા આવનારી સાધનસંપન્ન ઘરની મહિલાઓએ ગરમીથી ત્રાસીને કોડૈઈક્કેનાલને પોતાનો આવાસ બનાવ્યો હતો. વર્ગમાં એક મહિનાની રજાઓ હતી. તે આખો મહિનો પૂરણીને સંપૂર્ણ ફુરસદ હતી. અરવિંદનના અવિરામ પરિશ્રમના પરિણામે તે મહિનામાં બાપુજીનાં કેટલાંક પુસ્તકોનું પ્રકાશન થયું હતું. પુસ્તકો પ્રકાશન થયા પછી, પહેલેથી જ રોષે ભરાયેલા પ્રકાશકના મનમાં વધુ ઈર્ષા ભડકી ઊઠી.

પોતાની દીકરીઓ સાથે રજાઓ ગાળવા માટે કોડૈઈક્કેનાલ જતી વખતે મંગલેશ્વરીઅમ્માળે પૂરણીને પણ સાથે આવવા કહ્યું હતું.

'બાપુજીનાં પુસ્તકોનું પ્રકાશન કાર્ય ચાલે છે. મારે પણ તેનું ધ્યાન રાખવું પડે છે. આ વખતે મને અનુકૂળતા નથી. આવતે વરસે આપની સાથે જરૂર આવીશ, માતાજી' કહી પૂરણીએ તેમનો પ્રસ્તાવ ટાળ્યો હતો.

રજાઓમાં દર રવિવારે સાંજે અરવિંદન તિરુપરંગકુંડ્રમ આવતો

હતો. ફરવા જતી વખતે બંને દિલ ખોલીને વાતો કરતાં હતાં. દક્ષિણની સડક સુધી, જ્યાં કૂત્તિયાર ગુણ્ડુ નાળું પૂરું થાય છે ત્યાં સુધી ચાલતાં આવીને તેઓ પાછાં ફરતાં.

તે ગ્રીષ્મની રજાઓમાં પૂરણીને અરવિંદન સાથે નિકટનો સંબંધ કેળવવાનો અને પરસ્પર દિલ ખોલીને વિચારોનું આદાનપ્રદાન કરવાનો સમય મળી ગયો. અને આ પ્રક્રિયામાં તેનું નાનું શું નારી મન તે અરવિંદનના વિશાળ મન સાથે તાદાત્મ્ય સ્થાપિત કરી ચૂક્યું હતું.

ગ્રીષ્મ રજાઓ પૂરી થતાં બધી જ શાળાઓ ચાલુ થઈ ગઈ હતી.

શુક્રવાર હતો. મહિલા સંઘમાં ઘણી મોટી મેદની હતી. દરેક શુક્રવારે ત્યાં એક વિશેષ સભા થાય છે. તેમાં બધા પ્રકારના લોકો ભાષણ સાંભળવા આવતા હતા. તે દિવસે પૂરણીએ 'તિલકવતી ચારિત્ર' પર ભાષણ આપ્યું, આ કથાઓ બચપણમાં જ તે તેના બાપુજી પાસેથી સાંભળતી આવી હતી. તે જ્યારે જ્યારે તિલકવતીનું જીવનવૃત્તાંત સાંભળતી ત્યારે ત્યારે તે દ્રવીભૂત થઈને રડી પડતી. જ્યારે તે મોટી થઈ ત્યારે તેના બાપુજીના ચેક્કિલારુની કવિતામાંથી તિલકવતી અંગેનો કેટલોક ભાગ તેને સમજાવ્યો હતો. બચપણમાં વાર્તારૂપે સાંભળેલા તે વર્ણનને કવિતાના સ્વરમાં અધ્યયન કરતી વખતે તે એથી પણ કંઈક વધુ દ્રવિત થઈ હતી. બાપુજી કહેતા હતા આ કથા દુનિયાની ઘણી મોટી દુઃખદ કથા છે. દીકરી ! તિલકવતી નારીની કથા તાડપત્રો પર ચેક્કિલારુએ ખીલીથી નહિ લખી હોય. પૂરણી ! તાડપત્ર લખતાં પહેલાં તેમણે આ નારી વિશે જ્યારે જ્યારે વિચાર કર્યો હશે ત્યારે ત્યારે કેટલીય વાર આંસુઓથી લખીને ભૂસ્યું હશે. નારીને પીડનારી અસહ્ય વ્યથા અને નિરાશાને સહન કરતાં કરતાં જીવન જીવેલી નારી હતી તિલકવતી. શરીર મરણ પામ્યું હોય પણ મન જીવતું હોય એવી જ પવિત્ર નારીઓ માત્ર તમિળ પ્રદેશમાં જ જન્મ ધારણ કરી શકે છે. આ તમિળ પ્રદેશની ધરતીમાં આજે પણ પુણ્યની મહેક આવી રહી છે. આથી થોડાં શુભ કાર્યો આ ધરતી પર હજી પણ થતાં રહે છે. બાપુજીના શ્રીમુખેથી આ વાક્યો સાંભળતી પૂરણી આ ભૂલી જતી હતી કે તેની સમક્ષ ચેક્કિલારુનું પુસ્તક છે. તેનાં નેત્રોમાંથી અવિચલ અશ્રુધારા વહી નીકળતી. તે કથાની એ જ શોકાનુભૂતિ જાણે તે દિવસના ભાષણમાં આબેહૂબ પ્રતિધ્વનિત

થઈ હતી અને ભાષણ સાંભળી રહેલા સહૃદયી શ્રોતાઓમાંથી કેટલાંકની આંખો ભીની થઈ ગઈ હતી.

'તિરુવાયૂરની એક ગલ્લીમાં એક ખેડૂતનું સુંદર ઘર. સેંકડો વર્ષ પહેલાંનો બનાવ છે. તે ખેડૂતને ત્યાં એક સદ્યવિકસિત પુષ્પ સરીખી વય:સંધિ પર ઊભેલી એક કન્યા હતી. લતા જેવું હાસ્ય, પૂર્ણમાસી સરીખું વદન, વીજળીના રંગ જેવી દેહલાલિત્યવાળી લગ્નને યોગ્ય ઉંમર. જમણા હાથથી નાના ભાઈને ઝાલીને તે ઘરના ઊંમરા પર ઊભી છે. પ્રસ્ફુરિત સૌંદર્યનો અનુભવ પામવા માટે ભ્રમર સરીખી આંખોથી તે કન્યા જાણે કવિને જ નિહાળતી ઊભી છે. નેત્રોમાં ન જાણે કોના આગમનની પ્રતીક્ષા છે. ન જાણે કોઈ વ્યક્તિ પાલખીમાં આવીને ઊતરે છે. અને તેને જોઈને ચાલી જાય છે. થોડી વાર પછી તેના પિતાજી આવીને તેને કહે છે :

'તિલકવતી ! ચોળ દેશના સેનાપતિ કલૈપ્પગૈયાર તારી સાથે લગ્ન કરવા માગે છે. લગ્ન અંગે વાત કરવા મારી પાસે આવ્યા હતા. મેં સ્વીકૃતિ આપી છે. તું મોટી ભાગ્યશાળી છે. દીકરી ! તમિળ પ્રદેશના વીર સેનાપતિ જ તેમની ઇચ્છાથી તારી સાથે લગ્ન કરવા તૈયાર થયા છે.'

તિલકવતી શરમથી નીચે જોઈને દોડી જાય છે. નાના ભાઈને સમજાતું નથી કે તે શા માટે શરમથી લાલ થઈને બેનડી દોડી ગઈ ?

સમય પસાર થાય છે. માતાપિતા મરણ પામે છે. ભાગ્યનો ઉપહાસ !

નક્કી થયા મુજબ લગ્નની તૈયારીઓ થાય છે. તિલકવતીના હરખનો પાર નથી. લગ્નનાં કપડામાં સજ્જ થઈને તેની સ્મૃતિઓ સ્વપ્નરૂપ અને સ્વપ્નમધુર પ્રેમમાં પરિવર્તન પામતી જાય છે. ચોળ દેશના સેનાપતિનું સુંદર વદન ! બળવાન ખભા અને વિશાળ છાતીની કલ્પના કરીને જાણે તેનું મન સ્વપ્નલોકમાં વિહરી રહ્યું છે. વારંવાર ભૂંસીને વધુ સુંદર દોરાતી રંગોળી જેવા ભાવિ પતિના સૌંદર્યની કલ્પનામાં તે ગરકાવ થયેલી હતી. અને આવી કલ્પના કરતી તે પોતાના અભિભાવિકોનાં પરાજિતોના મૃત્યુશોકમાં પણ ડૂબી ગઈ હતી. પરંતુ તે સુંદર પુરુષ આવ્યો નહિ. સમાચાર મળ્યા-'ચોળ દેશના સેનાપતિ યુદ્ધમાં માર્યા ગયા !' આ સાંભળીને તિલકવતી હૈયાફાટ રડી. તે પતિ માટે રડી, જેને તેણે સ્વપ્નમાં જ, કલ્પનામાં જ જોયા હતા. પ્રત્યક્ષ જોયા ન હતા. રડી રડીને તિલકવતી પ્રાણત્યાગ કરવા માગતી હતી. હવે શું રહ્યું છે જીવવામાં ? નાના ભાઈએ

વિનંતી કરી, 'દીદી, હું છું. મારે માટે જીવો.' ભાગ્યના હાથોએ તિલકવતીને સુખડની જેમ પીસ્યા કરી. તેના જીવનમાં લગ્નનો પ્રસંગ તો આવ્યો પરંતુ તેનાં લગ્ન ન થઈ શક્યાં. પરંતુ તેનું અવિવાહિત જીવન સમસ્ત સંસાર-જગત માટે દૈવી લગ્ન તરીકે સિદ્ધ થયું. કાવ્ય-સ્વરૂપમાં પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી શક્યું. કવિતાના સ્વરૂપમાં જન્મ ધારણ કરી શકી !

પૂરણીએ પોતાનું ભાવવાહી ભાષણ સમાપ્ત કર્યું. ચંદનને સ્પર્શ કર્યા પછી, ધોયેલા કપડાંના ડોળા પાણીને સ્પર્શ કરે, કંઈક આ પ્રકારનો મંગલેશ્વરીઅમ્માળની મોટી દીકરી વસંતાએ ભાષણ સાંભળ્યા પછી પ્રશ્ન કર્યો :

'તિલકલતીની કલૈપ્પગૈયાર સાથે લગ્નની વાત જ થઈ હતી. પરંતુ તેનું મૃત્યુ થયું તો બીજા માણસ સાથે તેણે લગ્ન શા માટે કર્યાં નહિ ?'

'વસંતા ! તમે આધુનિક સભ્યતાની વાત કરો છો. આ દેશની નારીઓ પોતાના મનથી જ્યારે કોઈ વ્યક્તિને પતિ તરીકે સ્વીકારી લે ત્યારે તેની સાથે લગ્ન કરી ચૂકી હોય છે. અતિચ્ચ* જેવું તે લોકોનું જીવન નાજુક હોય છે.'

પૂરણીના આ જવાબને બીજાંઓએ તાલીઓ પાડીને વધાવી લીધો. વસંતાનું મોં પડી ગયું.

એ દિવસના ભાષણે કેટલાંય લોકોને પ્રભાવિત કર્યાં હતાં. આ તે ત્યારે જ જાણી શકી કે જ્યારે સભા વીખરાયાં પછી લોકોએ તેને ચારે તરફથી વીંટળાઈને તેની પ્રશંસા કરી.

આ દરમિયાન મહિલા સંઘની એક નોકરે આવીને જણાવ્યું, 'મંત્રીશ્રી ઉપરના માળે તમને બોલાવે છે.' પૂરણી ઊભી થઈ. તેની ચાલમાં ગરિમા છલકાઈ રહી હતી.

મહિલા સંઘની સંચાલિકાઓ તરફથી તેને અભિનંદન આપવા માટે જ મંત્રીશ્રી બોલાવી રહ્યા હશે, એવા એક સુમધુર ભ્રમમાં તે યશસ્વી પગથિયાં ચઢીને ઉપર ગઈ. ખંડમાં પ્રવેશ કરતાં મંત્રીશ્રીએ તેને 'આવ' પણ ન કહ્યું, તેથી તેને માઠું લાગ્યું. જે હાસ્ય તેમના વદન પર હંમેશાં વિલસતું હતું તે પણ આજે ન હતું. પૂરણી જઈને ઊભી રહી. વિવેક ખાતર મંત્રીશ્રીએ તેને બેસવા માટે પણ કહ્યું નહિ.

** અતિચ્ચ ફૂલ એટલું નાજુક હોય છે કે તે સૂંઘવાથી કરમાઈ જાય છે.*

પૂરણીને નવાઈ લાગી.

'જો, આ સંઘમાં આવો નનામો પત્ર આજ સુધી કોઈના નામે આવ્યો નથી. અને ફક્ત ભાષણમાં જ પવિત્રતા, સભ્યતા, નીતિમત્તા અને ન જાણે બીજી શેની શેની વકીલાત કરે છે, ઘોષણા કરે છે, પરંતુ વ્યવહારમાં તારામાં આવું કંઈ દેખાતું નથી' કહેતાં મંત્રીશ્રીએ તેને નનામો આવેલો પત્ર આપ્યો.

પત્ર થોડોક વાંચતા જ તેનું મન વ્યાકૂળ થઈ ગયું. 'હે ભગવાન ! પાપીઓને રહેવા યોગ્ય આ દુનિયાનું સર્જવા બદલ હું તને કદી ક્ષમા નહિ કરું. આ દુનિયામાં આવા લોકો વચ્ચે હું રહું છું એ બદલ તારે મને ક્ષમા આપવી જ પડશે' આ બોલતાં તે ડૂસકે ને ડૂસકે રડવા લાગી.

## ૧૧

તે નનામાં પત્રમાં અરવિંદન અને પૂરણીના પવિત્ર સંબંધો માટે ન જાણે કેવું કેવું નરસું લખીને તેને નોકરીમાંથી બરતરફ કરવા જણાવ્યું હતું. આ કામ કોનું હોવું જોઈએ એ માટે તેને સંશય ન હતો. પરંતુ આ નામ તે કયા મોઢે કહે. દયાને પાત્ર બનીને, કાંઈ કહેવા માટે અસમર્થ તે નીચું મોં કરીને ઊભી હતી. મંત્રીશ્રીએ ગુસ્સામાં પૂછ્યું.

'આનો તારી પાસે જવાબ છે ? ઉચ્ચ આદર્શો સેવતા લોકો સંચાલિત આ ગૌરવપૂર્ણ સંસ્થા છે. સાધનસંપન્ન ઘરોની નાનીમોટી મહિલાઓ હળીમળીને અહીં રહે છે. અહીં શિક્ષણકારોએ બીજાઓ સમક્ષ પવિત્રતાનો આદર્શ સ્થાપવો જોઈએ. નહિતર દૂધ ભરેલા ઘડામાં વિષ ભેરવવાની જેમ બધું જ બગડી જઈ શકે. તારા પર અશ્લીલ અને દોષારોપણ કરતો પત્ર આવે, એવો વર્તાવ તારે કરવો જોઈએ ?'

પૂરણીની આંખો ભીની થઈ ગઈ. તેણે ભરાયેલા કંઠે અને ક્ષીણ સ્વરે એમની સામે દલીલ કરતાં કહ્યું : 'મહોદયા ! આપની સામે બોલવા બદલ હું ક્ષમા ચાહું છું. કોઈ એવી વ્યક્તિ, જેને હું જાણતી ન હોઉં, ગેરસમજ ફેલાવવા માટે જો મારે માટે અશિષ્ટ વાતો લખે તો એથી મારી પવિત્રતા ઓછી થઈ ગઈ, એવો સ્વીકાર શા માટે કરી લઉં ? પરંતુ આ પત્ર સંબંધમાં આટલો રસ લઈને જે કાંઈ મનમાં આવે, તે મને કહો એ આપને માટે શોભાસ્પદ નથી.'

'આગ વગર ધૂણી સંભવી શકે ખરી ? આ અરવિંદન કોણ છે ? તેની સાથે તારે સંબંધ ક્યાંથી ? કેટલા દિવસથી એકબીજાને ઓળખો છો ?'

'તે એક પ્રેસમાં કામ કરે છે. બાપુજીનાં પુસ્તકોનું તેમની દેખરેખ નીચે પ્રકાશન થાય છે. ઉચ્ચ આદર્શને વરેલી સભ્ય અને સૌમ્ય તે વ્યક્તિ છે. તેનું અને તેના આદર્શોનું હું સન્માન કરું છું. વાતચીત કરવાથી પવિત્રતા ઓછી થાય છે એવું હું માનતી નથી અને લોકો પણ એવું વિચારતા નથી.'

'અને બીજા લોકો એવું માને, તો તેમને તું રોકી શકતી નથી. તાડની નીચે ઊભા રહીને કોઈ દૂધ પીએ તો પણ દુનિયા તેને માટે બીજું જ જુએ છે.'

આ પછી તે મહિલા સમક્ષ દલીલ કરવાનું સાહસ પૂરણી ખોઈ બેઠી. તે કાંઈ જવાબ આપ્યા વગર, ઝડપથી પગથિયાં ઊતરીને મંગલેશ્વરી-અમ્માળને ઘેર પહોંચી ગઈ.

'આવ પૂરણી ! હજી હમણાં જ ચેલ્લમે આવીને જણાવ્યું કે આજનું તારું ભાષણ અત્યંત પ્રશંસનીય હતું. સાંભળ્યું છે કે વસંતાએ પણ તને પ્રશ્ન પૂછ્યો હતો. ચેલ્લમે જણાવ્યું કે તેં તેનો સુંદર જવાબ આપ્યો હતો.' પરંતુ આ બધું કહેતી વખતે મંગલેશ્વરીઅમ્માળે પૂરણીનો ઊતરેલો ચહેરો જોઈને નવાઈ પામી.

'પૂરણી ! કાંઈ થયું છે ? તારી તબિયત કેવી છે ?' મંગલેશ્વરી-અમ્માળે અત્યંત અધીરાઈથી પૂછ્યું.

પૂરણી થાકેલી હોય એમ થોડો સમય માતાજી પાસે બેસી રહી. પછી કહ્યું,

'માતાજી ! મહિલા સંઘમાં બધાં પવિત્રતા વિશે વાતો કરે છે, સાંભળે છે અને પ્રશંસા પણ કરે છે. પરંતુ મનની પવિત્રતા પર વિશ્વાસ કરવા માટે તેઓ ઇન્કાર કરે છે. તેમના સિવાય બીજા કોઈ પવિત્ર હોઈ શકે, એવો તેમને વિશ્વાસ જ નથી.'

'શું બન્યું ? તને કોઈએ કાંઈ કહ્યું ?'

જે બન્યું હતું, એ વિગતવાર જણાવીને પૂરણીએ મંગલેશ્વરીઅમ્માળને તે પત્ર આપ્યો. તેમણે પત્ર વાંચીને એક દીર્ઘ નિ:શ્વાસ નાખ્યો. તે પત્રમાં

લખેલી હકીકત પર અવિશ્વાસ વ્યક્ત કરતાં ક્રોધ અને ઉપેક્ષા ભાવથી સહાનુભૂતિપૂર્ણ સ્વરમાં મંગલેશ્વરીઅમ્માળે પૂછ્યું, 'પૂરણી ! આવું ખરાબ કરનાર તારો કોઈ વિરોધી'છે ?'

પૂરણીએ નવા મંડપના પ્રકાશક અને તેની સાથે દુશ્મનાવટ થવાનું કારણ તેમને જણાવ્યું.

'તને તેના પર સંદેહ છે ?' મંગલેશ્વરીઅમ્માળે પૂછ્યું.

'બીજા કોઈ પર સંદેહ કરવાનું કોઈ કારણ જ નથી, માતાજી ! આ તેનું જ કામ હશે.'

'નિરાશ ન થઈશ પૂરણી ! હું તેમને મળીને વાત કરીશ. તું આ વાત ભૂલી જા. હું મંત્રીશ્રીને આ બધી વાતથી માહિતગાર કરીશ. અને આ વાતને મહત્ત્વ ન આપવા કહીશ. જો હું મંત્રી હોત તો આ પત્રને આટલું મહત્ત્વ આપીને પૂછપરછ કરવાની તસ્દી જ ન લેત. અને આને કચરાટોપલીને હવાલે કરત.'

અને થોડી વાર પછી તેમણે ફરી કહ્યું,

'ફરી આવી કોઈ ઉપાધિ ઉપસ્થિત ન થાય તેનું ધ્યાન રાખજે, દીકરી ! તારા પર કોઈ દોષારોપણ થાય એવું કાંઈ ન થવું જોઈએ. હું મંત્રીશ્રીને કહી દઈશ કે તે પણ આ બાબતની કોઈની સાથે ચર્ચા કરે નહિ.'

તે દિવસે પૂરણીનું ભાષણ અપેક્ષા કરતાં વહેલું સમાપ્ત થયું હતું. તેથી તે ઘેર વહેલી આવી હતી. હજી ઘણો સમય હતો. તેને મીનાક્ષી અમ્મનના મંદિર જવાની ઇચ્છા થઈ. મનનો ઘા રૂઝવવા માટે તે વિશાળ મંદિરના પુનિત વાતાવરણમાં જવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક હતું. પોતાનાં દુઃખો ભૂલવાના પ્રયાસમાં પૂરણી મંદિરમાં ગઈ. બધા દેવોનાં દર્શન કરીને તે તળાવના કિનારે જઈને બેઠી.

'પૂરણી ! અહીં બેસીને શું જુએ છે ?' પગથિયાં પરથી પરિચિત સાદ તેને સંભળાયો. જ્યાં નીચે પગથિયાં પૂરાં થતાં હતાં ત્યાં જ કપાળ પર કંકુનો ચાંલ્લો કરી અને હોઠ પર મારકણા હાસ્ય સાથે અરવિંદન ઊભો હતો. તેની સાથે જે યુવક ઊભો હતો. તેના શરીરનો બાંધો કુસ્તી કરનારા પહેલવાન જેવો જણાતો હતો. આવા યુવકને અરવિંદન સાથે જોઈને તેને નવાઈ ઊપજી. બંનેને હાથમાં હાથ નાખીને ઊભા રહેવાની

રીત પરથી જણાતું હતું કે તે અરવિંદનની સાથે જ આવ્યો હશે. બંને પગથિયાં ઊતરીને તેની તરફ આવતા હતા.

તે વખતે પગથિયાંથી સહેજ દૂર તેની જમણી તરફ બેઠેલા લોકો તરફ સ્વાભાવિક તેની નજર પડી. નારિયેળ, ફૂલ, પ્રસાદને બાજુમાં રાખીને ત્યાં બેસીને વાત કરી રહેલી બે મહિલાઓને જોતાં જ તે ગભરાઈ ગઈ. તે બંનેએ તેને જોઈ હતી. તે બંનેમાંથી એક મહિલા સંઘની મંત્રી અને બીજી ઉપપ્રમુખ હતી. પૂરણીની સ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી થઈ ગઈ. એક તરફ અસભ્ય જેવા જણાતા યુવકના હાથમાં હાથ નાખીને અરવિંદન પગથિયાં ઊતરીને સ્મિત કરતો તેની તરફ ડગ ભરી રહ્યો છે અને પણે બદલો લેવા અને તેના પર કલંક લગાડવા માટે તૈયાર થયેલી બંને મહિલાઓ તેને જોઈ રહી છે. સ્થિતિ, સમય અને સ્થળને અનુકૂળ ષડ્યંત્ર રચાયું-હોવાનો તેને આભાસ થયો. તેના મનમાં તાત્કાલિક એક વિચાર ચમકી ગયો અને તે એક નિર્ણય પર આવી. તેણે જાણે અરવિંદનને જોયો જ ન હોય, તેની પરવા જ ન હોય, કાંઈ એવો જ દેખાવ કરીને તે પગથિયાં ચઢી ગઈ. આંતરિક અશેષ પ્રેમથી સિક્ત સાદે પણ તેને ન રોકી. થોડી જ પળમાં તેણે પોતાના મનને કઠોર પથ્થરનું બનાવી લીધું. અને તે તેજ ગતિએ દક્ષિણ ગોપુરના આંગણા સુધી જઈને રસ્તા પરથી પસાર થતી એક પગરિક્ષામાં બેસી ગઈ. ભાડું પણ તેણે પૂછ્યું નહિ. તેને સીધા તિરુનગર આવવા કહ્યું. ભય કે ભય જેવા કોઈ ભાવથી તેનું શરીર પરસેવે રેબઝેબ થઈ ગયું. ન કરવા જેવું કાર્ય કરવાની તેને માટે પરિસ્થિતિ સર્જાઈ હતી. જે કોમળ હૃદય સમક્ષ તે હારી ગઈ હતી, અત્યારે એ જ કોમળ હૃદયને કચડીને જઈ રહી છે. જે વદન જોઈને તેનું હૃદય પુલકિત થતું હતું તે વદન પર જાણે તમાચો મારીને જઈ રહી છે. બેવકૂક ! કેટલો મોટો અત્યાચાર કરી રહી છે ! તારે શું આવું કરવું જોઈએ ? તેના મનની કઠોરતા ઓગળીને જાણે દ્રવીભૂત થતી જતી હતી.

'અરે પૂરણી ! કુસુમ સરીખા તારા કોમળ મનમાં પણ આવી દૃઢ શાંતિ છે ? ક્રોધાવેશમાં તેં મંગલેશ્વરીઅમ્માળે કહ્યું હતુંને કે આજકાલ કાયરતા જ વધુ જોવામાં આવે છે. તે કાયરતા અત્યારે કોનામાં છે, તું જ વિચાર કરી જો. મૂર્ખતાપૂર્ણ કાયરતા તારી પાસે જ તો છે ! સ્નેહ બતાવવા માટે તારી પાસે હિંમત પણ નથી ? કેમ મોં ફેરવીને ડરથી

કંપતી નાસી ગઈ ? સો રૂપિયા તેને આપનારી એક મંત્રીશ્રીના સંકુચિત ડરથી જ આમ ભાગી ગઈ ? જેણે તને પોતાની જાત અર્પણ કરી, એ તને આટલો મહત્ત્વપૂર્ણ લાગ્યો નહિ ?'

પૂરણીનો અંતરાત્મા જ તેને સતાવી રહ્યો હતો. બંને હાથે તેણે માથું કસીને પકડી લીધું. એવું લાગતું હતું કે વ્યથાના ભારને લીધે તેનું માથું ફાટી જશે.

ભાડું ચૂકવીને તે ઘરમાં આવી ત્યારે તે શબવત કાંતિવિહીન દેખાતી હતી. તે ઘરમાં બેસીને વ્યથાથી પીડિત મનને સાંત્વના આપવા પ્રયત્ન કરતી રહી. પણ મનનો ઘા રુઝાયો નહિ. રુઝાય પણ કેવી રીતે ? જેના મનના ઘાને પોતાના મનનો ઘા સમજતી હતી આજે તેના જ મનના ઘાને ઉઝરડીને ભાગી આવી હતી ? તેને મન થતું હતું કે અત્યારે જ અત્યારે મદુરૈ પહોંચી જાઉં અને જ્યાં પણ અરવિંદન હોય, તેને મળીને સત્ય હકીકત જણાવી દઉં અને મોકળા મને રડી લઉં. તે દિવસે તે આખી રાત નિદ્રાવિહીન અને બેચેન થઈને પસ્તાઈ.

બીજે દિવસે સવારે તેનું શરીર તાવથી આગની જેમ ધીખી રહ્યું હતું. માથું ભારે ભારે લાગતું હતું. આંખો બળી રહી હતી. ઊભા થઈને ચાલવાથી શરીર લથડી જતું હતું. કમલાની માએ તેને કહ્યું, 'પૂરણી ! તું શાંતિથી સૂઈ રહે. તાવ સખત છે. વૈદને બોલાવવા માણસ મોકલ્યો છે. બાળકો મારે ત્યાં જમીને શાળાએ જશે.'

એક તો સખત તાવ અને વળી માનસિક વ્યથા બંને મળીને તેને વધુ પીડી રહ્યાં હતાં. બીજાને દિલ ખોલીને ન કહી શકવાની મૂક વેદનાથી તે બેચેન હતી. જ્યાં સુધી તે અરવિંદનને વાસ્તવિક સ્થિતિ જણાવીને ક્ષમા-યાચના નહિ કરે ત્યાં સુધી તેની મૂગી વ્યથા સમાપ્ત નહિ થાય.

વૈદ શરીર તપાસીને દવા આપી ગયા.

ત્રીજે દિવસે સવારે મંગલેશ્વરીઅમ્માળ ચેલ્લમને સાથે લઈને તેને મળવા આવ્યાં. 'ચેલ્લમે બતાવ્યું કે મહિલા સંઘમાં બે દિવસથી વર્ગ લેવા આવતી નથી. આવા સમયે ગેરહાજર રહીને તારે માટે તેમના સંદેહને વધુ પોષી રહી છે, આથી મને વધુ દુઃખ થયું. ચેલ્લમે મને આ બે દિવસમાં તને મળવા આવવા માટે કંઈ નહિ તોય સો વાર કહ્યું હશે. તારી તબિયત બરાબર નથી તો મને કહેવડાવાય નહિ ?'

'કોની સાથે કહેવડાવું ? બંને નાના ભાઈ નિશાળે જાય છે. તે દિવસ તમારે ઘેરથી આવ્યા પછી મારી માનસિક સ્થિતિ ઠીક નથી.'

મંગલેશ્વરીઅમ્માળે કહ્યું, 'જોયું ને ? હજી સુધી તેં એ બનાવ યાદ રાખ્યો છે ! મેં તને તે દિવસે ભૂલી જવાનું કહ્યું હતું. મનની વ્યગ્રતાને લીધે તારી તબિયત બગડી છે. તું શા માટે એની ચિંતા કરે છે ? મેં મંત્રી મહાશયને મળીને જે કહેવા જેવું હતું તે કહીને બરાબર કરી દીધું છે.'

નોકરીમાંથી છૂટી કરવામાં આવશે કે મંત્રીની ધમકીથી અત્યારે હું દુ:ખી નથી. પરંતુ નિષ્કલંક હસીને વાત કરવા આવેલ પ્રીતિપાત્રથી સાહસહીનતા અને કાયરતાને લીધે મોં ફેરવીને આવવાની વાતને યાદ કરીને જ વ્યથા અનુભવું છું - મંગલેશ્વરીઅમ્માળની વાત સાંભળીને પૂરણીને વિચાર આવી ગયો. પણ તેને થયું કે કદાચ મંત્રી કે ઉપપ્રમુખે મંદિરના સરોવરનાં પગથિયાં પર તેને જોઈ હોવાની વાત મંગલેશ્વરી-અમ્માળને કરી પણ હોય. આ જાણવા માટે જ પૂરણીએ માતાજીને પૂછ્યું.

'માતાજી ! તમે જ્યારે મંત્રીશ્રીને મળ્યાં ત્યારે તેમણે મારે વિશે કાંઈ કહ્યું હતું,'

'કહેવાનું શું હોય ? છોકરી સુશીલ છે, છતાં ચેતવણી આપવી એ તો આપણી ફરજ છે. આથી બોલાવીને થોડી ધમકાવીને પૂછપરછ કરી હતી. મંત્રીએ કહ્યું હતું.'

મંત્રી વિશે ભયંકર કલ્પના કરી બેઠેલી પૂરણીએ આ સાંભળીને રાહતની લાગણી અનુભવી. તેને સંદેહ ઉત્પન્ન થયો. તેમણે મંદિરમાં કદાચ મારી તરફ જોયું ન હોય અને હું કલ્પના કરી ગભરાઈને ભાગી આવી.

'કાલે ફરી આવીશ, દીકરી ! તબિયતનું ધ્યાન રાખજે. જ્યાં સુધી મહિલા સંઘનો પ્રશ્ન છે, તારે કોઈ પણ મુશ્કેલીનો સામનો નહિ કરવો પડે' કહી માતાજી ગયાં.

કમલાની મા આવ્યાં. મંગલેશ્વરીઅમ્માળ આવ્યાં પરંતુ જેને જોઈ તે ધરાઈને રડી લેવા ઇચ્છતી હતી, તે તો આવ્યો જ નહિ. હસ્તપ્રત લેવા, પ્રૂફ બતાવવા રોજ એક વખત આવતો અરવિંદન તે જ્વરમાં પીડાતી હતી તે દિવસોમાં ત્યાં ડોકાયો નહિ. 'અરવિંદન સ્વાભિમાની વ્યક્તિ છે. જે ક્ષણે તેં તેને જોવા છતાં ન જોયો હોય એમ મોં ફેરવી લીધું

હતું તે જ ક્ષણથી તેણે તને વિસરી જવાનું નક્કી કર્યું હશે.' તેના અંતરાત્માએ જ તેને જવાબ આપ્યો. આવશે. જરૂર આવશે. આ વિચાર કરતી તે એની રાહ જોતી રહી. પરંતુ તેનો પગરવ પણ સંભળાયો નહિ. સાંજે કુમરન શાળાએથી આવ્યો એવો તરત તેને પ્રેસમાં મોકલ્યો.

પરંતુ કેટલી બધી નિરાશા ? એક કલાક પછી પાછા આવીને નાના ભાઈએ જણાવ્યું, 'અરવિંદન શહેરમાં નથી દીદી ! તે વયોવૃદ્ધ સામેના જ ખંડમાં બેઠા હતા.'

'કયા વયોવૃદ્ધ ?'

'એ જ, જે એક વખત તમને મૂકવા કારમાં આવ્યા હતા, તે પ્રેસના માલિક.'

'અરવિંદન ક્યાં ગયા છે એ વિશે તેમણે કાંઈ કહ્યું ?'

'નહિ. કાંઈ પણ કહ્યું નથી. તેમણે મને પૂછ્યું : 'શી વાત છે ? મેં તેમને તાવ આવ્યાની વાત કરી તો તેમણે કહ્યું : જઈને કહેજે કે થોડી વારમાં જ પ્રેસ બંધ કરીને દીદીને જોવા આવું છું'

પૂરણીને લાગ્યું જાણે હમણાં જ તેનું હૃદય ફાટી જશે.

## ૧૨

પ્રેસ બંધ કરવાનો સમય થતાં જ તાળું વાસીને મીનાક્ષીસુંદરમ પૂરણીને મળવા આવ્યા. અરવિંદન વિશે પૂરણી પૂછે એ પહેલાં જ તેમણે કહ્યું, 'કેટલાંક નવાં છાપવાનાં મશીનો લેવાનાં હતાં દીકરી ! કંપનીવાળાની સૂચના આવી કે મશીનો મદ્રાસ આવી ગયાં છે. બરાબર તપાસીને ખરીદવા માટે જ અરવિંદનને મોકલ્યો છે.' કહેતાં મીનાક્ષીસુંદરમે જણાવ્યું, 'જવાના આગવા દિવસે સાંજે તેણે તને મંદિરમાં જોઈ હતી, એવું તે કહેતો હતો. મેં વિચાર કર્યો કે તેણે તને પોતાના બહારગામ જવાની જાણ પણ કરી હશે.'

'તે ક્યારે પાછા આવવાના છે ?' પૂરણીએ પૂછ્યું.

'તે પાછો આવી જવો જોઈતો હતો. જે કામ માટે તે ગયો છે તે અત્યાર સુધીમાં પતી ગયું હશે. કાલે કે પરમદિવસે પાછો ફરવાની હું આશા રાખું છું' મીનાક્ષીસુંદરમે જવાબ આપ્યો.

અરવિંદન કાર્ય નિમિત્તે જ બહાર ગયો છે. મારા પર ક્રોધ કે

નિરાશા તેની આ યાત્રાનું કારણ નથી – આ વિચાર આવતાં પૂરણીના મને સહેજ રાહતની લાગણી અનુભવી.

'તું અસ્વસ્થ છે દીકરી ! તારી સારસંભાળ લેનાર કોણ છે ? કહે તો પ્રેસમાં કામ કરનાર બાઈને મોકલું ? પૈસા કે બીજા કશાની જરૂર હોય તો મને બેલાશક કહે. કોઈ પણ જાતનો સંકોચ રાખીશ નહિ' મીનાક્ષીસુંદરમે સ્નેહપૂર્વક કહ્યું.

'અત્યારે કશાની જરૂર નથી. જરૂર પડે જરૂર કહીશ. તે પાછા ફરે તો એક વાર અવશ્ય અહીં આવવાનું કહેજો' કહી પૂરણીએ તેમને વિદાય કર્યા.

એ દિવસે રાતે, બીજા દિવસ કરતાં તે કાંઈક શાંતિથી સૂઈ શકી. અશક્તિ થોડી થવાથી તે સ્વસ્થ જણાતી હતી.

બીજે દિવસે સવારે તેનું શરીર થોડું વધુ સ્વસ્થ જણાયું. તે દિવસે સવારે મંગલેશ્વરીઅમ્માળ અને ચેલ્લમ તેને જોવા આવ્યાં ત્યારે મંત્રીને પણ પોતાની સાથે લાવ્યાં હતાં. પૂરણીએ વિચાર કર્યો : મારે માટે થયેલી ગેરસમજ દૂર કરીને મારી ખબર કાઢવા માટે આવવા સુધીનું મંત્રી મહોદયમાં પરિવર્તન કરવાનું શ્રેય મંગલેશ્વરીઅમ્માળને જ મળવું જોઈએ.

'ઉપપ્રમુખ મહોદયા અને મેં તે દિવસે તને મંદિરમાં તળાવ પર જોઈ હતી. દેવીને ચઢાવેલાં ફૂલોમાંથી થોડાંક બચ્યાં હતાં. તને બોલાવીને તે ફૂલો આપવા માટે હું તારા તરફ ફરી હતી, પણ તું મને જોઈને, જાણે ભૂતને જોઈને ભાગે તેમ દોડી ગઈ. મેં તારું એવું તે શું ખરાબ કર્યું હતું ? જે સ્થાન પર હું છું એથી આવો પત્ર આવે તો બોલાવીને પૂછપરછ કરવાની મારી ફરજ છે. આથી તને પૂછ્યું હતું' મંત્રીએ કહ્યું. આથી પૂરણીનું આશ્ચર્ય વધુ વધી ગયું.

તેમના ગયા પછી પૂરણી પથારીમાં બેસીને સમાચારપત્ર વાંચતી હતી.

'દીદી, પાંચ રૂપિયા જોઈએ છે' પૂરણીએ જોયું તો નાનો ભાઈ કુમરન માથું ખંજવાળતો ઊભો હતો.

'શા માટે જોઈએ છે ?'

'દીદી ! પરીક્ષાઓ નજીક આવે છે. કેટલાંક પુસ્તક અને પેન ખરીદવાની છે. અત્યારે મારી પાસે જે પેન છે તેમાંથી લખતી વખતે શાહીનાં ટપકાં પડે છે.'

પૂરણી નાના ભાઈને ધ્યાનથી જોઈ રહી. ન જાણે કાંઈક છુપાવતો હોય તેમ અટકી અટકીને ભાઈ બોલતો હતો.

'જા કબાટ ઉઘાડીને પાંચ રૂપિયા લે. પુસ્તકો અને પેન લાવીને મને સાંજે બતાવજે. દિવસે દિવસે બદલાતા તારા રંગઢંગ મને પસંદ નથી' કહી પૂરણીએ નાના ભાઈને વિદાય કર્યો.

કેટલાક દિવસથી તેનું વર્તન બદલાઈ ગયેલું જણાતું હતું. નિશાળેથી ઘેર મોડા આવવું, આ ખર્ચ અને તે ખર્ચ બતાવીને અવારનવાર પૈસા માગવા, ઘરમાં ન રહેતાં બહાર રખડવું. વગેરે ખરાબ ટેવો તેને પડી હતી. આથી નાના ભાઈ વિશે પૂરણીએ દેખરેખ રાખવા માંડી હતી. શાળામાં કુમરનનો વર્તાવ કેવો છે એ વિશે તે સંબંધનને પૂછીને માહિતી મેળવતી હતી.

'આજકાલ ભાઈની સોબત અન્ય છોકરાઓ સાથે વધતી જાય છે. વર્ગમાં ન આવતાં થાપ આપીને ક્યાંક જાય છે. શિક્ષકોનું કહેવું માનતો નથી. હું પૂછું છું તો મને મારવાની ધમકી આપે છે, દીદી !' સંબંધને કહ્યું હતું. પહેલેથી જ ચિંતાઓ ઓછી ન હતી. હવે નાના ભાઈની આ નવી ચિંતાએ તેને વધુ વ્યથિત કરી મૂકી હતી.

પૂરણીનું મન પેપર વાંચવામાં ચોંટ્યું નહિ. તેણે કબાટ ઉઘાડીને પૈસા ગણી જોયા. પાંચને બદલે દશ રૂપિયા ઓછા થયા હતા. તે નવાઈ પામી. આ છોકરાને હવે આવી છૂટ આપી ન શકાય. માર મારીને પણ સુધારવાનો સમય આવી ગયો છે. તે ગુસ્સે થઈને કબાટ બંધ કરતી હતી. ત્યાં પરિચિત મધુર સાદ સંભળાયો, 'હું અંદર આવી શકું છું ?' હૃદયમાં એકત્ર થયેલી પ્યાસ છિપાવવા માટે પૂરણીએ ફરીને જોયું.

તે સમયે જો અરવિંદન એકલો આવ્યો હોત તો તે પોતાની વ્યગ્રતા કહીને મોટેથી રડી પડત. તે દિવસે મંદિરમાં તેની સાથે કરેલા વર્તાવનાં બધાં કારણ જણાવીને માફી માગત. પરંતુ તે સમયે અરવિંદન એકલો આવ્યો નહતો. તે દિવસે મંદિરમાં તેની સાથે જોયો હતો તે ઉદ્ધત છોકરો પણ તેની સાથે આવ્યો હતો. તેથી 'આવો'થી વધુ કહીને પોતાનો ઉત્સાહ બતાવવાનો અવસર પૂરણીને મળ્યો નહિ. નજીક આવીને અરવિંદને પ્રેમભાવભર્યા શબ્દોમાં તેની તબિયત પૂછી.

'હવે તમારી તબિયત કેમ છે ? ગામ જવાના આગલા દિવસે મેં

તમને મંદિરમાં જોયાં હતાં. આ ખબર આપવા માટે જ તમને બોલાવ્યાં હતાં. પણ તમે સાંભળ્યું નહિ હોય. આથી ફરીને જોયા વગર ચાલ્યાં ગયાં.' વિના કોઈ પરિવર્તન, વિના કોઈ ફરિયાદ, પોતાનાં સ્વાભાવિક આનંદ અને હાસ્ય સાથે અરવિંદનની આ વાત સાંભળીને પૂરણી આશ્ચર્યચકિત થઈ ગઈ. તે દિવસે તેના વર્તાવથી અરવિંદનને કેવી ઘૃણા ઊપજી હશે. પોતાની અનેક કલ્પનાઓની વિરુદ્ધ આજે તેનો વર્તાવ જણાતો હતો.

અરવિંદન ! હું માનતી હતી કે બીજાઓનાં દુ:ખથી દ્રવિત થતી વખતે જ તમારો વર્તાવ વિનમ્ર થતો હશે. પરંતુ હવે એવું લાગે છે કે સ્નેહ આપવામાં પણ તમે બાળકો જેવા નિષ્કપટ છો.

અરવિંદને પોતાની સાથે લાવેલી ફળની ટોપલી ખોલીને તેની સામે મૂકી.

'આ બધું શા માટે ?'

સ્નેહભાવ સાથે અરવિંદને કહ્યું, 'આજે સવારે મદ્રાસથી આવ્યો. પૂરણી ! પ્રેસમાં પહોંચ્યો ન પહોંચ્યો ત્યાં માલિકે તમારી તબિયત વિશે જણાવ્યું. મેં જેવું સાંભળ્યું કે તમારી તબિયત ઠીક નથી તેવો ગભરાતો સીધો અહીં ચાલ્યો આવ્યો.'

'સારું છે. તમને જોતાં જ હૈયું ખોલીને ન જાણે શુંનું શું કહેવા માટે ઢગલાબંધ વાતો વિચારી રાખી હતી. પરંતુ અત્યારે કાંઈ પણ યાદ આવતું નથી. તબિયતને કાંઈ થયું નથી. મનની વ્યાકુળતામાં મેં પોતે જ ઊભી કરેલી કલ્પનાઓ જ છે...'

પૂરણી આ બોલી તે સમયે અરવિંદને વચ્ચેથી તેની વાત કાપતાં કહ્યું, 'આ ભાઈની હાજરીમાં તમે મોકળા મને વાત કરી શકતાં નથી. આ તો મારો અંતરનો મિત્ર છે. અમે બંને પ્રાથમિકશાળાથી સાથે ભણતા આવ્યા છીએ. આને જોઈને એમ ન માનશો કે આ કોઈ બદમાસ કે લફંગો હશે. સજ્જન છે. બસ થોડો વાચાળ છે. આનું નામ છે મુરુગાનંદનમ. અમારું પ્રેસ જે ગલીમાં છે તે જ ગલીમાં આની દરજીકામની મોટી દુકાન છે. સિલાઈ કલામાં નિપુણ છે. આ નગરના આધુનિક ફૅશનવાળા યુવકો આની સિલાઈ પર મુગ્ધ છે...'

અડધો ગમ્મત અને અડધો સાચો પરિચય અરવિંદને મુરુગાનંદનમનો આપ્યો. તે પરિચયનો સ્વીકાર કરીને મુરુગાનંદનમે પૂરણી તરફ જોઈને હાથ જોડ્યા. પૂરણીએ પણ પ્રત્યુત્તરમાં હાથ જોડ્યા.

'મારે તમને એક વાત કરવાની છે.' પૂરણીએ કહ્યું, 'જાણી જોઈને જ મેં તે દિવસે આપને જોયા હોવા છતાં ન જોયાનો દેખાવ કરીને ચાલી ગઈ હતી. મારી સ્થિતિ એવી જ હતી. મેં તે દિવસે તમને નિરાશ કર્યા હતા, તેની વ્યથા મને સોયની જેમ ચૂભી રહી છે. વ્યથાને લીધે જ હું તાવમાં પટકાઈ' પૂરણીનું ગળું ભરાઈ આવ્યું. તે બોલી ન શકી. સજળ નેત્રે તેણે અરવિંદનને નિહાળ્યો. એ ચુપચાપ સાંભળી રહ્યો હતો. તકિયા નીચેથી કાઢીને પૂરણીએ તે વિનાશકારી પત્ર અરવિંદનને આપ્યો. અરવિંદને ધીરજથી પૂરો પત્ર વાંચ્યો. પછી મુરુગાનંદમને તે પત્ર આપીને અરવિંદને કહ્યું, 'લો, તમે પણ વાંચો...'

'મહિલા સંઘની મંત્રી પર આ પત્ર આવ્યો હતો. મને બોલાવીને પૂછપરછ કરવામાં આવી. તે દિવસે મને અમર્યાદ દુ:ખનો અનુભવ થયો. આવી દુ:ખદ પરિસ્થિતિમાં જ મેં મંદિરમાં તમને જોયા હતા. પાસે જ મંત્રી મહોદયા બેઠાં હતાં. તે વખતે મને એક મૂર્ખ વિચાર આવ્યો કે તમારી સાથે વાત ન કરું એ શ્રેય છે. ક્રોધાવેશની સ્થિતિમાં મેં એવું જ કર્યું. આથી તમારી ક્ષમા માગવાને યોગ્ય હું હોઉં કે નહિ પણ તમારે ક્ષમા આપવી જ પડશે.'

પૂરણીની વાત સાંભળીને અરવિંદન હસી પડ્યો. મુરુગાનંદમે ક્રોધાવેશમાં કહ્યું, 'દીદી ! ભાઈ અને તમારે માટે આવો પત્ર લખનાર હાથને હું ક્ષમા નહિ કરું.'

'શાંત મુરુગાનંદનમ ! નનામો પત્ર લખનાર પર તમે આટલા નારાજ થાવ છો. પણ સમજી લો ! ક્રોધથી સામાને સુધારી શકાતો નથી. પરંતુ ઊલટું તેને વધુ ખરાબ થવામાં મદદરૂપ થાય છે.'

અરવિંદનના આ મંતવ્ય સાથે મુરુગાનંદનમ સંમત ન હતો. કહ્યું : 'તમે શાંત રહો અરવિંદન ! કરુણાથી જીવન જીવવાના દિવસો હવે વીતી ગયા છે. કરુણા અને ધર્મ શક્તિહીન થઈ નિષ્ફળ પુરવાર થયાની પરંપરામાં – કાળમાં આપણે જીવીએ છીએ. આજના જીવનમાં કરુણા દર્શાવનારા હારી જાય છે. ગાલ પર તમાચો મારાનાર જીતે છે. ભૂખ્યાંઓને ભોજન આપનાર દુ:ખી છે. આજે તો ધર્મ, ન્યાય, કરુણા સામાજિક જીવનમાં ખલાસ થઈ ગયાં છે. નહિતર આવું કેમ થાય ?' મુરુગાનંદમ આવેશમાં કહે જતો હતો.

અરવિંદને કહ્યું, 'પૂરણી ! હંમેશાં આમ જ બોલવાની આને ટેવ છે. શાંતિ અને આને સો ગાઉનું અંતર છે.'

'ભાવાવેશમાં આવીને પણ સરસ બોલે છે. આવો જુસ્સો, આવી અંતર્વેદના જો એક હજાર યુવકોમાં હોય તો તમિળ પ્રદેશનો ઉદ્ધાર ક્યારનો થઈ ગયો હોત !' પૂરણીએ મુરુગાનંદમને નિર્નિમેષ દૃષ્ટિથી જોતાં અરવિંદનને જવાબ આપ્યો.

વિનયપૂર્ણ બુદ્ધિમત્તા, શિષ્ટતા અને કવિતાની પરિપક્વતા જ્યાં અરવિંદનમાં જોઈ, ત્યાં જ મુરુગાનંદમમાં જુસ્સાભર્યા વિચારો જોયા, પારખ્યા, ઊભરાતા ભાવોનો અનુભવ અને તેની સાથે સાથે અવગુણોનો સંપૂર્ણ નાશ કરવાને થનગનતા મુરુગાનંદમના હાથ પણ તેણે જોયા.

સવારથી માંદગીની પથારીમાં પડેલી પૂરણીમાં ન જાણે ક્યાંથી આટલી શક્તિ આવી કે તે પોતે બંને માટે ચા બનાવીને લઈ આવી.

તે બંને ત્યાંથી વિદાય થયા ત્યારે સાડા અગિયાર વાગી ગયા હતા.

તે દિવસે બપોરે ત્રણ વાગે ભજનિકદાદાએ આપેલા સમાચાર નાનાભાઈ કુમરનને સમજાવવા માટે ઉપયોગી નીવડ્યા.

'આ છોકરાને કેમ રખડવા દે છે ! આજે તળાવે ગયો હતો. ત્યાં ખંડેરમાં બેત્રણ બદમાશ છોકરા સાથે તારો ભાઈ પત્તાનો જુગાર રમતો હતો. તે મને જોઈને નાસી ગયો. તું તેને કેમ રોકતી નથી ? તે નિશાળે જતો નથી. ખરાબ લતે ચઢી ગયો છે' ભજનિકદાદા સૂચના કરીને ચાલ્યા ગયા.

પાંચ વાગે વલ્લી અને સાડા પાંચે સંબંધન નિશાળેથી આવ્યાં. 'ભાઈ નિશાળે આવ્યો નથી. આચાર્યે કહેવડાવ્યું છે' સંબંધને દીદીને કહ્યું. ભજનિકદાદાએ જે સ્થળ બતાવ્યું હતું ત્યાં જઈને તપાસ કરવાનું પૂરણીએ સંબંધનને કહ્યું. ત્યાં તપાસ કરી આવીને તેણે જણાવ્યું કે ભાઈ નથી. ઘરના બારણા આગળ રાતના સાડા અગિયાર સુધી ભાઈ કુમરનની રાહ જોતી ઊભી રહી. તે આવ્યો નહિ. હવે તેને ક્યાં શોધવો ? કેવી રીતે શોધવો ? તે આમ ઉત્તેજિત અને દુઃખી થતી હતી તે વખતે જ મંગલેશ્વરીઅમ્માળની કાર આવીને ઊભી રહી. રાતના તે સમયે ભયમિશ્રિત સંદેહની મુખમુદ્રા સાથે માતાજીને કારમાંથી ઊતરતાં જોઈને પૂરણીની સમજમાં કાંઈ આવ્યું નહિ. તેને આશ્ચર્ય થયું અને સાથે ડર પણ લાગ્યો.

'પૂરણી ! વસંતા આંખોમાં ધૂળ નાખીને નાસીને ગઈ છે. સવારે કૉલેજમાં ગઈ તે હજી સુધી પાછી ફરી નથી. તપાસ કરતાં જાણવા મળ્યું કે તે કૉલેજમાં પણ ગઈ નથી. ઘણા રૂપિયા લઈને તે ગઈ છે. ક્યાં ગઈ છે, ક્યાંય તેની ભાળ મળી નહિ. હું એકલી તેને ક્યાં ક્યાં શોધું ?' રડમસ સાદે માતાજીએ કહ્યું.

# ૧૩

રાતના નવ વાગી ગયા હતા. અનેક કાર્યો અરવિંદની રાહ જોતાં પડ્યાં હતાં. એ દિવસે તે સવારે જ બહારગામથી આવ્યો હતો. પૂરણીને ત્યાંથી પાછા ફરતાં મધ્યાહ્ન વીતી ગયો હતો. મીનાક્ષીસુંદરમ સાથે હિસાબ કરવામાં તેમજ નવાં મુદ્રણ મશીન વિશે વાત કરવામાં સંધ્યા થઈ ગઈ. કેટલાંય પુસ્તકોનાં પ્રૂફ જોવાનાં બાકી હતાં. હસ્તપ્રત સાથે મેળવીને પ્રૂફ જોવાના કામમાં મદદ કરવા માટે અરવિંદને મુરુગાનંદમને બોલાવ્યો હતો. રાતના નવ પછી મુરુગાનંદમ સાથે બેસીને બે કલાક જાગીને તે કામ પૂરું કરવાનો તેનો વિચાર હતો. તેથી તે એની આવવાની રાહ જોતો હતો.

દુકાન બંધ કરીને મુરુગાનંદમ આવ્યો ત્યારે રાતના દસ થઈ ગયા હતા.

'અહીં કામ પૂરું કરતાં ઘણો સમય લાગશે. તમે જમી લીધું છેને મુરુગાનંદમન ?' અરવિંદને પૂછ્યું.

'આવતી વખતે હૉટલમાં ભરપેટ જમીને આવ્યો છું. તમારા વિશ્વાસે આવું તો તમે મગફળીના ચાર દાણા અને અડધું કેળું આપીને ભૂખ્યો રાખો. ઘેર કહેવડાવી દીધું છે કે રાતે અહીં સૂવાનો છું' મુરુગાનંદમે હસતાં હસતાં જવાબ આપ્યો.

મુરુગાનંદમે એક વેંત જેટલી જગામાં એક મશીનથી દરજીની દુકાન શરૂ કરી હતી. ગાજ-બટનનું કામ સુધ્ધાં તે હાથે જ કરતો હતો. બુદ્ધિ-ચાતુર્ય અને સ્ફૂર્તિને લીધે દિનપ્રતિદિન પ્રગતિ કરીને આજે બે માણસો રાખવાની સ્થિતિ તેણે પ્રાપ્ત કરી છે.

અરવિંદની મિત્રતા અને સહવાસે મુરુગાનંદમમાં તમિળ પ્રતિ રુચિ, બુદ્ધિ-ચાતુર્ય, અસાધારણતા ઉત્પન્ન કર્યાં હતાં. મંચ પર જુસ્સાભર્યાં ભાષણ કરનાર તરીકે તેની પ્રતિભા ઊપસી આવી. આ નાની વયે જ

આવું ગૌરવ પ્રાપ્ત થવાનું કારણ અન્ય લોકો સાથે તેનો અત્યંત સીધો-સાદો વર્તાવ હતો. જ્યાં ક્યાંય પણ અન્યાય પ્રવર્તતો હોય કે કોઈની સાથે અન્યાય થતો હોય તો પોતાના પ્રત્યેનો અન્યાય માનીને તેનો પ્રતિકાર માટે તૈયાર થઈ જવાનો તેનો સ્વભાવ હતો. આ અને આવાં બીજાં કારણોથી મજદૂરોમાં તેનું ઊંચું સ્થાન હતું, સારું એવું માન હતું. પરંતુ તેની આટલી પ્રસિદ્ધિ હોવા છતાં પણ અરવિંદન સાથે તેનો વર્તાવ જુદો જ હતો. પોતાને એનો આજ્ઞાકારી શિષ્ય માનીને તે એની સાથે વર્તાવ કરતો. મિત્ર તરીકે એની સાથે ખભેખભા મિલાવીને ઊભો રહેતો. મદદ માટે બોલાવતાં જ તે એક સેવકની જેમ હાજર થઈ જતો.

અરવિંદન સાથે પ્રૂફ જોવામાં તેને ઘણે મોડે સુધી જાગવું પડતું ત્યારે તે પ્રેસમાં જ સૂઈ રહેતો. કામ પતાવી પથારીમાં પડ્યા પડ્યા બંને વાતો કરતા અને ઊંઘ ઘેરાય ત્યારે સૂઈ જતા.

'મુરુગાનંદમ, આ હસ્તપ્રત તમે વાંચો અને તે મુજબ હું આ પ્રૂફ જોઈને સુધારું છું. જેટલાં જોવાય તેટલાં જોઈને સૂઈ રહીશું' અરવિંદને હસ્તપ્રત મુરુગાનંદમને આપતાં કહ્યું.

'આજે સવારે એક મુસીબત આવી પડી. સવારે એક અપરિચિત ઘરાક તેનાં સીવવા આપેલાં કપડાં લઈ જતી વખતે તેની મનીપર્સ ભૂલી ગયો. ન જાણે તે ક્યારે લેવા આવે, વિચારી થોડો સમય મેં તેની રાહ જોઈ. પણ તે આવ્યો નહિ. પર્સ ઉઘાડીને જોયું તો તેમાં પત્ર, ફોટો અને સો-સોની ત્રણ નોટો હતી. આ જ કારણથી દુકાન સમય કરતાં વધુ ખુલ્લી રાખવી પડી. નહિતર હું નવ વાગતાંમાં જ અહીં આવી ગયો હોત.'

'વારુ ! તમે હવે વાંચવા માંડો. હવે બીજા કોઈ બનાવની વાત કરીને સમય બગાડશો નહિ.' અરવિંદને ઉતાવળ કરવાથી મુરુગાનંદમ વાત બંધ કરીને પ્રૂફના કામમાં લાગી ગયો.

પૂરણીના બાપુજી પ્રો. અલગિય રચિત 'તોલકાપ્પિયર*નું 'જીવનદર્શન'નાં પ્રૂફ છે.

---

* *તોલકાપ્પિયર રચિત વ્યાકરણ ગ્રંથ તોલકાપ્પિયમ પાણિનિના સંસ્કૃત વ્યાકરણના જેવી અદ્‌ભૂત રચના છે. તેમાં તત્કાલીન તમિળ સમાજનું પ્રામાણિક ચિત્ર પણ પ્રસ્તુત છે. તોલકાપ્પિયર વિશે એક દંતકથા એવી છે કે તે મહર્ષિ જમદગ્નિના પુત્ર અને પરશુરામના ભાઈ હતા. તે તમિળના પ્રથમ વ્યાકરણચાર્ય અગત્તિયનારના (અગત્સ્યઋષિ) શિષ્ય હતા.*

'જરા થોભ મુરુગાનંદમ. કંપોઝિટર તોલકાપ્પિયરથી થોડા નારાજ છે. તેથી જ્યાં પણ તેનું નામ આવે છે. ત્યાં, અત્યંત ગુસ્સા સાથે 'ઓ'ને બદલે 'એ' લખીને તેલ×કાપ્પિયરમ ખોટું કંપોઝ કર્યું છે. હું જરા સુધારી લઉં' કહી તે અક્ષર સુધાર્યો. આથી મુરુગાનંદમ હસી પડ્યો. 'પહેલાં જ પ્રૂફમાં આવી ભલો ?'

'પહેલું પ્રૂફ વાંચતી વખતે હું હંમેશાં તમિળ પ્રદેશના સામાજિક જીવનનું સ્મરણ કરું છું. પહેલાં પ્રૂફમાં ભૂલો વધુ હોય છે. આપણા સામાજિક જીવનમાં પણ આજે સુધારવા જેવી અનેક ભૂલો છે' અરવિંદને કહ્યું.

'ખરું છે ! પરંતુ આ કલમથી સુધારી નહિ શકાય ! હાહાકાર કરીને યુગક્રાંતિ આવી છે. જુઓ કવિ ભારતીએ આવું લખ્યું હતું. આવી એક યુગક્રાંતિ આવે તો જ બધું કાંઈ થઈ શકે. દિવસે દિવસે અયોગ્ય માર્ગે ઉન્નતિ કરનારાઓને જોવા છતાં આપણે આંખ આડા કાન કરે જઈએ છીએ. વ્યક્તિ ચેતનાહીન થઈ ગઈ છે. ભાવનાહીન અને ઉત્સાહહીન થઈ ગઈ છે...' મુરુગાનંદમે બોલવું શરૂ કર્યું ત્યાં તો અરવિંદને તેને રોક્યો.

'ભાઈ, આ આવેશપૂર્ણ ભાષણ પોન્નગર અને પિંટ્ટુતોપ્પુની સભામાં કરવાનું હોય, અહીં તો કામ કરવાનું છે. કાલની આખી રાતની મુસાફરીનો થાક મારાથી સહન થતો નથી. બાર વાગે તો મારે સૂઈ જવું જોઈએ.'

મુરુગાનંદમ ચુપ થઈ ગયો. પ્રૂફ જોવાનું કામ શરૂ થયું, ત્યાં તો અરવિંદને દ્વાર પર ઊભેલા કોઈ છોકરાને જોયો.

અરવિંદન ઊભો થઈને તે છોકરા પાસે ગયો. પૂરણીનો ભાઈ કુમરન ત્યાં ઊભો હતો.

'કેમ, અહીં આ સમયે આવ્યો છે ?'

'દીદીએ તમારી પાસેથી...પાંચ રૂપિયા મંગાવ્યા છે. અગત્યનું કામ છે' છોકરાએ અચકાતાં અચકાતાં કહ્યું. અરવિંદન તેની દૃષ્ટિ પરથી સમજી ગયો કે તે જૂઠું બોલે છે.

'પાંચ રૂપિયા માટે દીદીએ તને રાતે દશ વાગે અહીં દોડાવ્યો ! હું સવારે તારી દીદીને મળીને વાત કરીને આવ્યો છું ! તે વખતે તારી દીદીએ જો રૂપિયા માગ્યા હોત તો હું આપીને આવત.'

અરવિંદનની વાત સાંભળીને કુમરન નીચું જોઈ ગયો. તેના ઊભા

× *તેલ = વીંછી.*

રહેવાની અને પૈસા માગવાની રીત વગેરેથી અરવિંદનને સંદેહ ઉત્પન્ન થયો. પરંતુ આ વાતનો છોકરાને ખ્યાલ ન આવે એટલા માટે તેણે ખીસામાંથી પાંચની નોટ કાઢીને એને આપી.

છોકરો નોટ લઈને ત્યાંથી ચાલ્યો ગયો. છોકરો થોડે દૂર ગયો તે પછી અરવિંદને મુરુગાનંદમને કહ્યું,

'અત્યારે કામ રહેવા દે, પછી કરીશું. પેલા છોકરાની પાછળ જઈને થોડી તેની તપાસ કરી આવ.'

મુરુગાનંદમ છોકરાની પાછળ ગયો. તેને મોકલીને અરવિંદન પ્રૂફ જોવા બેઠો. પૂરણીના ભાઈ માટે ઉત્પન્ન થયેલા સંદેહથી તેનું મન તત્વદર્શી અલગિયનું લખાણ વાંચીને તેમાં લય થઈ ગયું. 'જગત પ્રથાનુસાર જીવનના અંતિમ દિનને મૃત્યુ કહે છે. પરંતુ વ્યક્તિના કુલ આયુષ્યમાં ક્રમશ: એક એક પર્વનો અંત પણ મૃત્યુ જ છે. પ્રત્યેક પર્વનો આરંભ એક નવો જન્મ ધારણ કરવા બરાબર છે. બાલ્યાવસ્થા પછી કિશોરાવસ્થા શરૂ થાય છે. કિશોરાવસ્થા પછી યુવાપર્વ. યુવાપર્વ પછી પ્રૌઢાવસ્થા. ત્યાર પછી વૃદ્ધાવસ્થા આવે છે. આ પ્રકારે એકનો અંત થઈને બીજા પર્વનો આરંભ મનુષ્યની ટેવો અને અનુભવોને પણ બદલવાનો સમય હોય છે. આ પરિવર્તનમાં ક્ષય થાય એ મૃત્યુ છે. નવા સ્વરૂપમાં આવીને પુન: મળવું જ જન્મ છે. આપણી અનુભૂત વસ્તુઓનો દરરોજ વિનાશ થાય એ જ મૃત્યુ છે. પરંતુ આપણે તેને રડતા નથી. તે આપણી સમજ બહારનું દર્શન છે.' પ્રો. અલગિયે આ લખીને 'કુંડલકેશી'*માંથી એક પદ ટાંક્યું હતું. અરવિંદનને તે વાક્ય પોતાની ડાયરીમાં નોંધવાની ઇચ્છા થઈ.

પ્રો. અલગિય જો તમિળ પ્રદેશ તરફથી પાશ્ચાત્ય દેશોમાં પ્રવાસે ગયા હોત તો પાશ્ચાત્ય દેશવાસીઓને પુન: વિવેકાનંદ પ્રાપ્ત થયા હોત. તેમનું અંગ્રેજીનું જ્ઞાન, તમિળની વિદ્વત્તા અને દાર્શનિક પંડિતાઈનો ઉપયોગ દેશે ઘણો ઓછો કર્યો છે. – અરવિંદન તે સમયે આ ચિંતનમાં ગરકાવ હતો.

તેણે એક દીર્ઘ નિ:શ્વાસ નાખ્યો. જ્યારે પૂરણી સાથે તેની પિછાણ થઈ તે દિવસોની વાત છે. એક દિવસે અરવિંદને તેને કહ્યું હતું, 'તમારાં બાપુજીનાં અધૂરાં કાર્યો પૂરાં કરવાનું તમારામાં સામર્થ્ય છે. તે માટે

* *કુંડલકેશી નામના તમિળ કાવ્યનું મંગલાચરણ ભગવાન બુદ્ધની સ્તુતિથી શરૂ થાય છે.*

તમારી પાસે પ્રતિભા છે. અંગ્રેજી અને તમિળ પર તમારું સારું પ્રભુત્વ છે. સમય આવે જગતમાં તમિળ સૌરભ પ્રસારવા માટે તમારે તૈયાર રહેવું જોઈએ.' તે વખતે પૂરણીએ જવાબ આપ્યો હતો કે તમે મારા વિશે ઘણાં મોટાં મોટાં સ્વપ્નાં જુઓ છો.

'એવું ન બોલો. મને લાગે છે કે તમે આ કાર્ય કરી શકો તેમ છો !' ભાર દઈને તેણે કહ્યું હતું એ અત્યારે અરવિંદનને યાદ આવ્યું. શરૂ શરૂમાં તો તેણે વિચાર્યું પણ ન હતું કે પૂરણી સાથેનો સંબંધ આટલો નિકટનો થશે.

આવા વિચારોમાં મગ્ન તેને પ્રેસની પછવાડે કોઈ અવાજ સંભળાયો. તેણે નવાઈ પામતાં કાન માંડ્યો. દીવાલ પર કોઈનો ચઢવાનો અવાજ સંભળાયો.

પ્રેસની જમણી તરફ એક હૉટલ છે ! બંનેની વચમાં એક નાની ગલી છે. પાછળના ભાગમાં હૉટલ અને પ્રેસની વચ્ચે સાત-આઠ નાળિયેરી અને થોડી જમીન ખુલ્લી છે. હૉટલનું પાણી અને પ્રેસના ફાટેલા કાગળનો કચરો તે જગામાં એકઠો થયો હતો. તેથી ત્યાં ચાલવું મુશ્કેલ હતું. તે ગલીમાં દરરોજ સવારે કચરો ઉપાડનાર મહેતર સિવાય બીજું કોઈ પ્રવેશ કરવાની હિંમત કરતું ન હતું. પ્રેસની પાછળની દીવાલ પણ એટલી સુરક્ષિત પણ નથી. તે જૂની તો હતી જ, વધુ ઊંચી પણ ન હતી. પાછળની તરફના ઓરડાઓમાં ઘણી જગા હતી. ત્યાં જ પુસ્તકની સિલાઈ અને બાઇન્ડિંગ કરવા જેવાં કાર્યો માટે યોગ્ય હતી. ત્યાં જ બીજી તરફ છાપેલાં ફરમાની થપ્પીઓ રાખવામાં આવતી હતી.

હૉટલ ચાલું હોય તે દિવસોમાં રસોઈ કરવાનો અવાજ અને વાસણ માંજવાનો ખડખડાટ રાતના બાર સુધી સંભળાતો હતો. બીજે દિવસે હૉટલ બંધ હોવાથી તે રાતે એ અવાજ પણ સંભળાતો ન હતો. અરવિંદન ખમચાઈને ઊભો ન રહ્યો. બહારનો દરવાજો બંધ કરીને પાછળની તરફ દોડ્યો. પ્રેસનું મકાન ઘણું લાંબું હતું. જતાં જતાં તે બધી લાઇટ ચાલુ કરતો ગયો. તે હોય ત્યારે રાતના સમયે આવો કોઈ બનાવ પ્રેસમાં બન્યો ન હતો. આજે બન્યો તે પહેલી વાર.

જેવી છેલ્લી બત્તી થઈ તેવો જ ચમેલીના છોડની આડમાં છુપાઈને આવનાર વ્યક્તિ એકાએક પ્રકાશ પડતાં અને કોઈનાં પગરવ સંભળાતાં

દોડીને ફરી દીવાલ ચઢી ગઈ. મોટેથી 'કોણ છે ?' બૂમ પાડતો અરવિંદન જલદી તે તરફ દોડ્યો. દીવાલની ઉપરના છેડા પરથી એક ઈંટ ખરીને તેના પગના અંગૂઠા પર પડી. તે વ્યક્તિ પકડાઈ નહિ. તે વ્યક્તિ કોણ હતી એ પણ જાણી શકાયું નહિ. પાછળની તરફ કૂદીને ભાગવાનો અવાજ માત્ર સંભળાયો. જ્યાંથી તે વ્યક્તિ દીવાલ પર ચઢી હતી ત્યાં નીચે ચમેલીના છોડની પાસે ઘાસતેલમાં પલાળેલાં કાપડના ગાભા અને દીવાસળીની પેટી અરવિંદનની દૃષ્ટિએ પડ્યાં. એ જોતાંની સાથે જ અરવિંદન સમજી ગયો કે આવનાર વ્યક્તિ કયા ઉદ્દેશથી આવી હતી. પાછળ થયેલ અવાજ સાંભળીને અરવિંદ તેને તરફ દોડી જવામાં સહેજ પણ ઉપેક્ષા કરી હોત તો પ્રોફેસરનાં છાપેલાં પુસ્તકો તે ઓરડામાં મૂકેલાં હોઈ તેની રાખ થઈ ગઈ હોત. આ ભયંકર સત્યનો તેને એ જ સમયે ખ્યાલ આવી ગયો. તેનો અને મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસનો અન્ય કોઈ વિરોધી પેદા થવાનો આ નવો અનુભવ હતો.

તેને થયું કે આ અંધારામાં પાછળનો દરવાજો ઉઘાડીને તેનો પીછો તે નહિ કરી શકે. દરવાજાની પેલી તરફની જગા એટલી ગંદી છે કે ત્યાં પગ મૂકી શકાય નહિ. આગંતુક આ ગંદકી સહન કરીને જ આવવા માટે તૈયાર થયો હશે. તેને એક વાર થયું પણ ખરું કે પ્રેસના દરવાજે તાળું મારીને બહારની તરફ દોડીને હૉટલમાંથી કોઈને જગાડીને સાથે લઈ ગલીમાં જોઉં. પણ એમ કરવામાં ઘણો સમય જશે. 'મુરુગાનંદમને આવવા દો. તેની સાથે અહીં આ ખંડમાં સૂવાનો આરંભ કરીશું.' આવો વિચાર કરીને પીછો કરવાનો વિચાર તેણે માંડી વાળ્યો. આગંતુકની ઇચ્છા જો પૂરી થઈ હોત તો કેટલો મોટો વિનાશ થાત ! આટલી મહેનત લઈને છાપેલાં પુસ્તકો નાશ પામ્યાં હોત.

ત્યાં તો બહાર કોઈનો દરવાજો ખખડાવાનો અવાજ સંભળાયો. બત્તીઓ હોલવ્યા વગર અરવિંદને દરવાજો ઉઘાડ્યો. મુરુગાનંદમ પાછો આવ્યો હતો.

'તદ્દન અધમ છોકરો છે. મંગમ્માળ ધર્મશાળાની પાછળ સડક પર બત્તીના પ્રકાશમાં પત્તા રમતો હતો. તમે કંઈ કહ્યું ન હતું. આથી છાનોમાનો ચાલ્યો આવ્યો. નહિતર ચાર થપ્પડ મારીને તેને અહીં ઘસડી લાવત. નાની ઉંમરમાં જ આવી ખરાબ સોબતમાં પડીને બગડનારાઓની

સંખ્યા બધે વધતી જાય છે.' મુરુગાનંદમની વાત સાંભળીને અરવિંદન આશ્ચર્ય પામ્યો. પ્રોફેસરનો છોકરો આટલો બગડી ગયો છે, આ વિચાર આવતાં તેને દુ:ખ થયું.

'મુરુગાનંદમ ! તમે જાવ અને મારું નામ લઈને તેને અહીં બોલાવી આવો. મારશોકરશો નહિ. તિરુનગરમાં સવારે જે છોકરીને મળ્યા હતા, તેનો આ નાનો ભાઈ છે. જ્યારે તેણે આવીને પૈસા માગ્યા ત્યારે જ મને શંકા થઈ હતી. આથી તેની પાછળ તમને મોકલ્યા હતા. જલદી તેને બોલાવી આવો.'

મુરુગાનંદમ તેને બોલાવવા ગયો. તેના ગયા બાદ થોડી જ વાર પછી મંગલેશ્વરીઅમ્માળની કાર બહાર આવીને ઊભી રહી. પૂરણી અને માતાજી કારમાંથી ઊતર્યાં. તેઓ બંને ચિંતાતુર, વ્યગ્ર અને ઉદાસ જણાતાં હતાં.

પૂરણીના ભાઈ વિશે જાણીને અને પ્રેસની પાછળ બનેલા બનાવથી પહેલેથી ગભરાયેલો અરવિંદન તેમને જોઈને વધુ ગભરાઈ ગયો. છતાં પોતાના મન પર કાબૂ રાખીને તેણે એમનું સ્વાગત કર્યું. મંગલેશ્વરી-અમ્માળની મોટી પુત્રી વિશે જણાવીને પૂરણીએ અરવિંદનને પૂછ્યું. 'હવે શું કરવું ? તેની માહિતી કેવી રીતે મેળવવી ?' આ બધી ઉતાવળમાં આ વાત તો તે ભૂલી જ ગઈ હતી કે તેનો ભાઈ ઘેર આવ્યો નથી. અને રખડેલની માફક બધે રખડતો ફરે છે. ત્યારે પણ તે યુવાન છોકરી ગુમ થઈ હોવાથી વ્યાકુળ માતાજીનું દુ:ખ જ તેને વધુ મહત્ત્વનું લાગ્યું.

મંગલેશ્વરીઅમ્માળે કહ્યું, 'મને આમાં કાંઈ સમજ પડતી નથી. મારું મગજ જ કામ કરતું નથી. તમે કહેતા હો તો પોલીસને ફોટો આપીને આની તપાસ કરાવીએ, કે પછી સમાચારપત્રમાં તેનો ફોટો આપીને જાહેરખબર આપીએ.'

'અધીરાં ન થાવ માતાજી. છોકરી પુખ્ત ઉંમરની છે. ફોટો, જાહેરખબર આપવાથી કે પોલીસમાં ફરિયાદ નોંધાવાથી છોકરીનું ભાવિજીવન નષ્ટ થશે. શાંતિથી વિચારીને કોઈ માર્ગ કાઢીશું' અરવિંદને કહ્યું.

ત્યાર પછી પૂરણીને બીજા ખંડમાં બોલાવીને અરવિંદને કહ્યું, 'તમે તમારા ભાઈની વિગત જાણો છો ?' અને પછી જે કાંઈ થયું હતું એ તેણે શરૂઆતથી કહ્યું. મુરુગાનંદને મોકલ્યાની વાત પણ જણાવી.

'જવા દો. એ અધમે અમારે ત્યાં જન્મ લીધો છે. અત્યારે તો મને એક નવી જ ચિંતા છે' દુઃખી મને પૂરણીએ કહ્યું.

આ સમયે મુરુગાનંદમ એકલો જ આવ્યો. કહ્યું, 'પૈસાનો જુગાર રમવાના ગુના માટે પોલીસ છોકરાઓને બસમાં બેસાડી લઈ ગયા છે. હું ત્યાં પહોંચ્યો તે પહેલાં જ છોકરાને બધાની સાથે બસમાં બેસાડી દીધો હતો.'

અરવિંદને તેને બેસાડીને કહ્યું, 'અત્યારે એ વાત રહેવા દે. સવારે છોકરાની તપાસ કરીશું. અત્યારે બીજા એક મામલામાં તારી સલાહની જરૂર છે. આ મહિલા આવ્યાં છે તેમને મળ.' અને અરવિંદને તેને બધી વાત વિગતવાર જણાવી.

# ૧૪

અરવિંદનની વાત સાંભળ્યા પછી મુરુગાનંદમ કાંઈ જવાબ ન આપતાં શાંત રહ્યો. તેની મુખમુદ્રા તે કોઈ ગહન વિચારમાં ડૂબી ગયો હોવાનું દર્શાવતી હતી. નિરાશ વદને બેઠેલાં મંગલેશ્વરીઅમ્માળે પૂરણીની સામે જોયું. પૂરણીએ અરવિંદન તરફ અને અરવિંદને મુરુગાનંદમ તરફ જોયું.

'મુરુગાનંદમ ! આમ ચુપચાપ બેસી રહેવાથી કોઈ રસ્તો કેવી રીતે નીકળશે ? પૂરણી અને માતાજી આપણા વિશ્વાસે અહીં આવ્યાં છે. માતાજીના મનની સ્થિતિ જાણ્યા પછી પણ કોઈ પણ રસ્તો બતાવ્યા વગર આમ બેસી રહ્યા છો. જુવાનીના દ્વારે ઊભેલી એક અવિવાહિત છોકરી છાનીમાની એકલી ઘેરથી નાસી જાય એ કેવી ક્રૂરતા છે ? માના દિલને શુંનું શું થતું હશે, મુરુગાનંદમન ?'

'હું બધું સમજું છું. પરંતુ આટલી મોડી રાતે ક્યાં જવું અને તેનો પત્તો કેવી રીતે મેળવવો ? આ જે કાંઈ બન્યું છે, એની લોકોને જાણ થાય, એ પહેલાં છોકરીની માહિતી મેળવીને ઘેર પહોંચાડી દેવી જોઈએ. છોકરી કૉલેજમાં ભણે છે ત્યારે સંભવ નથી કે કોઈ ફોસલાવીને કે લલચાવીને લઈ ગયું હોય. સમજણી છે, જાણીસમજીને સ્વેચ્છાએ જ ગઈ હશે. જો વાત આવી હોય તો શા માટે અને કોની સાથે ગઈ એ પહેલાં જાણી લેવું જોઈએ. તપાસ કરતાં પહેલાં તેનો સ્વભાવ, ટેવ વિશે માતાજી

પાસેથી પૂરી માહિતી મેળવવી પડશે. પછી જ આપણે કાંઈક કરી શકીશું. મને જરા વિચારવાનો સમય આપો. ક્યારના બાર વાગી ગયા છે. તેમની પાસેથી છોકરીનો ફોટો લઈને તેમને ઘેર મોકલો. તેમને નિશ્ચિંત અને શાંતિથી રહેવાનું કહો. જો સંભવ હશે તો જ્યાં પણ હશે ત્યાંથી ભાળ મેળવીને તેમને મેળવી આપીશ. સહાય કરવા માટે હું અચકાતો નથી. પરંતુ આ કાર્ય કેવી રીતે કરવું તેની ચિંતામાં છું. રઘવાટમાં આપણે ગમે તે કરી બેસીએ ને લોકો જાણે કે ફલાણી છોકરી નાસી ગઈ છે એવી વાત નગરમાં ફેલાવી ન જોઈએ.'

મુરુગાનંદમની વાત બધાંને ખરી અને ઉચિત લાગી. પૂરણીએ મંગલેશ્વરીઅમ્માળ પાસેથી વસંતાનો ફોટો લઈને તેની પાછળ નિશાનીઓ અને જરૂરી વિગતો લખીને અરવિંદનને આપ્યો. અરવિંદને તે ફોટો મેજના ખાનામાં સુરક્ષિત મૂકી દીધો.

પૂરણી વલ્લી અને ભાઈ સંબંધનને કમલાની માને ત્યાં સુવાડીને અને તેમને કહીને ઘેર તાળું મારીને આવી હતી. આટલી મોડી રાતે પૂરણી પહેલાં કમલાને ત્યાં જઈને બાળકોને ઉઠાડીને પોતાને ઘેર જાય એ બરાબર ન હતું. આવા કસમયે તેમના ઘરનું બારણું ખખડાવવું અને તેમની ઊંઘમાં ખલેલ પાડવી એ ઉચિત ન હતું...અને વળી મંગલેશ્વરી-અમ્માળ આ સ્થિતિમાં તેમને ઘેર એકલાં રહે તે પણ તેને બરાબર લાગ્યું નહિ. આથી પૂરણીએ કહ્યું, 'માતાજી ! આટલી મોડી રાતે હું ઘેર જઈને કરીશ પણ શું ? વિચારું છું કે તમારી સાથે જ હું આવું.'

પૂરણીની આ વાત મંગલેશ્વરીઅમ્માળે વધાવી લીધી. બંને કારમાં બેઠાં. અરવિંદન અને મુરુગાનંદમે પ્રેસની બહાર તેમને વિદાય આપવા માટે ઊભા હતા.

કાર ચાલુ કરતી વખતે મુરુગાનંદમે ઘણા નજીક જઈને પૂરણીને કહ્યું, 'દીદી ! કાલ સવારે અરવિંદન અને હું માતાજીને ત્યાં આવીશું. વધુ માહિતી માટે કેટલીક વિગતો જોઈશે. તમે બધાં શાંતિથી રહેજો. અમારાથી શક્ય બધું અમે કરીશું. શક્ય હશે તો કાલ સવારે આવતી વખતે નાના ભાઈની ભાળ મેળવીને અમારી સાથે લઈ આવીશું. ચિંતા કરશો નહિ. ધીરજ ધરજો.'

મુરુગાનંદમની વાત સાંભળીને મંગલેશ્વરીએ અત્યંત નવાઈ પામતાં

પૂરણીને પૂછ્યું, 'આ શું છે પૂરણી ! તારા નાના ભાઈ વિશે આ શું કહે છે ? તે ક્યાંક ચાલ્યો ગયો છે ?'

માતાજી પાસેથી વસંતાના નાસી ગયાના સમાચાર સાંભળીને પૂરણીએ પોતાના ભાઈ વિશે કાંઈ બતાવ્યું ન હતું. દુઃખથી નાહિંમત, વ્યથિત થયેલી મંગલેશ્વરીઅમ્માળને પોતાના નાના સરખા દુઃખમાં ભાગીદાર બનાવવાં જરૂરી ન સમજીને જ પૂરણી ચૂપ રહી હતી. માના જેવી સહાય અને હૂંફ આપનાર મંગલેશ્વરીઅમ્માળ પર આવી પડેલા સંકટ સમયે તેમને સાંત્વનં આપવાને બદલે પોતાની વ્યથા કહીને, વધુ દુઃખી કરવા ઇચ્છતી ન હતી. આથી તે તરત જ તેમને લઈને અરવિંદન પાસે આવી હતી કે જેથી તેમની સહાયથી વસંતાની ભાળ મેળવી શકાય. સારું થયું કે તે સમયે મુરુગાનંદમ પણ ત્યાં હતો. એથી તેમનું કામ વધુ સરળ થઈ ગયું. પરંતુ હવે મુરુગાનંદમની વાત પરથી તેમણે અનુમાન કરીને તેના નાના ભાઈ વિશે પૂછ્યું. હવે બતાવ્યા વગર કેમ ચાલે ? કાર દાનપ્પામુદલી સ્ટ્રીટમાં તેમને ઘેર પહોંચી તે દરમિયાન તેણે નાના ભાઈના વર્તાવમાં આવેલું પરિવર્તન ટૂંકમાં જણાવ્યું.

પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળને વિદાય કરીને પાછા અંદર આવેલા અરવિંદન અને મુરુગાનંદમ કોઈ વાત કરવાની ન હોય એમ ચુપ બેઠા હતા. છેવટે આ નીરવતા અરવિંદને જ તોડી.

'તમને એક નવા તાજા સમાચાર સંભળાવું છું, મુરુગાનંદમ ! જો હું તમને કહું કે પ્રેસ અને આમાં ભરેલા જ્ઞાનના ભંડારને એક કલાક પહેલાં જ આગ લગાડવાનો પ્રયત્ન થયો હતો. તો તમે માનશો ?'

'સ્પષ્ટ વાત કરો. સમજાય નહિ એવી લાંબી લાંબી વાત ન કરો.'

અરવિંદન તેને પ્રેસની પાછળ લઈ ગયો, જેથી બધું જોઈને તેને પૂરો ખ્યાલ આવી જાય. ત્યાર પછી તેણે બધી વાત કરી.

'આવું અનિષ્ટ કૃત્ય કરવાના વિચારથી આવેલા દુષ્ટ અને લુચ્ચાને તમે કેમ છટકી જવા દીધો ? તે સમયે જો હું અહીં હોત તો તેને પકડીને એવી તો મઝા ચખાડત કે સ્વપ્ને પણ તે આવાં દુષ્કર્મ કરવાની હિંમત ન કરત' મુરુગાનંદમ ગુસ્સામાં બોલે જતો હતો. આ સાંભળીને અરવિંદન હસવા લાગ્યો.

'અરવિંદન ! આ કામ કોઈની ચઢવણીથી જ થયું છે. તમારા કહેવા

પરથી એમ લાગે છે કે કચરો ઉપાડનાર મહેતર અને હૉટલના નોકરો સિવાય પાછળની તરફ બીજું કોઈ આવતું નથી. હૉટલના માણસો તો આ ઝંઝટમાં પડે નહિ. શક્ય છે કે પૈસાની લાલચમાં મહેતર જ આ કામ કરવા તૈયાર થયો હોય. જે હોય તે, સવારે તપાસ કરીશું.'

'પૂછવાથી જે જાણવા મળશે એ હું તમને અત્યારે જ બતાવી દઉં. અત્યારે નવા મંડપના દુકાનદારે જ અમારી સાથે દુશ્મનાવટ પ્રકટ કરી છે. વરસોથી જ ધંધામાં મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસ અને તેમની વચ્ચે દુશ્મનાવટ ચાલી આવી છે. અત્યારે અમે પ્રોફેસરનાં પુસ્તકોનું પ્રકાશન કરવાથી તે જૂની શત્રુતાએ ફરી માથું ઊંચક્યું છે. હવે તે કાંઈ પણ કરતાં અચકાશે નહિ.'

તે રાતે તેઓ બંને પાછળ વરંડાની પાસે જ સૂઈ ગયા. તે વખતે દોઢ વાગ્યો હતો. અસહ્ય થાક અને માનસિક વ્યાકુળતાને કારણે તેમને નીંદ આવી નહિ. પથારીમાં પડ્યા પડ્યા મુરુગાનંદમે પૂછ્યું, 'પૂરણી દીદીને તે માતાજી સાથે શો સંબંધ છે ? તે માતાજી કોણ છે ?'

મંગલેશ્વરીઅમ્માળ વિશે પૂરણીએ જે કાંઈ જણાવ્યું હતું તે અરવિંદને મુરુગાનંદમને જણાવ્યું.

'આવા સારા પરિવારમાં જન્મેલી છોકરીની બુદ્ધિ ભલા આમ કેમ ભ્રષ્ટ થઈ હશે ? આજકાલ શાળા અને કૉલેજમાં ભણતાં છોકરા-છોકરીઓ ભૂલ કરતાં-ડરવાનું ભૂલતાં જઈ રહ્યાં છે. તમે કહી શકશો આનું કારણ શું છે ? સભ્યતાના સાક્ષાત આદર્શ પ્રતિમાના પુત્ર થઈને અને તમિળ દેશના નારીત્વના સ્વરૂપમાં આપણી વચ્ચે રહેતી પૂરણી દીદીની દેખરેખમાં ઊછરીને મોટો થયેલો તે છોકરો આવો બદમાશ થઈ જશે ? મંગલેશ્વરીઅમ્માળ જેવાં વૈભવસંપન્ન અને સુસંસ્કૃત નારીની પુત્રી ઘરમાંથી છાનીમાની રૂપિયા લઈને ભાગી જશે ? આ ચઢતી વયે આમ બગડવાનું દુસાહસ તેમને કેમ થયું ?'

અરવિંદને એક દીર્ઘ નિઃશ્વાસ નાખ્યો. મુરુગાનંદમના આ પ્રશ્નનો શો જવાબ આપવો તેના વિચારમાં તે પડી ગયો.

સવારે અરવિંદન ઊઠ્યો ત્યારે મુરુગાનંદમ પાછળની તરફ કોઈને મોટેથી ધમકાવી રહ્યો હતો. ત્યાં જઈને જોયું તો મુરુગાનંદમ કચરો ઉપાડનાર મહેતરને ધમકાવી રહ્યો હતો. અને બિચારો મહેતર પોતાને

નિર્દોષ સાબિત કરવા માટે નમ્રતાથી વિનંતી કરતો રડી રહ્યો હતો. મુરુગાનંદમનો ક્રોધ જોતાં એવું જણાતું હતું કે મહેતરને પછાડીને ટીપી નાખશે. સારું થયું કે અરવિંદને જઈને તેને માર ખાતાં બચાવી લીધો.

'ચોરને કહીએ કે તું ખરું કહી દે તો તે ખરી નહિ કહે. પરંતુ ગાલ પર જોરથી બે પડતાં જ તે ખરી વાત આપોઆપ ઓકી નાંખશે. તમે વચમાં આવીને કામ બગાડી નાખ્યું. ખેર જવા દો. તે છોકરીને શોધવાનું સવારથી શરૂ કરી દઈએ.'

મેજનું ખાનું ખેંચીને અરવિંદને વસંતાનો ફોટો કાઢીને મુરુગાનંદમને આપ્યો. તે જોતાં જ મુરુગાનંદમ આશ્ચર્ય પામ્યો. તેના વદનની રેખાઓ ખીલી ઊઠી.

'સરસ ! આ રીતે જ ફસાવવા જોઈએ' મુરુગાનંદમના મોંમાંથી શબ્દો સરી પડ્યા.

આ સાંભળીને અરવિંદન નવાઈ પામ્યા, 'કેમ રે મુરુગાનંદમ ! આ ફોટામાં જે છોકરી છે, તેને ઓળખો છો ?'

'આ છોકરીને ઓળખતો નથી, પરંતુ આ ફોટાને તો બરાબર જાણું છું. જરા આમ જુઓ. કેવું કૌતુક છે...' કહેતાં તેણે એક પૈસાનું પાકીટ ખોલ્યું. તેમાં નાની સાઇઝના વસંતાના બે ફોટા, તેની સહી સાથેનો એક કાગળ અને સો સો રૂપિયાની ત્રણ નોટો પણ હતી. પૈસાના પાકીટમાં ઉપરના ખાનામાં બહાર દેખાતો કોઈ પુરુષનો એક ફોટો પણ હતો. તે ફોટો પૈસાના પાકીટવાળાનો હોવો જોઈએ. મુરુગાનંદમે પત્ર અરવિંદનને વાંચી સંભળાવ્યો.

પ્રિય મહાશય, નમસ્કાર.

અરજીનું ફોર્મ તથા શરત સાથેનો આપનો વિગતપૂર્ણ પત્ર મળ્યો. ચિત્રપટમાં નવા ચહેરાને પરિચિત કરાવવાની તથા અભિનય કલાને ઉત્તેજન આપવાની આપની આ પ્રવૃત્તિ-સેવા ભાવનાની પ્રશંસા કરું છું. મારી લગની આપ સમજ્યા છો, આ બદલ આપનો આભાર. શાળામાં ભજવાતાં નાટકો અને કૉલેજમાં સૌંદર્ય હરીફાઈમાં કેટલાંય ઇનામો મેં પ્રાપ્ત કર્યાં છે. મને ચિત્રપટમાં કામ કરવાની ખૂબ જ હોંશ છે. મારો ફોટો જોઈને પિક્ચરમાં પહેલી જ વાર કથાની મુખ્ય અભિનેત્રી તરીકે મને રાખવા માટે લખ્યું છે. આપના

આ ઉપકારનો બદલો હું કેવી રીતે ચુકાવીશ ? આપે જણાવેલી રકમ જ્યારે પણ જોઈએ ત્યારે આપવા માટે હું તૈયાર છું. આપ જ્યારે પણ અહીં આવો ત્યારે આવવાની તારીખ અને ઊતરવાનું સ્થળ મને જણાવશો. મને કવરમાં જ પત્ર લખશો. કાર્ડ લખશો નહિ. હું આપને જરૂર મળવા આવીશ. આપની

વસંતા.

પત્ર સાંભળીને અરવિંદન ઉપેક્ષાભરી દૃષ્ટિએ હસ્યો.

'પહેલાં આ માણસને શોધીને હાથકડી પહેરાવવી જોઈએ. યોજનાપૂર્વક અને ચાલાકીપૂર્ણ કાર્ય કરનાર મૂર્ખ આ પૈસાનું પાકીટ જ મારી દુકાનમાં ભૂલીને કેમ ચાલ્યો ગયો ! કાલે દુકાન વધાવતાં પહેલાં સંયોગવશાત પાકીટ ઉઘાડીને જોયું તો આ ફોટો દેખાયો. તે ફોટો યાદ રહેવાથી જ તમે આપેલા ફોટા જોતાં જ ઓળખી ગયો.'

મુરુગાનંદમની વાત સાંભળીને અરવિંદને શંકા વ્યક્ત કરી, 'આ બધું તો ઠીક. પરંતુ ફોટો અને પૈસાનું પાકીટ પરથી તે માણસની બાતમી કેવી રીતે મેળવશો ? સરનામું પણ પાકીટમાં નથી.'

બરાબર તે જ સમયે પૂરણી પ્રેસમાં આવી. તેના હાથમાં તારનું કવર હતું. કવરમાંથી તાર કાઢીને તેણે અરવિંદનને આપ્યો. તે તાર ત્રિચિથી સવાર ચાર વાગે કરવામાં આવ્યો હતો.

'પાછા આવવાનું મારી પાસે ગાડીભાડું નથી. ત્રિચિ સ્ટેશન પર છું. લેવા આવશો. અન્ય વિગતો મળ્યા પછી-વસંતા.'

તે તાર મંગલેશ્વરીઅમ્માળ પર આવ્યો હતો. પોતે વાંચ્યા પછી અરવિંદને તે તાર મુરુગાનંદમને આપ્યો.

## ૧૫

પૂરણી જે તાર લાવી હતી તે મુરુગાનંદમે પણ વાંચ્યો. અને તેની પાસે જે ફોટો અને વસંતાનો પત્ર હતો, એ તેણે પૂરણીને બતાવીને પૂરેપૂરો બનાવ સમજાવ્યો.

'ચિત્રપટમાં અભિનેત્રી બનવાની તક આપવાના બહાને તેણે ન જાણે કેટલાય લોકોની આંખમાં ધૂળ નાખીને પૈસા પડાવ્યા હશે. આ તેનું દુર્ભાગ્ય જ હતું કે મદુરૈમાં મારી પાસે કપડાં સીવડાવીને લઈ જતી વખતે

પૈસાનું પાકીટ ભૂલી ગયો. આ વખતે પકડાઈને જરૂર જેલની હવા ખાશે. જુઓ દીદી ! આ વખતે હું તેને છોડવાનો નથી. કોઈ પણ રીતે તેની માહિતી મેળવીને પકડાવીશ.' પૈસાના પાકીટમાં જે પુરુષનો ફોટો હતો તે કાઢીને પૂરણીને બતાવતાં મુરુગાનંદમે ક્રોધના આવેશમાં કહ્યું.

'હું અને માતાજી કારમાં ત્રિચિ જઈએ છીએ. માતાજીનો વિચાર છે કે તમારા બેમાંથી કોઈ એક અમારી સાથે આવે તો સારું' પૂરણીએ કહ્યું.

'મુરુગાનંદમ ! તમે આ લોકો સાથે ત્રિચિ જાવ. દુકાનની ચાવી મને આપીને જજો. દુકાનનો કોઈ માણસ આવશે, તો તેને ચાવી આપીશ' અરવિંદને કહ્યું.

અરવિંદનના આગ્રહને મુરુગાનંદમ ટાળી શક્યો નહિ. દરજીની દુકાનની ચાવી તેણે અરવિંદનને આપી.

પૂરણી અને મુરુગાનંદમને વિદાય કરીને અરવિંદન અંદર આવીને બેઠો. પાછલા દિવસની સંધ્યા પછી બનેલા બનાવો પર વિચાર કરતાં તેનું અશાંત મન વ્યથિત થયું. દુ:ખી અને ચિંતિત તેનું મન વિચારવમળમાં ગૂંથાયું હતું કે પૂરણીનો ભાઈ ખરાબ સોબતમાં પડીને આટલી હદે કેવી રીતે બગડી ગયો. પ્રેસને પાછળથી બાળી મૂકવાના આશયથી આવેલ વ્યક્તિની નીચ ઈર્ષા વિશે વિચાર કરીને તે વ્યથિત થયો. માને મુશ્કેલીમાં મૂકીને રૂપિયા લઈને પલાયન થયેલી મંગલેશ્વરીઅમ્માળની પુત્રીની વાત યાદ કરીને સહાનુભૂતિ અને દયાથી તેનું મન ભરાઈ ગયું.

ત્યાં તો અંદર કોઈના આવવાનો અવાજ સંભળાયો. મીનાક્ષીસુંદરમ આવતા હતા.

'અરવિંદન કાલ રાતે અંગ્રેજી ચિત્રપટ જોઈને પાછો ફરતો હતો. ત્યારે જોયું તો પ્રેસની બત્તી ચાલુ હતી આટલી મોડી રાતે જાગીને કામ કરે છે ?'

આનો જવાબ અરવિંદન આપે તે પહેલાં જ તેમણે કહ્યું. 'ગમે તેટલું વધારે કામ કેમ ન હોય, પણ રાતે જાગવું ઠીક નથી. કાલ રાતે ચિત્રપટ જોઈને પાછા ફરતી વખતે બત્તી બળતી જોઈને મને વિચાર આવ્યો કે કારમાંથી ઊતરીને આમ મોડી રાત સુધી જાગીને કામ કરવાની મના કરું. તમે જાગીને તમારી ઊંઘ તો ખરાબ કરો છો જ...સાથે સાથે દરજીની દુકાનવાળા તે છોકરાને પણ હેરાન કરો છો.'

'તમે બેસો તો ખરા. વિગતવાર બધી વાતો જણાવું છું.'

અરવિંદને મંગલેશ્વરીઅમ્માળ અને પૂરણીના ભાઈ વિશે મીનાક્ષીસુંદરમને કાંઈ જણાવ્યું નહિ. પરંતુ ગઈ રાતે પ્રેસની પાછળ બનેલી દુર્ઘટના વિશે જણાવીને દીવાલ ચણાવીને અને તેમાં બારણું મૂકવાની વાત પર ભાર મૂક્યો. પ્રેસની પાછળ બનેલી તે અસંભવિત વાત સાંભળીને મીનાક્ષીસુંદરમ સ્તબ્ધ થઈ ગયા. કેટલાક સમય સુધી તો તેમણે અરવિંદનને કોઈ જવાબ આપ્યો નહિ. તેમના વદન પર આશ્ચર્ય અને વ્યાકુળતાનો ભાવ સ્પષ્ટ જણાતો હતો.

'દીકરા ! મેં કોઈનું ખરાબ કર્યું નથી. વિદ્વાન પ્રોફેસરનાં પુસ્તકોની સસ્તી આવૃત્તિ પ્રકાશિત કરીને દેશમાં સુવિચારોનો પ્રચાર કરવાનું કાર્ય મારા માથે લીધું હતું. ભલા આ માટે કોઈએ મારો વિરોધ કે ઈર્ષા કરવાં જોઈએ ?' મીનાક્ષીસુંદરમ ખિન્નભાવે બોલ્યા. અને તેમણે તે જ સમયે કડિયાને બોલાવી દીવાલ ઊંચી કરીને તેમાં બારણું મૂકવાનું કામ શરૂ કરાવી દીધું.

અરવિંદને તેમની પાસેથી એક કલાકની રજા લઈને બહાર ગયો અને કુમરનને જામીન પર છોડાવીને પોતાની સાથે લઈ આવ્યો.

પાદરીઓની શાળામાં કુમરન ભણતો હતો.

કુમરનને લઈને અરવિંદન આચાર્યની પાસે ગયો. ત્યાં અરવિંદન ખુરશીમાં બેઠો અને કહ્યું, 'સાહેબ ! આપની સાથે આ છોકરા વિશે વાત કરવા આવ્યો છું. આની બહેનને સમય ન હોવાથી હું આવ્યો છું. હું આના પરિવારનો નિકટનો મિત્ર છું.'

આચાર્યે કહ્યું, 'આ છોકરા વિશે કહેવા માટે હવે શું બાકી રહ્યું છે ? જ્યાં અનુશાસન, ચારિત્ર પર ક્ષણે ક્ષણે ધ્યાન આપવામાં આવે છે ત્યાં જ જો છોકરો પથભ્રષ્ટ થઈને કુમાર્ગે ચઢ્યો તો હવે આને માટે શું કરી શકાય ? એસ.એસ.એલ.સી.ની પરીક્ષા આપવા માટે શાળામાં નિયમ મુજબ જેટલી હાજરી જોઈએ તેટલી તેની હાજરી નથી. તેથી આ વરસે તે પરીક્ષામાં બેસી નહિ શકે. પછી ફી આપવાનો કાંઈ અર્થ ખરો ? હવે તો આવતા વરસે જ તે ફરી દાખલ થઈ શકે.

અરવિંદને ઘણી વિનંતી કરી પણ તે બધી ફોગટ ગઈ.

અરવિંદન કુમરનને લઈને બહાર આવ્યો. 'ભાઈ, જોયુંને ? તારી મૂર્ખામીને લીધે શાળાના તારા શિક્ષણ સામે મીંડું મુકાઈ ગયું.'

આ શબ્દો કુમરને સાંભળ્યા. તે ચુપચાપ નત મસ્તકે પૂતળાની જેમ અરવિંદનની સાથે ચાલતો હતો.

અરવિંદન એક વાત પર મક્કમ હતો. કોઈ પણ રીતે આ છોકરાને સન્માર્ગે લાવવો છે. થોડો સમય પ્રેસમાં મારી જ દેખરેખ નીચે કામ કરવા રાખું તો જ આને રસ્તા પર લાવી શકાય.

શાળાએથી પ્રેસમાં આવતાં જ તેણે કુમરનને બાઇન્ડિંગ વિભાગની પાસે બેસીને ફરમા વાળવાનું કહ્યું. અને પ્રેસના ફોરમૅનને પણ તેનું ધ્યાન રાખવાનું કહ્યું.

'ભાઈ ! મને પૂછ્યા વગર ક્યાંય બહાર ન જઈશ. દિલ દઈને કામ કરજે' અરવિંદને કુમરનને કહ્યું.

પ્રેસમાં બધે ફરીને, બધું નિહાર્યા પછી આવીને મીનાક્ષીસુંદરમે અરવિંદનને કહ્યું, 'આ શું ? પ્રોફેસર અલગિયનો છોકરો અહીં ફરમા વાળવાનું કામ કરે છે ? ફોરમૅનને પૂછવાથી ખબર પડી કે તમે તેને ફરમા વાળવા બેસાડ્યો છે.'

અરવિંદનને તેમને બધી વાત વિગતવાર જણાવી.

'બિચારો...તેમનો દીકરો આવો નીકળ્યો !' મીનાક્ષીસુંદરમે દુઃખ વ્યક્ત કર્યું.

પ્રવાસથી થાકી લોથપોથ મુરુગાનંદમ પરસેવાથી રેબઝેબ થઈને બપોરે બારેક વાગે આવ્યો. અરવિંદન તેને કાંઈ પૂછે એ પહેલાં જ મુરુગાનંદમે કહેવું શરૂ કર્યું, 'અરવિંદન ! મેં કહ્યું હતું એમ જ થયું. વસંતાને દગો દેનાર ત્રિચિ વિશ્રામગૃહમાં તેને થોભવાનું કહીને અને શહેરમાં એક માણસને મળી આવું તે પછી બીજી એક્સપ્રેસ ટ્રેનમાં જવાનું આશ્વાસન આપીને ગયો તે ગયો. પાછો ફર્યો જ નહિ. તેણે પહેલેથી જ પટાવીને પૈસા લઈ લીધા હતા. સવારે ચાર વાગ્યા સુધી રાહ જોયા પછી વસંતાને ખ્યાલ આવી ગયો કે પોતાની સાથે દગો રમાયો છે. પછી તેણે તેની પાસે જે પરચૂરણ હતું તેમાંથી તાર કર્યો. તે માણસ એ જ છે જે મારી દુકાનમાં પાકીટ ભૂલી ગયો છે. જે ફોટો મારી પાસે હતો તે તેને બતાવતાં તે ઓળખી ગઈ હતી.'

અરવિંદને તેને પૂછ્યું, 'અત્યારે તે લોકો ક્યાં છે ? કારમાં જ પાછાં આવ્યાં છે ?'

'બિચારી ! તે છોકરી ! પિક્ચરમાં કામ કરવાના પ્રલોભનમાં દગાનો ભોગ બની ગઈ. હવે તે ડૂસકે ને ડૂસકે રડે છે. બધાં માતાજીને ત્યાં જ છે.' મુરુગાનંદમની વાત સાંભળ્યા પછી અરવિંદનને એક સંદેહ ઉત્પન્ન થયો. આ વિશે અરવિંદને તેને પૂછ્યું.

'બે હજાર રૂપિયા ઠગાવા સિવાય બીજી કોઈ ઝંઝટ તો થઈ નથી ને ?'

'ના !'

આ જવાબ સાંભળ્યા પછી અરવિંદનને શાંતિ થઈ.

ત્યારબાદ મુરુગાનંદમ તેની દુકાને ગયો. તેના ગયા પછી અરવિંદન મંગલેશ્વરીઅમ્માળને ત્યાં ગયો.

આ બનાવ બન્યાને પંદર દિવસ પછી મુરુગાનંદમ દુકાનમાં કોઈના કોટનું માપ લેતો હતો ત્યારે તેને 'એ દરજીડા ! અરે તને તો' અધિકાર અને અહંકારયુક્ત શબ્દો સંભળાયા. મુરુગાનંદમે ફરીને જોયું. આંખો સમક્ષ તે જ ચહેરો ખડો થઈ ગયો. દિલમાં તો તેના પર અનહદ ગુસ્સો આવ્યો. પરંતુ ચહેરા પર બનાવટી હાસ્ય લાવી તેણે આગંતુકને આવકાર આપતાં કહ્યું, 'આવો મહાશય ! આપનું જ પાકીટ છેને તે સુરક્ષિત છે. ત્રણસો રૂપિયા ભૂલીને તમે પંદર દિવસ શાંત રહ્યા ? અરે ભાઈ ! તમારા જેવા બહાર ઊભા રહે તે બરાબર કહેવાય ! અંદર આવીને બેસો. આપ કેટલા મોટા સિને ડાયરેક્ટર છો, આની તો મને પછીથી જ ખબર પડી...અરે છોકરા ! દોડતો જઈને આમને માટે કૉફી લઈ આવ. આ તો ઘણા મોટા સિને-ડાયરેક્ટર છે !' વ્યંગમાં સ્વાગત કરી મુરુગાનંદમે તેને અંદર બેસાડ્યો. આવા અપૂર્વ સ્વાગતથી આગંતુક સહેજ ગભરાયો.

'પાકીટ કાઢો, મને સમય નથી...જલદી જવું છે' આગંતુકે ઉતાવળ કરી.

'આપને હંમેશાં ઉતાવળ હોય છે. મહાશય ! આટલા દિવસો સુધી પાકીટ રાખ્યું છે તો તે વ્યાજ સાથે પાછું આપીશ મહાશય !' અને ચહેરો કઠોર કરીને મુરુગાનંદમે કહ્યું, 'ધૂર્ત, બેઈમાન, કૂતરા !' કહેતાં કહેતાંમાં તો તેણે ક્રોધના આવેશમાં તે માણસને ગંજી સાથે ખમીશ પકડીને ઊભો કરી દીધો.

# ૧૬

મુરુગાનંદમે કમરેથી ચામડાનો પટો કાઢીને તે માણસની બરાબર ધોલાઈ કરી. ત્યાં લોકો ભેગા થઈ ગયા. નસીબજોગે અરવિંદન કોઈ કાર્ય માટે ત્યાં આવી પહોંચ્યો. જો તેણે વચ્ચે પડીને રોક્યો ન હોત તો મુરુગાનંદમનો ક્રોધ ક્યાં પહોંચ્યો હોત તે કહી શકાય નહિ.

'આઘા ખસો ! આવા દગાબાજને એમ ને એમ ન જ જવા દેવાય.' અરવિંદનને કહ્યા પછી મુરુગાનંદમે તે માણસને પૂછપરછ શરૂ કરી. 'કેમ બે ! પિક્ચરમાં અભિનેત્રીનું કામ અપાવવાની લાલચ આપીને કેટલા લોકો પાસેથી રૂપિયા પડાવ્યા છે ?'

બહાર એકત્ર થયેલી મેદનીમાંથી કેટલાક માણસોએ પણ અરવિંદનની સાથે મુરુગાનંદમને સમજાવીને તેનો ગુસ્સો શાંત પાડવા પ્રયત્ન કર્યો. પરંતુ તેનો ગુસ્સો એ માણસને પોલીસને સોંપીને એને હથકડી પહેરાવી ત્યારે જ શાંત થયો.

ચારપાંચ વરસથી તે માણસે જુદાં જુદાં નામો ધારણ કરીને આ પ્રકારે કેટલાંય શહેરના માણસોને ફસાવ્યા હતા. પોલીસ પણ તેને શોધી રહી હતી.

આ બનાવ પછી પૂરણીએ મંગલેશ્વરીઅમ્માળને કહ્યું, 'વસંતામાં ચારિત્રની નબળાઈ છે. તેના મનની દૃઢતા અંગે પણ મને સંદેહ છે. હું તો માનું છું કે તેનાં લગ્ન કરવામાં આવે તો તે સુધરી જશે. તેને સન્માર્ગે લાવવાનો આ જ એક માત્ર ઉપાય છે. તમે સહેજ પણ ખમચાયા વગર તેનાં લગ્ન પતાવી નાખો.'

'તમારું કહેવું બરાબર છે અને મને પણ એવું જ લાગે છે. પરંતુ લગ્નનો વિચાર કરતાં જ લગ્ન થઈ જાય એવું થોડું છે.' ચિંતાગ્રસ્ત મંગલેશ્વરીઅમ્માળે કહ્યું, 'સારું ઠેકાણું જોઈને લગ્ન કરાયને ?'

માતાજીની સ્થિતિ પરથી પૂરણીને એક વાતનો ખ્યાલ આવ્યો. ભલે ઘરબાર, કાર, સંપત્તિ, યશ વગેરે બધું જ હોય, પરંતુ મનની શાંતિ ન હોય તો શાંતિ રહેતી નથી. વસંતા પહેલાં અહંકારથી વાત કરતી હતી. પરંતુ હવે તેના વર્તનમાં પરિવર્તન આવી ગયું હતું. તે ચુપચાપ તેના

ખંડમાં પડી રહેતી હતી. જાણે તેનો નવો જન્મ થયો ન હોય ! તેનું કૉલેજમાં જવું બંધ થઈ ગયું હતું. મહિલા સંઘમાં જતાં પહેલાં પૂરણી એક વાર અહીં આવતી હતી.

ઈશ્વર પ્રદત્ત માનવના છ રસ કરતાં અધિક રસપ્રદ એવા સાતમા રસની માનવે પોતે શોધ કરી છે અને તે છે - નિંદારસ...પરનિંદારસ. મહિલા સંઘમાં કેટલાંકને આમાં ખૂબ રસ હતો. એક દિવસની વાત છે. વર્ગ પૂરો થતાં જ કેટલીક મહિલાઓએ મંગલેશ્વરીઅમ્માળની મોટી દીકરી પર વ્યંગ કરીને પૂરણીને પ્રશ્ન કર્યો. આ બધાં પૂરણી પાસે ભણવા આવતાં હતાં. પ્રશ્ન કરનારામાંની કેટલીક તો તેની સમવયસ્ક હતી. તો કેટલીક મોટી ઉંમરની હતી. છતાં પૂરણીએ તેમને સખત શબ્દોમાં કહ્યું, 'અહીં મને તમિળ ભણવવાનો પગાર આપવામાં આવે છે. વ્યર્થ વાતોમાં સમય ગુમાવવા માટે નહિ. મહેરબાની કરીને પાઠ્ય વિષય સંબંધી જ મને પ્રશ્ન પૂછો તે ઇષ્ટનીય છે.'

પૂરણીનો આ જવાબ સાંભળીને બધાંનાં મોં પડી ગયાં. તેઓમાંની કેટલીક તો તેનાથી વયમાં મોટી, આર્થિક રીતે સાધનસંપન્ન અને દેખાવમાં તેના કરતાં ક્યાંય અધિક સુંદર હતી. જો તેઓ ધારે તો એને કામ પરથી છૂટી કરાવી શકતી હતી. પરંતુ ન જાણે પૂરણીમાં એવી કઈ અપૂર્વ પવિત્રતાયુક્ત ગંભીરતા હતી જે જોઈને હલકા વિચાર તેમને આવતા ન હતા. તે વદન, તે આંખો, વિલક્ષણ ભાષણ આદિએ એમનાં હૃદયમાં પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. વસંતાને ત્રિચિ લેવા જતી વખતે અરવિંદને કહેલી વાત તેને સ્પર્શી ગઈ હતી. તમે તમિળ પ્રદેશની નારીઓના ગૌરવ વિશે મહિલા સંઘમાં દરરોજ ભાષણ કરો છો. પરંતુ એથી લાભ શો ? બગડનાર તો બગડે જ છે. મજાકમાં કહેલી આ વાતને તેણે એક પડકાર તરીકે સ્વીકારી લીધી હતી. તે બુદ્ધિશાળી, હોશિયાર અને કાર્યદક્ષ હોવાથી તેને એક આંતરિક પ્રેરણા મળી. પોતાની આસપાસની દુનિયા માટે કંઈક કરો. કોઈ ઉન્નત કાર્ય કરો. પોતાને અને પોતાના વિચારોને એક આંદોલનનું સ્વરૂપ આપો. આવા ઉચ્ચ પવિત્ર, ભાવોની તેનામાં વૃદ્ધિ થઈ. જ્ઞાનવૃદ્ધિની સાથે જ તેનું વદન અપૂર્વ તેજથી ચમકતું થયું. તેણે મહિલા સંઘમાં વર્ગ લેવા શરૂ કર્યા ત્યારે થોડા જ લોકો પૂરણીને જાણતા હતા. પરંતુ અત્યારે સમગ્ર નગર

તેનાથી પરિચિત છે. આસપાસનાં શહેરોમાં પણ બધાં તેના નામથી પરિચિત થઈ ગયાં હતાં.

નજીકનાં ગામોમાં ભાષણ કરવા જતી વખતે મંગલેશ્વરીઅમ્માળ અને મીનાક્ષીસુંદરમ તેને મદદ કરતાં. મુરુગાનંદમે તો તેને બીજા જ પ્રકારે મદદ કરી. તે મજૂરવાસોમાં અવારનવાર તેના તમિળ વ્યાખ્યાનો ગોઠવીને હજારો ગરીબને તે તમિળ કન્યા પ્રત્યે સ્નેહભાવ ઉત્પન્ન કરવામાં સહયોગ અને પ્રેરણા આપતો.

હવે જીવનમાં મહત્ત્વપૂર્ણ વળાંક પર પોતે ઝડપી ગતિએ વધતી હોય એવી તેને પ્રતીતિ થઈ. પોતાના હાથે એક સદાચારી, ધાર્મિક અને સભ્ય સમાજનું નિર્માણ થાય એવી તીવ્ર લાલસા તેના મનમાં દિન-પ્રતિદિન વધતી રહી. વિશાળ મદુરૈ નગરમાં તે પોતાનું મહત્ત્વ જાણે એ માટે અરવિંદન અને મુરુગાનંદમે તેને એક અવસર પ્રદાન કર્યો.

તે વરસે નવેમ્બર મહિનામાં મદુરૈમાં ધોધમાર વરસાદ પડ્યો. બસસ્ટૅન્ડની દક્ષિણે ઢોળાવ પર આવેલી હરિજનોની ઝૂંપડીઓ પડી ગઈ. રહેવા માટે ક્યાંય કોઈ સ્થળ ન મળતાં તેઓ ફૂટપાથ પર રહીને હેરાન-પરેશાન થતા હતા. અરવિંદન, મુરુગાનંદમ અને બીજા ઉત્સાહી યુવકો ગરીબોને આર્થિક મદદ કરવા આગળ આવ્યા. તેઓ પરસ્પર ચર્ચા કરીને એક નિર્ણય પર આવ્યા અને પૂરણીને ત્યાં ગયા. તેમની વાત સાંભળ્યા પછી પૂરણીએ પ્રસન્નવદને કહ્યું, 'મારાથી શક્ય મદદ કરવા હું હંમેશાં તૈયાર છું.' અને કબાટ ઉઘાડીને ગરીબી વખતે વેચતાં વધેલી સોનાની બંગડીઓ લઈ આવી. 'લો, તમે આનો સારા કામમાં ઉપયોગ કરો.' અને તેણે તે બંગડીઓ અરવિંદનના હાથમાં આપી.

અરવિંદન હસ્યો. તેણે બંગડીઓ પાછી આપી.

'તમારી પાસે અમે આથી પણ મોટી આશા રાખીએ છીએ. મુરુગાનંદમને પૂછી જુઓ. તે જણાવશે.'

'શી વાત છે ?' જિજ્ઞાસાવશ પૂરણીએ મુરુગાનંદમ તરફ જોયું.

'દીદી ! અમે પૂર્ણ વિશ્વાસ સાથે આવ્યા છીએ કે તમે અમારી યોજનામાં સહકાર આપશો. આવતા રવિવારે સવારે દશથી એક સુધી એક થિયેટર ભાડે રાખ્યું છે. દશ, પાંચ, ત્રણ, બે અને એક રૂપિયાની

ટિકિટ વેચવાનું નક્કી કર્યું છે. કોઈ એક વિષય પર અઢી કલાક ભાષણ કરવાનું છે, દીદી !'

'તમે બધા મજાક કરો છો કે શું ? આ કાંઈ નાટક કે ચિત્રપટ છે ? કે સંગીતસભા છે ? ભાષણ સાંભળવા માટે કોઈ ટિકિટ ખરીદે ખરું ? થિયેટરનું ભાડું માથે પડવાનો સમય ન આવે ! આ વ્યર્થ વિચાર પડતો મૂકીને બીજું કાંઈ વિચારો' પૂરણીએ સહેજ નારાજ થઈને કહ્યું.

'તમને તમારી શક્તિનો ખ્યાલ નથી દીદી ! ટિકિટ વેચાશે કે નહિ વેચાય એ ચિંતા તમે શા માટે કરો છો ? ફક્ત તમે તમારી સંમતિ આપો, આ જ પૂરતું છે. બાકીનું અમે સંભાળી લઈશું.'

પૂરણીએ કચવાતા મને સ્વીકૃતિ આપી. સ્વીકાર કરવા સિવાય તેની પાસે બીજો કોઈ રસ્તો ન હતો. આટલી મોટી સંખ્યામાં માણસો આવશે અને સારી રકમ ભેગી થશે એ અંગે હજી પણ તેને સંદેહ હતો.

અરવિંદન, મુરુગાનંદમ અને અન્ય મિત્રો ઉત્સાહપૂર્વક ટિકિટ વેચવામાં પડી ગયા. 'બેઘર ગરીબ જનતાના પુનર્વસવાટના રાહત ફાળા માટે પૂરણીનું ભાષણ' આવાં મથાળાંથી મોટાં મોટાં પોસ્ટરો છપાવી સડકો અને દીવાલ પર ચોંઢ્યાં. 'મારામાં આટલી શક્તિ છે ? હું આવી જાહેરાતને યોગ્ય છું ?' વિચારી પૂરણી શરમ અને સંકોચ અનુભવતી હતી.

ગુરુવારની સાંજે મુરુગાનંદમે પૂરણીને પ્રસન્નતાપૂર્વક મોટાભાગની ટિકિટો વેચાયાનું જણાવતાં કહ્યું. 'અને એક આશ્ચર્યભરી વાત છે, દીદી. અમે મંગલેશ્વરીઅમ્માળને દશ દશ રૂપિયાની ત્રણ ટિકિટો આપી. તેઓ તે લઈને કાંઈ બોલ્યા વગર અંદર ગયાં. અને થોડી વાર એક લખેલો ચેક લઈને આવ્યાં. હું તો ચેક વાંચીને આશ્ચર્યચકિત થઈ ગયો. તે એક હજાર રૂપિયાનો ચેક હતો. ટિકિટના ત્રીસ રૂપિયા આપ્યા તે જુદા. તેમણે અમને કહ્યું કે તમે તમારા ભંડોળની યાદીમાં માત્ર આટલું જ લખજો : એક મિત્ર તરફથી એક હજાર રૂપિયા. નામ લખશો નહિ.'

આ સાંભળીને પૂરણી અત્યંત પ્રસન્ન થઈ.

'તમે કયા વિષય પર બોલશો, એની સૂચના સમાચારપત્રમાં આપવાની છે, દીદી !' મુરુગાનંદમે કહ્યું.

થોડો વિચાર કરીને પૂરણીએ એક નાના કાગળ પર 'કવિઓએ ન જોયેલું નારીત્વ' લખીને તેના હાથમાં આપ્યો.

'કવિઓએ ન જોયેલું નારીત્વ' પર તેને રવિવારે બોલવાનું હતું. પરંતુ વિચારોને શૃંખલાબદ્ધ કરતી તેની માનસિક એકાગ્રતા વ્યથા અને થાકને લીધે તૂટી ગઈ. અને તે તદ્દન ઢીલી થઈ ગઈ.

રવિવારે સવારના દશ વાગ્યા છે. થિયેટરમાં મહિલાઓ એકત્ર થઈ હતી. પૂરણી બોલવા માટે ઊભી થઈ. અરવિંદને ગુલાબનો એક હાર ચેલ્લમને આપીને પૂરણીને પહેરાવા માટે કહ્યું. બંગડીઓના ખખડાટયુક્ત તાલીઓના ગડગડાટથી સમસ્ત થિયેટર ગાજી ઊઠ્યું. સભામાં શાંતિ પથરાઈ. પૂરણીએ બોલવું શરૂ કર્યું.

'ગરીબોનો રાહત ફાળો ઉઘરાવવા માટે આ સભા બોલાવવામાં આવી છે. દુ:ખી અને પીડિત લોકોને સહાય કરવી એ આપણી પરમ ફરજ છે. વલ્લુવરે પણ કહ્યું છે : "દુ:ખથી રુદન કરનારાઓનાં આંસુ દુનિયાને નષ્ટ કરનારી સેના જેવાં છે." બીજાઓને રોવડાવી દુ:ખી કરનારને ક્યારેક પોતે દુ:ખી થઈને રોવાનો સમય આવશે. આપ બધાંએ રાહત ફાળામાં મદદ કરીને જે ઉદારતાનો પરિચય આપ્યો એથી હું ગૌરવ અનુભવું છું.'

આટલી ભૂમિકા રચીને તે ભાષણના વિષય પર આવી. મધુધારા સમાન આરોહ-અવરોહની સાથે તેનો સ્વર પણ આરોહ-અવરોહ સાથે પ્રવાહિત થઈ રહ્યો હતો...બોલતાં બોલતાં વચમાં તે ભાવાવેશમાં આવી જતી હતી. એક જ રાગના આરોહ-અવરોહ સાથે વિસ્તારથી ગાનારા શ્રેષ્ઠ સંગીતજ્ઞની જેમ તેનું ભાષણ પણ આરોહ-અવરોહ સાથે આગળ વધી રહ્યું હતું. થિયેટરમાં પરમ શાંતિ પ્રસરેલી હતી. 'વિશ્વમાં કવિઓએ પોતપોતાના કાવ્યમાં નાયિકાના સ્વરૂપમાં અનેક નારીઓનું ચયન કર્યું છે. પરંતુ કાવ્યની નારીઓ કમળચિત્ર સરીખી વિના કરમાયેલી, વિના ચીમડાયેલી ચીતરવામાં આવી છે. યથાર્થ જીવનમાં નારીઓ અનેક કષ્ટો સહન કરે છે. અનેક સમસ્યાઓનો સામનો કરે છે. કણ્ણગી*, શકુંતલા, સીતાનાં કષ્ટોને કાવ્યોમાં 'ભાગ્ય'ના નામે ભંડારી દેવામાં આવ્યાં છે. પરંતુ આજે આપણે આપણા જીવનમાં જન્મદાયિની માને સડકો પર તેમનાં સંતાનને વેચતાં, આપણે જોતાં નથી ? નારીઓનું જીવન તો કમળ સમાન કરમાનારું-ચીમડાનારું છે. કવિઓએ તેમનું સદા બહાર, વસંત જેવું વર્ણન કરીને દગો દીધો છે, નિરાશ કરી છે. દુ:ખોની વચમાં જ અમે રહીને જીવીએ છીએ.

* સંઘોત્તર કાળની રચના 'શિલપ્પદિકારમ'નું એક મુખ્ય પાત્ર.

આ બધું સમાપ્ત કરવું પડશે....!' અચાનક તેના બોલવામાં અવરોધ આવ્યો. તેની આંખની કીકી ફિક્કી પડી ગઈ. તેણે છાતી પર હાથ મૂક્યો ને એટલા તો જોરથી ખાંસી આવી કે તે જોઈને એક વખત તો થઈ ગયું કે તેનું હૃદય ફાટી પડશે. કમળ સરીખા તેના જમણા હાથે ખાંસતા મોંને ઢાંકી દીધો. જ્યારે તેની હથેળી જોઈ તો તેના પર લોહીનાં બે ટીપાં ચમકી રહ્યાં હતાં. એટલામાં મુરુગાનંદમ સોડાની બૉટલ ખોલીને લઈ આવ્યો.

# ૧૭

પૂરણીની આંખો સામે અંધારું છવાઈ રહ્યું હતું. તે ભાન ગુમાવતી જતી હતી. પેટના નીચેના ભાગથી તે કંઠ સુધી જાણે કોઈ છરી-ખાંડી રહ્યું હોય તેવું તેના પેટમાં અજબ દરદ થતું હતું. ક્ષીણ સાદે 'મા' બોલી તેણે ધીરેથી મંચ પર જ પાછળ મૂકેલી નેતરની ખુરશીમાં જઈ ટેકો લીધો. ખીલ્યાને બે દિવસ પછી જ કરમાઈને હવામાં ઊડી જનારી કમળની પાંખડીઓની જેમ તેની સ્મૃતિ પણ ધીમે ધીમે વીખરાઈને સમાપ્ત થતી જતી હતી. તેના મોંમાંથી નીકળેલો શબ્દ 'મા' થિયેટરની સમસ્ત દિશામાં પ્રતિધ્વનિત થઈ રહ્યો હતો. ખુરશી પર ફેંકેલા હારની જેમ કરમાઈને તે ખુરશી પર જઈને પડી. હવે તે સ્વપ્નલોકમાં હતી.

અસહ્ય વ્યથાથી જ્યારે હૃદય વ્યાકુળ થાય છે ત્યારે સર્વ પ્રથમ બોલાતો શબ્દ 'મા' જ છે ! 'મા' શબ્દમાં અમૃત છે. દુઃખ સહન કરવાની શક્તિએ જ જાણે આ શબ્દને મૂર્તરૂપ પ્રદાન કર્યું છે. આ અલૌકિક શબ્દ છે. આ મૂર્ચ્છિત અવસ્થામાં પૂરણી અચાનક સ્વયં શિશુના જેવા અનુભવ કરે છે. વધુ પડતો નીચો, લટકતો રેશમી ચણિયો પહેરીને આનંદથી ઊછળતી-કૂદતી નાની ચકલીની જેમ પોતાની માના ખોળામાં બેઠી છે. તેની મા તેના માથામાં તેલ નાખી, વાળ ઓળી, વેણી ગૂંથે છે. તે વખતે તેના બાપુજી કૉલેજમાંથી ઘેર આવે છે. પૂરણી પોતાની વિશાળ પ્રસન્ન આંખોથી બાપુજીને જુએ છે.

હસતાં હસતાં બાપુજી માને કહે છે, 'તું જોજે. હું જે કહી રહ્યો છું તે તું ભવિષ્યમાં તારી આંખે જોઈશ. તારી દીકરીની આંખો અત્યંત વિલક્ષણ છે, પરિપૂર્ણ છે. તે પોતાની આ આંખોથી પોતાની આસપાસના લોકો પર રાજ્ય કરશે. દૈવી તેજવાળી આંખો આવી જ હોય છે.' મા

હસીને તેને નીરખતાં કહે છે, 'કદાચ નજર ન લાગી જાય, લાગે છે કે દીકરીને તમારી જ નજર લાગશે.'

'કોઈની પણ નજર આનું કાંઈ બગાડી નહિ શકે. તમે ચિંતા ન કરો. દોષ અને અપવિત્રતાને આની દૃષ્ટિ જ નષ્ટ કરશે.' પૂરણીને માની ગોદમાંથી લઈને બાપુજી પોતાની છાતીએ વળગાડે છે. મા અને બાપુજી અંતર્ધાન થઈ જાય છે. સ્વપ્નદૃશ્ય બદલાઈ જાય છે.

અહા ! કોઈ ગાંધર્વ કન્યા તેના વદન પર અમૃતવર્ષા કરી રહી છે !

મુરુગાનંદમ સોડા બૉટલ ખોલે તે પહેલાં જ પૂરણી બેભાન થઈને ખુરશી પર ઢળી પડી. આ જોઈને મુરુગાનંદમ સોડા વૉટરના છાંટા તેના વદન પર છાંટવા લાગ્યા. રંગબેરંગી પુષ્પો બિછાવ્યાં હોય તેમ વિવિધ વર્ણની વેશભૂષા ધારણ કરેલી મહિલાઓ મંચને ઘેરીની ઊભી રહી. પૂરણીએ આંખો ઉઘાડી જોયું. તેનો શ્વાસ જોરથી ચાલી રહ્યો હતો. દરદની અસર વદન પર સ્પષ્ટ જણાતી હતી. તેની આંખો ઊઘડીને મીંચાઈ જતી હતી.

'શું થયું ? સારી નરવી ઊભી હતી. ન જાણે કોઈ દુષ્ટની નજર લાગી' મંચની નજીક ઊભેલી એક વૃદ્ધા સહાનુભૂતિ દર્શાવતી કોઈને કહેતી હતી.

બધાંની દૃષ્ટિ ખુરશીને ટેકવીને બેઠેલી પૂરણી પર મંડાઈ હતી. અનેક લોકોની વાતો કરવાના અવાજો અર્ધચેતનાવસ્થામાં પણ સંભળાતા હતા.

'સાંભળ્યું છે, દશ હજારથી વધુ રૂપિયા એકઠા થયા છે. ગરીબોની ઝૂંપડીઓ બાંધવા સહાય ફાળામાં આ છોકરીના ભાષણથી એકત્ર થયા છે. કેવું વક્તૃત્વ છે ! કેવું શબ્દચાતુર્ય છે ! કેટલું સરસ બોલે છે !'

ધીરે ધીરે પૂરણી ભાનમાં આવી. શરીરમાં થોડું હલનચલન થવા માંડ્યું. લથડતી તે ઊભી થઈ. સંપૂર્ણ ભાનમાં આવ્યા પછી થિયેટરની બહાર ઊભેલી કારની પાસે તેને લઈ જવામાં આવી. અરવિંદન આશંકા માત્રથી ફફડી ઊઠ્યો હતો. ડૉક્ટરે આશ્વાસન આપ્યું ત્યાં સુધી અરવિંદન અને મુરુગાનંદમ બંનેમાંથી એકેને હોશ ન હતા. ચેલ્લમે ત્વરિત પગલે જઈને આ ખબર માને જણાવી. ગભરાતાં મંગલેશ્વરીઅમ્માળ ત્વરિત

ગતિએ ત્યાં આવી પહોંચ્યાં. મીનાક્ષીસુંદરમ આ સમાચાર સાંભળતાંની સાથે જ દોડતા આવી પહોંચ્યા. 'પૂરણી ભાષણ કરતાં કરતાં બેભાન થઈને પડી ગઈ.' આ સમાચાર બધે પ્રસરી ગયા. સંબંધન અને વલ્લી જેઓ ઘેર હતાં તેઓએ આ સમાચાર સાંભળતાં જ રોકકળ કરી મૂકી.

વૃદ્ધ ભજનિકદાદાએ બંનેને સમજાવીને શાંત પાડ્યાં. કુમરન પ્રેસમાંથી સીધો ડૉકટરને ત્યાં ગયો હતો.

ડૉકટરે કહ્યું : ગભરાવા જેવું કાંઈ નથી. સતત દરરોજ બે-ત્રણ ભાષણ કરવાથી શરીર પર અસર થઈ છે. મારી સલાહ છે કે ઓછામાં ઓછા છ મહિના કોઈ આરોગ્યપ્રદ સ્થળે જઈ, સંપૂર્ણ વિશ્રામ કરે, પથ્ય ખોરાક લે અને પ્રસન્ન વાતાવરણમાં રહે. આ કરવામાં સહેજ પણ વિલંબ કરશો નહિ.

અરવિંદન પણ ડૉકટરની આ વાત સાથે સહમત હતો. એક વરસથી પૂરણીએ ક્યારેક મદુરૈમાં તો ક્યારેક આસપાસનાં નાનાં નાનાં ગામડાંઓમાં ફરી ફરીને ભાષણો કર્યાં હતાં. ન તો સમયસર ખાતી હતી કે ન તો પૂરતી ઊંઘ લેતી હતી. ભાષણ કરવા ઉપરાંત સામાજિક સેવાનાં કાર્યો માટે પણ રખડવું પડતું હતું. આવાં કાર્યોમાં પૂરણી અરવિંદનથી આગળ નીકળી ગઈ હતી.

મંગલેશ્વરીઅમ્માળે કહ્યું : 'કોડૈઈક્કેનાલમાં અમારો બંગલો છે. અત્યારે તે ખાલી છે. પૂરણી ત્યાં છ મહિના તો શું એક વરસ ઇચ્છે તો રહી શકે છે. સ્થળ આરોગ્યવર્ધક છે, તેને ત્યાં સારું લાગશે.'

અરવિંદને હસતાં હસતાં પૂછ્યું, 'પૂરણી ઊંચા સ્થાન પર રહે - આ જ તમારી ઇચ્છા છે ને ?'

'હંમેશાં ઊંચા સ્થાન પર રહેવાને યોગ્ય તો છે જ.' શ્લેષાર્થમાં જ મંગલેશ્વરીઅમ્માળે જવાબ આપ્યો. અને પૂરણીનાં ભાઈબહેનનો પણ ભાર પોતાને માથે લેવા પણ તૈયારી બતાવી. જ્યારે આ વ્યવસ્થાની જાણ પૂરણીને કરી ત્યારે તેણે કહ્યું : 'હું તમને બધાંને તકલીફ આપતી આવી છું. જ્યારે હું તો તમને કોઈ સહાય કરી શકી નથી. તમારી પાસેથી હું અધિકાધિક સહાય લેતી રહી છું. હું બીમાર પડી ગઈ...' ગળું ખરાબ હોવાને કારણે શિથિલ અને તૂટક સાદે તે બોલી રહી હતી.

બેત્રણ દિવસમાં તેનો દેખાવ બદલાઈ ગયો અને અવાજ મંદ થઈ ગયો. તેની સુંદર આંખો નીચે કાળાં કૂંડાળાં થઈ ગયાં. સહેજ બોલવા જાય તે પહેલાં તો તેને ખાંસી આવતી.

'જ્યારે તે ભાષણ અને સામાજિક સેવા કરવા એક ગામડેથી બીજે ગામડે ફરવામાં પાછું વળીને જોતી ન હતી ત્યારે મેં તેને કેમ અટકાવી નહિ ?' આ વિચાર આવતાં અરવિંદનને પશ્ચાત્તાપ થયો.

બુધવારે પૂરણીને કોડૈઈક્કેનાલ લઈ જવાનું નક્કી થયું. હવે પ્રશ્ન ઊઠ્યો કે તેની સાથે તેની સહાયમાં કોણ રહે ?

મંગલેશ્વરીઅમ્માળે કહ્યું : 'મારી મોટી દીકરી શરમની મારી બહાર પણ નીકળતી નથી. કાંઈ પૂછું તો મને જવાબ પણ આપતી નથી. મારી સાથે બોલતી પણ નથી. છાનીમાની રડ્યા કરે છે. મારો વિશ્વાસ છે કે જો તે તારી સાથે રહેશે તો કદાચ બદલાઈ જાય. તેને તારી સાથે મોકલું ? તારી સાથે આવવા માટે તે તૈયાર પણ થશે.'

મુરુગાનંદમે મજાકમાં કહ્યું, 'એક દરદીને બીજા દરદી સાથે મોકલવો ઉચિત છે, માતાજી ?'

મંગલેશ્વરીઅમ્માળે વસંતા ઉપરાંત રસોઈ કરવા માટે પૂરણીની સાથે રસોઇયણને મોકલવાની વ્યવસ્થા કરી.

'દીદી ! અમને બધાંને છોડીને તમે એકલાં જાવ છો ?' જતી વખતે પૂરણીના પગ પકડીને વલ્લી રોવા લાગી. નાનો ભાઈ સંબંધન સજળ નેત્રે ત્યાં ઊભો રહ્યો.

'જતી વખતે આમ ન રોવાય દીકરી ! અમારે ત્યાં તને કોઈ વાતની કમી નહિ પડે' કહી મંગલેશ્વરીઅમ્માળે તેને પોતાની છાતીએ વળગાડી.

કારમાં બેસતાં પહેલાં અરવિંદને પૂરણીને કહ્યું : 'નવું સ્થળ છે, સંકોચ ન રાખશો, શાંતિથી આરામ કરજો. બનશે તો આવતા મહિને હું અને મુરુગાનંદમ ત્યાં મળવા આવીશું. જતાં જ પહોંચ્યાનો પત્ર લખજો. પૈસાની જરૂર પડે તો એક લીટી લખી જણાવજો.'

મુરુગાનંદમે વિદાય આપવાની મુદ્રામાં હાથ જોડીને કહ્યું : 'દીદી ! તબિયતનો ખ્યાલ રાખજો.'

પૂરણી, વસંતા અને રસોઇયણ ત્રણે કોડૈક્કેનાલ જવા રવાના થયાં.

તેમને કોડૈક્કેનાલ મૂકી આવવા માટે મંગલેશ્વરીઅમ્માળે ડ્રાઇવરને પણ સાથે મોકલ્યો.

પર્વત પર ચઢતાં પહેલાં સડકની પાસે નદીકિનારે બાગમાં ભોજન કરી તેઓ આગળ વધ્યાં.

વાંકાચૂંકા વળાંક લઈને ધીમેથી સરકતા સાપ જેવા પર્વત ઉપર જતા રસ્તા પર કાર સડસડાટ જતી હતી. પ્રેક્ષકના અભાવે, સ્વેચ્છાએ અનામત રહેલી સડકોની બંને તરફ અનંત પ્રાકૃતિક સંપત્તિનાં દશ્યોનું અપાર સૌંદર્ય, નીચે અતલપાતાળ સુધી જતી ઊંડી ખીણો, ઊંચે જતી પર્વતમાળનાં શિખર, વિવિધ રંગી પુષ્પો, વિવિધ પ્રકારની લતાઓ, જાતજાતનાં વૃક્ષો, કૂદીને પકડી શકાય એટલાં ઊંચાં વાદળાંથી ઘેરાયેલું આકાશ, રસ્તામાં વળાંક લેતી વખતે 'હા, હાં, અહીં આ તરફ છું' આત્મપરિચય આપતાં નવાં નવાં પ્રાકૃતિક દૃશ્ય, માતૃત્વનું ભાન કરાવતાં કેળના બાગ, કાજુના ગુચ્છે ગુચ્છા, દ્રાક્ષના હર્યાભર્યા માંડવા - બધાં એક થઈને અપૂર્વ સૌંદર્યની લહાણ કરી રહ્યાં હતાં. નક્કીર* કવિએ પ્રાકૃતિક દૃશ્યો વિશે એક સ્થળે લખ્યું છે. 'કવિઓ વણસ્પર્શ્યું, અદ્વિતીય સૌંદર્ય છે.'

પૂરણીએ પાસે મૌન બેઠેલી વસંતાને કહ્યું, 'વસંતા ! મને ખબર ન હતી કે કોડૈક્કેનાઈલ આટલું રમણીય હશે.'

થાક અને અણગમાપૂર્ણ સ્વરે વસંતાએ કહ્યું, 'તમે અહીં પહેલી વાર આવો છો ને આથી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં છો, હું તો દર વરસે આ જોઈને હવે ધરાઈ ગઈ છું.'

આ પછી બીજી ઘણી ઘણી વાતો કરીને પૂરણીએ ધીરે ધીરે વસંતાનું મૌન તોડાવીને સહજ રીતે વાત કરતી તેને કરી દીધી. ત્યાં તો શણ્યગનુર આવી ગયું. રેશમની દોરી જેવાં ટીપાં પડતાં હતાં. ગંભીર દેખાવમાં આગળની તરફ મોં વાકું કરીને ઊભેલા વૃષભના મોં જેવું એક પર્વતનું શિખર દૃષ્ટિગોચર થયું.

'આ જ સૌથી ઊંચું શિખર છે. પેરુમાળ પર્વતના નામે ઓળખાય છે' વસંતાએ પૂરણીને જણાવ્યું.

---

* *નક્કીર આશરે ઓગણીસસો વરસ પહેલાંની અંતિમ તમિળ કવિ પરિષદના પ્રમુખ હતા. તે અત્યંત તેજસ્વી અને નીડર વિવેચક અને આલોચક પણ હતા. તેઓ 'તિરુમુરુગારુપ્પા ડૈ' અને 'નેડુનલવાડૈ' ગ્રંથના રચયિતા છે. પ્રાકૃતિક સૌષ્ઠવ તેમની વિશિષ્ટતા હતી.*

લીલા વસ્ત્રની જાળીવાળા ઘૂંઘટમાં પોતાનું સુંદર મુખડું છુપાવેલી નવયૌવના ઘૂંઘટ સહેજસાજ હટાવીને જુએ છે, એવા જ પર્વતોની વચમાં કોડૈક્કેનાલ શોભી રહ્યું હતું. કાર નગરની મધ્યે આવેલા જળાશયની દક્ષિણે છેડે આવેલા રાજમહેલ જેવા બંગલાની સામે આવીને ઊભી રહી. વર્ષાઋતુના તે ગાઢ અંધકારપૂર્ણ વાતાવરણમાં પણ આઠ હજાર ફૂટ ઊંચે એક પર્વતીય ગામમાં થતાં વિવાહનું દૃશ્ય સ્પષ્ટ દેખાતું હતું.

બંગલે પહોંચીને પૂરણીએ અરવિંદન અને મંગલેશ્વરીઅમ્માળને પત્ર લખ્યા. અરવિંદનના પત્રમાં તેણે અહીંના ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં પોતે ઓતપ્રોત થયાનું જણાવ્યું અને થોડાંક નવાં પુસ્તકો મદુરૈ સંઘના પુસ્તકાલયમાંથી પસંદ કરીને મોકલવાનું લખ્યું. મંગલેશ્વરીઅમ્માળને પત્રમાં તેણે લખ્યું કે વસંતામાં સ્વાભાવિક પરિવર્તન આવી રહ્યું છે. તેના માટે વરની તપાસ કરજો. બને તો જાન્યુઆરી મહિનામાં તેનાં લગ્ન ઉકેલી નાખીએ.'

ચાર દિવસ પછી તેના નામ પર પુસ્તકોનું એક મોટું પારસલ આવ્યું. અરવિંદને પત્ર પણ લખ્યો હતો. આ જ ટપાલમાં વસંતા પર પણ એક પત્ર આવ્યો હતો. એ વખતે વસંતા બજારમાં ગઈ હતી. વસંતા પર આવેલા પત્રના કવર પરના અક્ષરો મંગલેશ્વરીઅમ્માળના જણાતા ન હતા. ચેલ્લમના પણ ન હતા. કોઈ પુરુષના અક્ષર જણાતા હતા. શંકા થવા છતાં પણ પૂરણીએ તે પત્ર ઉઘાડીને જોયો નહિ. બજારથી વસંતા પાછી આવતાં તે પત્ર તેણે એને આપ્યો. જોકે પૂરણીને શક તો જરૂર ગયો હતો.

પત્ર વાંચ્યા પછી, તે દિવસે વસંતામાં જે પરિવર્તન થયું તે જોઈને પૂરણીને આશ્ચર્ય થયું. વસંતા કોઈ એક ગીતની પંક્તિ વારંવાર ગણગણી રહી હતી. તેના કેશમાં ગુલાબ શોભી રહ્યાં હતાં. અધર પર સ્મિત અને ચહેરા પર નવો ઉત્સાહ, ચાલમાં જુસ્સો જણાતો હતો.

'દીદી ! આજે સાંજે નૌકાવિહાર કરવા જઈશું' વસંતાએ પૂરણીને ભાર દઈને કહ્યું.

'વસંતા ! તને આજે થયું છે શું ? આનંદથી ઊછળી રહી છે ?' આશ્ચર્યચકિત થઈને પૂરણીએ પૂછ્યું.

# ૧૮

સંધ્યાના સૂર્યનાં સોનેરી કિરણો પશ્ચિમ દિશાએથી ધરતી પર ઊતરી રહ્યાં હતાં. આંખો સામે પીળો ટ્રેસ પેપર રાખી જોવાથી બધું કાંઈ પીળું દેખાય છે, એ જ પ્રમાણે સડકો, ઘર, વૃક્ષ વગેરે બધાં જ સુવર્ણ રંગી શોભા પ્રાપ્ત કરતાં હતાં. આછા પીળા રંગની સંધ્યા પણ કેટલી મદમસ્ત કરે છે. તમિળમાં આનું મરુલમાલૈ* નામ કેટલું સાર્થક છે.

કોડૈક્કેનાલથી પૂરણીએ વાંચવા માટે પુસ્તકો મંગાવ્યાં હતાં. તે લેવા માટે અરવિંદન તમિળ રંગમંચમાં જતો હતો. મદુરૈ તમિળ સંગમ એક ઘણું મોટું પુસ્તકાલય હતું. પ્રો. અલગિયે આ પુસ્તકાલયની ઉન્નતિ અને પ્રસારમાં ઘણો ઉત્સાહ હતો. ત્રણ તમિળ સંગમ નાશ પામ્યાની કમી દૂર કરવા માટે તેમણે પચાસ વરસ પહેલાં રામનાથપુરમના રાજપરિવારના સભ્ય અને સુપ્રસિદ્ધ દાનેશ્વરી પાંડીદુરૈતેવરના સહકારથી ચોથા તમિળ સંગમની સ્થાપના કરી હતી.

બાપુજીની આ જૂની સેવા, સંબંધ, ગૌરવ વગેરે અત્યારે પૂરણીને કામ આવ્યાં.

કોડૈક્કેનાલથી પૂરણીએ લખેલો પત્ર અને પુસ્તકોની યાદી અરવિંદને બતાવી. પુસ્તકાલયના અધિકારીએ ઉત્સાહ અને લાગણી સાથે તરત પુસ્તકો કાઢી આપ્યાં. પુસ્તકો લઈને જતાં અરવિંદનને અણધાર્યો મુરુગાનંદમનો ભેટો થઈ ગયો.

મુરુગાનંદમે કહ્યું, 'આ શું અરવિંદન ! તમને જોતાં લાગે છે કે તમિળ સંગમને જ તમે થેલીમાં ભરીને લઈ જાવ છો.'

'પૂરણીએ કોડૈક્કેનાલથી પુસ્તકો મોકલવા માટે લખ્યું હતું. આ પુસ્તકો તેને મોકલવા માટે જ લઈ જાઉં છું.'

'મારા પર પણ પત્ર આવ્યો છે...!'

પ્રસન્નચિત્તે મુરુગાનંદમે કહ્યું તો ખરું, પરંતુ વીજળી જતી રહેતાં જેમ રેડિયો બંધ થઈ જાય તેમ તે આગળ બોલતો અટકી ગયો. તેના ચહેરાના ભાવ પરથી આભાસ થતો હતો કે ન કરવાની વાત ભૂલથી કહેવાઈ ગઈ છે. અરવિંદન તેનું વદન ધ્યાનપૂર્વક નિહાળી રહ્યો. તેના

* મોહિત કરનારી સંધ્યા

ચહેરામાં વ્યક્ત થતો. કચવાટ અને ગભરાટની છાયા દેખાઈ. અરવિંદનની નજર નીરખવાને અસમર્થ મુરુગાનંદમે મોં નીચું કરીને બીજી તરફ જોયું. અવિકસિત ફૂલની અસ્પૃશ્ય સુગંધ જેવાં તેનાં ચહેરા, વદન અને હોઠ પર ફેલાયેલો સંકોચ અરવિંદને જોયો.

'તારા પર કોનો પત્ર છે ? પૂરણીએ મારા પત્રમાં લખ્યું છે કે તે તને જુદો પત્ર લખી શકી નથી. તેણે તને પ્રણામ પાઠવ્યા છે.'

આ પ્રશ્નથી તો મુરુગાનંદમનો સંકોચ વધી ગયો. અરવિંદને તેને છોડ્યો નહિ, ખણખોદ કરતાં પૂછ્યું.

'કેમ ! શી વાત છે, મુરુગાનંદમ ? તમે કહ્યું હતું-પત્ર આવ્યો છે. પૂછું છું તો ગલાંતલાં કરો છો.'

'કાંઈ નહિ અરવિંદન ! વાત એવી છે...'

'અરે શી વાત છે ? મરદ છો તો મરદની જેમ બતાવો.'

'વસંતાએ કૌડૈક્કેનાલથી મને પત્ર લખ્યો છે. તે વાત ભૂલભૂલમાં તમને...'

'બતાવી દીધી એ જ ને ! વાહ ભાઈ વાહ ! પ્રેમ શરૂ થયો છે...' કેટલા દિવસથી આ પત્રવહેવાર ચાલે છે ?'

'સોગન ખાઈને કહું છું. હું કાંઈ નથી જાણતો. તે છોકરીએ જ મને તેની મેળે...'

'અરે, અરે ! સોગન શબ્દનું મહત્ત્વ ઘણું છે. તમે તેને વચમાં ન ઘસડો. આ તો સાધારણ પ્રેમવ્યવહાર છે !' અરવિંદને મઝાકમાં કહ્યું. મુરુગાનંદમે હસીને નીચું જોયું.

'ઓહો ! ત્યારે તો એમ વાત છે ! જવાબ લખ્યો કે નહિ ?'

સ્વીકારાત્મક ભાવમાં મુરુગાનંદમે માથું હલાવ્યું.

અરવિંદને હસીને કહ્યું, 'હવે થોડું થોડું સમજમાં આવી રહ્યું છે. સિનેમાની ઝંઝટમાં ફસાયેલી છોકરીને ત્રિચિથી પાછા લાવવા માટે તમે ગયા ત્યારથી તમે દાનપ્પામુદલી સ્ટ્રીટમાં માતાજીએ સિલાઈના કામ માટે બોલાવ્યો છે આ બહાને આવજા કરતા હતા. આ જ છે એ સિલાઈનું કામ ?'

'અત્યારે મને જવા દો અરવિંદન ! રાતે નવ પછી પ્રેસમાં આવીશ. તે વખતે શરૂથી અંત સુધીની વાત તમને બતાવીશ. તિલક મેદાનમાં સાડા

છ વાગે જાહેરસભા છે. તેમાં મારે બોલવાનું છે.' પોતાને જલદી જવાનું કારણ બતાવીને મુરુગાનંદમે અરવિંદનથી પોતાનો પિંડ બચાવી ભાગી નીકળ્યો.

હસીમજાક કરી તેને મોકલ્યા પછી અરવિંદન અવિશ્વાસ અને આશ્ચર્ય સાથે પ્રેસમાં આવ્યો. વાસ્તવમાં આ ખબર તેને આશ્ચર્ય પમાડે એવી હતી. હસીમજાક સાથે મુરુગાનંદમને ભલે મોકલ્યો હોય, પણ જવાબદારી વિશે વિચાર કરતાં અરવિંદનને ડર, આશ્ચર્ય અને ગભરાટ જ થયાં.

આ સંબંધ વિશે મંગલેશ્વરીઅમ્માળ શું વિચારશે ? પૂરણી શું વિચારશે ? મુરુગાનંદમની અવજ્ઞા વિશે શું વિચારશે ? નાદાનિયતની હદ હોય છે. ચાર વખત હળીમળીને વાત કરવાથી જ આવાં બેવકૂફીભર્યાં સ્વપ્ન આવવાં માંડે છે. મુરુગાનંદમ રાતે પ્રેસમાં આવે ત્યારે તેને સમજાવવો જોઈએ, આ નિર્ણય પર અરવિંદન આવ્યો.

વસંતા વિશે પૂરણીએ ક્યારેક અરવિંદનને કહ્યું હતું, 'તેને ધનનો મદ અને અભિમાન છે, બાહ્ય આડંબર અને ટાપટીપ જ તેને પસંદ છે.' આવી ઘમંડી છોકરીનું મન વિપરીત-વિરોધી આદર્શો અને સામાન્ય સગવડોવાળા મુરુગાનંદમને જોઈને કેવી રીતે હરખાયું હશે ? તે કેમ સંમત થઈ હશે ? બંનેના સંબંધ પર સતત વિચાર કર્યા પછી પણ અરવિંદન માટે તે ઉકેલી ન શકાય એવો કોયડો હતો. પળે પળે આકાંક્ષાઓ અને આશાઓમાં પરિવર્તન પામતા ભાવ જ ચપળ ભાવ છે. તારું બીજું નામ નારી (ચપલા) પણ છે. જગતના સુપ્રસિદ્ધ વિદ્વાનોની અમૃતવાણી લખવાની નોટબુકમાં તેણે આ પંક્તિઓ લખી. આ અમૃતવાણીને અંતર્ગત બધી નારીઓને મૂકવાનું તેને મન ન થયું. જ્ઞાનવૃદ્ધિમાં સેવા-ત્યાગમાં પોતાની જાતને સમર્પી દઈને પોતાની ચંચળતાને ભૂલી જનાર પૂરણી જેવી બીજી સ્ત્રીઓ પણ છે.

થોડી જ વાર પછી પૂરણીનો નાનો ભાઈ કુમરન આવ્યો.

'આ પુસ્તકો બરાબર પૅક કરીને તૈયાર કરી રાખ. આ તારી બહેનને મોકલવાનાં છે' અરવિંદને કહ્યું.

કુમરન પુસ્તકો લઈને ગયો.

પુસ્તકોની સાથે તે જ ટપાલમાં મોકલવા માટે અરવિંદને પૂરણી પર એક પત્ર લખ્યો. મુરુગાનંદમ અને વસંતાના પત્રવહેવારે અનેક શંકાઓ

પેદા કરી હતી. તેમ છતાં આ વિશે તેણે પૂરણીને કાંઈ લખ્યું નહિ. તેને સંદેહ થયો. મીનાક્ષીસુંદરમ કોઈ અગત્યની વાત કરવા માટે તેને રોકાવાનું કહીને ગયા છે તો એ કઈ વાત હશે ?

અરવિંદન મીનાક્ષીસુંદરમની રાહ જોતો બેઠો હતો. ત્યારે મહિલા સંઘના મંત્રી આવ્યાં. તેમણે અરવિંદનને પૂરણીનું કોડૈક્કેનાલનું સરનામું પૂછતાં કહ્યું, 'બેત્રણ અગત્યના પત્રો મહિલા સંઘના સરનામે આવ્યા છે. તેનો જવાબ પૂરણીનો અભિપ્રાય જાણ્યા પછી જ આપી શકાય તેમ છે.'

'તમે પોતે ત્યાં જવાના છો ?'

'નહિ, પત્ર લખીને તેનો અભિપ્રાય જાણવો છે.'

અરવિંદને પૂરણીનું સરનામું લખી આપ્યું. મંત્રી અરવિંદનનો આભાર માનીને વિદાય થયાં.

'લાગે છે કે પૂરણીને ત્યાં નિશ્ચિંત અને શાંતિથી રહેવા નહિ દે' અરવિંદનને વિચાર આવ્યો.

થોડી વારમાં મીનાક્ષીસુંદરમ આવી ગયા.

'અંદર આવો, અરવિંદન ! અત્યંત ખાનગી વાત છે. તમારી મદદ વગર હું કોઈ નિર્ણય લઈ શકતો નથી. આથી આપણા વેપારની પણ વૃદ્ધિ થવાની સંભાવના છે.' વાત સપષ્ટ કર્યા વગર મીનાક્ષીસુંદરમ ન સમજાય એમ લાંબુંલાંબું બોલ્યા.

'છેવટે શી વાત છે ? કાંઈ બતાવો તો મને સમજ પડેને' મેજ સામે ઊભા રહેલા અરિવંદને કહ્યું.

'પહેલાં બેસી જાવ.'

અરવિંદન સામે મૂકેલી ખુરશીમાં બેઠો અને સંદેહભરી નજરે તેમની તરફ જોવા લાગ્યો.

'હું જે કાંઈ પૂછું તેનો ઊંધો અર્થ ન કરતા. તમે કહેશો તો પૂરણી ના તો નહિ પાડેને ?'

શા માટે, કેમ, કયા ઉદ્દેશથી આ બધું પૂછે છે એ અરવિંદનને કાંઈ સમજાયું નહિ. આથી તે જવાબ આપતાં ખચકાતો હતો.

# ૧૯

'જો તું ધારે તો ખચીત આ કામ સફળ કરી શકે તેમ છે. અરવિંદન! તેને માટે આ જ યોગ્ય સમય છે. હિંમત કરીને મેં આમાં પડવાનું નક્કી કર્યું છે....'

કોક વખત મીનાક્ષીસુંદરમ અરવિંદનને 'તું' તો કોક વખત 'તમે' કહેતા હતા.

જવાબ આપ્યા વગર અરવિંદન તેમના વદન તરફ દૃષ્ટિ સ્થિર કરીને બેસી રહ્યો. આ જોઈને મીનાક્ષીસુંદરમ પણ ચુપચાપ હાથ પાછળ રાખીને ખંડમાં આંટા મારવા લાગ્યા. યોજના અને નિર્ણયની પળોમાં તે આમ આંટા મારતા હતા.

'શી વાત છે ? હું તો બોલે જાઉં છું ને તું તો કાંઈ બોલતો નથી ?'

'તમારી વાત બરાબર સમજ્યા વગર હું શો જવાબ આપું ?'

'અરે એ જ મેં કહ્યું હતુંને, અરવિંદન ! તું કહીશ તો પૂરણી માનશે. પહેલાં તો હું આ જાણી લઉં.'

'મારા કહેવાથી માનશે, એવી કઈ વાત છે ? તમે કહો તો પણ તે માને એમ છે.'

'આ વાત નથી. આ વાત તું મારા કરતાં સારી રીતે સમજાવી શકે એમ છે. અને એ વાત સ્વીકારવા માટે તેને તૈયાર કરી શકે છે.'

'શું સ્વીકાર કરાવવાનું છે ?'

'ઉતાવળ ન કર. હું જણાવું છું. ધ્યાનથી સાંભળ...' મીનાક્ષીસુંદરમે કહ્યું : 'સાતઆઠ મહિનામાં સામાન્ય ચૂંટણી થવાની છે !'

'હા, થવાની છે.'

'રાજકારણમાં જે લોકો સક્રિય છે તે લોકો આજે દેશમાં ચક્રવર્તીની જેમ કેવી રીતે સંપત્તિ, પ્રતિષ્ઠા અને યશપૂર્વક જીવન વિતાવી રહ્યા છે. આનાથી તમે સારી રીતે પરિચિત છો.'

'પરિચિત તો છું. હું એટલા માટે...'

'વચ્ચે વચ્ચે તું પૂછે છે તેથી એવું લાગે છે કે હું જે અત્યારે જે કહી રહ્યો છું, તે સાંભળતાં પહેલાં જ તારું વલણ પ્રતિકૂળ થઈ ગયું છે.'

'હવે હું કાંઈ નહિ બોલું. તમે આગળ કહો.'

'હું દબાણ કરું છું કે દગો દઈ રહ્યો છું એવું ન માનીશ. યોગ્ય

સમયે મને આ વિચાર આવ્યો છે. નગરની અગ્રગણ્ય વ્યક્તિઓને પણ આ વિચાર ગમ્યો છે. એ લોકોનું કહેવું છે કે અવશ્ય જીતી જશે. અને તેને બધા સહકાર આપવા તૈયાર છે. ખર્ચની હું ચિંતા કરતો નથી. હું પોતે ખર્ચ કરી શકું એમ છું.'

'તમે ચૂંટણીમાં ઊભા રહેવા માંગો છો ?'

'હું ? તું તો...રામકથા પૂરી થયા પછી એક ભાઈએ પૂછ્યું કે સીતાનું હરણ થયું હતું પરંતુ હરણની પાછી સીતા થઈ કે નહિ ? જો હું ઊભો રહું તો મારી ડિપૉઝિટ જ જપ્ત થાય.'

'તો પછી કોને માટે કહો છો ?'

'હજી પણ તારી સમજમાં આવ્યું નહિ અરવિંદન ! ઉત્તર વિભાગની લોકસભાની બેઠક માટે પૂરણીને ઊભી રાખવાનો વિચાર છે. તે ઊભી રહે તો જીત નિશ્ચિત થશે.'

'સ્વતંત્રતા મળી ત્યાં સુધી જે રાજકારણ સેવાનું હતું - તે જ આજે વ્યવસાયમાં પરિવર્તન પામ્યું છે. પૂરણી જેવી એક ભલી છોકરીને તમે છળકપટના ગંદા રાજકારણના ખાડામાં ઢસડવા માગો છો ? રાજકારણમાં પ્રવેશે તો તેને સેવાની આ બધી પ્રવૃત્તિમાંથી હાથ ધોઈ નાખવા પડે. બીજી વાત, આ સદીનું રાજકારણ વિના મૂડીએ કમાણી કરવાનું વહેવારુ રાજકારણ છે. સભ્ય લોકો માટે આ જ સારું છે કે તેઓ આવી ઝંઝટમાં ફસાયા વગર સમાજ સેવામાં રચ્યાં રહે. હજી પૂરણીની તબિયત બરાબર નથી. આરામ કરવા ગઈ છે. કોડૈક્કેનાલથી પાછા ફરતાં તેને મહિના લાગશે. આવા સમયે તેની શાંતિમાં ખલેલ પહોંચાડી તેનું ધ્યાન આ તરફ આકર્ષવું એ ઉચિત છે ?'

'મહેનત તો તેને કાંઈ જ કરવી નહિ પડે. ઉમેદવારીપત્ર ભરીને તે પાછી જાય. ચૂંટણીના દશ દિવસ પહેલાં આવીને કેટલાંક સ્થળોએ ભાષણ કરે એટલે ભયોભયો. બાકીનાં બધાં કામ અમે સંભાળી લઈશું. તું છે અને દરજીની દુકાનવાળો તે યુવક છે. વધુ પ્રચારની પણ જરૂર નથી. પૂરણી જેવી આટલી સુપ્રસિદ્ધ ઉમેદવાર ઊભી હોય ને હરીફાઈ થાય તો પણ સામાવાળો હારી જાય ! તારો શો વિચાર છે અરવિંદન ? આમાં તને કેમ ખચકાટ થાય છે ?'

'તમારું કહેવું બરાબર છે, પરંતુ...'

'પરંતુ શું ? રાજકારણમાં પૂરણી જેવાના આવવાથી પરિસ્થિતિમાં

સુધારો કરી શકાયને ? ભલે તે ગમે તેવા વાતાવરણમાં રહે. પણ તે તો એમાં પવિત્ર જ રહેશે. સાથે સાથે વાતાવરણને દોષમુક્ત કરવાની તેનામાં શક્તિ છે.'

'પરંતુ મને ડર લાગે છે.'

'અરવિંદન ! રાજકારણને તારે આટલી ઉપેક્ષાની દૃષ્ટિએ જોવું ન જોઈએ. મારી પ્રતિષ્ઠા હોડમાં મુકાઈ છે. બધાને વિશ્વાસ છે કે પૂરણીને ઊભી રાખીએ તો આ વિભાગમાં જીત મળશે. આવતા રવિવારે પુન: વિચાર કરવા માટે અમે મળીએ છીએ. તે દિવસે આ અંગે સ્પષ્ટ જવાબ આપવાનું મેં કહ્યું છે.' મીનાક્ષીસુંદરમના અવાજમાં દૃઢતાની સાથે થોડી સખ્તાઈ પણ હતી.

'તમે મહેરબાની કરીને પૂરણીને તેના માર્ગે જ જવા દો. રાજકારણના કીચડમાં તેને ન ઢસડો' હિંમતપૂર્વક વિનમ્ર અને સ્પષ્ટ શબ્દોમાં અરવિંદનને કહ્યું.

પરંતુ મીનાક્ષીસુંદરમ પાછું ડગલું ભરે એવા ન હતા. તે એની પાસે આવ્યા અને સ્મિત કરતાં પ્રેમથી એની પીઠ થાબડી. પછી નમ્ર સાદે કહ્યું : 'અરવિંદન ! તું બાળકની જેમ નાહક આશંકાઓની કલ્પનાઓ કરીને ભયભીત થાય છે. તારી જેમ મને પણ પૂરણીની ભવિષ્યની ચિંતા છે. તેનું ખરાબ તો હું સ્વપ્ને પણ વિચારી શકું નહિ. વિજયમાં મને દૃઢ વિશ્વાસ છે ત્યારે જ આમાં ઊતર્યો છું. હજારો રૂપિયા પાણીની જેમ વાપરવા પડશે. તિરુવેડગમની પશ્ચિમનાં મારાં ફળદ્રુપ ખેતરો વેચી નાખીશ. તું જ વિચાર કર, આ બધું હું પૂરણીને દુ:ખી કરવા માટે કરીશ ?'

તેમને શો જવાબ આપવો, તેના ગૂંચવાડામાં અરવિંદન પડી ગયો. આ દરમિયાન ગુલાબનો હાર હાથમાં લઈને મુરુગાનંદમ ત્યાં આવી પહોંચ્યો. હજી હમણાં જ સભા પૂરી થઈ હતી. દોઢ કલાકનું ભાષણ હતું. મજૂરોને થતા અન્યાય વિશે જુસ્સાભર્યું ભાષણ કરીને આવ્યો હતો.

'આવ ભાઈ ! સમયસર આવ્યો છે. સો વરસનું તારું આયુષ્ય છે. થોડી વાર પહેલાં જ અરવિંદન સાથે તારી જ ચર્ચા કરતો હતો' કહી મીનાક્ષીસુંદરમે તેને આવકાર આપ્યો. આથી મુરુગાનંદમનો સંકોચ દૂર થઈ ગયો અને સહજ સ્થિતિમાં આવી ગયો. તેના સંકોચનું બીજું કારણ હતું. અરવિંદન મીનાક્ષીસુંદરમની સમક્ષ જ કોડૈક્કેનાલવાળા પત્રવ્યવહાર

વિશે જ પૂછપરછ કરવા તેની રાહ જોતો નહિ હોય. પરંતુ આ વિચાર તેના મનનો ભ્રમ છે, આ તે તરત પામી ગયો હતો.

'અત્યારે કોઈ ઉતવાળ નથી. અરવિંદન ! તું આની પણ સલાહ લેજે. ત્યાર પછી તને કોડૈક્કેનાલ મોકલીશ...પૂરણીને પણ એક વાર પૂછી આવજે. મારે મોડું થાય છે. હવે હું જઈ આવું છું. સવારે મળીશું' કહી તે બંનેને એકલા મૂકીને મીનાક્ષીસુંદરમ ગયા.

પરિસ્થિતિથી અજાણ મુરુગાનંદમે અરવિંદનને પૂછ્યું, 'આ બધું શું છે ? મીનાક્ષીસુંદરમ તમને શું કહીને ગયા ? શી હકીકત છે ?'

મુરુગાનંદમ અને વસંતાનો સંબંધ કેવી રીતે અને ક્યારે શરૂ થયેલો આ પત્રવહેવાર ક્યાં સુધી પહોંચ્યો છે, પૂછીને તેને આવું ન કરવાની સલાહ આપવા માટે અરવિંદને વિચાર્યું હતું. પરંતુ અત્યારે તો તે આ વાત ભૂલી જ ગયો. જ્યારે મીનાક્ષીસુંદરમ પૂરણીને ચૂંટણીમાં ઊભી રાખવાની વાત કરીને ગયા ત્યારે તે એ વિચારોમાં ડૂબી ગયો હતો.

મુરુગાનંદમે ફરી ભાર દઈને પૂછ્યું ત્યારે અરવિંદને પોતાના અને મીનાક્ષીસુંદરમ સાથે જે વાત થઈ હતી તે જણાવી.

'બસ, આ માટે આવી ચિંતા કરો છો ? આ તો ખુશી થવાની વાત છે. જો પૂરણી દીદી રાજકારણમાં આવે તો જે રાજકારણ ભ્રષ્ટ છે, તેમાં સુધારો થશે' મુરુગાનંદમે કહ્યું.

'તમે બધા રાજકારણના આંદોલનને વધારવાના મતના છો ત્યારે હું ચારિત્ર, સદાચાર અને સભ્યતા આદિને મહત્ત્વ આપું છું. મુરુગાનંદમ ! તમે તો પહેલેથી જ રાજકારણમાં છો. આથી હું જાણતો હતો કે તમારો જવાબ આવો જ હશે.'

'અરવિંદન ! તમે આ બંનેને અલગ અલગ આંદોલન માનો છો. તેથી જ તમને આ ઘડભાંજ થાય છે. જો પહેલું આંદોલન બરાબર ચાલે તો બીજું પણ બરાબર ચાલે. મને દૃઢ વિશ્વાસ છે કે પૂરણી દીદી પાસે આ બંને આંદોલનો ચલાવવાની ક્ષમતા છે.

અરવિંદને ઉદાસભાવે કહ્યું, 'આમાં મારે .શું છે ? મીનાક્ષીસુંદરમ પણ કહે છે, અને તમે પણ તેમની હાએ હા કરો છો. પરંતુ એક વાર પૂરણીને પૂછ્યા પછી બધું નક્કી કરીશું.'

બીજે દિવસે સવારે જ્યારે મીનાક્ષીસુંદરમે પૂછ્યું ત્યારે પણ તેણે એ જ નિર્લિપ્ત ભાવે જવાબ આપ્યો.

'જ્યારે તમને લોકોને જ આની ફિકર નથી તો મને શી પડી છે ? જો તું આ પ્રસ્તાવ સાથે સહમત હોય, મને મદદ કરવા ઇચ્છતો હોય તો બે દિવસ પછી કોડૈક્કેનાલ જઈને તેની સ્વીકૃતિ લઈ આવજે. નહિતર કહી દે કે નહિ જઈ શકું.'

આથી અરવિંદન પોતાની અનિચ્છા હોવા છતા કોડૈક્કેનાલ જઈને પૂરણીની સંમતિ લેવા તૈયાર થયો.

મીનાક્ષીસુંદરમે કોડૈક્કેનાલ પૂરણીને તાર કર્યો કે-અરવિંદનને એક આવશ્યક કાર્ય અંગે તારી સાથે વાત કરવા મોકલું છું.'

# ૨૦

તે દિવસે કોડૈક્કેનાલમાં સૂર્યાસ્ત અદ્ભુત જણાતો હતો. નભમાં સઘન ભૂરા મેઘ છવાયેલા હતા. યુકેલિપ્ટસ વૃક્ષની સુવાસને વહન કરતી ઠંડી હવા વહેતી હતી. નેત્રોની સામે મનોહર હરિયાળી, દિવસે પણ તડકો ન નીકળવાથી કાળાં વાદળાંથી ઘેરાયેલું વાતાવરણ, અને આવા સુંદર મધુર વાતાવરણમાં ફરવા નીકળનારાંઓ નાવિકો વગેરે દરેક પ્રકારનાં લોકોની મેદની જળાશયના કિનારે જામી હતી.

પૂરણી અને વસંતા નૌકાવિહાર કરીને પાછાં આવતાં હતાં. બંનેએ ઠંડીથી બચવા માટે ઓવરકોટ પહેર્યા હતા.

'દીદી ! આ ટટ્ટુ પર બેસીને થોડી સહેલ કરવાની ઇચ્છા છે. તમે પણ સાથ આપશો ? બે ટટ્ટુ ભાડે લઉં છું.' ઉત્સાહથી છલકાતી વસંતાએ પ્રસ્તાવ મૂક્યો. તેની વાત સાંભળીને પૂરણીને આશ્ચર્ય થયું. આ સૂનમૂન બેસી રહેતી છોકરી જોતજોતામાં ઠેકડા મારતી હરણીમાં કેવી રીતે પરિવર્તન પામી ? વરસાદની ચમેલીની જેમ એક છોકરીનાં ચહેરામાં, આંખોમાં, ચાલમાં જે નવીન સૌંદર્ય ઊભરાઈ આવે છે તેનું જરૂર કોઈ કારણ હશે. તે કારણ જાણવાની ઇચ્છા પૂરણીને થઈ. પરંતુ એક શિક્ષિત છોકરીને સીધું પૂછવું એ વિવેકચૂક છે, વિચારી તેણે પૂછ્યું નહિ. વસંતા પર કોનો પત્ર આવ્યો હશે ! એમાં તેના આનંદની એવી તે કઈ ચમક હશે ? આ બધું જોવા છતાં તેણે પોતાનું મન સંયમમાં રાખ્યું.

તે રાતે પૂરણીનો વિચાર ભોજન વગેરે પતાવ્યા પછી અરવિંદને મોકલેલાં પુસ્તકોમાંથી કોઈ એક પુસ્તક પૂરું વાંચવાનો હતો. પણ તે એમ કરી શકી નહીં.

બીજે દિવસે સવારે તે પુસ્તક લઈને બેસી ગઈ. તે વાંચતી હતી એ દરમિયાન ટપાલી મહિલા સંઘનો સિક્કો મારેલું કવર આપીને ચાલ્યો ગયો. કવર વજનદાર હતું. મંત્રીએ બેત્રણ પત્રો સાથે પોતે પણ એક પત્ર લખ્યો હતો.

મંત્રીએ લખેલા પત્રમાં વિગત કંઈ આ પ્રકારની હતી-પૂરણીની ખ્યાતિ ક્યાં ક્યાં અને કેટલી ફેલાયેલી છે. કેટલીય સંસ્થાઓ તેમના જ્ઞાનનો લાભ લેવા ઉત્સુક છે વગેરે વગેરે.

પત્ર વાંચ્યા પછી પૂરણીને પોતાની બુદ્ધિ, જ્ઞાન અને ગૌરવનો અનુભવ થયો. મંત્રી પર આવેલા એક પત્રમાં, ત્રણ મહિના પછી યાલપાણમમાં ભરાનારા તમિળ સાહિત્ય સંમેલનમાં પૂરણીના ભાષણ માટે વિનંતી કરી હતી. બીજા એક પત્રમાં ચાર મહિના પછી કલકત્તામાં ભરાનારા પૂર્વ એશિયા મહિલા સંમેલનમાં તેને તમિળનાં પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાનું લખ્યું હતું. એક પત્રમાં જાન્યુઆરી મહિનામાં મલાયા અને કોલાલમ્પૂરમાં તમિળ ભાષીઓ ઊજવતાં પોંગલ* તહેવારમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. મંત્રી બહેને લખ્યું હતું : તમારી સંમતિ મળ્યા પછી જ આ પત્રોનો જવાબ લખીશ. તમે પોતે પણ જુદા જુદા પત્રો લખીને તેમને જણાવી દેજો. આ અંગે અમારી બધાંની સલાહ છે કે આ આમંત્રણનો સ્વીકાર કરો. આ બધા કાર્યક્રમોમાં હાજરી આપવાથી એક તમારું જ નહિ, સંઘનું પણ ગૌરવ વધશે. પાસપૉર્ટ, વીસા વગેરે માટેનાં અરજી ફોર્મ આ સાથે મોકલ્યાં છે. આમાં જરૂરી બધી વિગતો ભરી, સહી કરીને સાથે પાસપૉર્ટ સાઇઝનો તમારો ફોટો મોકલશો. જેથી અન્ય બધી કાર્યવાહી અમે પોતે જ પતાવી લઈશું. તમારે આવો અવસર ગુમાવવો ન જોઈએ. શાંતચિત્તે વિચાર કરીને નિર્ણય લેજો.

તે પત્રો બેત્રણ વખત વાંચીને પૂરણી વિચારોમાં ડૂબી ગઈ.

'પ્રસંગ આવતાં તમારે તમિળસૌરભના પ્રચાર-પ્રસાર માટે તુમુલ નાદ કરવા તૈયાર રહેવું જોઈએ' અરવિંદને ક્યારેક કહેલું આ વાક્ય તેને યાદ આવ્યું અને તેના જવાબમાં પોતે કહેલું કે 'મારે માટે તમે વધુ પડતી

** તમિળનાડુમાં પોંગલનો ઉત્સવ ચૌદમી જાન્યુઆરીના દિવસે ઊજવાય છે. નવા વરસમાં પાક લણાઈને આવે છે, તેના સ્વાગતમાં પોંગલ ઊજવાય છે.*

અત્યંત ઉચ્ચ કલ્પનાઓમાં રાચો છો.' એ પણ તેને યાદ આવ્યું. આ બધો વિચાર કરતાં કરતાં તે દાડમનાં દાણા જેવા તેના સુંદર અધર પર સ્મિત પથરાઈને લુપ્ત થઈ ગયું. આ દરમિયાન વસંતા આવી.

'દીદી ! જરા તમારો હાથ લાવો તો, માપ લઉં. આ મોસમમાં નવી નવી દુકાનો શરૂ થઈ છે. હું સરસ મઝાની બંગડીઓ લેવા જાઉં છું. તમારા હાથનું માપ લઈને તમારે માટે પણ લેતી આવીશ.'

આનો ઉત્સાહ ઓછો કરવો ન જોઈએ. આ વિચારથી પૂરણીએ હાથનું માપ આપ્યું. કોણ્ડ્રૈ* ફૂલના જેવી કાંતિયુક્ત સુંદર કોમળ, ગોરી હથેળીમાં મૂકેલી મેંદી જાણે રત્નથી જડી ન હોય, એવી જણાતી જોઈ વસંતાને પણ તેની ઈર્ષા આવ્યા વગર રહી નહિ.

વસંતાએ કહ્યું, 'દીદી ! તમારો હાથ અતિ સુંદર છે.'

વસંતા બંગડીઓ લેવા બજારમાં ગઈ તે પછી પૂરણી પુનઃ પોતાની જ સ્મૃતિમાં ખોવાઈ ગઈ. ધીરેથી આંખ મીંચીને તેણે મનમાં અરવિંદનનું ધ્યાન ધર્યું. તેજસ્વી આંખો, સ્મિત કરતા હોઠ અને સુંદર નાકવાળા અરવિંદનનો ચહેરો તેની આંખો સમક્ષ સાકાર થઈ ગયો.

પૂરણીને જોતાં જ અરવિંદન બોલી ઊઠ્યો, 'પૂરણી ! સમગ્ર વિશ્વમાં પોતાનો અને તમિળ પ્રદેશનો યશ ફેલાવવા માટે તમારો જન્મ થયો છે.' આ સાંભળીને તેને આશ્ચર્ય થતું અને પૂછતી. મારામાં એટલી શક્તિ છે ? જવાબમાં એ કહેતો. તમારી શક્તિ તમે માનો છો, તે કરતાં અધિક છે. ફૂલને પોતાની સુવાસની ખબર હોતી નથી.

બીજાને આકર્ષનાર એક સ્મિત જ અરવિંદનનું પોતાનું નથી, પરંતુ વાતચીત કરવાનું ચાતુર્ય પણ જાણે તેનું પોતાનું જ છે.

'અરવિંદન ! તમે દૂરદર્શી છો. હું જેટલું મારે વિશે જાણું છું એથી કંઈ અધિક તમે મારે વિશે જાણો છો. તમારું કહેવું છે કે હું ફૂલ છું. જો એમ હોય તો તમે શું છો ? સંક્ષિપ્તમાં પરંતુ અર્થગંભીર બોલવાની કલા તમે ક્યાંથી શીખ્યા છો ? કવિ જ છોને ! તમે કોઈ વસ્તુને સામાન્ય દૃષ્ટિએ જોવાનું જાણતા જ નથી. સીધીસાદી વાત કરતાં આવડતી નથી. સીધોસાદો વિચાર કરતાં પણ આવડતું નથી.'

પૂરણીએ નેત્રો ઉઘાડ્યાં. સામે દીવાલ પર ટાંગેલા માનવકદ અરીસામાં

---

* *ગરમાળો*

દેખાતું સૌંદર્ય તેનું છે ? માથું ધોયા પછી સુકાવા માટે પૂરણીએ પોતાના છૂટા કેશના નીચેના ભાગમાં ગાંઠ વાળી હતી. વાદળાં જેવા ગાઢ તેના કાળા કેશ પગની પાનીને અડતા હતા. વસંતાએ રમતમાં તેના છૂટા કેશમાં જમણી તરફ એક લાલ ગુલાબ ખોંસ્યું હતું. તે કેશમાં એ લાલ ગુલાબ અત્યંત સુશોભિત જણાતું હતું, જે જોઈને પૂરણીને અકથનીય સંતોષનો અનુભવ થયો. તેને આ વાતનું આશ્ચર્ય થયું કે ક્યારે અને કેવી રીતે પોતે આટલી મોટી થઈને આવી સૌંદર્યવાન થઈ ગઈ. તેને લાગ્યું તે પોતે પોતાના વિકાસથી અનભિજ્ઞ છે. મનની પરિપક્વતા, વિકસિત થતી બુદ્ધિ, પરિશ્રમપૂર્વક અધ્યયન અને ચિંતાઓથી ઘેરાયેલી પરિસ્થિતિ તેને યાદ હતી. દેહ વિશે તેણે ક્યારે વિચાર્યું પણ ન હતું. ક્યારેય ચિંતા પણ નથી કરી. પરંતુ મન અને બુદ્ધિની સાથે કાયા પણ સમૃદ્ધ અને સ્વસ્થ દેખાઈ રહી છે ! તેણે જેની ચિંતા કરી નહિ, એણે જાણે પોતાની ચિંતા કરી. નદીતીરે ઊભેલું વૃક્ષ હર્યું-ભર્યું થવાની આંકાક્ષા ન સેવતું હોવા છતાં પણ સ્વયં ઘટાદાર થાય છે, તેમ જ તેની કાયાનો વિકાસ થયો.

બાપુજીના મૃત્યુ પછી, નવી સ્મૃતિઓ સાથે આવા એકાંતમાં આટલા મોટા અરીસામાં પોતાની જાતને નિહાળવાનો તેને પ્રસંગ જ પ્રાપ્ત થયો ન હતો. જ્યાં સુધી શરીર સાથે સંબંધ છે બાપુજીના ખોળામાં બેસીને આત્તીચૂડી* બોલતી તે પોતાને આજે પણ શિશુવત જ સમજતી આવી હતી. અને અરીસો જાણે કહી રહ્યો હતો, ‘એવું નથી. તું હવે યુવતી થઈ ગઈ છે.’

તેણે મુસીબતોનો સામનો કર્યો છે. જવાદારીઓ સંભાળી છે. જીવનરૂપી વીણાના તારોથી સર્વ પ્રકારનાં દુઃખ રૂપી નાદો સાંભળ્યા છે. પોતાના શરીરની દેખરેખ રાખવા માટે સમયનો અભાવ અને સેવાનાં કાર્યોમાં ગળાડૂબ રહેવાથી તે પોતાની જાતને વીસરી ગઈ હતી. પરંતુ શરીર તેને ભૂલ્યું ન હતું.

અરીસામાં પોતાને નિહાળી નિહાળીને વિચારોમાં ખોવાયેલા રહેવું તેને સુખદ લાગતું હતું. જ્યારે રસોઇયણે તેને દવા લેવાનું યાદ કરાવ્યું ત્યારે તે આ દુનિયામાં પાછી આવી.

અંદર આવી દવા લીધા પછી ફરી આરામખુરશીમાં બેસીને

* *ઔવૈયારે રચેલાં સૂત્રોની પુસ્તિકા*

વિચારવમળમાં ગોથાં ખાવા લાગી. 'દરિયાપારના સુદૂર દેશોમાં ભાષણ કરવાનો સ્વીકાર કરવો કે નહિ. આ અંગે કોઈ આત્મીયની સલાહ લઈને જ નિર્ણય પર આવવું જોઈએ.'

આ સમયે જો અરવિંદન હોત તો તેની સલાહ લઈને કોઈ નિર્ણય પર આવવું સુગમ રહેત. પોતાની યોજના અને કાર્યક્રમનો ભાર સંપૂર્ણ વિશ્વાસથી તેને સોંપી દેત. બીજી જ ક્ષણે તેને આશ્ચર્યજનક વિચાર આવ્યો.

તેણે પોતાને જ પ્રશ્ન કર્યો, 'અરવિંદન પાસે એવી તે કઈ શક્તિ છે ? જ્યારે પણ હું વિચાર કરું છું ત્યારે મારાં તન અને મનનો ભાર ઓછો કરવા માટે, હું તેને કેમ યાદ કરું છું ? અરવિંદન ! મારાં મન-પ્રાણ અને વિચારો બધામાં ક્યારે આવીને તમે ઓતપ્રોત થઈ ગયા ? કેવી રીતે આત્મસાત થઈ ગયા ? હું પોતે જાણી શકતી નથી કે તમે મને ક્યારે પ્રેરણા આપો છો. પુરુષ અને નારીભાવોથી મિશ્ર જે અલૌકિક ભાવનાઓનું કવિઓએ વર્ણન કર્યું છે, એ જ ભાવ હું અરવિંદનમાં નિહાળું છું !' આ વિચાર સાથે તે પુલકિત થઈ ગઈ.

કોઈ એક જન્મમાં અરવિંદન અને હું ક્રૌંચ પક્ષી હોઈશું. ત્યારે અસફળ પ્રેમના નિમિત્તે અમારું મૃત્યુ થયું હશે કે પછી ક્રૂર શિકારીએ તીર મારીને અમારા બંનેનું સ્વપ્ન નષ્ટ કર્યું હશે ? વિરહ કેવો હોય છે, તે હવે ધીમે ધીમે તેને સમજાવા લાગ્યો હતો.

શીતલ, મંદ પર્વતીય હવા વહી રહી હતી. તેણે માથે સ્નાન કર્યું હતું. થાક લાગ્યા પછી, તેને પ્રાપ્ત થયેલ મનની શાંતિથી આરામખુરશીમાં બેઠાં બેઠાં જ તેની આંખ મળી ગઈ. આ પર્વતીય તળેટીનો પ્રદેશ દોડીને ઓળંગી જઈ અરવિંદન પાસે જઈ પહોંચવા અને તેની સાથે હસી હસીને વાત કરવા માટે તે આતુર થઈ ગઈ. પછી સ્વગત બોલી, 'મારું મન મને પાછું આપી દો. તમે મોટા ચોર છો !'

ન જાણે તે કેટલું ભણી છે. હૃદય દુઃખોથી પરિપક્વ થઈ ગયું છે. મનમાં પ્રેમ છુપાવી રાખવામાં પણ તે પ્રવીણ છે. પરંતુ તે પળે તેને જણાયું કે તે જે વ્યાકુળતાનો અનુભવ કરી રહી છે, પ્રત્યેક નારી તે વ્યાકુળતામાં બેચેનીથી કોઈ એક દિવસે પોતાને સંયમમાં રાખવાને અસમર્થ રહી હશે. તે વ્યાકુળતા ગામગામની સેવા કરતાં, ભાષણ કરતાં, હરતાં-

ફરતાં, આ કાર્યો દ્વારા તેને ભૂલી રહી હતી. પણ હવે આ ફુરસદના સમયે આ એકાકી પળોમાં સૂકા વૃક્ષમાં આગ લાગે તેમ તેને બાળી રહી છે. તેણે અનુભવ કર્યો કે કેટલાક ભાવ આવા હોય છે જે માનવને પોતાના મુખ્ય ગુણમાં રહેવા દેતા નથી. તેને જીતવો સહજ નથી.

ભોજન માટે વસંતાએ તેને જગાડી. જમ્યા પછી તે જે બંગડીઓ લાવી હતી એ તેણે પૂરણીને પહેરાવી.

'દીદી ! તમે આ વેશમાં નવવધૂ જેવાં સુંદર દેખાવ છો' કહી વસંતા હસવા લાગી. પૂરણી જે ભૂલવા માગી હતી, વસંતા તેને જ યાદ કરાવી રહી હતી. તન અને મનમાં ન સમાઈ શકે એવા આ અનહદ આનંદને તે કેવી રીતે પોતાનામાં સમાવી શકે ?

બે દિવસ સુધી ક્યાંય ન જતાં, તમિળ સંઘમાંથી આવેલાં પુસ્તકો વાંચી નાખવાનો સંકલ્પ કરીને તે વાંચવા બેઠી. બીજે દિવસે સાંજે તે સી.ઈ.એમ. જોડેની 'સભ્યતાની કહાણી' પુસ્તક પૂરું કરવાની તૈયારીમાં હતી બરાબર એ જ સમયે બહાર તારવાળાનો સાદ સંભળાયો. વસંતા દોડતી બહાર ગઈ અને સહી કરીને તાર લઈ આવી. 'એક જરૂરી કાર્ય અંગે સલાહ લેવા માટે આવતી કાલે અરવિંદનને મોકલું છું.' આ તાર મીનાક્ષીસુંદરમનો હતો.

જેના આગમનની તે પ્રતીક્ષા કરી રહી હતી તે સ્વયં આવી રહ્યો છે. આખી રાત તે સ્વપ્નોમાં રહી અને બીજે દિવસે સવારે જ વહેલી નાહીને બારણાની બરાબર સામે જ પુસ્તક લઈને બેસી ગઈ. તેને થયું કે અરવિંદનના આગમનના કારણે જ કદાચ કોડૈક્કેનાલ આજે આટલું સુંદર સ્વરૂપ ધારણ કરી રહ્યું છે.

તે દિવસે તેણે સુંદર શણગાર સજ્યો હતો. અંબોડામાં પુષ્પો ગૂંથ્યાં હતાં. છોકરીઓને શણગાર સજવાની ઇચ્છા સહજ જ હોય છે. પરંતુ આવું બધું કરતાં તેને શરમ આવતી હતી. પરંતુ ન જાણે કેમ તેને તે દિવસે આમ સજવાની ઉત્કંઠા થઈ. તેણે સફેદ ફૂલોની છાપવાળી [illegible] સાડી પહેરી હતી. એવી પ્રતીતિ થતી હજી જાણે કોઈ મયૂર કલા કરીને ખુરશી પર આવીને બેસી ગયો ન હોય !

મીનાક્ષીસુંદરમની કાર બાર વાગે અંદર આવીને ઊભી રહી.

કુતૂહલવશ પૂરણી એકદમ ઊભી થઈ ગઈ. અરવિંદન માટે જ જાણે

તે અનુરક્ત હાસ્ય હસતી કાર પાસે જઈને ઊભી રહી. તેનું હૃદય ઉત્કટ પ્રેમથી ધડકી રહ્યું હતું.

કારમાંથી મીનાક્ષીસુંદરમ ઊતર્યા, મુરુગાનંદમ ઊતર્યો. એક ન ઊતર્યો અરવિંદન. તેના હૃદયનું વિકસિત પ્રેમપુષ્પ ઝૂરવા લાગ્યું. પોતાની નિરાશાના કારણે આવનારાઓના સ્વાગતમાં કસર રહેવી ન જોઈએ, વિચારી હસવાનો પ્રયાસ કરતાં તેણે એમનું સ્વાગત કર્યું.

'શરીર સારું છેને ?' મીનાક્ષીસુંદરમે પૂછ્યું તેના પ્રત્યુત્તરમાં પોતાને કાબૂમાં રાખવાનો અસમર્થ પૂરણીથી પુછાઈ ગયું, 'તમારી સાથે અરવિંદન આવ્યા નથી ? તેમના આવવાની ખબર તમે કાલે તારથી આપી હતી.'

મીનાક્ષીસુંદરમે કહ્યું. 'ન આવી શક્યો. આજ સવારે જરૂરી કામ માટે તેને તેના ગામ જવું પડ્યું. અંદર આવ. વિગત વાર બધું જણાવું છું.'

# ૨૧

પૂર્વ યોજના અનુસાર અરવિંદન અને મુરુગાનંદમ બંને કોડૈક્કેનાલ જવાના હતા. સવારે નીકળવાના સમયના થોડા સમય પહેલાં જો તાર આવ્યો ન હોત તો અરવિંદનને કોડૈક્કેનાલ જવામાં અડચણ ન આવત.

અરવિંદનની ગામમાં કહેવા પૂરતી પણ મિલકત ભલે ન હોય પણ ત્યાં તેનાં સગાં રહેતાં હતાં. પરંતુ વાસ્તવિક રીતે તે બધાં જ તેનાં દુશ્મન હતાં. તેઓ બધાં ક્રોધી, ઈર્ષાળુ અને દ્વેષિલાં અને ઝઘડાખોળ હતાં. તેમની દૃષ્ટિએ એક સંપત્તિ સિવાય બીજા કશાનું મૂલ્ય ન હતું.

અરવિંદનના એક કાકા માંદા હતા. તે ગામમાં રહેતા હતા, અરવિંદન સારી રીતે જાણતો હતો કે એમને તેને માટે કાંઈ જ કર્યું ન હતું. તેના બાપુજી અને પરિવાર પ્રત્યે કાકાએ જે અધમ આચરણ અને છળકપટ કર્યું હતું એ યાદ કરીને તે કેટલીય વાર ગુસ્સે થયો હતો. તેના બાપુજી અત્યંત ઉદાર હતા. છૂટા હાથે દાનધર્મ કરતા હતા. જ્યારે તેના કાકા અત્યંત કંજૂસ હતા. એક પાઈ બીજા માટે ખર્ચતા ન હતા. દેણદાર પાસે તેમનું લેણું વધી જતું તો તેનાં ખેતર, ઘરેણાં જેવી સંપત્તિ વગેરે દાવો કરી પડાવી લેતા. તેઓ ખૂબ આકરા વ્યાજે પૈસા ધીરતા.

બાપુજી દિવસે દિવસે ઘસાતા જતા હતા. જ્યારે કાકા ધનાઢ્ય

બનતા જતા હતા. અરવિંદન મોટો થયો ત્યારે કાકાનાં મકાનો ઊંચાં બનવાનું રહસ્ય તેની જાણમાં આવ્યું.

છેવટની ઘડીએ કાકા તેના બાપુજીના કાળ બનીને આવ્યા. એક માના ઉદરે જન્મેલો ભાઈ જ છે. બધાને અન્યાય કરશે, બધાના પર જોરજુલમ કરશે. પણ મારી સાથે તો નહિ જ કરે, મોટા ભાઈ હોવાથી મને આદર આપવાની તેની ફરજ નથી ? આવો વિચાર કરીને તેના બાપુજીએ તેની પાસેથી કેટલાક હજાર રૂપિયા ઉછીના લીધા. તે વરસે પાક બરાબર થયો ન હોવાથી તેના બાપુજી દેવું ચુકાવી શક્યા નહિ. આપણે એક માની કૂખે જન્મ્યા છીએ, આવતે વરસે પાક ઊતરતાં જ તમારું દેવું ચુકાવી આપીશ. ત્યાં સુધી મારું માન રાખો. આ વરસ સારું નથી.' અરવિંદનના બાપુજીએ નાના ભાઈને ત્યાં જઈને વિનંતી કરી હતી. પરંતુ કાકાએ તેમની વાત માન્ય રાખી ન હતી. પત્નીના ચઢાવ્યા ચઢીને, મોટા ભાઈ સાથે હીન વર્તાવ કર્યો હતો.

'વચન મુજબ દેવું ચુકાવી દેવું જોઈએ. પૈસા અને લોહીને કોઈ સંબંધ નથી.'

'પત્નીનો ચઢાવ્યો મોટાભાઈ સાથે સદ્વ્યવહાર કરવાને બદલે આવો હલકટ વ્યવહાર કરે છે. શું આ ઉચિત છે ?'

'ભાઈ ! નિરર્થક વિવાદ શા માટે કરો છો ? કડક થયા વગર પૈસા નહિ આપો ?'

અરવિંદનના બાપુજી ખૂબ જ સ્વાભિમાની હતા. બીજો કોઈ ઉપાય ન હોવાથી જે થોડીઘણી ખેતીની જમીન હતી તે વેચીને દેવું ચુકાવ્યું. અરવિંદનનો જન્મ તેમની પાછલી ઉંમરે થયો હતો. તેનું લાલનપાલન અત્યંત લાડકોડથી કર્યું હતું.

નાના ભાઈનું દેવું બાપુજીએ ખેતર વેચીને ભરપાઈ કર્યું ત્યારે અરવિંદનની વય દશ વરસની હશે. એ વખતે તે ગામની શાળામાં ત્રીજા ધોરણમાં હતો. જે થોડીઘણી ખેતરની જમીન હતી તે વેચી નાખ્યાની ચિંતામાં તે હંમેશાં માટે પથારીવશ રહ્યા. તેમના મૃત્યુનું દુઃખ આજે પણ અરવિંદનને સાલે છે. કારણ બતાવ્યા વગર નિશાળેથી તેને બોલાવી તેનું માથું મુંડાવી, હાથમાં દોણી આપી બાપુજીના શબ સાથે સ્મશાનમાં લઈ ગયાનું દૃશ્ય આજે પણ તેનાથી ભૂલ્યું ભુલાતું નથી.

તે જૂના દિવસોની યાદથી આજે પણ અરવિંદનની આંખો ભીની થઈ જાય છે. માનું મરણ થયું ત્યારે તેના પર બીજી વખત વજ્રપાત થયો. બાર વરસની વયે જ પ્રાથમિક શાળા સાથે માથી પણ તેને વંચિત થવું પડ્યું. સાગરની અસીમ વિરાટતાથી અજાણ બાળક જેમ તેના કિનારે ઊભો રહીને કાગળની હોડી બનાવીને તેમાં તરાવવાની ઇચ્છા કરે તેમ અરવિંદન પણ જીવવાની અપેક્ષા સાથે અનાથની જેમ ઊભો રહ્યો. કોઈ પણ પ્રકારે જીવવાની અભિલાષા, કેવી રીતે જીવવું તેની વ્યાકુળતા સાથે જગતથી અપરિચિત તેનું કોમળ હૈયું ફફડી ઊઠ્યું. ગામલોક બદનામ ન કરે એ ભયથી તેના કાકાએ થોડાક દિવસ તેને આશ્રય આપ્યો તો ખરો પરંતુ ક્રૂરતામાં સાક્ષાત કાળકા માતાના અવતાર સમી કાકી હતી. 'પગ પર પગ ચઢાવીને ઘરમાં બેઠો રહીશ કે કાંઈ કામ કરીશ ? જા, આ ભેંસોને ચરાવી આવ ?' કહી કાકીએ તેને નિશાળ મુકાવીને ઢોર ચરાવવાનું કામ સોંપ્યું. ઢોર ચરાવતી વખતે ખેતરની પાળી પર બેસીને તે કેટલાય દિવસ હૈયાફાટ રડ્યો હશે ? તેનો કોઈ હિસાબ જ નથી. 'હે બાપુજી ! મા ! કાકાનો માર અને કાકીની ગાળો ખાવા માટે જ મને એકલો અનાથ મૂકીને તમે શા માટે ચાલ્યાં ગયાં ?' વિલાપ કરતાં તેણે ન જાણે કેટલાંય આંસુ વહાવ્યાં હશે ?

ગૌશાળામાં ઉછેરાતાં પશુઓની જેમ તે પણ ઊછરતો હતો. ગૌશાળામાં જ તે ખાતો અને તેમાં જ કોઈ એક ખૂણામાં સૂઈ જતો. સવારે ઊઠીને ઢોર ચરાવવા તે જતો. એક દિવસની વાત છે - ઢોરને ચરતાં મૂકીને તે પુસ્તક વાંચતો હતો. એટલામાં ઢોરોએ પાસેના ખેતરમાં મોં નાખ્યું. ખેતરના માલિકે કાકાને ફરિયાદ કરી. ઢોર ચરાવીને સાંજે જેવો તે ઘેર આવ્યો કે તરત કાકાએ આડુંઅવળું જોયા વગર જ તેને ઢીબી નાખ્યો. કાકીએ ગાળોનો વરસાદ વરસાવ્યો. એ દિવસે તેની આંખો ઊઘડી ગઈ. હવે મારે આ ઘરમાં રહેવું ન જોઈએ. રહી પણ ન શકું. અને તેણે ભાગી જવાનો નિર્ણય કર્યો. રાતે બધાં ઊંઘી ગયાં પછી પોતાનાં ફાટેલાં-જૂનાં અને મેલાં કપડાં લપેટીને તે રેલવેના પાટા તરફ ચાલી નીકળ્યો. ઘોર અંધકારમાં રેલના પાટા અને ગ્રોવલ પથ્થર પર, વાગવાની ચિંતા કર્યા વગર આગળ વધે ગયો. તે મદ્રાસ તરફ જઈ રહ્યો હતો. અરે તે જીવન તરફ વધી રહ્યો હતો. એ પછી તે અરવિંદન આજના અરવિંદનમાં

પરિવર્તન પામ્યો. એ દુઃખો અને વ્યથાથી ભરેલી કરુણ ગાથા છે. તે સ્વ-મહેનત અને આત્મવિશ્વાસે મોટો થયો. ભણ્યો. તે સવારના દશ સુધી કે અને ફરી સાંજે પાંચ પછી હૉટલમાં મેજ સાફ કરવાનું, બેરાનું કામ-જે મળતું તે કરતો હતો. હૉટલનો માલિક સજ્જન હતો. હૉટલનું કામ કરતાં કરતાં તેમણે તેને ભણવાની અનુમતિ પણ આપી. હૉટલની પાસે જ એક હાઈસ્કૂલમાં અરવિંદન છઠ્ઠા ધોરણમાં દાખલ થઈ ગયો. તેની સાથે ભણતા છોકરાઓ પાંચ પછી તે જ હૉટલમાં નાસ્તો કરવા આવતા. હાથમાં પોતું લઈને મેજ સાફ કરતાં અરવિંદનને જોઈને એ તેની મઝાક ઉડાવતા. વર્ગમાં છોકરાઓએ મઝાકમાં તેની ચીઢ 'ટેબલ કલીનર' પાડી હતી.

તેરથી વીસ વરસની ઉંમર સુધી હીનભાવના અને ઉપેક્ષાની ચિંતા કર્યા વગર તેણે કઠોર પરિશ્રમ ઉઠાવીને પોતાના જીવનનો વિકાસ કર્યો.

બચપણના આ અનુભવ જ તેને જીવનનું જ્ઞાન અને ઉચ્ચ આદર્શોની વૃદ્ધિ કરાવવામાં સિદ્ધ થયો. તેને ગરીબો પ્રત્યે દયા અને સામાજિક સમસ્યાઓ પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થઈ છે. એ માટે પણ તેની કિશોરાવસ્થા જ કારણભૂત હતી.

શાળાનું શિક્ષણ પૂરું થતાં જ એક તમિળ અધ્યાપકની ભલામણથી મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસના માલિક પાસે જવું, ત્યાં પોતાની બુદ્ધિની કુશળતા અને પ્રામાણિકતાથી ઉન્નતિ કરવી - ન જાણે આવા કેટકેટલાય બનાવો સમયની સાથે બનતા રહ્યા.

કોડૈક્કેનાલ જવા નીકળતાં પહેલાં જ તાર મળવાથી દુઃખોથી ભરપુર પોતાની કિશોરાવસ્થાનો પ્રત્યેક બનાવ ચિત્રપટ પર દોડતાં દશ્યોની જેમ અરવિંદનને યાદ આવી રહ્યા હતા. આ રીતે તેના ગત જીવનની સ્મૃતિઓને ઉઝેડનારો તાર હતો.

'કાકા મરણ પામ્યા છે. જલદી આવો.' તારમાં આટલું જ જણાવ્યું હતું. કાકી તો કાકાની પહેલાં જ મૃત્યુની ગોદમાં પોઢી ગઈ હતી. અરવિંદનનું મદુરૈના સરનામાની ગામવાળાને ખબર હતી.

કાકાનો એક તેના સિવાય બીજો કોઈ વારસદાર ન હતો. કાકાએ ગામભરને દગો દઈને, સગાંઓને ઠગીને, ગરીબોની આંતરડી કકળાવીને ઘરબાર-જમીનં સંપત્તિ ભેગી કરી હતી. પરંતુ ભોગવ્યા વગર જ તે

ચાલ્યા ગયા. તેમનું મરણ પણ શું સારું થયું હતું ? મધુપ્રમેહગ્રસ્ત, ચાલવાને પણ અશક્તિમાન, ગભરાટ અને વ્યથામાં જ તેમનું મૃત્યુ થયું.

કાકા જે પ્રકારનું જીવન જીવ્યા હતા, તેના પર વિચાર કરતાં અરવિંદનને દયા આવી. જ્યારે તાર આવ્યો ત્યારે મીનાક્ષીસુંદરમ અને મુરુગાનંદમ બંને તેની સાથે જ હતા. તેમણે વિચાર કર્યો 'એકાદ લાખની સંપત્તિવાળાનું મૃત્યુ થયું છે. પરંતુ તેમનો આ ભાવિ વારસ ભ્રમિત સ્થિતિમાં કેમ ઊભો છે ? તે સંપત્તિને કારણે જ આના બાપુજીનું મૃત્યુ અને આને અપમાનિત થઈને ગામ છોડવું પડ્યું હતું.'

અરવિંદનનો ચહેરો કઠોર થતો ગયો.

'કોને જોઈએ છે તે અધમ મખ્ખીચૂસના પૈસા ?' બોલતાં તેણે તાર ફાડી ફેંકી દીધો. મીનાક્ષીસુંદરમે તેને સમજાવ્યો. 'મૂર્ખામી ન કર ! મૃત્યુ જેવા કાર્યમાં ભલા જૂનું વેર, ક્રોધ, નારાજી વગેરેનો વિચાર કરાય ખરો ? હું કહું તેમ કર. તું આજે કોડૈક્કેનાલ ન જઈશ. હું અને મુરુગાનંદમ જઈશું. તું ગામ જા અને અગ્નિસંસ્કાર વગેરે કાર્યો પતાવીને પાછો આવ. જો તું નહિ જાય તો ત્રીજો સગો સંપત્તિ લઈ જશે. જો તે સંપત્તિ તારા હાથમાં આવે તો તે તું સારાં કાર્યોમાં વાપરી શકીશ. તદ્દન આંખો મીંચીને સંપત્તિ પ્રત્યે નફરત શા માટે કરે છે ?'

'તેમણે મારી સાથે એવો વર્તાવ કર્યો છે કે તેમના બારણે પગ મૂકતાં મને સંકોચ થાય છે.'

'તેમણે ખરાબ વર્તાવ જરૂર કર્યો હશે ! તેમનો પૈસો સદ્કાર્યોમાં વાપરીને એ બધાંનો બદલો તું વાળી શકે છે.'

ખૂબ સમજાવી-પટાવીને મીનાક્ષીસુંદરમ અરવિંદનને ઠેકાણે લાવ્યા. ગાડીનો સમય હતો. તેઓ અને મુરુગાનંદમ તેને ટ્રેનમાં બેસાડી આવ્યા. કાકાની અંતિમ ક્રિયા કરવા માટે તેને તેની મરજી વિરુદ્ધ ગામ જવું પડ્યું. જતી વખતે તે અતીતની સ્મૃતિઓમાં ડૂબેલો હતો. સ્મૃતિઓ તોફાનનું સ્વરૂપ ધારણ કરી રહી હતી. અને તે તોફાનમાં વિચારની અગ્નિજ્વાળા જાણે તેની ચારે તરફ ફેલાઈ રહી હતી. કયા વિચારમાં ડૂબીને તેણે આ મુસાફરી કરી એની તેને પોતાને ખબર નથી.

ગામ પહોંચ્યો ત્યારે સવારના નવ વાગ્યા હતા. સગાંસંબંધીઓ તેના આવવાની રાહ જોતાં હતાં.

અગ્નિસંસ્કાર પતાવીને સ્મશાનેથી પાછા ફરતી વખતે લોકોની વિવિધ અર્થપૂર્ણ વાતોથી અરવિંદન આશ્ચર્યમાં પડી ગયો. ડાઘુઓમાં રાજકારણનો સારો અનુભવી એક વૃદ્ધ હતો. વરસોનો અનુભવ હતો. તેણે બધાની સામે પૂછ્યું :

'કેમ ભાઈ ! તમારા શેઠ પૂરણી નામની તે યુવતીને ચૂંટણીમાં ઊભા રાખવાની કાર્યવાહીમાં પડ્યા છેને ? તમને તો ખબર હશે જ.'

તેના આ પ્રશ્નનો શો જવાબ આપવો એનો અરવિંદન વિચાર કરતો હતો ત્યાં તે વૃદ્ધ આગળ બોલ્યા, 'આવાં બધાં કાર્યોમાં મીનાક્ષીસુંદરમ હોશિયાર છે ભાઈ ! બધી ગણતરી કર્યા પછી જ તેમણે આ નિર્ણય લીધો હશે. પરંતુ મને જે કાંઈ જાણવા મળ્યું છે, એ તમને જણાવું છું. તું પણ એને કહેજે. લાગે છે કે તે ચૂંટણીમાં સામનો કરવો મુશ્કેલ છે. નવા મંડપમાં એક પુસ્તક વિક્રેતા રહે છે. તે દુષ્ટ અને ઉદ્ધત છે. ગમે તેવું પગલું ભરતાં પાછો પડે તેમ નથી, અચકાય એમ નથી....'

વચમાં ટોકતાં અરવિંદને પૂછ્યું, 'તે પુસ્તક વિક્રેતા કોણ છે ?'

તેનો સંદેહ બરાબર જ નીકળ્યો. વૃદ્ધે તેના વિરોધીનું નામ જણાવ્યું અને કહ્યું, 'તેણે અત્યારથી ચૂંટણીમાં પૂરી તાકાતથી ઝંપલાવ્યું છે.'

વૃદ્ધની વાત સાંભળીને અરવિંદન એવો તો બેચેન થઈ ગયો કે અત્યારે હમણાં જ કોડૈક્કેનાલ જાઉં અને તે લોકોને આ વાત જણાવું.

## ૨૨

મીનાક્ષીસુંદરમે સર્વ પ્રથમ તારથી કરેલ જાણ અનુસાર અરવિંદન કોડૈક્કેનાલ ન આવતાં તેને ના છૂટકે ગામ જવું પડ્યું એ જણાવ્યું. તેના ન આવવાથી પૂરણીને જે નિરાશા ઉત્પન્ન થઈ, મીનાક્ષીસુંદરમે અત્યંત સૂક્ષ્મ રીતે તેના ચહેરા પરના ભાવો વાંચ્યા. પૂરણીએ પણ પોતાની નિરાશા છુપાવવા માટે યથાશક્તિ પ્રયત્ન કર્યો. પરંતુ મીનાક્ષીસુંદરમની તીક્ષ્ણ દૃષ્ટિથી તે સફળતાપૂર્વક છુપાવી શકી નહિ.

'મદુરૈમાં મંગલેશ્વરીઅમ્માળ, ચેલ્લમ અને નાની બહેન બધાં કુશળ હશે. કુમરન પ્રેસમાં વ્યવસ્થિત કામ કરતો હશે. મદુરૈમાં અરવિંદન નથી ત્યારે પણ પ્રેસ છોડીને તમે અહીં આવ્યા, એવી તે શી ઉતાવળ હતી ?'

પોતાની નિરાશા છુપાવવાનો પ્રયત્ન કરી પૂરણીએ તેમના કુશળસમાચાર પૂછ્યા.

'ઉતાવળ હતી ! નહિતર આમ શા માટે આવું ?' યોગ્ય રીતે વાત શરૂ કરતાં મીનાક્ષીસુંદરમે પોતાના આવવાનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો.

તેમની વાત સાંભળીને પૂરણીના ચહેરાના ભાવ બદલાઈ ગયા. કોઈ જવાબ આપ્યા વગર તેણે ઘણો સમય બોલ્યા વગર વિચાર કર્યો. મીનાક્ષીસુંદરમ તથા મુરુગાનંદમ તેના જવાબની રાહ જોતા હતા.

'મને આપોઆપ જ આ વિચાર આવ્યો છે. એવું લાગે છે કે, જાણે પ્રભુએ જ મને પ્રેરણા કરી છે. દીકરી ! પહેલાં મેં અરવિંદન અને મુરુગાનંદમને આ વાત કરી. પહેલાં તો અરવિંદને ના પાડી. પણ પછી તે માની ગયો. મુરુગાનંદમ તો મારા વિચાર સાથે સંપૂર્ણ સહમત છે. અમે તારા સ્વીકારાત્મક જવાબની આશા રાખીએ છીએ.'

તેમને ધ્યાનથી જોઈ પૂરણી ધીમેથી હસી. તે હાસ્યમાં પ્રશ્નાર્થ ચિહ્ન સમાયેલું હતું.

'આખરે મને આ ઝંઝટમાં ફસાવવાનો વિચાર તમને ક્યારે અને કેવી રીતે આવ્યો ?'

'આમાં ઝંઝટની કઈ વાત છે ? રાજકારણમાં ભાગ લેવાની તારામાં યોગ્યતા નથી ? અથવા તું સ્વીકારે એટલું યોગ્ય રાજકારણ નથી ?'

મુરુગાનંદમે કહ્યું, 'દીદી ! આમાં વિચાર કરવા જેવું શું છે ? તમે ચૂંટણીમાં જીતશો તો ગરીબો, અનાથોના આ દેશની ઘણી સેવા કરી શકશો.'

આનો પણ પૂરણીએ કોઈ જવાબ આપ્યો નહિ. પુનઃ તેણે સ્મિત કર્યું. બાપુજીના મૃત્યુના બે વરસ પહેલાં બનેલો એક બનાવ તેને યાદ આવી ગયો. ભલે ગમે તેટલી મોટી તક મળે, પણ જો આપણું મન તેને ન સ્વીકારે તો તેને જવા દેવાની શક્તિ અને સાહસ હોવું જોઈએ. આ શક્તિ બાપુજીમાં હતી.

બાપુજીની સ્મૃતિએ જે દૃઢતા અર્પી હતી, પૂરણીએ તે જ દૃઢતાથી મીનાક્ષીસુંદરમ અને મુરુગાનંદમને ગંભીર સૂરે કહેવું શરૂ કર્યું,

'તમે ઘણા અનુભવી છો, મોટા છો, તમારા ઉપકાર હું ભૂલી શકું

એમ નથી. પરંતુ તમે જે કાર્ય માટે આગ્રહ કરો છો, તેનો સ્વીકાર કરતાં મારું મન પાછું પડે છે. આજે વિવેકની હાર અને દલીલની જીત થાય છે. સદ્ગુણી હારે અને તકવાદીઓ જીતે એવો આ સમય છે. જ્યાં આવી પરિસ્થિતિ છે ત્યારે તમે વહેણની વિરુદ્ધ દિશામાં તરીને રાજકારણમાં કૂદી પડવા માટે પ્રોત્સાહિત કેમ કરી રહ્યા છો ?'

'આ તારાથી બનશે, એ બરાબર જાણ્યા પછી જ તને પ્રોત્સાહિત કરું છું, દીકરી ! અરવિંદન અને તારા વિચાર એકસરખા જ છે. મેં તેને મારો વિચાર જણાવ્યો ત્યારે આ જ મુશ્કેલીઓ તેણે મને જણાવી હતી જે તેં જણાવી, પરંતુ ખરી પરિસ્થિતિ જણાવ્યા પછી તે પણ મારી વાત સાથે સહમત થયો હતો. આ વાત કરવા માટે હું તેને મોકલવાનો હતો. પરંતુ તેના કાકાની અંત્યેષ્ટિમાં તેને ગામ જવું પડ્યું ન હોત તો તે પોતે આવીને તને આ વાત સ્વીકારવા માટે વિવશ કરત. જો તે આવ્યો હોત તો મારું કામ સરળ થઈ જાત. તને આટલી સમજાવી પડત નહિ.'

લંકા, મલાયા વગેરે સ્થળોએથી ભાષણ કરવા માટે જે નિમંત્રણ આવ્યાં હતાં એ બધાં પૂરણીએ તેમને જણાવ્યાં. પરંતુ તેમણે કહેલી વાતનો તેણે કોઈ જવાબ આપ્યો નહિ.

'તારું ઉમેદવારીપત્ર ભરવાની બધી વ્યવસ્થા થઈ ગઈ છે, દીકરી ! તું મને નિરાશ ન કર.' આ શબ્દોમાં વારંવાર મીનાક્ષીસુંદરમે આગ્રહભરી વિનંતી કરી છતાં પૂરણીએ કોઈ નિશ્ચિત જવાબ આપ્યો નહિ.

મીનાક્ષીસુંદરમે કહ્યું, 'તું લંકા, મલાયા વગેરે સ્થળોથી યશ પ્રાપ્ત કરીને આવ દીકરી ! આમાં અમારું બધાંનું ગૌરવ જ થશે. તેની સાથે અમે આ મોટાઈ પણ તને આપવા ઇચ્છીએ છીએ. તું આનાકાની કર્યા વગર આનો સ્વીકાર કર. આમાં જરૂર તું જીતીશ. જીતથી તારી ઉન્નતિ થશે. દેશ પણ ઊંચો આવશે.'

પૂરણીએ કહ્યું, 'હું તમારી વાત પર વિચાર કરીશ. મને વિચારવા માટે સમય આપો તો સારું. તમે બેત્રણ દિવસ રોકાઈ જાવ.'

'બેત્રણ દિવસ રોકાઈ જવામાં મને કોઈ વાંધો નથી. તારી ઇચ્છા હોય તો આ અંગે સલાહ લેવા અરવિંદનને પણ બોલાવું.'

મીનાક્ષીસુંદરમે આ કહ્યું તે સાથે જ પૂરણીના ચહેરા પર શરમની

સુરખી પથરાઈ ગઈ. તે જમીન તરફ જોઈ ગઈ. આ મીનાક્ષીસુંદરમની ધ્યાન બહાર રહ્યું નહિ.

તે અત્યારે એક વાત બરાબર સમજી ગયા કે તેમના મોભા અને સંપત્તિથી પણ વધુ કોઈ એક અદ્ભુત સંમોહશક્તિથી અરવિંદન તેના મન પર રાજ્ય કરી રહ્યો છે. એક નારીના મનને જીતવા માટે શક્તિ જોઈએ. આ ઉપરાંત આવી અપૂર્વ નારીના મન પર રાજ્ય કરનાર પોતાના અરવિંદનમાં કોઈ એક વિશિષ્ટ ઉચ્ચ શક્તિ છે - આ વિચાર આવતાં તેમને મન અરવિંદનનો મોભો હતો તે કરતાં અનેક ગણો વધી ગયો.

મીનાક્ષીસુંદરમે કહ્યું, 'તારા મનની સ્થિતિ હું બરાબર સમજું છું, પૂરણી ! અરવિંદનને એક વાર આવી જવા માટે હું તાર કરું છું.'

'કાકાની અંત્યેષ્ટિ ક્રિયા કર્યા પહેલાં ત્યાંથી આવી શકશે ?' પૂરણીએ સંદેહ વ્યક્ત કર્યો.

'તાર કરવાથી તે જરૂર આવશે. અંત્યેષ્ટિ ક્રિયા આજે પતી ગઈ હશે. કાલે સવારે દૂધથી ચિતા ટાઢી કરીને આવે તો સોળમા દિવસે ક્રિયા પતાવવા ફરી જવું પડશે. હું તાર કરી દઉં છું.' પૂરણીને કહીને મીનાક્ષીસુંદરમ મુરુગાનંદમ તરફ ફર્યા. પણ તે ત્યાં ન હતો. તેની ખુરશી ખાલી હતી.

'આ છોકરો ક્યાં ચાલ્યો ગયો ? તાર કરવા તેને મોકલવા માગતો હતો. કાંઈ નહિ. હું જ તાર કરી આવું છું' કહી મીનાક્ષીસુંદરમ ઊભા થયા.

'તમે ન જશો. હું તેને બોલાવી આવું છું' કહી પૂરણી પાછળની તરફ ગઈ. પણ ત્યાં કોઈ ન હતું. ઘરમાં આવીને તેણે વસંતાની તપાસ કરી તો તેનો પણ પત્તો લાગ્યો નહિ. તેણે રસોઈયણને પૂછ્યું.

રસોઈયણે કહ્યું. 'હમણાં તે અહીં હતી. મહેમાનને બાગ બતાવી રહી હતી, બગીચામાં વાતો કરતાં હશે. બરાબર જુઓ.' પૂરણીએ ફરી બાગમાં જઈને બધે તપાસ કરી. ટેકરી પર ચઢીને જોવાથી જળાશય ઘણું પાસે બરાબર દેખાતું હતું. તેણે જોયું તો મુરુગાનંદમ અને વસંતા બંને જળાશયમાં નૌકાવિહાર કરતાં હતાં. મનમાં હસતી તે પાછી ફરી.

મીનાક્ષીસુંદરમ તાર કરવા ગયા. પૂરણીને લાગ્યું, મુરુગાનંદમ અને વસંતાનો પ્રેમ અત્યંત અલ્પ સમયમાં વૃદ્ધિ પામ્યો છે. હવે તેની સમજમાં

આવી ગયું કે છેલ્લા દિવસોમાં વસંતાના ઉત્સાહનું કારણ શું હતું. એ દિવસે તેના પર આવેલો પત્ર મુરુગાનંદમનો જ હોવો જોઈએ. પરંતુ આ સંબંધ મંગલેશ્વરીઅમ્માળ કેવી રીતે માન્ય રાખશે ? ઘણા સમય સુધી તે આ ચિંતામાં ડૂબેલી રહી. તે આશંકિત થઈ ગઈ. મુરુગાનંદમ સારો છોકરો છે. પરંતુ વસંતા અને મુરુગાનંદમના પરિવાર વચ્ચે મોટી આર્થિક અસમાનતા છે. ત્યાં આ બંનેમાં કેવી રીતે મેળ બેસશે ?

દશ મિનિટમાં તાર કરીને મીનાક્ષીસુંદરમ પાછા આવ્યા.

બધાં સાથે ભોજન કરીશું, આ વિચારથી તે મુરુગાનંદમ અને વસંતાની રાહ જોવાતી હતી. થોડી વારમાં બંને હસતાં વાતો કરતાં આવી પહોંચ્યાં.

'આ પહેલાં આ ક્યારેય કોડૈક્કેનાલ આવ્યા નથી દીદી ! હું આમને ફેરવીને લાવી છું. સાંજે 'પિલ્લર રોક્સ' જોવા જવાની યોજના છે' વસંતાએ કહ્યું.

બપોરે સાડા-ત્રણ વાગે વસંતા અને મુરુગાનંદમ તેને કહીને ફરવા ગયાં. વસંતા એટલી સજીને તૈયાર થઈ હતી કે આ પહેલાં પૂરણીએ તેને આવી ક્યારેય જોઈ ન હતી. પૂરણીએ આશ્ચર્ય સાથે આ પણ જોયું કે મુરુગાનંદમના ઝાડી જેવા કેશ જે હંમેશાં તેના માથા પર ઝૂલતા હતા તે ફરવા જતી વખતે અત્યંત કાળજીપૂર્વક ઓળ્યા હતા.

કોડૈક્કેનાલથી મીનાક્ષીસુંદરમે કરેલો તાર અરવિંદનને તે રાતે દશેક વાગે મળ્યો. તાર આવવાથી અરવિંદનને આશ્ચર્ય થયું નહિ.

ટાઢી વાળવાની વિધિ પૂરી થતાં તે જ દિવસે અરવિંદન મદુરૈ રવાના થયો. શોક વ્યક્ત કરવા આવેલા તે પ્રૌઢ પુરુષ પણ તેની સાથે મદુરૈ ગયા. પહેલે દિવસે અંત્યેષ્ટિ ક્રિયા પતાવીને જ્યારે અરવિંદન સ્મશાનેથી પાછો ફર્યો ત્યારે તેમણે જે સૂચના આપી હતી કે જે વિભાગમાંથી પૂરણી ઊભી રહી છે તે વિભાગમાં સામનો કરવો મુશ્કેલ છે. તે વખતે અરવિંદનને તે માણસ સજ્જન જણાયો હતો. પરંતુ ગામથી મદુરૈ આવ્યા પછી તેમણે અરવિંદનને ઘેર બોલાવીને પોતાનું અસલી પોત પ્રગટ કર્યું ત્યારે તે સ્તબ્ધ થઈ ગયો. આટલી નિર્દયતા, છળકપટ રાજકારણમાં હોય છે ? હાય રે રાજકારણ !

# ૨૩

ગામથી નીકળ્યા ત્યારે અરવિંદને ત્રીજા વર્ગની ટિકિટ લીધી હતી. જ્યારે પેલા વૃદ્ધ મહાશયે પહેલા વર્ગની ટિકિટ લીધી હતી. તેમણે અરવિંદનને પણ પહેલાં વર્ગમાં આવવા માટે ખૂબ આગ્રહ કર્યો.

તે વૃદ્ધે કહ્યું : 'છિ ! છિ !... ગમારોથી ઠસોઠસ ભરેલા ત્રીજા વર્ગમાં જશો ? તેમાં તો ઊભા રહેવા માટે પણ જગા મળતી નથી. તમારી ટિકિટ લાવો. તે પાછી આપીને પહેલા વર્ગની ટિકિટ લઈ આવું છું. વાતો કરતાં બંને જઈશું.'

'એવી કાંઈ જરૂર નથી. પહેલા વર્ગમાં હું ક્યારેય મુસાફરી કરતો નથી. તમે પહેલા વર્ગમાં આવો. હું ત્રીજામાં. બંને મદુરૈ મળીશું' અરવિંદને કહ્યું.

'પહેલા વર્ગની મુસાફરી કરતા નથી એથી શું થઈ ગયું ? નવી મિલકત મળી છે. હવે તમે ધનવાન થઈ ગયા. હવે સ્ટેટસ ઓછું થાય, ભલા એવો વ્યવહાર કરાય ?' આંખો મટમટાવતાં અને હસતાં વૃદ્ધે કહ્યું.

વૃદ્ધે તેને ત્રીજા વર્ગની મુસાફરી કરવા ન દીધી. પરાણે તેમણે પહેલા વર્ગની ટિકિટ બદલાવી. અને પોતાની સાથે પહેલા વર્ગમાં તેન બેસાડ્યો. ગાડી ઊપડી.

'શું કરું ભાઈ ! મારી સાથે વાત કરનાર બીજું કોઈ હતું નહિ. આથી મેં તને મારી સાથે પહેલા વર્ગમાં લીધો. મારા પર નારાજ ન થઈશ.'

આ વૃદ્ધ મહાશય નાની વયમાં જ ગામ અને દેશ છોડીને બર્મા જઈને વસ્યા હતા. ત્યાં ધીરધારનો ધંધો શરૂ કરી ખૂબ પૈસો કમાઈને પાછા આવ્યા હતા. પાછા આવીને ગામમાં ન રહેતાં મદુરૈમાં જ મોટી હવેલી બંધાવી રહેતા હતા. બધાં તેમને 'બર્માવાળા'ના નામથી ઓળખતા હતા. યૌવનાવસ્થા અને પ્રૌઢાવસ્થા વિતાવીને વૃદ્ધાવસ્થામાં બર્માથી પાછા ફર્યા હતા.

ધીરધારની દુકાનની કમાણીથી દબદબાભર્યું જીવન વ્યતીત કરીને વૃદ્ધાવસ્થામાં પોપટ જેવી એક સુંદર બર્મા મહિલાને પણ સાથે લઈને આવ્યા હતા. બર્મા ગયા ત્યારે તે તદ્દન એકલા ગયા હતા. પરંતુ હંમેશાં

એકલા જ રહેવાય ? બર્મામાં રહેતાં અધિકાંશ સમય તે આકર્ષક, મનમુગ્ધ કરે એવી સુંદર બર્મા સ્ત્રીઓ પર આસક્ત રહેતા. સ્વદેશ આવતા પહેલાં એક વરસ પહેલાં તેમની આકાંક્ષા પૂર્ણ થઈ. તેમની ઉંમર કરતાં અડધી ઉંમરની છોકરી સાથે લગ્ન કર્યાં. અને તેને પોતાની સાથે ભારત પણ લઈ આવ્યા. જાણે રમવા માટે સુંદર, મનપસંદ રમકડું ખરીદી લાવ્યા. અસીમ સંપત્તિ અને અપૂર્વ સુંદર પત્નીને પોતાની સાથે લઈને જ્યારે તેઓ મદુરૈ પાછા ફર્યા ત્યારે તેમના જીવનમાં એક નવો અધ્યાય શરૂ થયો. સાર્વજનિક જીવનમાં કેટલાંય મિત્રો અને સંસ્થાઓએ તેમને પ્રકાશમાં લાવવા સહયોગ આપ્યો. સંપત્તિ અને યશે તેમને રાજકારણમાં આવવા માટે આહ્‌વાન આપ્યું.

મદુરૈમાં વૈગૈ નદીના ઉત્તર કિનારે રાજમહેલ જેવો એક બંગલો બંધાવ્યો હતો. તે એક સામાન્ય બંગલો ન હતો. દોઢ એકર જમીનમાં, ગાઢ જંગલ જેવા બગીચામાં બંધાવ્યો હતો. ત્યાં આંબા અને નારિયેળી હતી. તે સ્થળનું નામ 'બર્માવાળી જાગીર' પડી ગયું હતું. દીકરીની ઉંમરની પત્નીને અને અપાર સંપત્તિ લઈને જ્યારે તે વૃદ્ધ બર્માથી પાછા ફર્યાં ત્યારે લોકોને તે મજાક અને તમાશા જેવું લાગતું હતું.

તેમને વિશે અરવિંદન માત્ર આટલું જ જાણતો હતો કે બર્માવાળા સગપણના સંબંધે કાકાના મરણ પ્રસંગે આવ્યા છે. પહેલે દિવસે સ્મશાનથી પાછા આવતી વખતે તેમણે પૂરણી ચૂંટણીમાં ઊભી રહેવા વિશે અત્યંત સહાનુભૂતિથી ચેતવવો, મીનાક્ષીસુંદરમ વિશે પૂછપરછ કરવી - આથી અરવિંદન સમજ્યો હતો કે તેઓ શુભ આશયથી જ આ બધી વાતો કરતા હશે. પરંતુ તે પછીનો તેમનો વર્તાવ અલબત્ત, તેને પસંદ ન હતો છતાં પણ તે દુષ્ટ અને ભયંકર કાવતરાખોર હશે, એવું માન્યું ન હતું. તેમણે કહ્યું હતું. 'તમારા શેઠ મીનાક્ષીસુંદરમ આજે બે પાંદડે થયા છે. પ્રેસ શરૂ કર્યું તે પહેલાં તેમણે ષણ્મુગમ મિલના ઘણા શૅર ખરીદ્યા હતા. મિલ ફડચામાં ગઈ તે જ વખતે તેમણે પણ ઊંધી પાઘડી પહેરવાની જરૂર હતી.' હવે બર્માવાળાએ નિમ્ન સ્તરે આવીને અઘટિત વાતો કરવી શરૂ કરી દીધી હતી, જે તેને જરાય પસંદ ન હતી. પહેલા વર્ગમાં બેસીને તે ત્રીજા વર્ગની વાત કરતા હતા.

'આજકાલ ઓછી લાયકાતવાળાઓ પણ એકદમ ઉન્નતિ કરવા

ઇચ્છે છે. મહિલા સંઘના થોડાક લોકોની વચમાં તમિળમાં ભાષણ કરીને પૂરણી પ્રસિદ્ધ થઈ ગઈ છે. તેનો બાપ અલગિય જ્યારે મદુરૈ આવ્યો ત્યારે તેને બે ટંક ખાવાનાં સાંસાં હતાં. અમારા વકીલ પંચનાદમ પિલ્લૈ તે વખતે કૉલેજની કાર્યવાહક સમિતિના અધ્યક્ષ હતા. 'બચારો' જાણીને જ તેમણે તેની તમિળના પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરી હતી. બસ હવે જુઓ તો તમારા શેઠ તેમની છોકરીને ચૂંટણીમાં ઊભા રાખવાની વાત કરે છે.'

આ સાંભળીને અરવિંદનનું મન ખાટું થઈ ગયું. તેને મન દેવતાથી પણ વધે એવા સન્માનનીય લોકો પર બર્માવાળા કાદવ ઉછાળી રહ્યા હતા.

મદુરૈના કોલાહલપૂર્ણ વાતાવરણમાં આવીને ટ્રેન ઊભી રહી. તેમની બર્મા પત્ની અને તેમની એકની એક દીકરી સ્ટેશને આવ્યાં હતાં. અરવિંદને તે લોકોને પહેલી વાર જોયાં. બર્મા અને તમિળ પ્રદેશના રક્તથી જન્મેલી તેમની દીકરી રૂપાળી હતી. કમનીય હતી. તેનો તમિળ પહેરવેશ, ચંદ્ર-સરીખું વદન, અને સંમોહક નેત્રો, પરંતુ મદુરૈ આવ્યાને આટલાં વરસો પછી પણ તેની માનો પહેરવેશ અને શણગાર બર્મા મહિલાઓ જેવો જ હતો. કવિની આંખે જ અરવિંદને તે સૌંદર્ય નિહાળ્યું. મનમાં વિકાર થયો નહિ.

'આ આપણા સંબંધીનો દીકરો છે. નામ છે અરવિંદન. આના કાકાનું મૃત્યુ થવાથી હું ત્યાં મોઢે થવા ગયો હતો.' તે વૃદ્ધે તેનો પરિચય પત્ની અને દીકરીને કરાવ્યો.

'હું ધનોપાર્જન માટે બર્મા ગયો હતો. પાછા ફરતી વખતે આ જે છેને, બહુ જ ખરાબ છે. તેણે મારા પર મોહિની નાખી. પરંતુ હું મોહિની નાખનાર આ સુંદરીને જ અહીં લઈ આવ્યો.' વૃદ્ધે અત્યંત વિનોદપૂર્ણ રીતે પોતાની પત્નીનો પરિચય આપ્યો. આ સમયે મસ્તક નમાવી ઊભી રહેલી તે બર્મા મહિલાનું વદન શરમથી વધુ રતૂમડું થઈ ગયું હતું. અને તે સ્મિત કરી રહી હતી. તેના સ્મિતમાં એવું તો સંમોહન હતું કે જગતના મહારથીઓએ ચીતરેલાં કોમળતા, સૌંદર્ય બધાં જ તે મહિલાના સ્મિતમાં સમાઈ જતાં હતાં.

'મારે કોડૈક્કેનાલ જવું છે. જો હું અત્યારે જાઉં તો કોડૈક્કેનાલની

ચાર વાગ્યાની છેલ્લી બસ મળી શકે. મને રજા આપો. કાકાના સોળમા પર હું જરૂર આવીશ.' અરવિંદને બર્માવાળા વૃદ્ધની રજા માગી.

'અરે મેં તો વિચાર્યું હતું કે આટલે દૂરથી આવ્યા છીએ તો ઘરે પણ આવશો. ભાઈ ! કોડૈક્કેનાલ સવારે જજો. અત્યારે તો તમારે ઘેર આવવું જ પડશે' વૃદ્ધે કહ્યું. બાપુજીની હાએ હા કરતાં તેમની પુત્રીએ પણ તેને આવવા માટે આગ્રહ કર્યો. કોમળ સાદથી બર્મા મહિલાએ પણ તેના તરફ જોઈને લાગણીસભર કંઈક કહ્યું.

ધનાઢ્ય અને આડંબરપ્રિય ન હોય એવા બીજા બધાને અનાદરની દૃષ્ટિથી જોનારા આ વૃદ્ધ આજ મારા પર આટલો બધો સ્નેહ કેમ વ્યક્ત કરી રહ્યા છે ? હું કાકાની સંપત્તિનો વારસ બનવાનો છું એટલા માટે ? અરે ચંચળા ! તારામાં આટલા ગુણ છે ? આટલી ચંચળતા છે ? બર્માવાળાના સ્મિતમાં આહ્વાનમાં, સ્નેહપ્રદર્શનમાં કોઈ એક રહસ્ય છુપાયું હોવાનો આભાસ થતો હતો. જેની તે પણ માહિતી મેળવી લેવા ઇચ્છતો હતો. જો આ બધું જાણી ન શકું તો પણ તેમનું વ્યક્તિત્વ સમજવા માટે તેમને ઘેર જવું જ જોઈએ. આ નિર્ણય પર આવીને તેણે એમની સાથે ઘેર આવવાની સંમતિ આપી. સ્ટેશનની બહાર એમની મોટી નવી કાર ઊભી હતી. બધાં બેઠાં પછી કાર ઊપડી.

'મારા કહેવાનો ભાવાર્થ આ છે કે આજ સુધી તમે ભલે ગમે તેમ રહ્યા હો. પણ આજથી તમારે મોભા સાથે રહેવું જોઈએ. તમે લાખ રૂપિયાના વારસદાર થયા છો. મારા કહેવાનો આશય છે કે તમે તે મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસની નોકરી મૂકી દો. હવે તમારામાં ચાર પ્રેસ કરવાની શક્તિ છે. હવે તે દરિદ્રીને ત્યાં નોકરી કરવાની શી જરૂર છે ? સમજ્યાને ? મારું કહેવું બરાબર છેને ?' કહી બર્માવાળાએ તેની તરફ જોયું. પરંતુ તે તો કારમાં બેસીને કારમાંથી બહાર જોઈ રહ્યો હતો. તેથી જ તે એમની વાતો સાંભળતો ન હતો, એવું જણાતું હતું. જ્યારે કાર બર્માવાળી જાગીરમાં પ્રવેશી ત્યારે અરવિંદનના આશ્ચર્યનો પાર ન રહ્યો. કેટલું રમણીય સ્થળ છે ! કેટલું વિશાળ ઉદ્યાન છે ! બેસુમાર વિવિધ રંગી પુષ્પો હતાં. કેટલી વિશાળ હવેલી ! અહીં તો એક ગામ જ વસાવી શકાય.

અત્યંત મઝેદાર નાસ્તા અને ચાથી તેનો સુંદર આદર-સત્કાર કરવામાં આવ્યો. થોડો સમય વાત કર્યા પછી અરવિંદન જવા માટે ઊભો થયો.

'કેમ ભાઈ, ઉતાવળ કરો છો ? હવે તો કાલ સવારે જ કોડૈક્કેનાલ જઈ શકશો. મારા એક મિત્ર સાથે તમારો પરિચય કરાવવા ઇચ્છતો હતો. જરા બેસો હું ટેલિફોન કરીને તેમને બોલાવી લઉં છું' કહી તેમણે ટેલિફોન કર્યો. ટેલિફોન કરતી વખતે પણ તેમની બોલવાની રીત, બનાવટી હાસ્ય - આ બંનેથી અરવિંદન સંદેહમાં પડી ગયો.

બર્માવાળા વૃદ્ધ ટેલિફોન પર વાત કરીને જે મિત્ર સાથે અરવિંદનનો પરિચય કરાવવા ઇચ્છતા હતા તે થોડી વારમાં આવી ગયા. તે માણસને જોઈને અરવિંદના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. તે માણસ બીજો કોઈ નહિ પણ એક દિવસ જેણે તમાચો માર્યો હતો તે નવામંડપવાળો પુસ્તક વિક્રેતા હતો. વ્યંગપૂર્ણ હાસ્ય હસતો તે આવીને બેઠો. બસ ! ત્યાર પછી ત્યાં જે બનાવો બન્યા તે બધા જાસૂસી નવલકથાના બનાવો જેવા જ હતા. અરવિંદન પર ખૂબ દબાણ કરવામાં આવ્યું. તેને ડરાવ્યો અને ધમકાવ્યો.

તે લોકોએ અરવિંદનને જે વાતો કરી તે પરથી અરવિંદનને બધા મરમનો ખ્યાલ આવી ગયો કે પૂરણી જે વિભાગમાંથી ચૂંટણીમાં ઊભી રહેવાની હતી એ જ વિભાગમાંથી તેઓ નવા મંડપવાળા પુસ્તક વિક્રેતાને ઊભા રાખવા ઇચ્છે છે.

ચિત્તાના દેખાવવાળા તે વૃદ્ધે ક્રૂરતા અને કડકાઈથી અરવિંદનને કહ્યું, 'ભાઈ ! હું સજ્જન સાથે સજ્જન છું, અને દુષ્ટ સાથે દુષ્ટ. આ નગરમાં મારી ઇચ્છા વિરૂદ્ધ પાંદડું પણ ફરકી શકતું નથી. મારી જાણ બહાર કોઈ કાર્ય થઈ શકતું નથી. તમારા શેઠ મીનાક્ષીસુંદરમ ગઈ કાલના નાના છોકરડા છે. પરમ દુશ્મનાવટભર્યું પગલું ભરવું અત્યારથી શરૂ કરી દીધું છે. તમે મારા પરિવારના છો. હું જે કાંઈ કહું તે ચુપચાપ સાંભળો. પાંચ હજાર રૂપિયા તમને આપું છું. એવું કંઈક કરો કે જેથી પૂરણી ચૂંટણીમાં ઊભી ન રહે. આ કામ તમે કરી શકો તેમ છો. એ જ વિભાગમાંથી મેં આમને ઊભા રાખવાની યોજના કરી છે.'

શિવના ત્રીજા નેત્રની જેમ અગ્નિ વરસતી આંખોએ અરવિંદન તેમને તાકીને જોઈ રહ્યો. વૃદ્ધે એકદમ પચાસ નોટો ગણીને તેની તરફ ધરી. અરવિંદન એકદમ ઊભો થઈ ગયો.

'આ નોટો ગંદી નહેરમાં ફેંકી દો. આની દુર્ગંધ નહેરને વધુ ગંદી કરશે.' અરવિંદને મોટેથી બોલતાં ડાબા હાથે નોટોની થપ્પી નીચે ફેંકી. વીજળીના પંખાની હવામાં નવી ભૂરી નોટો ભમરીની જેમ ઊડવા લાગી.

બર્માવાળા વૃદ્ધના ચિત્તા જેવા ચહેરા પર વધુ કઠોરતા વ્યક્ત થઈ. નવા મંડપના પુસ્તક વિક્રેતાની આંખમાંથી આગ ઝરવા લાગી.

'બળરામ ! જરા અહીં આવ તો. આ છોકરડો ન જાણે કેમ ગુસ્સામાં જોતો જઈ રહ્યો છે. આના પર જરા નજર રાખજે' બર્માવાળાએ ફરીને અંદર કોઈને કહ્યું.

દાતરડાની અણી જેવી મૂછોવાળો ભરાવદાર એક માણસ અંદરથી બહાર આવ્યો. સિનેમા અને વાર્તાઓમાં સાંભળેલી-વાંચેલી વિગતોનો અત્યારે તેણે યથાર્થ અનુભવ કર્યો. તેણે સાંભળ્યું હતું કે મોટા મોટા અમીરો પોતાને ત્યાં બદમાશ અને લાઠીધારીઓને પોષે છે.

મનની દૃઢતા જ બધું કાંઈ છે, કહેનારા અરવિંદનને આજે પહેલી વાર અનુભવ થયો કે શારીરિક બળથી સામનો કરવાનો સમય આવી ગયો છે. પોતાના ઝભ્ભાની બાયો તેણે ચઢાવી. કવિતા અને ક્રાંતિકારી વિચારો લખનારો હાથ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયો.

## ૨૪

બર્માવાળી હવેલીમાં લાઠીધારીને હાથ ઊંચા કરીને પોતાની તરફ ધસી આવતો જોઈને અરવિંદન આક્રમણ કરવા તેમજ આક્રમણનો સામનો કરવા તૈયાર થઈ ગયો. પરંતુ તે ઉગ્ર સ્વરૂપ ધારણ કરી શક્યો નહિ. આવા ભયંકર આક્રમણ સામે ઉગ્ર સ્વરૂપ ધારણ કરીને તેનો સામનો કરવા જો તૈયાર ન થાય તો જીતની શક્યતા રહેતી નથી. યમદૂતની જેમ હાથ ઊંચો કરેલા જાડાતગડા બદમાશ આગળ જો તે નમી જાય તો બચીને જઈ શકે નહિ.

પરંતુ નસીબજોગે અરવિંદનને સામનો કર્યા વગર તેમજ જખમી થયા વગર બચી જવાની સોનેરી તક મળી ગઈ. તે નસીબનો બળિયો હોવાથી એ સમયે ત્યાં એક આશ્ચર્યકારક બનાવ બન્યો. તે અસભ્ય [illegible] જંગલી અરવિંદનને નીચે પછાડીને દબાવી રહ્યો હતો ત્યાં જ કંપાઉન્ડમાં એક મોટી કાર આવીને ઝડપથી હવેલી સામે પ્રવેશ દ્વારમાં ઊભી રહી. અને સન્માનનીય અને વૈભવશાળી જણાતા બેત્રણ માણસો બર્માવાળાને હાથ જોડતા કારમાંથી ઊતર્યા.

બસ ખલાસ ! નાટકના દૃશ્યની જેમ ત્યાં એકદમ એક પરિવર્તન

થયું. 'પધારો, પધારો' હસતાં બર્માવાળા વૃદ્ધે અને નવા મંડપવાળા પુસ્તક વિક્રેતાએ આગંતુક સજ્જનોને આવકાર આપ્યો. 'બળરામ ! અંદર જઈને માજીને કૉફી અને નાસ્તો લાવવા માટે કહે.'

અને આગુંતકોની સમક્ષ અરવિંદન કદાચ ગમે તેમ બોલી પોતાની આબરૂ ન લે, આ ભયથી પહેલેથી તે બોલી ઊઠ્યા. 'તમે કાલે આવજો ભાઈ ! અત્યારે મને સમય નથી.' એક જ પળમાં નવી ભૂમિકા ભજવવાની તેમની આવડત-શક્તિ જોઈને અરવિંદન એટલો આશ્ચર્યચકિત થઈ ગયો કે આ શું બની રહ્યું છે એનો તેનો ખ્યાલ આવ્યો નહિ.

ભય અને આશ્ચર્ય જેવા ન જાણે બીજા અસંખ્ય ભાવો સાથે તે એ વિશાળ બાગમાંથી નીકળીને રસ્તા પર આવ્યો. થોડી વારમાં તેને બસ મળી ગઈ. તે બસમાં બેઠો. બસ મદુરૈ પાછી ફરતી હતી. વૈગે નદીના ઢોળાવ તરફ યાનૈક્કલમાં તે ઊતરી ગયો. રાતના આઠ વાગ્યા હતા. તે આગળ વધી રહ્યો હતો. બર્માવાળી હવેલીમાં બનેલા બનાવોથી ઉત્પન્ન થયેલ ભયમાંથી તે હજી મુક્ત થયો ન હતો. ચૂંટણી વખતે માણસોનું અપહરણ કરવું, ગુમ કરવા, એકલા બોલાવીને તેને ડરાવવો, ધમકી આપવી આવાં ષડયંત્રો વિશે તેણે ઘણું ઘણું સાંભળ્યું હતું. આવાં ભયંકર ષડ્યંત્રો અને કાર્યો તેણે વર્તમાનપત્રોમાં વાંચ્યાં પણ હતાં. પરંતુ એવી દુર્ઘટનાઓ આજના જગતમાં બની શકે છે એ વાત પર તે વિશ્વાસ કરી શકતો ન હતો. પરંતુ આજે પોતે આવા બનાવનો શિકાર બનીને પણ બચી ગયો, તે વાત પર વિચાર કરતાં તેનાં રૂંવાટાં ખડાં થઈ ગયાં.

તે બસમાંથી ઊતરીને જતો હતો ત્યારે 'અરવિંદન મામા જાય છે' એવો પરિચિત સાદ સાંભળીને તેણે અવાજની દિશામાં ફરીને જોયું. પૂરણીની નાની બહેન વલ્લી, મંગલેશ્વરીઅમ્માળ, ચેલ્લમ, સંબંધન વગેરે બધાં મંદિરનાં પગથિયાં પર ઊભાં હતાં. નીચે રસ્તામાં કાર ઊભી હતી. વલ્લીએ જ અરવિંદનને ઓળખીને બોલાવ્યો હતો.

'ભાઈ ! કુશળ તો છેને ? ક્યાંક બહાર ગયા હતા ? પૂરણી કોડૈક્કેનાલ ગઈ તે પછી તો તમે દેખાયા જ નહિ' મંગલેશ્વરીઅમ્માળે અત્યંત પ્રેમભાવથી કહ્યું.

અરવિંદને હાથ જોડીને પ્રણામ કર્યા. અને પોતે કાકાની અંત્યેષ્ટિ ક્રિયામાં ગામ ગયો હતો જણાવ્યું અને બીજે દિવસે આવશ્યક કાર્ય માટે

કોડૈક્કેનાલ જવાનો છે એ પણ જણાવ્યું. મીનાક્ષીસુંદરમ અને મુરુગાનંદમ પૂરણીને મળવા ગયાની વાત પણ જણાવી. શા માટે તેઓ ગયા છે આ તેમણે પૂછ્યું નહિ અને અરવિંદને તે વિશે કાંઈ જણાવ્યું નહિ.

'આ બાળકોને લઈને એક વાર તેને મળી આવવાનો વિચાર છે. પૂરણીએ ત્યાં ગયા પછી એક પત્ર લખ્યો હતો. ત્યાર પછી તેના કોઈ સમાચાર નથી. મોટી દીકરી પણ તેની સાથે છે. તેને માટે મુરતિયાની તપાસ કરું છું. પણ હજુ સુધી કાંઈ મેળ ખાધો નથી. જો તમારે કોઈ અગત્યનું કામ ન હોય તો ઘેર ચાલો. વાળુ ત્યાં જ કરજો. મારે તમારી સાથે દિલ ખોલીને વાત કરવાની છે.' મંગલેશ્વરીઅમ્માળનો આગ્રહ તે ટાળી શક્યો નહિ.

કારમાં બેઠા પછી મંગલેશ્વરીઅમ્માળે કહ્યું, 'લંકા અને મલાયા ભાષણો કરવા માટે પૂરણી પર આમંત્રણ આવ્યાં છે. તેણે હજી સુધી નિર્ણય કર્યો નથી. મહિલા સંઘના લોકો પૂરણી આ આમંત્રણનો સ્વીકાર કરે એ માટે મને આગ્રહ કરે છે. તે માટે મારે કોડૈક્કેનાલ જવું પડશે.' મંગલેશ્વરીઅમ્માળે જણાવેલી આ વાત અરવિંદન માટે નવી હતી.

દાનપ્પમુદલી સ્ટ્રીટમાં મંગલેશ્વરીઅમ્માળના ઘરની બહાર કાર ઊભી રહી. અરવિંદન ઊતર્યો.

ઘણા દિવસથી વિખૂટા પડેલા ભાઈના આતિથ્ય જેવો મંગલેશ્વરીઅમ્માળે અરવિંદનનો આદર-સત્કાર કર્યો. આ જોઈને તે દિંગ થઈ ગયો.

ભોજન પછી વલ્લી અને સંબંધન વાંચવા બેઠાં. તેઓ વાંચતાં વાંચતાં જ ઊંઘી ગયાં. મંગલેશ્વરીઅમ્માળ પોતાના પરિવારની બધી વાતો દિલ ખોલીને અરવિંદનને કહી રહ્યાં હતાં.

'મારી વાત સાંભળીને તમે એવું ન વિચારશો કે આ ગાંડા જેવી વાતો હું તમને શા માટે કરી રહી છું. મારી ચિંતાઓમાં મને સાથ આપે એવું મારું પોતાનું કોણ છે ? તમે છો, પૂરણી છે. તમે બંને જ મારાં હિતેચ્છુ છો. પ્રભુએ તમને બંનેને વિશાળ અને ઉદાર મન આપ્યાં છે. પૂરણી આ ઘરની મોટી પુત્રી છે. જ્યારે તમે મોટા જમાઈ. આ ઘરનાં સુખદુ:ખમાં મારી કૂખે જન્મેલી વસંતા અને ચેલ્લમના જેટલો અધિકાર અને સંબંધ છે, એટલો જ તમારો પણ છે. હું ન તો ધનની સાથે જન્મી હતી કે ન તો ધન સાથે લઈ જવાની છું. મેં સ્વપ્ને પણ વિચાર્યું નહોતું કે

મારે આવું જીવન વિતાવવું પડશે. જ્યારે મારાં લગ્ન થયાં ત્યારે હું ગરીબ પરિવારની જ હતી. લંકામાં કઠણ પરિશ્રમ કરીને અમે ઊંચાં આવીને આટલી સંપત્તિ મેળવી ત્યાં તો આટલાં દુ:ખ અને આ છોકરીઓ મને સોંપીને તેઓ તો ચાલ્યા ગયા. સંપત્તિ-વૈભવ અને પ્રતિષ્ઠાને હું શું કરું ? વસંતા માટે એક સારો છોકરો ન મળવાથી હું દુ:ખી છું' કહી મંગલેશ્વરીઅમ્માળે એક દીર્ઘ નિ:શ્વાસ નાખ્યો.

માતાજીની વાત સાંભળીને, તેમના અપૂર્વ સ્નેહભાવથી અરવિંદન દ્રવીભૂત થઈ ગયો. તેને થયું કે જે દુનિયામાં બર્માવાળા જેવી હૃદયહીન વ્યક્તિ રહે છે તે જ દુનિયામાં આટલાં અદ્ભુત ગૌરવશાળી આ માતાજી પણ રહે છે. અરવિંદનને વિચાર આવ્યો કે મુરુગાનંદમ અને વસંતાના સંબંધની જાણ કરીને તેમની અનુમતિ મેળવવાનો આ જ યોગ્ય સમય છે. તેને સંપૂર્ણ વિશ્વાસ હતો કે માતાજીનું વિશાળ અને ઉદાર મન આ લગ્ન હાનાકાની કે વિરોધ વગર સ્વીકારી લેશે.

અરવિંદને પૂછ્યું કે, 'માતાજી ! તમે જણાવ્યુંને કે વસંતાના લગ્નની તમને ચિંતા છે તો ચિંતા કરવા જેવી કઈ વાત છે ?'

'તમે તો જાણો જ છો. મૂર્ખામીને કારણે ચિત્રપટમાં કામ કરવાની ધૂનમાં અજાણ્યા સાથે જતી રહી હતી અને નિરાશ થઈને પાછી આવી. છોકરીની પવિત્રતા વિશે આપણે બધાંને વિશ્વાસ છે. પરંતુ બીજાઓ સંદેહની દૃષ્ટિએ જુએ છે, ચિંતા અને વ્યથિત હૃદયે માતાજીએ કહ્યું.

અરવિંદને તેમને આશ્વાસન આપ્યું.

'ચિત્રપટમાં કામ કરવાની ધૂનમાં તે એક દગાબાજ સાથે ગઈ, બસ, આ જ ને ? આ સિવાય બીજો તો કોઈ દોષ નથીને ? મદુરૈથી ત્રિચિ સુધી એક છોકરા સાથે ગાડીમાં પ્રવાસ કરવો, એ કોઈ એવો અપરાધ છે કે જે માફ કરી શકાય નહિ ?'

'આ વિચારથી તો મન પાછું પડે છે. આમ જોઈએ તો વાતમાં કાંઈ નથી. પરંતુ લોકોને મોઢે કાંઈ ગળણું થોડું જ દેવાય છે ? કાંઈ થાયને છોકરી રખડી પડે તો ?' બોલતાં બોલતાં માતાજીનું ગળું રૂંધાઈ ગયું.

પુનિત આચરણવાળાં માતાજીનાં આંસુઓ અરવિંદન જોઈને દ્રવિ ગયો. તેના ભાવનાપ્રધાન મનમાં એક યુવા કવિ વ્યથિત થયો.

ઉત્તરરામચરિતમાં રામે ધોબીના કહેવાથી સીતા પર શંકા કરી

હતી. આ કલંક સહન કરવાને અસમર્થ સહિષ્ણુતાની પ્રતિમૂર્તિ ધરતી પણ ફાટી હતી. અને સીતાને પોતાનામાં સમાવી દીધી હતી. એ જ પ્રમાણે આ સમાજની પ્રત્યેક નિર્દોષ છોકરી પર પણ જ્યારે કષ્ટ આવે ત્યારે જો આજે પણ તેને ધરતી જ પોતાનામાં સમાવી લે તો કેવું સારું. સમાજે આક્ષેપિત કલંકોની વચમાં અબળા કે સબળાના રૂપમાં નિઃસહાય ઊભેલી પ્રત્યેક નારી એક સીતા છે ! 'મને સન્માર્ગ દાખવો !' કહીને જેમ સીતા ધરતીમાં સમાઈ ગઈ હતી, એમ જ કલંક અને દોષોથી મુક્ત થઈ પ્રકૃતિની ગોદમાં સમાઈ જવાનો ઉત્સાહ આજે આ ધર્મપ્રધાન દેશની નારીઓમાં નથીને ? આ વિચાર આવતાં અરવિંદન વ્યથાથી વ્યાકુળ થયો.

'હું સ્પષ્ટ પૂછું છું. એથી તમે દુઃખી ન થશો માતાજી ! હું અને પૂરણીની જેમ તમે પણ પ્રગતિશીલ વિચાર ધરાવો છો, એ હું માનું છું. આથી સંકોચ અને ખમચાયા વગર તમને પૂછું છું. ઊંધું સમજશો નહિ.- દરજ્જામાં તમારાથી ઊતરતો, આર્થિક રીતે પણ તમારાથી ઊતરતો, ગરીબ પરિવારના એક યુવકને તમે જમાઈ તરીકે સ્વીકારશો ?' ધીરેથી હસતાં મંગલેશ્વરીઅમ્માળના ચહેરા પર દૃષ્ટિ સ્થિર કરી અરવિંદને પૂછ્યું.

મંગલેશ્વરીઅમ્માળે પણ હસીને પ્રત્યુત્તરમાં જણાવ્યું, 'અરવિંદન ! મારે માટે તમારે આવો સંદેહ રાખવો ન જોઈએ. જેમ મારી દીકરી ધનાઢ્યને ઘેર જન્મીને એક ગરીબને પતિ તરીકે સ્વીકારે તો એમાં ખરાબ શું છે ? ઊંચનીચનો તો વિચાર હું નથી કરતી. જ્યાં મારી દીકરી લગ્ન કરવા ન ઇચ્છે ત્યાં હું તેનાં લગ્ન ક્યારેય ન કરું. મેં તો પહેલેથી જ, જ્યારે વસંતા કૉલેજમાં ભણતી હતી ત્યારે જ નક્કી કરી રાખ્યું હતું કે તે કોઈને શુદ્ધ પ્રેમથી ચાહતી હશે તો તેની ભાવનાઓનો આદર કરીને એ યુવક સાથે તેનાં લગ્ન કરીશ.'

માતાજીનો આ ભાવાત્મક જવાબ સાંભળીને અરવિંદન પોતાના કાનનો વિશ્વાસ કરી શક્યો નહિ. પ્રૌઢાવસ્થામાં જુનવાણી વિચારો ધરાવતાં હોય એવા દેખાતાં માતાજી આટલાં નવીન, આધુનિક વિચાર ધરાવે છે ! ખરેખર મુરુગાનંદમ ભાગ્યશાળી છે - આ વિચારથી અરવિંદનના આનંદની અવધિ રહી નહિ. મુરાગાનંદમની સાર્વજનિક સભાઓમાં, મજૂરસંઘમાં ભાષણ કરીને મેળવેલી સિદ્ધિ જ નહિ, પરંતુ વસંતામાં પરિવર્તન લાવી પોતાના પ્રત્યે આકર્ષવી એ પણ એક મૌન સિદ્ધિ છે.

માતાજીએ કહ્યું, 'ઘર ગરીબ છે, આથી તમે ખચકાટ અનુભવશો નહિ. કોઈ તમારી જાણમાં હોય તો જણાવો. તમે જેની સાથે કહેશો, તેની સાથે વસંતાને પરણાવવા તૈયાર છું.'

'આ વાત છે તો માતાજી ! સમજી લો, તમારી દીકરીનાં લગ્ન થઈ ગયાં' અરવિંદને હસીને કહ્યું.

આ સાંભળીને માતાનું વદન ખીલી ઊઠ્યું. તેમણે અરવિંદનને વિગતવાર જણાવવા કહ્યું.

'કાલે તમે પણ કોડૈક્કેનાલ જાવ છો જને માતાજી ! ત્યાં પૂરણી સાથે વાતચીત કરીને નિર્ણય લઈશું. હું જેની વાત કરું છું, તેને પૂરણી પણ ઓળખે છે' અરવિંદને કહ્યું. મંગલેશ્વરીઅમ્માળે ઘણો ભાર દેવા છતાં પણ તેણે જણાવ્યું નહિ. તે રહસ્યનું ઉદ્‌ઘાટન કાલે કોડૈક્કેનાલમાં જ કરવામાં આવશે.

વાતોમાં ઘણી રાત વીતી ગઈ હતી. મંગલેશ્વરીઅમ્માળે કહ્યું, 'ઉપર મેડા પર જઈને સૂઈ જાવ. સવારે કારમાં કોડૈક્કેનાલ જઈશું.'

બીજે દિવસે સવારે બધાં કોડૈક્કેનાલ જવા રવાનાં થયાં. આકાશમાં વાદળાં છવાયેલાં હોવાથી તડકાનું નામોનિશાન ન હતું. આથી યાત્રા વધુ સુખદ રહી. મંગલેશ્વરીઅમ્માળ, બાળકો તથા અરવિંદન બધાં આવવાથી પૂરણીને લાગ્યું કે સમસ્ત મદુરૈ જ ઊઠીને કોડૈક્કેનાલ આવ્યું છે.

તે દિવસે સાંજે મુરુગાનંદમ, મંગલેશ્વરીઅમ્માળ, વસંતા અને બાળકો જળાશય પર ફરવા નીકળ્યાં. અરવિંદન અને પૂરણી મુરુગનના* મંદિરે ગયાં. સંધ્યા સમયે પહાડની તળેટીમાં ચાલવામાં અનેરો આનંદ આવતો હતો.

દીવારૂપી પતિને ગુમાવનારી સંધ્યારૂપી નારી મોંમાંથી દૂધ ટપકાવતા ચંદ્રમા રૂપી શિશુને ગોદમાં લઈને વિલાપ કરતી ઉદાસ વિધવા જેવી હતી. અરવિંદનને લાગ્યું, પૂરણી જ્યારથી કોડૈક્કેનાલ આવી છે ત્યારથી તેનો રંગ ઊઘડી રહ્યો છે. તેના સૌંદર્યે અદ્‌ભુત રૂપ ધારણ કર્યું છે.

'પરિસ્થિતિ વધુ ખરાબ હતી ? તમે કંઈક દૂબળા પડી ગયા છો ?' પૂરણીએ પૂછ્યું.

'હા' કહી અરવિંદન હસ્યો.

'આ પહેલાં આપણે એક વાર તિરુપરંગકુંદ્રમ પર્વત પર ગયાં હતાં.

* કાર્તિકેય

યાદ છે તમને ? જ્યારે પણ આપણે સાથે ચાલીએ છીએ ત્યારે ઊંચા સ્થળ પર જ ચઢી જઈએ છીએ ? કેમ ખરુંને અરવિંદન !'

આ સાંભળીને અરવિંદન ધ્રૂજી ગયો. 'કેટલો સારગર્ભિત પ્રશ્ન છે આ ? અમે બંને ઊંચામાં ઊંચા સ્થળ પર ચઢવા માટે જ જન્મ્યાં છીએ ?' વિચારી તે ફરી પુલકિત થઈ ગયો.

# ૨૫

સમગ્ર કોડૈક્કેનાલમાં ક્યાંય સુંદર અને શાંત વાતાવરણ જોવું હોય તો કુરિજ્જિ ભગવાનના મંદિરમાં જોઈ શકશો. મંદિરની પાછળથી પળની પર્વત અને નગર સ્પષ્ટ દેખાય છે. સુદૂર મખમલ વ્યવસ્થિત પાથરીને જાણે ઢગલો કર્યો હોય એવા દેખાતા સુંદર પર્વતોની હારમાળા પોતાની તરફ આકર્ષે છે. જ્યાં જુઓ ત્યાં જાણે પર્વતકન્યાઓ સ્મિત વેરતી ખીલેલાં પુષ્પો જેવી દૃષ્ટિગોચર થાય છે. આવા સુરમ્ય વાતાવરણમાં હરિયાળીના એક ટેકરા પર પૂરણી અને અરવિંદન બેસીને વાતો કરતાં હતાં.

અરવિંદન કોઈ વાત પર ફરી વિચારીને હસ્યો. તેને એમ હસતાં પૂરણી એ જોઈ ગઈ.

'તમે અત્યારે કેમ હસ્યા ?' પૂરણીએ પૂછ્યું.

'કાંઈ નહિ પૂરણી ! થોડા સમય પહેલાં તમે જે કહ્યું હતું તે જ યાદ કરીને હસતો હતો. આપણે બંને જ્યારે પણ ચાલીએ છીએ ત્યારે ઊંચે જ જઈએ છીએ. તમે કયા અર્થમાં આ કહ્યું હતું ?'

'કેમ, તમે આ વાત કયા અર્થમાં લીધી, અરવિંદન ?'

'મને તો લાગે છે, પૂરણી ! ઊંચે ચઢવાની આ હરીફાઈમાં તમે જીતી જશો...એવું બની શકે, કોઈ એક દિવસ થાકીને હું નીચે જ ઊભો રહી જાઉં. જો આવું થાય તો તમારે દુ:ખી થવું ન જોઈએ.' હસીને આ વાત કરી તો ખરી પરંતુ એક પ્રકારની ભાવનામાં અરવિંદન ડૂબેલો હતો. આ ભાવનાનો ભાર તેની અજાણતામાં જ, અજ્ઞાનતામાં જ શબ્દોમાં હળીમળી એકમય થઈ ગયો. તે ભાવના કેવી રીતે મળી, શા માટે મળી, કેમ મળી – આ તે પોતે સમજી ન શકવાથી તે વ્યથિત થયો. પૂરણી તેનું વદન અનિમેષ નયને જોઈ રહી. તે આમ જોઈ રહી હતી ત્યારે અરવિંદને પોતાના ઝભ્ભામાંથી એક નાની ડાયરી કાઢીને લખવું શરૂ કર્યું.

'આવું કેમ ન બની શકે ? ઊંચે ચઢવાની હરીફાઈમાં તમે વિજયી થશો. હું એમ જ થાકીને કોઈ એક દિવસે નીચે ઊભી રહી જઈશ' કહી પૂરણીએ અરવિંદન જે ડાયરીમાં લખવા જતો હતો એ ડાયરી પ્રેમ-લાડથી છીનવી લીધી. ઉઘાડીને ડાયરી વાંચી જાય તે પહેલાં જ અરવિંદન એના હાથમાંથી લઈ લેવા માગતો હતો. પૂરણી હરણીની જેમ થેકડો મારીને ભાગી ગઈ. થોડા સમય પહેલાં તે એને જોઈને હસી હતી. તે હાસ્યના સૌંદર્યને એક કવિતાનું રૂપ આપીને એણે પોતાની ડાયરીમાં લખી લીધું હતું. આ તે કદાચ ન વાંચી જાય એ જ એના સંકોચનું કારણ હતું. પરંતુ પૂરણીએ તો તે ઉઘાડીને વાંચી લીધું.- 'સુવર્ણવત ગૌરવર્ણ, પુષ્પવત દૃષ્ટિ, જ્યારે હસતી હોય' એ શીર્ષકવાળી કવિતાએ તેને મુગ્ધ કરી નાખી. મારકણું હાસ્ય હસતાં પૂરણીએ તેની તરફ જોઈને કહ્યું,

'લાગે છે કે તમારી સાથે વાત કરવી પણ દુષ્કર થઈ જશે. બોલીએ, હસીએ, ચાલીએ અને ઊભાં રહેવું' - એ બધાંને તમે તો કવિતાનું રૂપ આપી દો છો !'

'શું કરું પૂરણી ! તમે પોતે જ હરતી-ફરતી કવિતા જેવાં છો' અરવિંદને કહ્યું.

'વારુ, ઠીક છે સભ્યતાના ગૌરવની પ્રતિમૂર્તિ સ્વયં હસી રહી છે, તમે લખ્યું છે તો આનો શો અર્થ છે ?' સહેજ શિર ત્રાંસું કરી, વિસ્ફારિત નેત્રે તેની તરફ લજ્જાયુક્ત જોયું ન જોયું કરીને પૂરણીએ પૂછ્યું.

અરવિંદને પણ સસ્મિત જવાબ આપ્યો, 'તમારા હાસ્ય અને દૃષ્ટિમાં કોઈ અત્યંત પૂનિત મહાન શક્તિ દૃષ્ટિગોચર થાય છે. અવર્ણનીય તે શક્તિની મહાનતાને જ શબ્દોથી વ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે.'

પૂરણીએ પાસે આવીને ડાયરી ધરી. ડાયરી ન લેતાં તેણે એના હાથને ધ્યાનથી જોયો. પારિજાતકના નાના છોડ જેવી મેંદી મૂકેલી બંને હથેળીઓ, નખ અને તેની સુંદર પાતળી આંગળીઓ તે જોઈ રહ્યો - જાણે પહેલી જ વાર તે જોતો ન હોય !

'આમ શું જુઓ છો ?'

'નારીની આંગળીઓમાં સૌંદર્ય હોય છે. વીજળીની ચમકમાં તેનું નિર્માણ થાય છે' કહેતાં અરવિંદને તેના હાથમાંથી ડાયરી લીધી.

'પુરુષનું મન કઠોર હોય છે. નિષ્ઠુરતાપૂર્વક તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. જો એવું ન હોત તો મને પૂછ્યા વિના, મારો અભિપ્રાય જાણ્યા વિના, ચૂંટણીમાં ઊભા રહેવા માટે મને મનાવવાનું તમે મીનાક્ષીસુંદરમને કહેત ખરા ?'

'કાલ સુધી આ વચન આપવા બદલ મને પસ્તાવો થતો હતો. પૂરણી ! પરંતુ કાલ સાંજે બનેલા બનાવે મને બીજી રીતે વિચાર કરવા લાચાર કર્યો છે. પરંતુ હવે તમારે ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ એ વાત પર હું મક્કમ છું.'

'કાલ સાંજે એવું તે શું બન્યું હતું ?'

ગામમાં જે કાંઈ બન્યું હતું ત્યાંથી બર્માની હવેલીમાં જે કાંઈ બન્યું તે અરવિંદને પૂરણીને જણાવ્યું. પૂરણીએ આશ્ચર્યથી તે બધું સાંભળ્યું.

થોડો સમય મૌન રહ્યા પછી અરવિંદને પૂછ્યું, 'રાજકારણમાં ભાગ લેવાથી તમને એમ લાગે છે કે તમારા આદર્શને બાધ આવશે ?'

'ના, એમ નથી. પરંતુ રાજકારણમાં ભાગ લેતાં મને સંકોચ થાય છે. પરંતુ તમે બંને મને ભારપૂર્વક કહો છો ત્યારે હું ચૂંટણીમાં ઊભી રહેવા તૈયાર છું.'

ત્યાર પછી તેઓએ બીજા વિષય પર વાતો કરી. પૂરણીએ મુરુગાનંદમ અને વસંતાના પ્રેમની વાત કરી.

'તમારાં પહેલાં જ મને આની જાણ છે. પૂરણી ! મિત્રનો આ પ્રેમ સફળ થતો જોવા માટે જ મેં માતાજીની એક પ્રકારની સંમતિ મેળવી લીધી છે' કહી અરવિંદને મદુરૈમાં મંગલેશ્વરીઅમ્માળ અને પોતાની વચ્ચે થયેલી વાતચીત તેને જણાવી.

પર્વત પર ધીરે ધીરે શ્યામ વર્ણ પથરાવા લાગ્યો. સફેદ ફીણ જેવાં વાદળાં ઘેરતાં આવી રહ્યાં હતાં. અરવિંદન અને પૂરણી કુરિજ્જિ ભગવાનના પર્વત ભાગમાંથી ઊઠીને ચાલવાં લાગ્યાં. પર્વતીય ભાગમાં હરિયાળીના મિશ્રણથી ઉત્પન્ન સુવાસિત વાતાવરણમાં તેઓ ઘેર પાછાં ફર્યાં.

આકાશમાં વાદળાંને લીધે અંધકાર છવાઈ ગયો હતો. છાંટા પડવા શરૂ થઈ ગયા. બંને ઝડપી ગતિએ ડગ ભરતાં ઘેર આવી ગયાં. મીનાક્ષીસુંદરમ વીરમપટ્ટીથી પાછા આવી ગયા હતા. મંગલેશ્વરી- અમ્માળ વગેરે પણ જળાશય પર ફરીને પાછાં આવી ગયાં હતાં. તે રાતે અને

બીજે દિવસે તે લોકોએ મળીને નિર્ણય લઈ લીધો. પૂરણીએ ચૂંટણીમાં ઊભા રહેવા માટે હા પાડી હતી.

લજ્જાને કારણે મુરુગાનંદમ ધીરેથી ત્યાંથી ખસી જવા ઇચ્છતો હતો. પરંતુ અરવિંદને તેને પકડીને સામે ઊભો રાખીને મંગલેશ્વરી-અમ્માળને કહ્યું, 'આ છે તમારો જમાઈ ! સંદેહ હોય તો તમે તમારી પુત્રીને એક વાર પૂછી જુઓ.'

અરવિંદના આ શબ્દો સાંભળીને વસંતા હસી અને શરમના માર્યા બંને હાથ વડે મોં ઢાંકીને અંદર દોડી ગઈ.

'તિરુપરંગકુંડ્રમના મંદિરમાં જ સાદાઈથી તેમનાં લગ્ન પતાવી દઈશું,' મીનાક્ષીસુંદરમના આ સૂચનનો મંગલેશ્વરીઅમ્માળે સ્વીકાર ન કર્યો.

'મોટી દીકરીનાં લગ્ન તો ઘેર જ થવાં જોઈએ. નિરાધારની જેમ મંદિરમાં નહિ કરું. લંકાથી આવ્યા પછી અત્યાર સુધીમાં આ ઘરમાં કોઈ શુભ કાર્ય થયું નથી. આથી આ લગ્ન તો હું ઘેર જ કરીશ.'

'કેમ રે મુરુગાનંદમ ! તમને કબૂલ છે ?' અરવિંદને પૂછ્યું.

મુરુગાનંદમ અપૂર્વ વિશિષ્ટ શૈલીથી હસ્યો.

'વસંતાના લગ્નનાં નવાં કપડાં સીવવા માટે મુરુગાનંદમને આપજો.' પૂરણીએ મુરુગાનંદમને ચીઢવીને ચૂંટી ખણી.

લગ્નની વાતો શરૂ થતાં જ ત્યાંનું વાતાવરણ મંગળમય થઈ ગયું.

બીજે દિવસે પૂરણીએ લંકા, મલાયા અને લંકા વગેરે સ્થળોએથી આવેલાં આમંત્રણોનો સ્વીકાર કરીને ભાષણ કરવા જવાની સંમતિ મહિલા સંઘને જણાવી દીધી. પરદેશની મુસાફરીની પરવાનગી લેવા તથા આંતરરાષ્ટ્રિય પાસપોર્ટ કઢાવવા માટે ફોટો પડાવવા તે દિવસે સાંજે અરવિંદન પૂરણી સાથે સ્ટુડિયોમાં ગયો.

સ્ટુડિયોના માલિક આ બંનેને નવવિવાહિત દંપતી સમજવાથી ઉત્પન્ન થયેલી પરિસ્થિતિમાં થોડો સમય બંને શરમાઈ ગયાં. પૂરણીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો પાડ્યા પછી, તે બંનેને પાસપાસે ઊભાં રાખીને એક વધારાનો ફોટો સ્ટુડિયોના માલિકે પાડ્યો. બંને સુંદર હોવાથી તે ફોટો શોરૂમમાં મૂકવાની તેની ઉત્કટ ઇચ્છા હતી.

સ્ટુડિયોમાં અણધાર્યા બનેલા આ મધુર બનાવથી કોમળ સ્મૃતિઓ

અને સ્વપ્નોમાં ડૂબેલાં અરવિંદન અને પૂરણી પાછાં ફર્યાં. તે સમયે મીનાક્ષીસુંદર અને મંગલેશ્વરી અમ્માળે તે બંનેનું સ્વાગત કર્યું.

'તારી સાથે એકાંતમાં એક વાત પૂછવાની છે. જરા મારી સાથે આવ' કહી મંગલેશ્વરીઅમ્માળ પૂરણીને અલગ બોલાવીને લઈ ગયાં.

આ જ વાત કહી મીનાક્ષીસુંદરમ અરવિંદનને એકાંતમાં બોલાવીને લઈ ગયા.

બંનેના સમજમાં ન આવવાથી તેમની સમક્ષ એક મોટું પ્રશ્નચિહ્ન ખડું થઈ ગયું.

# ૨૬

અરવિંદન અને પૂરણી સ્ટુડિયોમાં ગયાં પછી મીનાક્ષીસુંદરમે અને મંગલેશ્વરીઅમ્માળે તે બંને વિશે વાત કરી.

'વસંતાની લગ્ન ચૉરીમાં જ આ બંનેનાં લગ્ન પતાવી નાખીએ તો કેમ ? પૂરણીની ઉંમર કાંઈ નાની નથી !'

'લગ્ન પતાવી નખાય તો સારું. હું અરવિંદનને વાત કરીશ, તો તે માની જશે. તેનું છે પણ કોણ ?' મીનાક્ષીસુંદરમે કહ્યું.

'હું પૂછીને પૂરણીનું મન જાણી લઈશ. આપણે જ આ બંને માટે જે ગણો તે જ છીએ. તમારે અરવિંદનના બાપુજી અને મારે પૂરણીની મા તરીકે રહીને જ આ શુભ કાર્ય પતાવવું જોઈએ !' મંગલેશ્વરીઅમ્માળે ભાર દઈને કહ્યું. આ જ પૂછવા માટે સ્ટુડિયોમાંથી ઘેર આવતાં જ તેમણે અરવિંદન અને પૂરણીને જુદાં જુદાં બોલાવ્યાં હતાં.

મંગલેશ્વરીઅમ્માળે સર્વ હકીકત જણવતાં પૂછ્યું તો તે નવવધૂની જેમ નત મસ્તકે ઊભી રહી. સામે ઊભેલી મંગલેશ્વરીઅમ્માળની સામે જોતાં પૂરણી શરમ અનુભવી રહી હતી. અજેય, અસીમ શરમથી મસ્તક નમાવીને ઊભેલી પૂરણીના વદન પર તે પળે નવીનતમ સૌંદર્ય દૃષ્ટિગોચર થયું.

'દીકરી ! આ શું ? હું પૂછી રહી છું અને તું શરમની મારી કાંઈ જવાબ આપતી નથી ? અરે ! મને કહેવામાં શરમ કેવી ? તું નાની બાળકી તો નથી ! અરવિંદન પણ કાંઈ નાદાન નથી. અમારી વધુ પરીક્ષા ન કરતાં એક જ શબ્દમાં સ્વીકાર હોય તો વસંતાના લગ્નની સાથે સાથે જ તમારાં લગ્નની વ્યવસ્થા કરવામાં અનુકૂળતા રહેશે.'

આ સમજાવ્યા પછી પણ પૂરણી મૌન ધારણ કરીને ઊભી રહી, તેનું વદન અને નેત્રો જાણે લજ્જાસ્રોત દૃષ્ટિગોચર થઈ રહ્યાં હતાં.

'મને તારી પોતાની મા સમજીને જણાવ, પૂરણી ! હું કાંઈ પારકી તો નથીને ?'

ઘણો સમય મૌન રહ્યા પછી અંતરની મધુર ભાવનાઓથી પણ કોમળ સ્વરમાં સંકોચ સાથે પૂરણીએ કહ્યું, 'તેમની ઇચ્છા હોય એવું જ કરો. એમને સ્વીકાર હોય તો મને પણ સ્વીકાર છે.'

'એમને એટલે કોને ?'

'એમને જ !' બોલતાં બોલતાંમાં તો પૂરણીનું વદન અનુપમ સૌંદર્ય, અદ્વિતીય હાસ્ય અને શરમથી રતૂમડું થઈ ગયું. તે માતાજીની સામેથી ધીરેથી નાસી ગઈ. તેનું અંતર નાચી ઊઠ્યું. ચિત્ત પ્રફુલ્લિત થઈ ગયું. કોમળ, સૂક્ષ્મ સ્વપ્ન-સ્મૃતિઓ મન-ચક્ષુ પર આચ્છાદિત થવા લાગી.

પૂરણીની લગભગ સંમતિ મેળવીને માનસિક સંતોષ પામેલી મંગલેશ્વરી-અમ્માળ મીનાક્ષીસુંદરમને પડેલા મોંએ આવતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયાં.

'શું થયું ? સિંહ કે શિયાળ ?'

'શિયાળ જ સમજો. તેણે સ્વીકાર ન કર્યો.'

'શું કારણ છે ?'

'કારણ તો કોઈ જણાવ્યું નથી...હજી આની કાંઈ ઉતાવળ નથી. આ એક જ વાક્યમાં પોતાની વાત સમાપ્ત કરી તે ચાલ્યો ગયો.'

'તમે વિગતવાર વાત કરીને સમજાવ્યો કેમ નહિ ?'

'સાંભળે તો સમજાવુંને ?'

'પૂરણીએ તો એક રીતે સ્વીકૃતિ આપી છે. અરવિંદનને શો વાંધો છે ? અત્યારે અરવિંદન ક્યાં છે ? હું તેને સમજાવી જોઉં.'

'તે પાછળની તરફ ગયો છે, તમારી ઇચ્છા હોય તો વાત કરી જુઓ' ભારોભાર અવિશ્વાસભર્યા સ્વરે મીનાક્ષીસુંદરમે જવાબ આપ્યો. અરવિંદનને શોધતાં મંગલેશ્વરીઅમ્માળ પાછળ તરફ ગયાં.

બાળકોને કારમાં ફરવા લઈ ગયેલાં મુરુગાનંદમ અને વસંતા તે જ સમયે પાછાં આવ્યાં. કારમાંથી ઊતરીને વસંતા અંદર ગઈ અને મુરુગાનંદમ મીનાક્ષીસુંદરમની પાસે આવીને ઊભો રહ્યો.

'ઘણી સમજાવી-પટાવીને ચૂંટણીમાં ઊભા રહેવા માટે પૂરણીની પાસે હા પડાવી છે. કાલે અરવિંદન સાથે થયેલી વાતચીત પરથી હરીફાઈ અને વિરોધ સખત થશે. પૂરણીને જિતાડવા માટે આપણે રાતદિવસ એક કરવાં પડશે. હું એકલો શું કરી શકું ? તમારા બધાના વિશ્વાસે જ હું આ કાર્યમાં પડ્યો છું. જો નવા મંડપવાળા માની જાય તો કોઈ ઝંઝટમાં પડવું નહિ પડે. મદુરૈને બાળવાની હદે જતાં તે અચકાય તેમ નથી.'

'મદુરૈને બાળવાનું ગૌરવ તેને પ્રાપ્ત નહિ થાય, મહાશય ! ન્યાય નહિ મળવાથી મદુરૈને બાળવાનું સાહસ કેટલાંક હજાર વરસ પહેલાં ચોળ દેશની નારી કણ્ણગીએ કર્યું હતું. પરંતુ આ લોકો તો ન્યાયને જ બાળીને ભસ્મ કરનારા છે !' કહી મુરુગાનંદમ હસ્યો.

'તું વાત કરે છે, પણ આજના ચૂંટણીના નિયમો અને સ્પર્ધામાં ન્યાયને કોણ જુએ છે ? ન જાણે કેવાં કેવાં ષડ્‌યંત્રો બેધડક કરે છે. કાલે અરવિંદને જે જણાવ્યું હતું એ તેં સાંભળ્યું કે નહિ ? પોતાને ઘેર લઈ જઈને ધમકાવીને લાઠીધારી પાસે મરાવવાની હદ સુધી આપણા નગરમાં ન્યાયનું પાલન થઈ રહ્યું છે.'

'જવા દો ! અરવિંદન સાથે આવો વર્તાવ કરવા બદલ તે માણસને હું એમ નહિ છોડું. મારી પાસે પણ લાઠીધારીઓની કાંઈ કમી નથી' આવેશમાં મુરુગાનંદમે કહ્યું.

'નહિ, નહિ ! આ આપણા માટે શોભાસ્પદ નથી. ન્યાયી અને યોગ્ય માર્ગે જ આપણે પ્રયત્ન કરવો જોઈએ.' અને અહીં જ ચૂંટણીની વાત પૂરી થઈ.

અરવિંદન બાગમાં ઘાસ પર બેસીને વિચારોમાં ગરકાવ હતો. મંગલેશ્વરીઅમ્માળે તેની સામે થોડે દૂર બેસીને કહ્યું, 'ભાઈ, તું આવો જવાબ આપીશ, એવું તો અમે માન્યું જ ન હતું. ફરી તારી સાથે વાત કરીને કોઈ પણ રીતે તને સહમત કરવાના વિશ્વાસે જ હું અહીં આવી છું.'

જવાબ આપ્યા વગર અરવિંદન માતાજીના વદન સામે જોઈ રહ્યો. મંગલેશ્વરીઅમ્માળ કહે જતાં હતાં,

'તમે બંને કરતાં ઉંમર અને અનુભવમાં અમે મોટાં છીએ. અને તમારા ભલા માટે જ કહીએ છીએ. તમે અમારા પર વિશ્વાસ રાખો. વસંતાનાં લગ્નની સાથે સાથે પૂરણીનાં લગ્ન પણ મારા ખર્ચે રંગેચંગે

કરવાની મારી તીવ્ર ઇચ્છા છે. ફોટો પડાવવા તમે ગયાં ત્યારે હું અને મીનાક્ષીસુંદરમ બંનેએ સાથે બેસીને વિચાર કર્યો છે. વ્યવસ્થા વગેરે જે વાતો થઈ તે સાથે તેઓ પણ સંમત છે. તેમણે તને પૂછ્યું ત્યારે "અત્યારે કાંઈ ઉતાવળ નથી" કહીને તેં ના પાડી.'

'ક્ષમા કરો માતાજી ! અત્યારે મારે તમને પણ તે જ નિર્ણય ફરી કહેવો પડશે. અમને લગ્ન માટે આટલી ઉતાવળ કરવાની આવશ્યક્તા નથી. અમે બંને કંઈ નાનાં બાળક નથી. બંને સમજુ છીએ. તમે કહો છો તેમ અમો બંનેને લગ્નની કાંઈ ઉતાવળ કે આવશ્યક્તા અત્યારે નથી.'

'કેમ નથી ? તમારાં બંનેની ઉંમર કાંઈ નાની નથી. અરવિંદન ! દુનિયાની સાથે રહીને આપણે ચાલવું જોઈએ. ચાર માણસો ચાર પ્રકારની વાતો કરે એવી તક જ આપવી ન જોઈએ. મેં લગ્ન અંગે પૂરણીને પણ પૂછ્યું છે. તેણે તો કહ્યું છે કે જો એમની ઇચ્છા હોય તો મારી પણ ઇચ્છા છે. પરંતુ તું તો ફેરવી ફેરવીને એક જ જવાબ આપે છે. સ્પષ્ટ કાંઈ કહેતો નથી.'

'બીજું શું કરું, માતાજી ! મંગળસૂત્રની ત્રણ ગાંઠ વાળીને અધિકાર જમાવવાની એક સામાન્ય છોકરી જેવી મેં તેને અત્યાર સુધી માની નથી. પૂરણીની અંદર બીજી એક પૂરણી છે. તે પૂરણી દુ:ખી માનવતાની વચમાં પ્રકાશનો દીપક લઈને ફરવાનું સ્વપ્ન જોનારી યુવતી છે. અમે બંને જ ઊંચે જઈ રહ્યાં છીએ. તેથી એ માટે આવી જીવન-ગઠબંધનની આવશ્યક્તા નથી. વિચારોમાં સમત્વ હોય, એ પર્યાપ્ત છે. મને લાચાર ન કરો. કેટલાક સમય સુધી આમ જ રહેવા દો' કહી અરવિંદન ઊભો થઈ ગયો.

મંગલેશ્વરીઅમ્માળને હવે સમજતાં વાર ન લાગી કે હવે તે આ વાત વધુ લંબાવવા ઇચ્છતો નથી. તેણે જણાવેલું કારણ અને તેનું દર્શન તો તેમને નાદાનીયત જેવું જણાયું.

પૂરણીનાં લગ્નની જે યોજના મીનાક્ષીસુંદરમ અને મંગલેશ્વરીઅમ્માળે ઘડી હતી તેના પર પાણી ફરી વળ્યું. તે રાતે અને બીજે દિવસે પણ પૂરણી અરવિંદનની સામે આવી નહિ. ત્રીજે દિવસે પ્રાત: કોડૈક્કેનાલ પર્વતની હારમાળામાં એક અદ્‌ભુત બનાવ બન્યો. ભૂરા રંગથી આવૃત્ત તે સમગ્ર પર્વતમાળામાં કુરિજ્જિ પુષ્પ દેખાયાં. દશ-બાર દિવસ સુધી ઠેર ઠેર તે દેખાઈ રહ્યાં હતાં. બાર વરસ પછી ફરી એક વખત આ ફૂલ

ખીલવાથી સમગ્ર નગરમાં આનંદ અને હર્ષની લહરી પ્રસરી ગઈ. બધે જ તેના સૌંદર્યની ચર્ચા થતી હતી.

તે દિવસે અરવિંદન, મીનાક્ષીસુંદરમ અને મુરુગાનંદમ મદુરૈ પાછા ફરવાના હતા. પરંતુ કુરિજ્જિ પુષ્પનાં સૌંદર્યનો ઉપભોગ કરવા માટે જ તેમણે એક દિવસ મુસાફરી મુલત્વી રાખી. તે દિવસે સવારે દશ વાગે અરવિંદન અને મુરુગાનંદમ સ્ટુડિયોમાં જઈને અરવિંદન અને પૂરણીએ સાથે પડાવેલો ફોટો લઈ આવ્યા. ફોટો સરસ પડ્યો હતો.

બંને ફોટો લઈને આવ્યા ત્યારે પૂરણી અને વસંતા હૉલમાં બેસીને વાતો કરતાં હતાં. અરવિંદન માનતો હતો કે પૂરણી આવીને હસીને ફોટો જોવાની માગણી કરશે. પહેલે દિવસે લગ્નનો અસ્વીકાર કરવાથી તેની દૃષ્ટિએ ન પડવાની ઇચ્છા અને તેની નારાજી અરવિંદન સમજી ગયો હતો. આ ફોટો જોવાથી તેની નારાજગી સમાપ્ત થઈ જશે, તેણે માન્યું હતું, પરંતુ તેની ધારણા મુજબ થયું નહિ. તેમને ફોટો લઈને આવતા જોઈને તે આડું જોઈને બીજા ખંડમાં જતી રહી. ફોટો લેવા વસંતા તેની પાસે આવી. 'ભાઈ, દીદી તમારાથી ઘણી નારાજ છે. કાલે સાંજે બગીચામાં તમે અને મા લગ્ન વિશે વાતચીત કરી રહ્યાં હતાં ત્યારે હું અને પૂરણી દીદી ચિનાર વૃક્ષની પાસે બેસીને તમારી વાત સાંભળતાં હતાં. તમે જે કાંઈ કહ્યું તે બધું સાંભળ્યું હતું. બગીચામાં જ દીદીની આંખો અશ્રુથી ઊભરાઈ ગઈ હતી.' વસંતાએ અરવિંદનના કાન પાસે આવીને કહ્યું.

'એમ ! આથી નારાજ છે ?' હસીને અરવિંદને ફોટો વસંતાને આપ્યો. પૂરણીની નારાજી દૂર કરવા માટે પૂરણી ગઈ હતી તે ખંડમાં જવા લાગ્યો. પરંતુ જાણે મોં પર થપ્પડ મારતી હોય એ પ્રમાણે પૂરણીએ જોરથી બારણાં બંધ કરી દીધાં. અંદરથી સાંકળ વાસવાનો અવાજ પણ સંભળાયો.

'પુગલેંદિ* કવિએ કબાટ ઉઘાડવા માટે જે ગીત ગાયું હતું, તે પ્રકારનું હું પણ ગીત ગાઈ જોઉં અરવિંદન ?' મુરુગાનંદમે ઠેકડી ઉડાવતાં કહ્યું.

'તમે તો ભાઈના જ માણસ છો. જો તમે ગાશો તો પણ દીદી

---

* એક તમિળ કવિ

અંદરથી બે સાંકળ વાસી દેશે' હસીને વસંતાએ મુરુગાનંદમ પર વ્યંગ કર્યો, અને પછી આગળ કહ્યું, 'ભાઈ અને દીદીએ જે ફોટો પડાવ્યો છે તે 'લગ્નના ફોટા' જેવો નથી ? એક માત્ર હાર પહેરવાની કસર રહી ગઈ છે.'

'આમાં સંદેહ જ ક્યાં છે ? જોયુંને. આ ફોટો પડાવવા જતી વખતે આપણને કહ્યા વગર જ ચાલ્યાં ગયાં ?' મુરુગાનંદમ અને વસંતા તેમની વાતો જ કરતાં હતાં. પરંતુ અરવિંદન એ વાતોનો આનંદ મહાલવાની સ્થિતિમાં તે સમયે ન હતો. એક જ વાત તેના મનને રહી રહીને ઉદાસ કરતી હતી કે પૂરણી પણ તેને ખોટો સમજી બેઠી છે.

પર્વતીય પ્રદેશમાં ખીલેલાં કુરિજ્જિ પુષ્પો જોવા બધાં સંધ્યા સમયે જતાં હતાં.

'મને કાંઈ સારું લાગતું નથી. હું નહિ આવું' પૂરણીએ દૃઢતાપૂર્વક જવાનો ઇન્કાર કર્યો.

'જો એમ છે તો હું પણ નહિ જાઉં. મને પણ કાંઈ સારું લાગતું નથી.'

'આજે તમને બંનેને થયું છે શું ? વદન પર કહેવા પૂરતી પણ હાસ્યની રેખા જણાતી નથી !' મંગલેશ્વરીઅમ્માળે નારાજી વ્યક્ત કરતાં કહ્યું.

તે લોકોએ ખૂબ જ આગ્રહ કર્યો છતાં અરવિંદન અને પૂરણી ન ગયાં તે ન જ ગયાં. કાર તે બંનેને મૂકીને ઊપડી ગઈ.

અરવિંદન અને પૂરણી ઘરના બારણાં પાસે કાંઈ બોલ્યાં વગર ખુરશીમાં સામસામે બેઠાં હતાં. આમ ક્યાં સુધી તેઓ બોલ્યા વગર બેસી રહે ? આખરે ગુસ્સામાં ક્રોધથી પૂરણીએ જ પહેલ કરી.

'હું ન ગઈ તેમાં તમારે શું છે ? તમારે એકલા જ જવું જોઈએ ને ?'

'જતો તો હતો. પરંતુ ઉત્સાહપૂર્વક હું જે કુરિજ્જિ પુષ્પને વિકસિત જોવા ઇચ્છતો હતો તે તો પર્વત પર વિકસ્યું નથી, અહીં મારી પાસે જ વિકસિત છે. તે કાલ સુધી વિકસેલું હતું. આજે નારાજીને લીધે કરમાઈ ગયું છે. તેને વિકસિત કરવા માટે મારે અહીં રહેવું જરૂરી છે.' સૌમ્ય અદાથી કહેવાયેલા અરવિંદનના આ શબ્દો સાંભળીને પૂરણીએ ન હસવાનું નક્કી કર્યું હોવા છતાં અજાણતાં જ તેનું વદન ખીલી ઊઠ્યું.

'અહાહા ! આ ખીલી ઊઠી મારી કુરિજિંજ !' તાલી પાડતાં અને હસતાં અરવિંદને કહ્યું.

# ૨૭

બીજે દિવસે સવારે મીનાક્ષીસુંદરમની સાથે અરવિંદન અને મુરુગાનંદમ મદુરૈ આવ્યા. કાકાની સોળમા દિવસની ક્રિયા કરવા જતાં પહેલાં અરવિંદનને મદુરૈમાં કેટલાંક જરૂરી કામો પતવવાનાં હતાં. જિલ્લાધિકારી-કાર્યાલયમાં જઈને પૂરણીની વિદેશયાત્રા માટે અરજી કરીને તે માટે વ્યવસ્થા કરવાની હતી.

અરવિંદન અને મુરુગાનંદમે પૂરણીના ભાષણનો કાર્યક્રમ રાખીને ગરીબોને સહાય કરવા માટે પ્રાપ્ત કરેલાં ભંડારની રકમથી ઝૂંપડીઓ બાંધવા માટે એક વિશ્વાસુ મિસ્ત્રીને નીમીને બધો જ ભાર તેને સોંપી દીધો હતો. તે દિવસે બંને એ કામ જોવા ગયા અને મિસ્ત્રી પાસેથી કામની બધી વિગતો પ્રાપ્ત કરી. ઝૂંપડીઓનું બાંધકામ જોઈને બંનેને અત્યંત સંતોષ થયો. મિસ્ત્રીએ અરવિંદનની પાસે આવીને ધીરેથી પૂછ્યું, 'ભાઈ ! આ ઝૂંપડીઓનું ઉદ્‌ઘાટન કરવા માટે કોને બોલાવો છો ? મંત્રીઓમાંથી કોણ આવવાના છે ?'

આ સાંભળીને અરવિંદન ધીમેથી હસ્યો, 'મુરુગાનંદમ ! આપણા મિસ્ત્રી શું પૂછે છે, તમે સાંભળ્યું ?'

'હા, ભાઈ મિસ્ત્રી ! આ ઝૂંપડીઓ આટલી પ્રામાણિકતા તેમજ પરિશ્રમથી બાંધનાર તમે જ છો. પ્રામાણિકપણે શ્રમ કરનાર શ્રમિક જ આ દેશનો ખરેખર રાજા અને મંત્રી છે. આ શ્રમિકોનું ગૌરવ અને સન્માન કરવું જોઈએ. આ ઝૂંપડીઓનું ઉદ્‌ઘાટન કરવા માટે કોઈ મંત્રીની જરૂર નથી. કારમાં ફરનારા અને મહેલોમાં વસનારા મંત્રી આ ઝૂંપડીઓનું ઉદ્‌ઘાટન ન કરે, એ જ સારું છે. આનું ઉદ્‌ઘાટન કરવા માટે તમે જ યોગ્ય વ્યક્તિ છો, મિસ્ત્રીભાઈ !' મુરુગાનંદમે આ કહ્યું. તે સાથે જ અવિશ્વાસપૂર્ણ સ્વરે મિસ્ત્રી બોલી ઊઠ્યો, 'ભાઈ ! તમેય તે શું મારી મશ્કરી કરો છો ?'

'મશ્કરી કરતો નથી. મિસ્ત્રીભાઈ ! કાલે સવારે તમારા જ હાથે આ ઝૂંપડીઓનું ઉદ્‌ઘાટન થશે' અરવિંદને કહ્યું.

અને ઉદ્‌ઘાટન સમારંભ અત્યંત આશ્ચર્યજનક રીતે બીજે દિવસે

યોજાયો. ઝૂંપડીઓમાં પ્રવેશમાર્ગ પર એક સળગાવીને કુત્તુવિલક્કુ રાખ્યો. લાઉડસ્પીકર, હાર, ચા-પાણી વગેરેની કાંઈ જ વ્યવસ્થા ન હતી. પત્રકાર ન આવ્યા, અગ્રગણ્ય વ્યક્તિઓ પણ આવી ન હતી. સમારંભમાં એ ઝૂંપડીઓમાં પુનર્વાસ કરનારા ગરીબો જ આવ્યા હતા.

'ભાઈ ! આપે મને અત્યધિક સન્માન પ્રદાન કર્યું છે' કૃતજ્ઞતાપૂર્ણ ગદ્દગદ સ્વરે મિસ્ત્રીએ અરવિંદનને કહ્યું.

મુરુગાનંદમ તે દિવસે સાંજે આગ્રહ કરીને અરવિંદનને પોન્નગરમાં પોતાને ત્યાં લઈ ગયો. અરવિંદન પહેલાં તો ન સમજ્યો કે તે શા માટે પોતાને તેને ઘેર લઈ જવા માટે આગ્રહ કરે છે. સમય મળે ત્યારે ક્યારેક ક્યારેક રવિવારે અરવિંદન મુરુગાનંદમને ત્યાં જઈને ઘરનાં બધાંના કુશળ-સમાચાર પૂછતો હતો.

'કેમ રે મુરુગાનંદમ ! આજે જ મારે તમારે ત્યાં આવવું પડશે ? એવી તે શી ઉતાવળ છે ?' અરવિંદને પૂછ્યું.

મુરુગાનંદમને શરમના માર્યા બતાવતાં સંકોચ થતો હતો. ત્યાં તો પોતાને તે શા માટે બોલાવે છે, એ બાબતનો એને ખ્યાલ આવી ગયો.

ખ્યાલ આવી જતાં જ પ્રસન્ન થઈને આવવા માટે અરવિંદન તૈયાર થયો. 'ઓહો ! તમારાં લગ્નની વાત કરીને ઘરમાં મોટાંઓની સંમતિ લેવા માટે જ મને આવવાનું કહો છોને ? મને વાત કરતાં તે કાંઈ શરમાવાનું હોય ? હું તૈયાર છું. તમે કહો ત્યારે જઈશું.'

સાંજે પાંચ વાગે કામ પતાવીને મોં ધોઈ, કપડાં બદલી જવા માટે અરવિંદન તૈયાર થઈ ગયો. મુરુગાનંદમ આવીને તેને પોતાની સાથે લઈ ગયો.

પોન્નગરમાં મુરુગાનંદમને ત્યાં અરવિંદન એક કલાકથી પણ વધુ રોકાયો. 'મોટા ઘરનું છોકરા માટે માગું આવ્યું છે' અરવિંદનની વાત સાંભળીને બધાં આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. તે લોકોને બધું સમજાવવામાં અરવિંદનને એક કલાક થયો. અંતે એ લોકોની સંમતિ મળી ગઈ. અરવિંદનની કોઈ વાતનો તેમણે આજ સુધી વિરોધ કર્યો ન હતો. જ્યારે અરવિંદન કોડૈક્કેનાલથી આવવા નીકળ્યો ત્યારે મંગલેશ્વરીઅમ્માળે તેને આગ્રહ કર્યો હતો કે તે મુરુગાનંદમના વડીલને મળીને જો બની શકે તો 'પાન ખવડાવવાનો દિવસ'* નક્કી કરી લખી જણાવે. તેમના કહ્યા મુજબ

* વિવાહનો દિવસ

અરવિંદને એક કાર્ડમાં વિગત લખી, તેના ચારે ખૂણા પર હળધર લખાવી તાત્કાલિક પોસ્ટ કર્યું. બધાંના આગ્રહથી રાતે તેને ત્યાં નાસ્તો કરવો પડ્યો.

પોન્નગરથી તે પ્રેસમાં આવ્યો ત્યારે રાતના આઠ થયા હશે. સામેના ખંડમાં બત્તી બળતી હતી. કુમરન હિસાબ લખતો હશે વિચારી તે અંદર ગયો. પરંતુ મીનાક્ષીસુંદરમને ત્યાં બેઠેલા જોઈ તે નવાઈ પામ્યો. શિથિલ અને ચિંતનશીલ સ્થિતિમાં માથે હાથ દૈને તેઓ બેઠા હતા. તે ઉદાસ અને અસ્વસ્થ જેવા જણાતા હતા. આવા ચિંતન અને નિરાશાભર્યા ચહેરે તેણે એમને આ પહેલાં બહુ ઓછા પ્રસંગે જોયા હતા.

'તમારી તબિયત સારી નથી ?'

'તબિયતને કાંઈ થયું નથી. મન જ ખલાસ થયું છે, સમજને. હું આર્થિક મુશ્કેલીમાં ફસાઈ ગયો છું. કાગળના હજારોનો હિસાબ ચૂકવવાનો બાકી છે. સંબંધને કારણે કોઈ આમન્યા ઓળંગતું નથી.'

તેમને અને તેમના ધૈર્યને હચમચાવી દે એવી પરિસ્થિતિ અરવિંદન સમજી ગયો. તેમના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી તે ઘણી વખત વાત કરવા ઇચ્છતો હતો. પરંતુ કાંઈ કહી શક્યો નહિ, ચારપાંચ દિવસ પછી તે ગામ ગયો ત્યારે બ્લડપ્રેશર વધુ હોવાથી મીનાક્ષીસુંદરમ પથારીવશ હતા. મુરુગાનંદમને તેમની પાસે રહેવાનું જણાવીને તે ગયો હતો. ગામમાં કાકાની સોળમીની ક્રિયા પતાવવા તે ગયો.

સોળમા દિવસની બધી ક્રિયા પતાવ્યા પછી બીજે દિવસે અરવિંદને સર્વ પ્રથમ કાકાના ઘરના બારણા પરનું 'સોનાચાંદીના ઘરેણા પર ધીરધાર કરનાર' બોર્ડ ઉતારી નાખ્યું.

પછી તેણે બધો હિસાબ જોયો. મંગલસૂત્રથી વીંટી સુધીના-ગરીબોએ ગીરો મૂકેલાં ઘરેણાં હતાં. મુનીમને પૂછવાથી જાણવા મળ્યું કે, આ ઘરેણાં ગીરો મૂકનારા આ ગામના તેમ જ આજુબાજુનાં નાનાં ગામના માણસો છે.

'સાઇકલ પર અત્યારે જ જઈને તે બધાને અહીં આવવાની સૂચના આપી આવો' અરવિંદને મુનીમને કહ્યું. મુનીમ ગયો. બપોરના બાર વાગતાં સુધીમાં એક એક કરીને બધા એકઠા થઈ ગયાં, ગરીબાઈથી ત્રાસેલા, ઉદાસ અને ચિંતાથી દુર્બળ લોકોને જોઈને અરવિંદન દ્રવિ ગયો.

જે લોકો આવ્યા હતા તે બધાંને બેસાડીને ઘર તરફ જોઈને

અરવિંદને આદેશ આપ્યો.. 'મુનીમજી ! ગીરવી મૂકેલાં ઘરેણાં અને તે અંગેના કાગળો લઈ આવો.'

તેના કહેવા મુજબ મુનીમે ઘરેણાં અને તે અંગેના કાગળ લાવીને આપ્યાં. જેણે જે ઘરેણું ગીરો મૂક્યું હતું તે તેને પાછું આપતાં કહ્યું, 'તમારે બધાને વ્યાજ આપવાનું નથી, લીધેલા પૈસા આપો તો પૂરતા છે. તે મને આપવાના નથી. પરંતુ હું તમને ઠેકાણું આપી જાઉં છું ત્યાં બેત્રણ મહિનામાં જ્યારે તમે આપી શકો ત્યારે ફક્ત તમે લીધેલા રૂપિયા જ આપીને પહોંચ મેળવી લેજો.' અને ગરીબ મહિલા લગ્ન સહાયક નિધિ સંઘ, મણિનગરમ, મદુરૈ-આ સરનામું લખીને દરેકને કાગળ આપ્યો.

આ જોઈને મુનીમ સૂનમૂન થઈ ગયો. તેને સંદેહ થયો કે કદાચ આ છોકરો ગાંડો તો થઈ ગયો નથી ને !

તે દશ દિવસ ગામમાં રહ્યો. ચૂંટણી ખર્ચ, પ્રેસનું દેવું સહન કરવાને અશક્તિમાન મીનાક્ષીસુંદરમની સ્થિતિ તેને યાદ આવી. પાસે જ એક ગામના ઘણા મોટા વેપારીને એક ઘર સિવાયની બધી સ્થાવર રૂપિયા સત્તાવન હજારમાં વેચી મારી. કાકાની સંપત્તિ ઉચિત અને આવશ્યક સમયે મીનાક્ષીસુંદરમને કામ આવશે.

'છોકરી પરણાવા જેટલી થઈ છે,' કહી મુનીમે તેની આગળ પોતાનાં રોદણાં રડવા શરૂ કર્યાં. તેના હાથમાં બે હજાર મૂકીને અરવિંદને કહ્યું,

'હવે આ ઘરમાં તમે જ રહેજો.'

'આપ પુણ્યાત્મા છો' મુનીમે ગદ્ગદ કંઠે તેની પ્રશંસા કરી.

પંચાવન હજાર રૂપિયાની નોટોનું બંડલ ગણીને તેમની સામે મૂકવામાં આવે તો મીનાક્ષીસુંદરમનું બ્લડપ્રેશર સામાન્ય થઈ જશે. આ વિશ્વાસથી તેનામાં ઉત્સાહ ઊભરાયો. પરંતુ તે દિવસે મદુરૈ જવા નીકળતાં પહેલાં આવેલા તારે તેના ઉત્સાહને તોડીફાડીને તેને હૈયાફાટ રોવાની સ્થિતિમાં મૂકી દીધો.

## ૨૮

બાપુજીના મૃત્યુ પર પણ અરવિંદન કિંકર્તવ્યવિમૂઢની સ્થિતિમાં મોટેથી રડ્યો ન હતો. એ વખતે તે નાનો હતો. અને અત્યારે ભાવનાઓમાં ગળાબૂડ રહીને અનુભવ કરવાની પરિપક્વતા તેનામાં આવી ગઈ છે. તેનું

લાલનપોષણ કરી ઉછેરનાર, તેને જીવવાનો માર્ગ બતાવનાર મનુષ્યના મરણના સમાચાર સ્વીકારવા કે તેના પર વિશ્વાસ મૂકવા તે તૈયાર ન હતો. જેના ઉપકારનું ઋણ ચૂકવવા માટે કાકાની મિલકત વેચીને નીકળવા તૈયાર થયો ત્યાં જ તેમના મૃત્યુના સમાચાર ! 'મીનાક્ષીસુંદરમ મરણ પામ્યા છે, વહેલી તકે આવો.'-મુરુગાનંદમે તાર કર્યો હતો.

વાત્સલ્યભાવથી દૂધ પિવડાવનારી માતાથી પણ વધુ મને સુયોગ્ય બનાવવામાં રત રહેનાર છે મારા પિતા! હવે હું કેવી રીતે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરું ? ટ્રેનમાં મદુરૈ પહોંચ્યો ત્યાં સુધી આવી વ્યથામાં વ્યથિત રહ્યો. તે મહાન માણસે ખરાબ પરિસ્થિતિમાં તેને જે સહાય કરી હતી એ એક પછી એક યાદ કરીને આંસુ વહાવી રહ્યો હતો.

તે મદુરૈ મીનાક્ષીસુંદરમને ત્યાં આવ્યો, ત્યારે અંત્યેષ્ટિ ક્રિયા માટે ઘર, ઓટલો અને રસ્તા પર લોકોની મેદની જામી હતી. મુરુગાનંદમ બારણા પાસે ઊભો રહીને તૈયારી કરી રહ્યો હતો. પ્રાણવિહીન-મૃતદેહ માટે પુષ્પોની ઠાઠડી તૈયાર કરવામાં આવતી હતી. મૃત્યુ-સૂચક રુદન, શંખ-ઘંટ, ઝાલર વગેરેનો ધ્વનિ સંભળાતો હતો. આંસુઓને લીધે સ્પષ્ટ દેખાતું ન હોવા છતાં તે અંદર દોડતો ગયો. ઝૂલાના આસન પર તેમને હૉલમાં સુવાડવામાં આવ્યા હતા. અરવિંદન તે ગરિમામય વ્યક્તિત્વને જોઈને દૂર ઊભો રહી હૈયાફાટ રડ્યો. હૃદયવિદારક દુઃખના આવેગથી રુદનનો વેગ વધ્યો. તે મોં પર રૂમાલ નાખીને તેને રોકવા પ્રયત્ન કરતો હતો. પરંતુ રુદન રોક્યું રોકાતું ન હતું.

નિરાશાની પળોમાં 'ગભરા નહિ, હું છું, તને કઈ વાતની ચિંતા છે ?' કહી પ્રેમપૂર્વક, વાત્સલ્યભાવે પીઠ પર ફરતા તે હાથ જ આજે ચેતનરહિત પડ્યા છે. જો તેની આંખો લાલ દેખાય તો જે મુખ, 'કેમ રે અરવિંદન ! રાતે મોડે સુધી જાગ્યો હતો કે શું ? હવેથી જાગતો નહિ !' કહેતું હતું તે મુખ જ આજે ચેતનહીન છે.

મીનાક્ષીસુંદરમના સંતાનોમાં મોટી ત્રણે દીકરીઓ હતી. પહેલી બે દીકરીઓ પરિણીત હતી. બંનેમાંથી મોટીનાં તિરુનેલવેલીમાં અને બીજીનાં ત્રિચીમાં લગ્ન થયાં હતાં. ત્રીજી છોકરી હાયર સેકંડરીનો અભ્યાસ પૂરો કરીને લગ્નને લાયક હતી. સૌથી નાનો છોકરો દશબાર વરસનો હતો.

મુરુગાનંદમે તિરુનેલવેલી અને ત્રિચી તાર કર્યા હતા. શ્રીમતી

મીનાક્ષીસુંદરમનો આદેશ 'દીકરીઓ આવે તે પહેલાં' શબ ન લઈ જવાનો હતો.' અરવિંદનના આવ્યાને થોડી વાર પછી કોડૈક્કેનાલથી પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળ વગેરે કારમાં આવી ગયાં. અંધારું થતાં પહેલાં જ તેમની બંને દીકરીઓ આવી ગઈ. બંને જમાઈ પણ સાથે આવ્યા હતા.

વૈગે નદીમાં પૂર આવ્યું હતું. આથી પુલ પર થઈને ચેલ્લૂરના રસ્તે તત્તન્તેરી સ્મશાનમાં અગ્નિદાહ પતાવીને પાછા આવતાં રાતના અગિયાર વાગી ગયા. કાંતિહીન, ભ્રમિત અરવિંદન હરતા-ફરતા શબ જેવો પ્રેસમાં આવ્યો. અરવિંદનની સહાનુભૂતિમાં એ સમય તેની સાથે રહેવું જરૂરી સમજી મુરુગાનંદમ પણ તેની સાથે આવ્યો હતો. પ્રેસમાં દાખલ થતાં પહેલાં જ મુરુગાનંદમે અરવિંદનને કહ્યું, 'એ જ એ જ તેમના પ્રાણ માટે જમ બન્યો. તમે ગામ ગયાને બે દિવસ પછી તેમણે પ્રેસમાં આવવું શરૂ કર્યું હતું. આ ઇમારત બર્માવાળા મારફતે ખરીદીને અને તેમાં નવા મંડપવાળાના એક માણસ પાસેથી પ્રેસ શરૂ કરવાની વાત સાંભળીને બીજે દિવસે લોહીનું દબાણ વધી જતાં પથારી પકડી' કહેતાં મુરુગાનંદમે બાજુનું મકાન બતાવ્યું. -અરવિંદને આશ્ચર્ય પામતાં માથું ઊંચું કરીને તે મકાન જોયું. 'કુમરગુરુવર વિલાસ કૉફી-ભોજનાલય'નું ધૂળથી છવાયેલું બોર્ડ દેખાયું નહિ. ચૂનાથી ધોળ્યા પછી સુંદર દેખાતા તે મકાન પર 'કામાક્ષી પ્રિન્ટિંગ પ્રેસ'ના નામનું બોર્ડ સ્ટ્રીટ લાઇટના પ્રકાશમાં દેખાયું. માલિકના નામની જગાએ નાના અક્ષરમાં નવા મંડપવાળા માણસનું નામ લખ્યું હતું.

'આ પ્રેસ શરૂ થયાને કેટલા દિવસ થયા મુરુગાનંદમન ?'

'ચાર દિવસ પહેલાં જ તો ઉદ્‌ઘાટન ધામધૂમથી થયું હતું. બર્માવાળાએ આનું ઉદ્‌ઘાટન કર્યું હતું.'

'હં, લાગે છે કે હવે એક નવી પંચાત ઊભી થઈ ગઈ છે.' દીર્ઘ નિ:શ્વાસ મૂકતાં અરવિંદને પ્રેસમાં પ્રવેશ કર્યો. એ રાતે તેને ઊંઘ આવી નહિ.

મીનાક્ષીસુંદરમનું મૃત્યુ થવાથી પૂર્વ નિયોજિત કોઈ પણ કાર્યક્રમ બંધ રાખવા માટે અરવિંદન તૈયાર ન હતો. પૂરણીના ચૂંટણી કાર્યમાં દૃઢતા સાથે લાગી ગયો. 'આ નગરમાં મારી ઇચ્છાની વિરુદ્ધ એક પાંદડું પણ હાલી શકતું નથી' કહીને બર્માવાળાએ એક દિવસ અરવિંદનને ધમકી આપી હતી. અહંભરી તે ધમકી આટલી જલદી તે કેવી રીતે ભૂલી શકે ?

તેને અનુકૂળ થઈને ચાલવાની ના પાડવા બદલ તેને મારી નાખવા માટે ગુંડાને બોલાવ્યો હતો. આ પણ તે ભૂલ્યો ન હતો.

મીનાક્ષીસુંદરમના મૃત્યુના એક મહિના પછી, એક દિવસે શ્રીમતી મીનાક્ષીસુંદરમની પાસે જઈને અરવિંદને પ્રેસ અંગે વાત કરી. શ્રીમતી મીનાક્ષીસુંદરમે કહ્યું, 'જેમ ચાલતું આવ્યું છે તેમજ ચાલવા દો. હું બીજી શી સલાહ આપું ? તમે મારું ભલું ઇચ્છો છો. સંપૂર્ણ જવાબદારી માથા પર લઈને વિશ્વાસપૂર્વક કામ કરનાર તમારા સિવાય બીજું કોણ છે ? પ્રેસની દેખરેખ તમે પોતે સંભાળો તેમ હું ઇચ્છું છું.' અરવિંદન જાણતો હતો કે મીનાક્ષીસુંદરમના જેવી જ માજીમાં મોટાઈ છે.

અરવિંદને બધાની સાથે ન્યાયી અને ગૌરવપૂર્ણ રસ્તો કાઢવા પ્રયત્ન કર્યો. ગામમાં જમીનના આવેલા પૈસામાંથી પ્રેસનું દેવું ચૂકવ્યા પછી વધેલા પૈસા ચૂંટણી લડવા માટે રાખ્યા. તે કુશળ વ્યવસ્થા અને ન્યાયપૂર્ણ આચરણથી મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસનાં કાર્યો સુંદર રીતે સંભાળતો હતો.

વસંતા અને મુરુગાનંદમના લગ્નનું શુભ મહુરત જોવડાવીને લગ્નનો દિવસ નક્કી કર્યો. બંને પરિવારોની વચ્ચે રહીને લગ્નની બધી વ્યવસ્થા અરવિંદને જ સંભાળવાની હતી. મીનાક્ષીસુંદરમની અંત્યેષ્ટિ ક્રિયામાં આવેલી પૂરણી અને બીજા પાછા કોડૈક્કેનાલ જઈ શક્યાં નહિ. પંદરવીસ દિવસ સુધી પૂરણીએ ઘરમાં જ આરામ કર્યો. ભજનિકદાદાને ત્યાં કામુને દીકરો આવ્યો હતો, આથી પૂરણી તેની ખબર કાઢવા ગઈ. કમલા સુવાવડ પર પિયેર આવી હતી. સાંજના સમયે પૂરણી તેની સાથે વાતો કરવા આવતી. વસંતાના લગ્ન વખતે તે મંગલેશ્વરીઅમ્માળને ત્યાં રોકાઈ હતી. ક્યારેક ચોકસીની દુકાને તો ક્યારેક લૂગડાંની ખરીદી માટે તે એમની સાથે જતી હતી.

વસંતાનાં લગ્ન પછી પૂરણીને લંકા જવા માટે એક સપ્તાહ બાકી હતું. વિદેશયાત્રાનો પાસપોર્ટ મળી ગયો હતો. યાલપાણમમાં ભરાવાના તમિળ સાહિત્ય સંમેલનમાં અને લંકામાં અન્ય સ્થળોએ તેનાં ભાષણનો કાર્યક્રમ હતો.

વસંતાનાં લગ્ન સારી રીતે પતી ગયાં. તેના આનંદ-ખુશીમાં મંગલેશ્વરી-અમ્માળ પૂરણી સાથે લંકા ગયાં. તેમની પાસે પાસપોર્ટ તો હતો જ. બસની વ્યવસ્થા અરવિંદને તાત્કાલિક કરી આપી. મદ્રાસથી ત્રિચિ થઈને

યાલપાણમ જતાં વિમાનમાં જવાની તેમની યોજના હતી. જવાના દિવસે ત્રિચિના ઍરોડ્રોમ પર મહિલા સંઘનાં મંત્રી, અરવિંદન, મુરુગાનંદમ, વસંતા વગેરે તેમને વિદાય આપવા ગયાં હતાં. વિમાનના સૌથી ઉપરના પગથિયાં પર ઊભાં રહીને પૂરણીએ હાથ જોડ્યા તે વખતે નીચેથી અરવિંદને હસતાં હસતાં કહ્યું, 'ઊંચે ચઢીને જતી વખતે હંમેશાં મને પણ સાથે આવવાનું કહેતી હતી અને હવે મને એકલો નીચે મૂકીને જાય છે.' આના જવાબમાં તે સ્મિત કરવા ઇચ્છતી હતી પરંતુ તેનાં નેત્રોમાંથી અશ્રુની અવિરલ ધારા સરી પડી.

## ૨૯

વિમાન ઊંચે ઊડી રહ્યું હતું. પાસે બેસીને મંગલેશ્વરીઅમ્માળ પુસ્તક વાંચતાં હતાં. પૂરણીએ ધીરેથી પોતાની આંખો મીંચી. 'ઊંચે ચઢીને જતી વખતે હંમેશાં મને પણ સાથે આવવાનું કહેતી હતી અને હવે મને એકલો નીચે મૂકીને જાય છે.' હસીને કહેતી વખતે અરવિંદનના વદન પર કેવા ભાવ હતા, એ જાણવા માટે પૂરણીએ આંખો મીંચી અને તેના વદનને જોવા માટે પ્રયત્ન કર્યો. વિમાન ઊંચે જતાં જ નીચે ઊભેલો અરવિંદન તેની આંખોથી અદૃશ્ય થઈ ગયો હતો. પરંતુ તેનું સ્મરણ કરીને જોવાનો એણે ક્યારેય પ્રયત્ન કરવો પડ્યો ન હતો. લાલ મખમલમાં મોતી વેર્યાં હોય તેમ વિમાનની પાસે ઊભેલા અરવિંદનના ચહેરાનું તેને સ્મરણ થયું. 'અરવિંદન ! તમારા હાસ્યમાં અમૃત છે અને અમૃતમાં પ્રાણની રક્ષા કરવાની શક્તિ હોય છે.' સ્મૃતિપટ પર તેનો ચહેરો ઊપસી આવતાં જ પૂરણી ધીમે ધીમે બોલી. 'અરવિંદનના આ હસમુખા ચહેરાને મારી સ્મૃતિમાં અનિમેષ સ્વરૂપે સંગ્રહી લઉં, એ જ મારે માટે પર્યાપ્ત છે. આ વદનને સ્મૃતિમાં રાખીને હું સમસ્ત દુનિયાનું ભ્રમણ કરીને પ્રશંસાની માળા પહેરવાનું સાહસ કરી શકું એમ છું' આવો વિચાર કરતી રહી. ત્યાં તો તેની વિચારધારા બદલાઈ.

લંકા અને યાલપાણમના તમિળવાસીઓની વિશિષ્ટતા વિશે બાપુજીએ ક્યારેક કહેલી વાત તેના સ્મૃતિપટ પર ઊભરાઈને તાજી થઈ ગઈ. લંકામાં જન્મેલા આરુમૃગનાવલર, કુમારસ્વામી ફુલવર (કવિ), સી. બી. દામોદરન પિલ્લૈ, કદિરવેલ પિલ્લૈ, વિપુલલાનંદર, પંડિતમણિગણેશ અય્યર

જેવા શૈવધર્મી અને તમિળ ભાષાની સેવા કરનાર મહાન કવિઓનું સ્મરણ કરતાં જ તે પુલકિત થઈ ગઈ. 'તમિળ, શૈવમન અને પ્રાચીન સભ્યતાના સમૃદ્ધ દેશમાં ભ્રમણાર્થે જઈ રહી છુ' આ વિચાર કરીને તેણે ગૌરવ અનુભવ્યું.

'વિપુલાનંદ ધર્મગુરુની જેમ યુવાવસ્થામાં સંન્યાસ લઈ તમિળભાષા અને ધર્મની સેવા કરવાની મારી તીવ્ર ઇચ્છા હતી, દીકરી ! તે ઇચ્છા પૂર્ણ ન થવા દેવામાં તારી મા નિમિત્ત હતી.' માના મૃત્યુ પછી તેના બાપુજીએ આ કેટલીય વાર પૂરણીને કહ્યું હતું.

વિમાનના પ્રવાસ દરમિયાન યાલપાણમ, તમિળ અને તમિળ સાથે સંબંધ ધરાવતા લોકો પર વિચાર કરતી વખતે બાપુની સભ્યતા, ગૌરવ એક પછી એક બધાં યાદ આવીને જાણે તેને હિંમત આપતાં હતાં. આત્મજાગૃતિની જે ઉત્કઠ ઇચ્છા અવારનવાર તેને થતી હતી તે જ ઉત્કઠ ઇચ્છા પણ ઉત્પન્ન થઈ. ઊંચે વિમાનમાં પ્રવાસ કરવાની પ્રસન્નતાની સાથે સાથે તેનામાં એક એવી સંતોષની ભાવના વ્યાપ્ત થઈને પરિતૃપ્તિ પ્રદાન કરી રહી હતી. જાણે તેની ચારે તરફનું વાતાવરણ અને લોકો સદાચરણ, સંતોષ અને સુમધુર વ્યવહારથી યુક્ત થઈ ગયા હોય. તેનું મન, તેની ઇંદ્રિયો કોઈ ઉચ્ચ, અદ્વિતીય અને શ્રેષ્ઠ વિચાર કરવા અને બોલવા ઇચ્છુક થઈ ઊઠ્યાં. આવા વિચારોમાં ડૂબકી મારતાં તે ગંભીર આદર્શ સ્વપ્નોની સાથે વિહાર કરતી જઈ રહી હતી.

'થોડી જ વારમાં યાલપાલણ ઍરોડ્રોમ પર ઊતરવાનું છે ! પૂરણી પૂછપરછ કર્યા પછી જે સમાચાર મંગલેશ્વરીઅમ્માળને મળ્યા તે પૂરણીને પણ બતાવ્યા. વિમાન ધીમે ધીમે નીચે ઊતરવા લાગ્યું. આંખો મીંચીને ઉઘાડતાંની સાથે જ યાલપાણમ આવી જવાથી પૂરણીને આશ્ચર્ય થયું. તેને વિચાર આવ્યો. તમિળનાડુ અને લંકા ભાષાથી જ નહિ, પરંતુ દૂરથી પણ પરસ્પર નિકટ છે.

વિમાનમાંથી પૂરણી નીચે ઊતરી. તમિળ સાહિત્ય સંઘના લોકો, જેઓએ આ પરિષદની વ્યવસ્થા કરી હતી, સ્વાગત કરવા વિમાનઘર પર આવ્યા હતા. પોતાના સ્વાગત માટે હાથમાં હાર લઈને રાહ જોતાં તમિળ પ્રેમીઓને જોઈને પૂરણીના આશ્ચર્યની સીમા રહી નહીં.

તમિળ સાહિત્ય પરિષદના વ્યવસ્થાપક શ્રી રાજનાયકમ અને તેમનાં

પત્ની કનકમ્માળ રાજનાયકમે પ્રસન્ન વદને હાથ જોડીને બંનેનું સ્વાગત કર્યું. મંગલેશ્વરીઅમ્માળ લંકામાં રહેલાં હોવાથી રાજનાયકમ દંપતી સાથે સારો પરિચય હતો. મંગલેશ્વરીઅમ્માળે પૂરણી અને તે લોકોનો પરસ્પર પરિચય કરાવ્યો.

શ્રીમતી કનકમ્માળ સહિત અનેક મહિલાઓએ એક પછી એક એટલા તો હાર પહેરાવ્યા કે પૂરણી ડોક ઊંચી કરીને ઉપર જોઈ પણ શકતી ન હતી. પૂરણીને જણાયું કે યાલપાણમના લોકોનાં વદન અને તેમજ વાતચીતમાં તેમની સાથે વાત કરનારને આકર્ષવાની સ્નેહયુક્ત મીઠાશ છે. યાલપાણમની મહિલાઓના વદન પર અવિસ્મરણીય માંગલ્ય ગરિમાનું તેણે નિરીક્ષણ કર્યું. તમિળ જનનીની તપસ્વિની પુત્રીનાં દર્શન કરતાં હોય તેમ પૂરણીને લોકો ચારે તરફ વીંટળાઈ વળ્યાં. લંકાથી પ્રકાશિત થતા વર્તમાનપત્રોના કેટલાક પ્રતિનિધિઓ અને ફોટોગ્રાફરે તેના ફોટા પાડ્યા. જે તરફ તે જોતી તે તરફ સ્નેહ અને ઉલ્લાસથી છલકાતા ચહેરા, પ્રસન્નચિત્ત લોકો પ્રણામ કરતા હાથ તેને આનંદવિભોર કરતા હતા. રાજનાયમક દંપતી હવાઈમથક પરથી મંગલેશ્વરીઅમ્માળ અને પૂરણીને કારમાં પોતાને ઘેર લઈ ગયાં. તે લોકોએ ઘેર લઈ જઈને તેનો જે આતિથ્યસત્કાર કર્યો તે જોઈને જ પૂરણી સમજી ગઈ કે મંગલેશ્વરી અમ્માળે યાલપાણમના નિવાસીઓનો આતિથ્યસત્કાર વિશે જે જણાવ્યું હતું તેમાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

બીજે દિવસે સવારે શરૂ થઈને સતત ત્રણ દિવસ તે પરિષદ ચાલવાની હતી. યાલપાણમના એક વૃદ્ધે તે પરિષદનું ઉદ્દ્ઘાટન કર્યું. મંચ પર જ્યોતિ જલાવીને તેવારમમાંથી મંગલાચરણ સાથે પ્રારંભ કરવાની પ્રણાલી પૂરણીને ઘણી પસંદ પડી. મંડપમાં મહિલાઓ અને પુરુષોની સંખ્યા ઘણી સારી હતી. પહેલે દિવસે પરિષદમાં 'સાહિત્યિક વિચાર' વિષય પર પૂરણીએ સુંદર ભાષણ કર્યું.

'લોકો ભાવને માત્ર અનુભવસ્વરૂપે અનુભવીને તેને ભૂલી જાય છે. કવિ ભાવોથી કવિતાની સૃષ્ટિ રચે છે. જ્યારે જીવનમાં સુખ, દુઃખ, ચિંતાઓ ઉત્પન્ન થાય છે ત્યારે માત્ર ભાવરૂપમાં જ થાય છે. સાહિત્યમાં જ્યારે તેનું વર્ણન થાય છે ત્યારે સૌંદર્ય અને સતત પ્રાપ્ત અલૌકિક ભાવોના રૂપમાં થાય છે. જીવનમાં સામાન્ય સ્વરૂપમાં દૃષ્ટિગોચર થતો

ભાવ ગરમ દૂધની જેમ થોડો સમય રહ્યા પછી બગડી જાય છે. સાહિત્યિક વિચાર કે ભાવ ઘટ્ટ દૂધની જેમ સ્થિરતા પ્રાપ્ત કરીને રસાસ્વાદ પ્રદાન કરનાર હોય છે. ભાવ જ કવિઓની રચનાનો સ્રોત છે.' પૂરણીનું ભાષણ અપૂર્વ શૈલીથી આગળ વધી રહ્યું હતું. ઉદાહરણ, મનોરંજન કથાઓ, તત્ત્વ આદિ સાથેનું તેનું ભાષણ દોઢ કલાક ઉપર થઈ જવા છતાં લોકોને જકડી રાખ્યા. 'સમાપ્ત કરશો નહિ, કૃપા કરીને હજી અડધો કલાક વધુ બોલો' પહેલી હરોળમાં આગળ બેઠેલી કનકમ્માળ રાજનાયકમે ઊભા થઈને સૂચન કર્યું. તેના સ્નેહને પૂરણી અવગણી ન શકી. બીજે અને ત્રીજે દિવસે પરિષદમાં ક્રમશ: 'સંઘ સાહિત્યનો નિષ્કર્ષ' અને 'પંચ બૃહદ કાવ્ય'* પર ભાષણ કર્યું. ત્રીજા દિવસે પરિષદની સમાપ્તિ વખતે રાજનાયકમે કહ્યું, 'આપણે ઔવૈયારને+ જોઈ નથી. પરંતુ જેમ ઔવૈયાર તમિળ ભાષી અને તમિળ દેશવાસીઓનાં નિવાસ સ્થાને જઈને તેમની બુદ્ધિ અને સ્નેહમાં વૃદ્ધિ કરતી હતી એ જ પ્રમાણે આ પણ પોતાના જીવનમાં આદર્શો અપનાવી બતાવશે, એવું જણાય છે.' રાજનાયકમના આ શબ્દો એકત્રિત થયેલા લોકોએ તુમુલ કરતલ ધ્વનિથી દિશાઓ ગજવી મૂક્યા. તે પરિષદમાં પૂરણીને એક સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. સુવર્ણચંદ્રકમાં 'તમિળ સેલ્વી'× લખ્યું હતું. મંચ પર આવીને એક વૃદ્ધ કવિએ તે સુવર્ણચંદ્રક તેને એનાયત કર્યો ત્યારે તેણે પોતાના બાપુજીનું સ્મરણ કરીને તેનો સ્વીકાર કર્યો.

તમિળ પરિષદ સમાપ્ત થતાં જ બીજે દિવસે રોટરી કલબમાં 'પ્રાચીન ધાર્મિક ગ્રંથ અને નવો જીવનસિદ્ધાત' વિષય પર પૂરણીએ અંગ્રેજીમાં એક ભાષણ કર્યું. કલબના શ્રીમંત અને બુદ્ધિશાળી સદસ્યોમાં

* સંઘોત્તર કાળ અથવા કાવ્ય કાળ યુગમાં રચાયેલાં પાંચ સર્વશ્રેષ્ઠ કાવ્ય 'પંચ બૃહદ કાવ્ય' કહેવાય છે. તેમનાં નામ છે (૧) શિલપ્પદિકારમ (૨) મણિમેકલૈ (૩) જીવકચિંતામણિ (૪) વળયાદ્રિ (૫) કુણ્ડકેશિ. હજી એંસી વરસ પહેલાં આ મહાકાવ્યોનાં નામ જ હતાં. પરંતુ મહામદોપાધ્યાય સ્વામીનાથ અય્યરના અથાક પ્રયત્નના ફળ સ્વરૂપે અત્યારે આ પાંચમાંથી પ્રથમ ત્રણ કાવ્ય સુસંપાદિત થઈને, ટીકા સહિત પ્રકાશિત થયા છે.

+ સુપ્રસિદ્ધ તમિળ કવયિત્રી

× તમિળ પુત્રી

તે ભાષણ ખૂબ પ્રશંસા પામ્યું. તે બોલી રહી હતી, 'કોઈ એક પેનમાં તેનાથી મોટી કે નાની પેનનું ઢાંકણું તેના પર બેસાડવાના ઉપક્રમની જેમ આપણા પ્રાચીન ગ્રંથોનો આશય નવા જીવનસિદ્ધાંત સાથે બંધબેસતો આવતો નથી. પૌર્વાત્ય દેશ ગરીબીમાં પણ પવિત્રતાનાં દર્શન કરનારા છે. પૂર્વીય દેશના જીવનની સુવિધાઓની કમીને દૃષ્ટિમાં રાખીને પાશ્ચાત્ય દેશોનાં આડંબર, ટાપટીપ, દેખાવને મહત્ત્વ આપનારા જીવનસિદ્ધાંતોની શરૂઆત થવા માંડી છે. પ્રાચીન ધાર્મિક ગ્રંથ, ધર્મ અને આચરણ જ જીવનને સુચારુ રીતે ચલાવવાને અનુકૂળ સાધન છે. ધન, છળકપટ, ષડ્યંત્ર જ સિદ્ધાંતના સ્વરૂપમાં આજના જીવનમાં દૃશ્યમાન થાય છે. આમ પ્રારંભ કરી અંગ્રેજીમાં વાગ્ધારા-અસ્ખલિત વાણીમાં કરેલું ભાષણ અત્યંત પ્રશંસનીય અને નવીન હતું. મંગલેશ્વરીઅમ્માળ પૂરણીનાં ભાષણો ટેપ કરવા માટે પોતાની સાથે ટેપરેકોર્ડર લાવ્યાં હતાં કે, જેથી લંકામાં પૂરણીએ આપેલાં ભાષણો ટેપ કરીને પાછા ફર્યા પછી મહિલા સંઘની મહિલાઓ તેમજ અન્ય લોકોને સાંભળવાની સગવડ રહે.

ત્યાર પછી યાલપાણમના મહિલા મહાવિદ્યાલય તથા રામકૃષ્ણ મઠ વૈધીશ્વર વિદ્યાલયમાં પણ પૂરણીએ ભાષણો કર્યાં. તિરુકેચ્યૂર અને નેલ્લૂર દર્શન કરી આવી. યાલપાણમની આજુબાજુનાં નાનાં નાનાં ગામો અને દ્વીપો જોવામાં બેત્રણ દિવસ ગયા. રાજનાયકમ દંપતીએ તેને માટે આવવાજવાની સારી વ્યવસ્થા કરી હતી. યાલપાણમની પાસે આવેલા ઉરકાવલતુરૈ નામના સ્થળેથી સ્ટીમરમાં 'નાયિનાર દ્વીપ' ગઈ. ત્યાં રાજનાયકમે જણાવ્યું કે તે દ્વીપ પુરાણા જમાનામાં 'મણિપલ્યપમ' તરીકે વિખ્યાત હતો, એ કેટલાક વિદ્વાનોએ સંશોધન કરીને જણાવ્યું છે. તે દ્વીપનું એકાંત વાતાવરણ અને ચારે તરફનો સમુદ્રનો વિસ્તાર પૂરણીને અત્યંત આકર્ષક લાગ્યો.

તિરુકોણમલૈ, અનુરાધપુરમ, મટ્ટકલપ્પુ વગેરે દર્શનીય સ્થળો જોઈને પાંચછ દિવસે તે કોલંબો (લંકા) પાછી ફરી. કોલંબોમાં મંગલેશ્વરી-અમ્માળના પરિચિત ઘણા હતા. તેમણે હરવાફરવા માટે એક કારની વ્યવસ્થા કરી આપી હતી. માણિક્ય ગંગામાં સ્નાન કરી એક દિવસ કદિરકામ મંદિરમાં ઊભા ઊભા ભક્તિવિભોર પૂરણીનાં નેત્રોમાંથી અશ્રુ છલકાઈ ગયાં. કદિરકામથી પાછા આવ્યા પછી કોલંબોના બેત્રણ દિવસના

પ્રવાસ દરમિયાન વિવેકાનંદ સભા, વૈલ્લૈવત્તેના શૈવ મહિલા સંઘમાં પૂરણીએ ભાષણ કર્યું.

કાંડી, નુવરેલિયા, નાવલપટ્ટી, રત્નપુરમ વગેરે પર્વતીય નગરોમાં ફરવામાં કેટલાક દિવસો વીતી ગયા. નાવલપટ્ટીમાં જ મંગલેશ્વરીઅમ્માળના પતિનો ચાનો બગીચો હતો. પર્વતીય પ્રદેશમાં કામ કરનારા ગરીબ લોકોની કેટલીક સભામાં પણ પૂરણીએ ભાષણો કર્યાં.

'અહીં આવ્યાને ઘણા દિવસો થઈ ગયા છે. હવે પાછા ફરવું જોઈએ. ચૂંટણીના કામ માટે એ અને તમારા જમાઈ એકલા ફરતા હશે. આપણે ત્યાં જલદી પહોંચી જવું જોઈએ. જો આપણે ત્યાં જલદી જઈએ તો તેમને મદદરૂપ થઈ શકીએ. ત્યાર પછી મારે પૂર્વ એશિયા મહિલા પરિષદમાં ભાગ લેવા કલકત્તા પણ જવાનું છે' પૂરણીએ મંગલેશ્વરીઅમ્માળને કહ્યું અને જલદી પાછા ફરવા માટે આગ્રહ કર્યો.

તેમને વિદાય આપવા માટે કોલંબોના સ્તમલાનૈ વિમાનઘર પર ઘણી સારી સંખ્યામાં તમિળ પ્રેમીઓ આવ્યાં હતાં. તેમની સ્નેહપૂર્ણ અને ભાવભીની વિદાય લઈને સુદૂર તમિળ પ્રદેશમાંથી બંને માતૃભૂમિમાં આવવા માટે રવાના થયાં.

મદ્રાસ જતા વિમાનમાં એક તમિળભાષી સહપ્રવાસી પાસેથી મંગલેશ્વરી-અમ્માળે તમિળ વર્તમાનપત્ર વાંચવા લીધું. તે મદૂરૈમાંથી બહાર પડતા ચાર દિવસ પહેલાનું વર્તમાનપત્ર હતું. પરંતુ લંકા આવ્યા પછી વર્તમાનપત્ર તેમણે જોયું ન હોવાથી બધા સમાચાર તેમને માટે નવા હતા. તેથી મંગલેશ્વરીઅમ્માળ તે વાંચવા લાગ્યાં. 'મદૂરૈ સમાચાર' નામના મથાળા નીચેના એક પછી એક સમાચાર તે વાંચે જતાં હતાં. 'ચૂંટણીની દુશ્મનાવટને કારણે એક યુવકનું અપહરણ કરવામાં આવ્યું છે. અપહરણ કરાયેલા યુવકને રાખવામાં આવેલા સ્થળની માહિતી હજી મળી નથી.' આ સમાચાર વાંચતાં જ તેમનો ચહેરો ફિક્કો પડી ગયો.

'અરે પૂરણી ! આ અન્યાય તો જો !' વિસ્મયથી કહેતા મંગલેશ્વરી-અમ્માળે વર્તમાનપત્રનો તે ભાગ વાળીને પૂરણીને આપ્યો. તે વાંચતાં જ તેની આંખો સમક્ષ અંધકાર છવાઈ ગયો.

# ૩૦

મદુરૈનું સમસ્ત વાતાવરણ ઉગ્ર હતું. યુદ્ધના ધોરણે નગરમાં ચૂંટણીની તૈયારીઓ થઈ રહી હતી. ચૂંટણી જેમ જેમ નજીક આવતી ગઈ તેમ તેમ રાજકારણીઓનાં તમામ છળકપટ અને દુષ્ટતાથી અરવિંદન પરિચિત થતો ગયો.

મદદ માટે મુરુગાનંદમને પોતાની સાથે રાખીને ચૂંટણીની વ્યવસ્થા કરતી વખતે અરવિંદનને જાતજાતના અનુભવ થયા. રાતદિવસ જોયા વગર તેને ફરી ફરીને કામ કરવું પડતું હતું. બર્માવાળા કેટકેટલાંય સ્થળોએ ચૂંટણી કાર્યાલયો શરૂ કરીને નવા મંડપવાળાના ચૂંટણી કાર્યમાં લાગી ગયા હતા. ચૂટણી ચિહ્ન કમળ પૂરણીને અને ગરુડ નવા મંડપવાળાને ફાળવવામાં આવ્યાં હતાં.

સૌથી પહેલું ચૂંટણીના પોસ્ટર ચોટાડવામાંથી વૈમનસ્ય શરૂ થયું. તે વખતે જે બનાવ બન્યો તેનાથી અરવિંદનને અત્યંત વ્યથા થઈ.

મદુરૈ જેવા નગરમાં પોસ્ટર ચોટાડવાની અનુકૂળતા દિવસે મળતી નથી. આથી અરવિંદને એક દિવસ વહેલા પરોઢિયે ત્રણ વાગે ભાડાના ટાંગામાં પોસ્ટર, લાઈ, નિસરણી વગેરે લઈને પૂરણીના ભાઈ કુમરનને બીજા મજૂરો સાથે મોકલ્યો. તેમની યોજના સવાર પડે ત્યાં સુધી બને તેટલાં પોસ્ટરો ચોંટાડીને પાછા આવવું અને બાકી રહેલાં સ્થળોએ બીજે દિવસે આ સમયે જઈને ચોંટાડવાં. અરવિંદને કુમરનને એટલા માટે મોકલ્યો હતો કે તે મજૂરો પર દેખરેખ રાખી શકે અને અગત્યનાં સ્થળો બતાવી ત્યાં પોસ્ટરો ચોંટાડાવે.

જે દિવસોએ મોડે સુધી જાગવું ન પડ્યું હોય તેના બીજા દિવસોએ અરવિંદન પરોઢ થતાં પહેલાં જ ઊઠીને નિત્ય કર્મથી નિવૃત્ત થઈ જતો. પછી સ્નાન કરતો. સ્વચ્છ વસ્ત્રો પહેરતો, ત્યાર પછી પ્રેસની સામેના ખંડમાં અગરબત્તી સળગાવી સુવાસિત વાતાવરણમાં બેસી જતો અને કાયમ પાસે રહેતા તિરુક્કુરળના ગુટકાના સ્વાધ્યાયમાં પરોવાઈ જતો.

પરોઢ પહેલાં જ પોસ્ટરો ગાડીમાં મૂકીને મોકલ્યા પછી અરવિંદન બ્રસ કરવા ગયો. પછી તિરુક્કુરળનું મનન કરીને ઊભો થઈને તે ખુરશીમાં બેઠો ન બેઠો ત્યાં તો 'ભાઈ ! માર મારીને દુષ્ટો નાસી ગયા' બોલતો-

બૂમો પાડતો ટાંગાવાળો અંદર ધસી આવ્યો. અરવિંદને અવાક થઈને ટાંગાવાળા તરફ જોયું. બેભાન અને ઘાયલ કુમરન ટાંગામાં પડ્યો હતો.

'ભાઈ ! વૈગૈ પુલ પર અમે જ્યારે અમારા માણસો સાથે પોસ્ટર ચોંટાડી રહ્યા હતા ત્યારે ગરુડ ચિહ્નવાળાએ અમે ચોડેલાં પોસ્ટર ઉપર જ તેમનાં પોસ્ટર ચોઢવા લાગ્યા. અમારા મજૂરો અને ભાઈએ તેમને તેમ કરતાં રોકતાં કહ્યું, "તમારે પોસ્ટરો ચોંડવાં જ હોય તો બાજુમાં ચોડો. અમારાં પોસ્ટર પર તમારાં પોસ્ટર ચોડો એ બરાબર નથી." તો તેમણે કહ્યું. "અરે ! મોટા ન્યાયની વાત કરવા નીકળી પડ્યા છો ? ભલા થઈને રસ્તો માપો. નહિતર માર ખાશો માર !" અને ગરુડ ચિહ્નવાળા આપણા માણસો પર તૂટી પડ્યા અને મારપીટ શરૂ કરી દીધી. તેમનો સામનો કરવાને અમે અશક્તિમાન હોવાથી વેરવિખેર થઈને નાસી છૂટ્યા. ભાઈએ તો છેવટ સુધી સામનો કર્યો. તેઓ બધા બધી વાતે પૂરા હતા. લાઈ, પોસ્ટર અને નિસરણી છીનવીને તેઓ નાસી ગયા. હું ભાઈને બચાવવા વચમાં પડ્યો તો મને પણ બરાબર માર્યો.' એકશ્વાસે ટાંગાવાળો આ બધું કહી ગયો.

આ સાંભળીને અરવિંદનનું લોહી ઊકળી ગયું. પણ તેણે આવેશમાં ન આવતાં અત્યંત સંયમથી કામ લીધું. ટાંગાવાળાની મદદથી તેણે કુમરનને અંદર લઈ જઈને સુવાડ્યો. અને તેના ઘા પર મલમની પટ્ટી મારી. કુમરન એક કલાકે ભાનમાં આવ્યો. ત્યારે સવાર થઈ ગઈ હતી. સડક પર લોકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

અરવિંદને ટાંગાવાળાને પૂછ્યું, 'મારપીટ કરનારા લોકોમાંથી ઓળખી બતાવી શકે ખરો ?'

ટાંગાવાળાએ એક માણસની ઘણી સારી ઓળખ આપી. તેણે જણાવેલી વિગત પરથી અરવિંદને અનુમાન કર્યું કે માન ન માન પણ તે દિવસે બર્માવાળાની હવેલીમાં તેને મારવા જે આવ્યો હતો તે જ ગુંડો હોવો જોઈએ. અને તે સાથે જ તેનું મન વેદનાથી ઊભરાઈ ગયું.

'બર્માવાળા શું સમજે છે ? નીચતાની પણ હદ હોય છે. હવે હું તેને જોઈ લઈશ.'

'બર્માવાળાની ઇમારત સુધી આવીશને ?' અરવિંદને ટાંગાવાળાને પૂછ્યું.

થોડી આનાકાની કર્યા પછી ટાંગાવાળાએ કહ્યું, 'ચાલો જઈએ.'

અરવિંદન ટાંગામાં બેસી ગયો. ટાંગો ચાલવા લાગ્યો.

તે દિવસે મંગલેશ્વરીઅમ્માળની નાની દીકરીનો જન્મ દિવસ હતો. તે નિમિત્તે વસંતા અને મુરુગાનંદમ અરવિંદનને જમવા માટે બોલાવવા અગિયારના સુમારે પ્રેસમાં આવ્યાં. તે સમય સુધી અરવિંદન પ્રેસમાં પાછો ફર્યો ન હતો. આગલે દિવસે રાતના બાર વાગ્યા સુધી મુરુગાનંદમ અરવિંદનની સાથે પ્રેસમાં જ હતો. બીજે દિવસે ચેલ્લમના જન્મદિવસ નિમિત્તે જમવા આવવા માટે તેણે અરવિંદનને તે સમય આપ્યો હતો. આ તેના ખ્યાલ બહાર નીકળી જતાં તે ક્યાંક ચાલ્યો ગયો હશે ! મુરુગાનંદમને આશ્ચર્ય થયું. તે જ વખતે પ્રેસના નોકરે કુમરન અંદર સૂઈ રહ્યો હોવાનું જણાવ્યું. પાટાપિંડી સાથે કરુણ સ્થિતિમાં કુમરનને સૂઈ રહેલો જોઈને મુરુગાનંદમને મોટા ભાગનો ખ્યાલ આવી ગયો કે શું બન્યું હશે. બાકી રહેલી વિગતો કુમરને પૂરી પાડી.

'વસંતા ! તમે ઘેર જાવ. ન જાણે અહીં શી ગરબડ છે.' પત્નીને ઘેર મોકલીને મુરુગાનંદમ ત્યાં રોકાયો.

બપોરના બાર વાગે પણ અરવિંદન પાછો આવ્યો નહિ. બપોરે એક વાગે પ્રેસની સામે એક ટાંગો આવીને ઊભો રહ્યો. આનંદ અને ઉત્સુકતાથી મુરુગાનંદમે બહાર આવીને જોયું તો એ જ પરિચિત ટાંગાવાળો.

પરંતુ ટાંગો જ આવ્યો હતો. ટાંગામાં કોઈ ન હતું. કોઈ અશુભ સ્વપ્ન જોવાથી ભયભીત થયો હોય એ પ્રમાણે ટાંગાવાળાનો ચહેરો ડરી ગયેલો હતો. તેણે ગભરાટમાં કહ્યું, 'ભાઈ નવ વાગે ગાડીમાંથી ઊતરીને દશ મિનિટમાં પાછો આવું છું. તમે અહીં ઊભા રહેજો' કહીને અંદર ગયા. સાડા અગિયાર સુધી મેં તેમની રાહ જોઈ. પણ આવ્યા નહિ. ન જાણે કેમ પણ મને શંકા થઈ. ટાંગામાંથી ઊતરીને મારું મન માનતું ન હોવા છતાં અંદર ગયો. મને તે બાગ અને ભૂતિયા હવેલી જોઈને કાંઈ સારું લાગ્યું નહિ. ડરતાં ડરતાં અંદર ગયો. અને પૂછ્યું, 'ટાંગામાંથી જે સાહેબ ઊતરીને આવ્યા હતા, તે હજી કેમ બહાર આવ્યા નથી ? મારે મોડું થતું હોવાથી પૂછવા આવ્યો છું.' તેમણે જણાવ્યું, "એવા કોઈ સાહેબ અહીં આવ્યા નથી, તું અહીંથી ચાલ્યો જા." અને મને ત્યાં ઊભો રહેવા દીધો નહિ. તે હવેલીની

બહાર એક માણસ ઊભો હતો. ગઈ કાલે રાતે આપણાં મજૂરોને મારનાર તે જ હોવો જોઈએ, મને લાગ્યું.'

આ સાંભળતાં જ મુરુગાનંદમનો ચહેરો કઠોર થઈ ગયો. 'એમ વાત છે. બદમાસ બર્માવાળાની આ હિંમત ? હું પણ જોઈ લઈશ' કહી તેણે ડાબા હાથની હથેળી પર જમણા હાથની મૂઠી પછાડી. પછી તે ઝડપથી તેની દુકાને ગયો. પોન્નગરમ, અલગરડી વગેરે સ્થળોની વ્યાયામશાળાઓ અને ત્યાંના પહેલવાનો સાથે તેને ઘણો સારો સંબંધ હતો. તેને ખાતરી થઈ ગઈ હતી કે માન ન માન અરવિંદન બર્માવાળાની જાળમાં ફસાઈ ગયો છે. તેનું અપહરણ કરવામાં આવ્યું છે અને તેને ચૂંટણી પત્યા પહેલાં છોડવામાં નહિ આવે, એ સમજતાં તેને વાર ન લાગી. પાંચછ નીડર પહેલવાનો બપોરે ત્રણ વાગે મુરુગાનંદમની દુકાને એકત્રિત થયા.

'અરે કોણ છે એ આપણા માણસ પર હાથ ઉપાડનાર ? બતાવો તો તેનું કચૂંબર કરી નાખું' મોટા પહેલવાને કહ્યું. મુરુગાનંદમે બધા મિત્રોને પોતાની પાસે બેસાડીને બધી વાત વિગતવાર જણાવી.

બરાબર એ જ વખતે એક માણસ હાથમાં પાકીટ લટકતું રાખીને પગથિયાં ચઢીને તેની દુકાનમાં આવ્યો. પાકીટ પર 'આર. એસ. પાંડિયન, ખબરપત્રી દિનચ્યુઉર' લખેલું સ્પષ્ટ વંચાતું હતું.

'પધારો પાંડિયન મહાશય !' મુરુગાનંદમે તેને આવકાર આપ્યો.

'અંદર આવતાં ડર લાગે છે, ભાઈ ! પહેલવાનોને ભેગા કરીને કોઈ મલ્લયુદ્ધની પરિષદ ભરો છો ?'

'એવી કોઈ ડરવા જેવી વાત નથી. આવીને બેસો તો, તમારે પણ આ સમાચાર જાણવા જોઈએ.'

ખબરપત્રી પાંડિયન મુરુગાનંદમની બાજુમાં આવીને બેઠો. અને તેની પાસેથી બધી વાત વિગતવાર સાંભળી.

'હું તેને છોડવાનો નથી. તેના અહંના ચૂરેચૂરા કરી નાખીશ' ક્રોધના આવેશમાં મુરુગાનંદમે કહ્યું.

પાંડિયન તેનો હાથ પકડીને એક ખૂણામાં લઈ ગયા :

'તમે તો તદ્દન પાગલ થઈ ગયા છો ભાઈ ! બર્માવાળાના દુષ્કૃત્યનો તમે બદલો લેવા તૈયાર થયા છો. પરંતુ મોટા માણસો હોશિયારીથી આવાં

કામ કરે છે, જેથી પોતે પોલીસના લફરામાં ન સપડાય. અને તમે આવેશમાં આવીને કોઈ ન કરવાનું કરીને પોલીસની જાળમાં ફસાઈ જશો તો પરણામે પૂરણી અને અરવિંદનની બદનામી થશે. પરિણામે જે લોકો સતત કુકર્મો કરે છે તે લોકોનાં ષડ્યંત્ર પ્રકાશમાં નહિ આવે. પણ અરવિંદનને છોડાવી લાવવાનો એક રસ્તો બતાવું છું તમે તે મુજબ કામ લો, પાંડિયને કહ્યું.

'કયો રસ્તો છે, બતાવો.'

'તમને કદાચ જાણ હશે કે અમારા વર્તમાનપત્રમાં 'મદુરૈસમાચાર' નામની કૉલમના સમાચાર એકત્રિત કરવાની જવાબદારી મારી છે. કૉલમમાં જગા બાકી છે. છાનામાના પોલીસ ચોકીએ જઈ ફરિયાદ નોંધાવો અને તેના સમાચાર લખીને મને આપો. બર્માવાળા જેવા મોટા લોકો પોતાને વિશે અપ્રસ્તુત છાપામાં આવે તો ડરે છે. મારપીટ, ઝઘડા વગેરેમાં ઊતરતાં ડરે છે, અન્યાય, અનીતિ વગેરે કરતાં તેઓ ખચકાતાં નથી. બસ છાપામાં કોઈ આવા સમાચાર પ્રકાશિત ન થઈ જાય, આ વાતથી ડરે છે. આ સમાચાર છાપામાં આવતાં જ જો અરવિંદન પાછો ન આવી જાય તો મને કહેજો. મારું કહ્યું માનો' પાંડિયને કહ્યું.

મુરુગાનંદમે તેના કહ્યા મુજબ જ કર્યું. પરંતુ તે રાતે બીજી પંચાત ઊભી થઈ.

## ૩૧

રાતના ત્રણ વાગવાની તૈયારી હતી. મદુરૈ નગરની સડકો નિર્જન હતી. મુખ્ય મુખ્ય સડકો પર ક્યારેક ક્યારેક ટ્રક કે વાહનોનો અવાજ સંભળાતો હતો. તે સમયે મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસમાં બત્તી બળતી હતી: બહાર બે ટાંગા આવીને ઊભા રહ્યા.

પોસ્ટર, લાઈ અને નિસરણી વગેરે મૂક્યા પછી એક ટાંગામાં મુરુગાનંદમ અને બીજા ટાંગામાં તેનો પહેલવાન મિત્ર બેઠા. પહેલા દિવસે રાતના સમયે પોસ્ટર ચોંટાડતી વખતે કુમરન અને તેની સાથે ગયેલા મજૂરોને બર્માવાળાના માણસોએ જે સ્થળે મારીને ભગાડી મૂક્યા હતા તે સ્થળે ટાંગો લઈ લેવાને મુરુગાનંદમે જણાવ્યું.

નિશ્ચિત સ્થળે પહોંચીને મુરુગાનંદમે પહેલવાન મિત્રવાળા ટાંગાને

અંધારામાં સડકના નાકા પર ઊભો રાખવા જણાવ્યું અને પોતાના ટાંગાને અંદર જવા માટે કહ્યું. રાત્રિમાં સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય છવાયેલું હતું. સડકની વચમાં જ્યાં વીજળીનો પ્રકાશ ફેલાયેલો હતો ત્યાં મુરુગાનંદમે ટાંગાને ઊભો રાખવા જણાવ્યું. ટાંગો ઊભો રહેતાં જ, નીચે ઊતરીને તેણે નિસરણી કાઢી, દીવાલે ટેકવી અને પોસ્ટરોને લાઈ લગાવવાનું જણાવીને પોતે નિસરણી પર ચઢી ગયો.

રોકટોક વગર તેણે ચારપાંચ પોસ્ટર ચોંટાડ્યાં. છઠ્ઠું પોસ્ટર ચોંટાડવા માટે તે નિસરણી પર ચઢી રહ્યો હતો ત્યાં 'અરે ! કોણ છે એ ? હું કહું છું નિસરણી સાથે નીચે પાડીને તેના ટાંટિયા ભાંગી નાખો.' ઝઘડાળું અવાજમાં બૂમબરાડા પાડતા ગરુડના નિશાનવાળા માણસો ભેગા થઈ ગયા. મુરુગાનંદમે ગભરાયા વગર નીડરતાથી જવાબ આપ્યો. 'જરા થોભો ભાઈ ! હું આ ચોંટાડીને નીચે આવું છું. પછી પગ તોડજો.' અને હાથમાંના પોસ્ટરને નિરાંતે ચોંડીને તેણે મોટેથી સીટી વગાડી. રાતની નિસ્તબ્ધતામાં સીટીનો અવાજ સાંભળતાં જ સડકના નાકે ઊભો રહેલો ટાંગો પણ ઝડપી ગતિએ આવી પહોંચ્યો.

ગરુડ નિશાનવાળાઓની બરાબર ખબર લઈ નાખવામાં આવી. તે ટોળકીમાંથી બચીને ભાગી નીકળવાના પ્રયાસમાં અસફળ એક માણસ મુરુગાનંદમના હાથમાં આવી ગયો. તેને ચારથી પાંચ વાગ્યા સુધી ખૂબ પરેશાન કર્યો. ખૂબ ડરાવ્યો, ધમકાવ્યો ત્યારે પેલા માણસે એક રહસ્યપૂર્ણ સત્ય હકીકત જણાવી દીધી.

પ્રભાત થતાં પહેલાં જ તે પકડાયેલા માણસે અરવિંદનને શોધી કાઢવાની સુવર્ણ તક આપી.

વૈગૈ નદીને કિનારે ચેલ્લૂર તિરુવાયપુડૈયાર કોવિલ સ્ટ્રીટમાં નવા મંડપવાળાનું પુસ્તકોનું બહુમાળવાળું ગોડાઉન હતું. આ મકાન એકાંત, સૂમસામ રસ્તા પર હતું. આથી તે પુસ્તકો રાખવા ઉપરાંત નવા મંડપના માલિકના અન્યાયપૂર્ણ કાર્યો માટે કામ આવતું હતું. મુરુગાનંદમના હાથમાં ફસાયેલા માણસે ખરું જણાવી દીધું કે જે દિવસે અરવિંદન બર્માવાળાને મળવા આવ્યો હતો, તે જ દિવસથી તેને એ મકાનમાં એક ખંડમાં પૂરીને તાળું મારવામાં આવ્યું હતું.

'ચાલ, તે જગા બતાવ. જો તારી વાત જૂઠી નીકળી છે તો તારું

ચામડું ઊતરડી નાખીશ' કહેતાં મુરુગાનંદમે બંને ટાંગાને તિરુવાયપુડૈયાર કોવિલ લઈ જવા જણાવ્યું.

તે સ્થળ ઘણું નજીક હતું. આથી ટાંગા ત્યાં ઘણા જલદી પહોંચી ગયા. પેલા પકડાયેલા માણસે ઊતરીને તે મકાન બતાવ્યું. ઘણું વિશાળ મકાન ભૂતપ્રેતના અડ્ડાની જેમ અંધકારમાં ડૂબેલું હતું. તે મકાન જોવાથી ત્યાં કોઈ રહેતું હોય એવું જણાતું નહોતું. બહારના દરવાજા પર લોખંડનું તાળું લટકતું હતું.

બીજો કોઈ ઉપાય ન સૂઝવાથી સાંકળ સહિત તાળું ઉખાડીને જુદું કરવામાં આવ્યું. તે માણસ આગળ આગળ રસ્તો બતાવતો ચાલી રહ્યો હતો. અંદર અંધારું ઘોર હતું. અંદર જવાના એક નાના રસ્તા સિવાય બંને તરફ છતની ઊંચાઈ સુધી પુસ્તકો અને પુસ્તકોના છાપેલા ફર્મા પડ્યાં હતાં. મુરુગાનંદમ અને તેના મિત્ર અંધારામાં ચુપચાપ તે માણસને અનુસરી રહ્યા હતા. પોતાના મિત્ર પાસેથી મુરુગાનંદમે ટૉર્ચ લીધી. તે માણસે ઉપરના માળે જવાના લાકડાના દાદર પાસે જ તાળું મારેલો એક ઓરડો બતાવ્યો. બહારના દરવાજાના તાળાની જેમ અહીં પણ તાળું તોડી નાંખવામાં આવ્યું.

તે માણસની વાત ખરી નીકળી. બેત્રણ ગંદા કાગળ શેતરંજીની જેમ પાથરીને જમણા હાથને તકિયાની જેમ રાખીને અરવિંદન ટૂંટિયું વાળીને પડ્યો હતો. ટૉર્ચના પ્રકાશમાં તેની દયામણી સ્થિતિ જોઈને મુરુગાનંદમ અને તેના મિત્રોને અત્યંત વ્યથા થઈ. તેણે અરવિંદનની પાસે જઈને ધીમેથી એને ઉઠાડ્યો. એકાએક પોતાની સામે ઊભેલા લોકોને જોઈને અરવિંદનને કાંઈ સમજાયું નહિ. મુરુગાનંદમે બધી વિગત ટૂંકાણમાં જણાવીને જલદી ભાગી નીકળવાનો આગ્રહ કર્યો. અરવિંદન તેમની સાથે ચાલી નીકળ્યો.

ટાંગો પ્રેસ પાસે આવીને ઊભો રહ્યો ત્યારે સવાર થઈ ગઈ હતી. ચારે તરફ પ્રકાશ પ્રસરી ગયો હતો. તે દિવસના દૈનિક સમાચારમાં 'દિનચ્યુઉર'માં 'સામા પક્ષના એક યુવકનું અપહરણ કરવામાં આવ્યું હોવાના' સમાચાર છપાયા હતા. દિનચ્યુઉરની એક નકલ ખરીદીને મુરુગાનંદમે વાંચી. ખબરપત્રી પાંડિયનને આપેલા વચન અનુસાર 'મદુરૈ સમાચાર' કૉલમમાં તે સમાચાર છપાયા હતા. મુરુગાનંદમે તે અરવિંદનને વાંચી સંભળાવ્યા.

'તમે સામેના ખંડમાં બેસો હું નાહીને આવું છું' કહી પહેરણ કાઢતી વખતે અરવિંદનની પીઠ મુરુગાનંદમ જોતો જ રહી ગયો. પહેરણ ઉતારીને જ્યારે અરવિંદન બેસતો ત્યારે તેનું શરીર અગ્નિજ્વાળા જેવું કાંતિયુક્ત દેખાતું હતું. પરંતુ આજે તેના શરીરનો રંગ લીંબુ જેવો હતો. અને બરડાના વચ્ચેના ભાગમાં બે કાળી રેખાઓ દેખાતી હતી.

'આ શું અરવિંદન ?' મુરુગાનંદમે તે જગાએ અડીને પૂછ્યું. ક્રોધથી તેનો અવાજ ચરમ સીમાએ પહોંચી ગયો. 'કાંઈ નહિ. નેતરની સોટીનો માર છે' અરવિંદને અત્યંત શાંત ભાવે જવાબ આપ્યો. મુરુગાનંદમની આંખો લાલ થઈ ગઈ. તેનું લોહી ઊકળવા લાગ્યું.

બરાબર આ જ સમયે ખબરપત્રી પાંડિયન ચિંતાતુર વદને ત્યાં આવીને ઊભો રહ્યા.

## ૩૨

સુવર્ણ જેવી કાયા પર સોળ જોયા પછી, લાગેલા આઘાતમાંથી મુરુગાનંદમ હજી મુક્ત થયો ન હતો. સોનાની ચાદર પર ખેંચવામાં આવેલી કાળી રેખા જેવી નેતરની સોટીના સોળ મિત્રના ઘાટિલા શરીર પર જોઈને તેના અંતરમાં કારી ઘા થયો હતો. પરંતુ મળવા આવેલા ખબરપત્રી પાંડિયને તેનું ધ્યાન પોતાની વાતથી દોર્યું.

'મુરુગાનંદમ ! મેં તમને કેટલા સમજાવ્યા હતા છતાં આવેશમાં આવીને તમે કેટલી મોટી ભૂલ કરી બેઠા ?'

મુરુગાનંદમે પૂછ્યું, 'તમે કઈ વાત કરો છો ?'

'લો, આ સમાચાર વાંચી જુઓ. બધું સમજાઈ જશે. થોડી વાર પહેલાં જ બર્માવાળા અને નવા મંડપવાળા કારમાં મારતે ઘોડે આવીને આ સમાચાર છાપવા માટે અમારા તંત્રીને આપી ગયા છે. આ સમાચાર ખરા છે કે ખોટા, એની ખાતરી કરતાં અચકાય છે એટલું જ નહિ પણ મંત્રી મહાશય બર્માવાળાના પ્રભાવથી ડરે છે' કહી પાંડિયને ચારપાંચ પાનામાં ટાઇપ કરેલા તે સમાચાર મુરુગાનંદમને આપ્યા.

મુરુગાનંદમે તેની એકેએક લીટી ધ્યાનથી વાંચી. તેમાં નવામંડપવાળાએ

ફરિયાદ કરી હતી કે, પૂરણીના કમળ ચિહ્નવાળાં પોસ્ટરો ચોંડવા આવેલા માણસોએ ચોંડેલાં ગરુડ ચિહ્નવાળા પોસ્ટરો ફાડી નાખ્યાં. આ લોકોને આમ ન કરવા માટે અમારા માણસોએ કહ્યું તો તેઓએ અમારા માણસોને માર્યા. તેમાં આગળ લખ્યું હતું કે ચેલ્લૂર તિરુવાયપુડૈયાર કોવિલ સ્ટ્રીટમાં આવેલા ગોડાઉનનું તાળું તોડીને તેમાં મૂકેલાં પુસ્તકો અને અન્ય ચીજો પૂરણીના માણસો લૂંટી ગયા છે. આવું તોફાન કરનારાઓની યાદીમાં મુખ્ય નાયક તરીકે મુરુગાનંદમનું નામ હતું. સાથે સાથે એ પણ લખ્યું હતું કે ગોડાઉન પર હુમલો કર્યો તે દિવસે સવારે જ બર્માવાળાની હવેલીએ આવીને અરવિંદન ધમકી આપી ગયો હતો. મીઠુંમરચું ભભરાવીને આવા જૂઠા સમાચાર લખ્યા હતાં.

આ વાંચતાં જ મુરુગાનંદમે માથું ઊંચું કર્યું. તેની દૃષ્ટિમાં ક્રોધ અને આવેશ સ્પષ્ટ વ્યક્ત થતા હતા. તેણે પાંડિયનને પૂછ્યું,

‘આ સમાચાર છે એમ જ છાપવાના છે ભાઈ ?’

‘મને પૂછે તો હું શો જવાબ આપું ? ગઈ કાલે તમે આપેલા સમાચાર અમે છાપ્યા નહોતા ? તમારા સમાચાર ખરા સમજીને જ મેં પોતે માગણી કરી હતી. પરંતુ હવે આમણે આપેલા સમાચાર ખોટા હોવા છતાં પણ અમે કાંઈ કરી શકીએ નહિ. અમે તો ખબરપત્રી છીએ. અમે અમારા તંત્રીને આધીન છે. અમારા તંત્રી આ નગરના મોટા મોટા લોકોને આધીન છીએ. જેટલા ગણનીય માણસ છે તે બધા બર્માવાળાને આધીન છે. તેનાથી ડરે પણ છે. આવી પંચાત ઊભી થવાની સંભાવનાને ધ્યાનમાં લઈને જ મેં તમને શાંતિપૂર્ણ વર્તાવ કરવા પર ભાર મૂક્યો હતો.’

‘પાંડિયન ! તમે તો કહ્યું હતું, પરંતુ તે લોકોએ મને શાંતિપૂર્ણ વર્તાવ કરવા ન દીધોને ?’ અને પોસ્ટરો ચોંટાડવાથી માંડીને ચેલ્લૂરમાંથી અરવિંદનને છોડવવા સુધીમાં જે કાંઈ થયું હતું, તેની મુરુગાનંદમે ખરી હકીકત જણાવી અને થોડી વાર પહેલાં અરવિંદનની પીઠ પર જોયેલા નેતરના સોળ પણ તેને બતાવ્યા.

‘તેઓ જે અન્યાય-અત્યાચાર કરે છે તે બધા અમે બરાબર જાણીએ છીએ. મુરુગાનંદમ, પરંતુ એની આ સમાજને જાણ થાય ત્યાં સુધી આપણે ધૈર્યથી કામ લેવું પડશે. પૂરણી અત્યારે અહીં નથી, લંકામાં છે. જો નવા

મંડપવાળાએ આપેલા સમાચાર છપાય તો તે પણ બદનામીનો ભોગ થશે. જે લોકો અત્યાર સુધી અરવિંદનને સરળ અને સીધોસાદો સમજે છે તેઓ પણ તેને સંદેહની નજરે જોશે. તમને પણ...'

'પહેલેથી જ હું ખરાબ, જિદ્દી, ઉદ્દત અને હઠીલો છું. બધા જાણે છે એ જ ને ? બર્માવાળા તો વિચારતા હશે કે મને કોઈ મોટા ગુનામાં દોષિત ઠરાવીને છ મહિના માટે જેલમાં ધકેલી દેવાય તો ચૂંટણી પૂરી થાય ત્યાં સુધી તેમને કોઈ મુશ્કેલી નહિ પડે. જો તેમ ન હોય તો ચેલ્લૂરમાંના બંધ ગોડાઉનમાંથી અરવિંદનને છોડાવવા હકીકત મીઠુંમરચું ભભરાવીને 'પોતાના માણસો પર હલ્લો કર્યો' એવી ખોટી રજૂઆત શા માટે કરે, ભલા ?'

'ઉતાળા ન થાવ મુરુગાનંદમ ! બર્માવાળાના આ કાવતરાને છિન્નભિન્ન કરવાનો એક ઉપાય છે. એવું તો નથી કે વર્તમાનપત્રમાં જાહેરાત આપવા જેટલી યોગ્યતા તેમનામાં છે ત્યારે તમારામાં ખામી છે ? તમે પણ મજૂરમંડળના પ્રમુખ છો, મજૂરોની સન્માનિત વ્યક્તિ છો. બર્માવાળાઓ અરવિંદનનું અપહરણ કરાવીને તેને હેરાન-પરેશાન કર્યાની હકીકત અને ચેલ્લૂરના ગોડાઉનમાં કેદ કર્યાની ફરિયાદ વિગતસહિત તમે તૈયાર કરો. તમારી ફરિયાદની નોટિસને તેની પાસે લઈ જઈને છાપવાની ધીરેથી ધમકી આપીશ. આવી પરિસ્થિતિમાં બંને નોટિસો જ રદ કરવાની અને આ વાતને ચુપચાપ દબાવી દેવાની તેઓ સલાહ આપશે.'

'તમારી ધારણાથી ઊલટું તંત્રી મહાશય બર્માવાળાની પ્રતિષ્ઠાથી ડરીને માત્ર તેમની નોટિસ જ છાપે તો ?'

'નહિ છાપે. એવું ન કરવા માટે સમજાવવાની જવાબદારી મારી છે.'

આ દરમિયાન અરવિંદન સ્નાન પતાવી કપડાં બદલીને ત્યાં આવ્યો.

'અરવિંદને પહેલેથી જ માનસિક ત્રાસ સહન કર્યો છે. આથી આ બધી વાત તેને જણાવવાની જરૂર નથી.' મુરુગાનંદમે પાંડિયનને સચેત કર્યા. અરવિંદન અંદર આવીને બેઠો.

પાંડિયને અરવિંદને પૂછ્યું, 'પૂરણી, લંકાથી ક્યારે પાછી આવે છે ?'

'આવવાનો તો સમય થઈ ગયો છે. બેત્રણ દિવસમાં આવી જવી જોઈએ.'

'ત્યાંથી આવ્યા પછી જો પૂરણી ચારેક ચૂંટણી સભામાં ભાષણ કરે તો પૂરતું છે. આ મતવિભાગમાં તેમની જીત થશે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી.'

'ન્યાય અને નીતિમાં વિશ્વાસ હોય તો લોકો પૂરણીને ચૂંટે !' 'મને ચૂંટી કાઢો, મને જ વોટ આપો.' એવી મીઠી મધ જેવી વાતો પ્રત્યેક મંચ પર આવીને તે નહિ કરે. લંકાથી આવ્યા પછી થોડા જ દિવસમાં કલકત્તામાં ભરાનારી પૂર્વ એશિયા મહિલા પરિષદમાં તેને જવાનું છે. કલકત્તાથી આવતાં જ મલાયામાં કેટલાંક સપ્તાહ ફરશે. ચૂંટણીને વેપાર માનીને તે માટે મૂડી રોકીને પ્રચાર કરવા માટે ફરવાનો તેની પાસે સમય નથી' અરવિંદને કહ્યું.

'તમે તો ઊંચા આદર્શની વાતો કરો છો. પરંતુ તમારી સાથે સીધો મુકાબલો કરનારી વ્યક્તિ ધન અને માણસબળમાં ચઢિયાતો છે તેમજ ષડ્યંત્રોમાં તો પ્રવીણ છે.'

'એ બધી વાત ખરી પરંતુ પૂરણી સત્યના માર્ગે જ વિજય પ્રાપ્ત થાય તેને જ સ્વીકારશે. અને હું પણ એ જ મતનો છું. સામાવાળો કેવો છે, કેવી કેવી શક્તિ ધરાવે છે અને કુટિલ કાર્યો કરવામાં કેટલો પાવરધો છે, તે સાથે અમારે કોઈ જ સંબંધ નથી.'

ત્યારપછી પાંડિયન અને મુરુગાનંદમ વર્તમાનપત્ર દિનચ્યુઉરના કાર્યાલયમાં ગયા. અરવિંદનને ચેલ્લૂરમાં આવેલા નવા મંડપવાળાના ગોડાઉનમાં ગોંધી રાખવાનો તેમજ ત્યાં તેના પર ગુજારવામાં આવેલ ત્રાસનો વિગતવાર અહેવાલ લખીને તેમાં મુરુગાનંદમની સહી કરાવી પાંડિયને તંત્રીની પાસે જઈને તેમને બતાવ્યો.

તંત્રી આ બંને અહેવાલ જોઈને ગભરાઈ ગયા. આમાંથી કયો અહેવાલ ખરો ?

'મહાશય ! બર્માવાળા અને નવા મંડપવાળી વ્યક્તિએ આપેલા અહેવાલમાં સત્યનો આભાસ પણ નથી. જ્યારે અરવિંદનનું હરણ કરીને તેના પર ત્રાસ ગુજારવામાં આવ્યો, આ જ ખરું છે. આ સમાચાર સમગ્ર નગરની જનતા જાણે છે. આ પરિસ્થિતિમાં ખોટા સમાચાર છાપીએ તો

આપણા વર્તમાનપત્રનું નામ બદનામ થવાનો સંભવ છે. બંનેએ આપેલા અહેવાલ આપણે છાપીએ જ નહિ. અત્યારે મુરુગાનંદમના હેવાલ વિશે બર્માવાળા સાથે તમે ફોન પર વાત કરી જુઓ. તેઓ પોતે પોતાના સમાચાર છાપવાની ના તો પાડશે જ. સાથે જ મુરુગાનંદમના સમાચાર પણ છાપતાં રોકશે.' અનુકૂળ સમયનો લાભ ઉઠાવતાં પાંડિયને તંત્રીને માર્ગ સૂચવ્યો. તંત્રીએ સમગ્ર સ્થિતિની તેમને ફોન પર જાણ કરી. પાંડિયનની ગણતરી સાચી ઠરી. ફોન પર બર્માવાળાએ કહ્યું, 'બંનેમાંથી એક પણ સમાચાર છાપવાની જરૂર નથી. આની જાણ પણ કાનોકાન કોઈને થવી ન જોઈએ !'

તંત્રી અને ખબરપત્રીનો આભાર માનીને મુરુગાનંદમ ઘેર આવ્યો.

લંકાથી ઊપડનારા વિમાનમાં મદ્રાસ આવીને તેને ત્યાંથી બીજે દિવસે ટ્રેનમાં મદુરૈ પહોંચી જવાની યોજના કરીને જ મંગલેશ્વરીઅમ્માળ અને પૂરણી ત્યાંથી નીકળ્યાં હતાં. વિમાનમાં વર્તમાનપત્રમાં અરવિંદનના અપહરણ થયાના સમાચાર વાંચીને બંનેને અસહ્ય વેદના અને વ્યથા થઈ.

પૂરણીની આંખો ભીની થઈ ગઈ.

મંગલેશ્વરીઅમ્માળે કહ્યું, 'સમયની સાથે સાથે રાજકારણ પણ દગાબાજીનું ક્ષેત્ર બની ગયું છે. પૂરણી ! જો સિદ્ધાંત પસંદ ન આવે તો સિદ્ધાંતોનો વિરોધ કરી, તેમનો સામનો કરવો જોઈએ. અહીં તો સિદ્ધાંતને બદલે વ્યક્તિઓનો વિરોધ કરવાની સભ્યતા પાંગરી છે.'

'ભૂલ મારી જ હતી માતાજી ! મારે પહેલેથી જ ચૂંટણી ન લડવાની વાત પર મક્કમ રહેવું જોઈતું હતું. ચૂંટણીની શત્રુતાને કારણે જ મીનાક્ષીસુંદરમનું મૃત્યુ થયું. ચૂંટણીની દુશ્મનાવટને કારણે જ આમને અજ્ઞાત સ્થળે ઉપાડી જવામાં આવ્યા. ન જાણે આ ચૂંટણીને કારણે કેટલાંય કષ્ટો અને મુશ્કેલીઓ સહેવાં પડશે.'

'ચિંતા ન કર દીકરી ! અરવિંદનનું કોઈ કાંઈ પણ બગાડી શકે તેમ નથી. મદ્રાસ પહોંચતાં જ ફોન પર મદુરૈ વાત કરીશું. બધી વિગતની જાણ થશે. ચાર દિવસ પહેલાંનું આ વર્તમાનપત્ર છે. અત્યાર સુધીમાં તેની ભાળ મળી ગઈ હશે.' મંગલેશ્વરીઅમ્માળે પૂરણીને આશ્વાસન આપ્યું.

લંકાથી ઊપડતાં પહેલાં જ મંગલેશ્વરીઅમ્માળે મદ્રાસના પોતાના સંબંધીને તારથી પોતાના આગમનની સૂચના આપી હતી. આથી મદ્રાસના

મીનમ્બાક્કમ વિમાનઘર પર તેઓ કારમાં આવીને તેમની રાહ જોતાં હતાં. મંગલેશ્વરીઅમ્માળ પૂરણી સાથે પોતાના સંબંધીને ત્યાં ગયાં. તેમને ત્યાં ટેલિફોન હતો. ત્યાંથી પોતાના ઘરના નંબર પર સંપર્ક કરવા પ્રયત્ન કર્યો. વ્યથિત પૂરણી ઉત્સુકતાથી મંગલેશ્વરીઅમ્માળની બાજુમાં ઊભી હતી. પંદર મિનિટમાં જ મદુરૈ ફોન પર સંપર્ક થયો. મદુરૈથી વસંતા બોલતી રહી હતી. લંકાથી વિમાનમાં આવતાં સમાચારપત્રમાં વાંચેલા સમાચાર વિશે પૂરી વિગત જાણવા માટે મંગલેશ્વરીઅમ્માળે પૂછપરછ કરી. વસંતાના જવાબથી મંગલેશ્વરીઅમ્માળનું મોં ખીલી ઊઠ્યું. પાસે ઊભેલી પૂરણીએ પણ તે જોઈને પ્રસન્નતા અનુભવી. વસંતાએ થોડી વાત કર્યા પછી કહ્યું. 'મા ! પાસે જ તમારા જમાઈ ઊભા છે. તેમને પૂરી હકીકત પૂછી લો.' અને વસંતાએ મુરુગાનંદમને રિસીવર આપ્યું. મુરુગાનંદમે બનેલી બધી વિગત ટૂંકાણમાં જણાવીને કહ્યું. 'તમે કાલે મદુરૈ આવવાનાં છોને, બધી વાત વિગતવાર રૂબરૂ જ કરીશું. સવારે ગાડીના સમયે હું અને અરવિંદન સ્ટેશને આવી જઈશું. ઠીક છેને ? મૂકી દઉં ?' કહી ટેલિફોનનું રિસીવર મૂકી દીધું.

અરવિંદનના ક્ષેમપૂર્વક પાછા આવ્યાના સમાચાર સાંભળીને મંગલેશ્વરી-અમ્માળ અને પૂરણી મયિલાપુરમાં આવેલા કપાલીશ્વર મંદિરમાં કર્પગાંબિલૈની પૂજા અને દર્શન કરી આવ્યાં. તે દિવસે સાંજે બંને એક્સપ્રેસમાં મદુરૈ રવાના થયાં.

સવારે સમયસર ગાડી મદુરૈ પહોંચી. મહિલા સંઘની બહેનો પ્લૅટફૉર્મ નંબર એક પર પૂરણીનું સ્વાગત કરવા ઊભી હતી. કાલે ટેલિફોન મળતાં જ વસંતાએ મહિલા સંઘને જણાવીને આ વ્યવસ્થા કરી હતી. રંગબેરંગી પુષ્પોથી શોભતા ઉદ્યાનની જેમ પ્લૅટફૉર્મ આ મહિલાઓથી ભરેલો હતો. અરવિંદન, મુરુગાનંદમ, પાંડિયન અને અન્ય મિત્રો પણ એક તરફ ઊભા હતા.

ગાડીમાંથી ઊતરતાં જ પૂરણીની આંખો અરવિંદનને શોધી રહી હતી. જેના હાસ્યમાં અમૃત જેવી શક્તિનો અનુભવ કરીને તે આશ્ચર્યચકિત થઈ હતી, તે જ હાસ્ય અને પ્રસન્ન વદનને જોવાની ઉત્કંઠાથી તેની આંખો અને મન ઉતાવળાં થઈ રહ્યાં હતાં. પરંતુ વસંતા અને મહિલા સંઘના મંત્રી વગેરે મહિલાઓએ ઘેરી લેવાથી તે અરવિંદનને ન જોઈ શકી. પરંતુ અરવિંદનની આંખોએ ગાડીમાંથી ઊતરતી વખતે જ તેને બરાબર જોઈ

લીધી હતી. જોવાથી એવું લાગતું હતું કે, જાણે તેના વદન પર નવીન ગૌરવ અને નવીન સૌંદર્ય દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે. યશ અને ગૌરવપૂર્ણ વાતાવરણમાં રહીને પાછી ફરતી વ્યક્તિઓના વદન પર જે અપૂર્વ સૌંદર્ય દૃષ્ટિગોચર થાય છે, તે જ સૌંદર્ય તેણે પૂરણીના વદન પર પણ જોયું.

મહિલાઓની ભીડમાંથી નીકળીને પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળ અરવિંદન વગેરેની પાસે આવ્યાં. મંગલેશ્વરીઅમ્માળે અરવિંદનના કુશળ સમાચાર પૂછ્યા.

હર્ષના અતિરેકમાં પૂરણીને સમજ ન પડી કે તેની સાથે શી વાતો કરવી ? તેથી તે તો અરવિંદનનું મુખ નિહાળતી જ ઊભી રહી. 'રેલવે સ્ટેશન પર ઊભા રહીને વાતો કરવા કરતાં ઘેર જઈને નિરાંતે વાતો કરીશું' મુરુગાનંદમે કહ્યું.

સ્ટેશનની બહાર મંગલેશ્વરીઅમ્માળની કાર ઊભી હતી. તેમાં બધાં બેઠાં. ઘેર ગયાં. પછી કેટલાક કલાક ક્ષેમકુશળતા પૂછવામાં અને બીજી વાતોમાં વ્યતીત થયા. પછી ચૂંટણીનાં પોસ્ટરોના ઝઘડામાં ઘાયલ થઈને પથારીમાં પડેલા નાના ભાઈ કુમરનને પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળ પ્રેસમાં જઈને જોઈ આવ્યાં.

તે દિવસે વસંતાએ ઘરમાં એક મોટા જમણનું આયોજન કર્યું.

## ૩૩

મદુરૈ આવ્યા પછી એક સપ્તાહ સુધી પૂરણીને બિલકુલ વિશ્રામ ન મળ્યો. ક્યારેક ભોજન, તો ક્યારેક તેના સન્માનમાં સભા, એક પછી એક કાર્યક્રમ યોજાતા જતા હતા. લંકા-પ્રવાસના પોતાના અનુભવો પર તેણે મહિલા સંઘમાં પણ ભાષણ કર્યું. સોમવારની સાંજે મંગલેશ્વરીઅમ્માળ આદિ સાથે પૂરણી પણ તિરુપરંગકુડ્રમના મંદિરે જઈ, સોમવારનાં દર્શન કર્યા પછી, પૂરણીની જૂની સહેલી કમલાને ત્યાં ગયાં. બે દિવસ પહેલાં જ કમલાએ પુત્રનો જન્મ આપ્યો હતો. કમલાની માએ ચાંદીની ડિશમાં ખાંડ, પાન, સોપારી, ફૂલ વગેરે મૂકીને બંનેનો ભાવભર્યો અતિથિસત્કાર કર્યો.

કમલાએ પૂરણીને જોતાં જ કહ્યું, 'આવ પૂરણી ! સાંભળ્યું છે કે લંકા વગેરે સ્થળોએ ફરી આવી છે. પ્રવાસ સુખદ રહ્યો હશે.' થોડો સમય પૂરણીએ ત્યાં તેની પાસે બેસીને વાતો કરી.

'હું જઈ આવું છું કમલા ! આવતા સપ્તાહે કલકત્તા જવાનું છે. ત્યાંથી પાછાં આવીને તને મળવા આવીશ. શરીર સાચવજે.'

કમલાએ હસીને કહ્યું, 'તારે શું ? કલકત્તા પણ જઈશ, અમેરિકા પણ. તારી સાથે અમારી થોડી જ સરખામણી થવાની છે ! સાંભળ્યું છે. ચૂંટણીમાં ઊભી રહી છે. ચૂંટણીમાં જીતીને મંત્રી પણ બની શકે છે ! મંત્રી બને તો અમને ભૂલીશ નહિ.'

તેણે સહજભાવે આ બધું કહ્યું હતું. પરંતુ પૂરણીના કાનમાં તે શબ્દો ગુંજીને તેના અંતરમાં પ્રવેશીને ચિંતા ઉત્પન્ન કરવા લાગ્યા.

તેના ભાડાના ઘરની ચાવી કમલાની મા પાસે હતી. ઘણા દિવસોથી તાળું મારેલું હોવાથી ચાવી લઈને પૂરણીએ ઉઘાડીને ઘર જોયું. મંગલેશ્વરી-અમ્માળે પૂરણીને કહ્યું, 'ઘરને તાળું મારીને નાહક ભાડું શા માટે ભરે છે ? આ ખાલી કરીને છાનીમાની મદુરૈ આવી જા. મારા ઘરનો સમગ્ર ઉપરનો ભાગ તને આપીશ.' પરંતુ પૂરણી આ માટે સંમત ન થઈ. કહ્યું, 'જોઈશું, માતાજી ! અત્યારે શી ઉતાવળ છે ?'

ભાઈ સંબંધન અને બહેન વલ્લી આ બંનેય મંગલેશ્વરીઅમ્માળને ત્યાં રહીને ભણતાં હોવાથી ઘરનાં જ બાળકો જેવાં થઈ ગયાં હતાં. કુમરન પ્રેસમાં અરવિંદની પાસે કામ કરતો હતો. આ બધા પર વિચાર કર્યા પછી જ માતાજીએ પૂરણીને કહ્યું હતું,

'તું એકલી અહીં ઘર રાખીને શું કરીશ દીકરી ! એક જ પરિવારનાં ગણાતાં આપણે એક જ પરિવારની જેમ સાથે જ રહીએ તો આમાં શું ખોટું છે ?' મંગલેશ્વરીઅમ્માળે બેત્રણ વાર આગ્રહ કરીને કહ્યું. પરંતુ પૂરણીએ આનો ઠીક કોઈ જવાબ આપ્યો નહિ.

તે દિવસે રાતે તિરુનગરથી મદુરૈ કારમાં આવતાં ચિંતાગ્રસ્ત પૂરણીએ કાચમાંથી પાછળની તરફ ફરીને જોયું. કારની ઝડપ સાથે પાછળ તેજ ગતિએ સરકતું જઈ રહેલું નગર, પર્વતના શિખર પર પ્રકાશ-પુષ્પ સમાન વિકસિત સફેદ-ભૂરી રોશની દેખાવમાં કેટલી રમ્ય અલૌકિક ભાસે છે ? આવા સૌંદર્યમાં જ બાપુજીનું મન રમ્ય હતું. આવા સૌંદર્યમાં જ બાપુજીની વિચારધારાઓ પાંગરી, દર્શન વિકાસ પામ્યું ! આવા સૌંદર્યમાં જ તો તેને પાળી-પોષીને, બુદ્ધિશાળી બનાવીને, તેમના વ્યક્તિત્વનું નિર્માણ કર્યું. આવા અતીત અને વર્તમાનમાં ગરકાવ તેણે દીર્ઘ નિઃશ્વાસ

મૂક્યો. તે રાતે તેણે મોડે સુધી પથારીમાં પાસાં ઘસ્યાં. તેનું મન ચિંતનમાં ડૂબેલું રહ્યું.

એક દિવસ તિરુપરંગકુંદ્રમના નાના માર્ગો અને મદુરૈની પહોળી સડકો પર તેની કાર પસાર થતી હતી ત્યારે પરિચિત તેમજ અપરિચિત લોકો થોડાંક વરસો પહેલાં જે સામાન્ય દૃષ્ટિથી જોતાં હતાં અત્યારે તેઓ જ તેને આદરપૂર્વક જોતાં થયાં છે એવી તેને પ્રતીતિ થઈ.

એ લોકો તો રાજકારણની વાતો કરતા કે લગ્નની યાદ કરાવતા, નીંદ આવે તો જ આ બધું ભૂલી શકાય. પરંતુ નીંદથી તેની પાંપણો ભારે થતી ન હતી. લોકોની વાતો તેની આંખો સમક્ષ આવીને તેને પરેશાન કરતી હતી. એક તરફ અરવિંદન પ્રકટ થઈને કહેતો, 'વિચારોમાં જીવનારું જીવન અવિનાશી છે. અને કેટલાક સમય સુધી વિચારોમાં જ જીવવા દે.' બીજી તરફ મંગલેશ્વરીઅમ્માળ, ભજનિકદાદાની પત્ની અને કમલાની મા જાણે ભાર દઈને કહેતી, 'વિચારોમાં રાચનારાંઓ દુનિયા સમજી શકતા નથી. તેથી દુનિયા જેવું જીવનને સ્વીકારે છે, તેવું જીવન જીવો.' ઘણા સમય સુધી હેરાન થયા પછી તેને નીંદ આવી, તો તેણે એક સ્વપ્ન જોયું—

નભના જેટલા ઊંચા એક પર્વતના શિખર પર તે ઊભી છે. સફેદ બાસ્તા સરીખા એકત્રિત મેઘ સમાન બહુમૂલ્ય વસ્ત્ર ધારણ કરીને તે ઊભી છે. ચારે દિશાએ, નજર પહોંચે ત્યાં સુધી, પર્વત પર પરાગયુક્ત વિકસિત વાદળી પુષ્પો દૃષ્ટિગોચર થાય છે. એ જોઈને તેને એવું જણાય છે કે જાણે એ પુષ્પો અનેક વાર ક્યારેક ક્યાંક જોયાં છે. તેની એ સ્મૃતિ અંતરમાં કાંટાની જેમ ચૂભ્યા કરે છે. એ ઊંચાઈએથી ધરતીને જોવાથી, ધરતી અત્યંત નાની, અંધારી, અચેતન દેખાય છે. એ ઊંચાઈએ ઊભા રહીને નીચે અંધકારમય ધરતી પર પુષ્પોની વર્ષા કરીએ તેમ બંને હાથમાંથી પ્રકાશ વિખેરવાની તેની ઇચ્છા થાય છે. તે પોતાના હાથમાં પ્રકાશ-પુષ્પ જેવી કોઈ વસ્તુ ઉપાડે છે. તે વસ્તુ નીચે વિખેરવા માટે ઊંચા કરેલા બંને હાથની દશ આંગળીઓમાંથી સોનેરી સૂર્યનાં કિરણો પ્રસ્ફુરિત થઈ પ્રસરી જાય છે. આવાં ન જાણે બીજાં પણ કેટલાંય દૃશ્યો દૃષ્ટિગોચર થાય છે. અને કોઈ પણ સંબંધ વિનાના પણ બીજાં કેટલાંય દૃશ્યો દેખાય છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી તેણે જોયું કે તકિયો ભીંજાયેલો છે. ગાલ ભીના

હોવાનો આભાસ થાય છે. આંસુઓની ધારા વહીને જાણે હમણાં જ રોકાઈ છે. સ્વપ્નમાં રડવાથી આવું થયું છે. આ તે સમજી ગઈ હતી.

થોડા દિવસ પછી તેને કલકત્તા જવાનું હતું. ઉત્સાહપૂર્વક તૈયારીઓ શરૂ થઈ ગઈ. આથી પૂરણીને થોડી રાહત થઈ. અરવિંદને ચૂંટણીમાં આડંબરપૂર્ણ પ્રચાર તદ્દન બંધ કરી દીધો હતો. તેણે મુરુગાનંદમ પાસેથી પણ વચન લીધું હતું કે પૂરણી ચૂંટણીમાં ઊભી રહી છે માત્ર એટલી જ લોકોને જાણ કરવી, આથી વધુ બીજો કોઈ પ્રચાર તે નહિ કરે, પરંતુ મુરુગાનંદમે પોતાની વહેવારુ બુદ્ધિનો પરિચય આપ્યો. અરવિંદનને આપેલા વચન અનુસાર ભલે તેણે કાંઈ ન કર્યું, પરંતુ અન્ય મિત્રો પાસે જાહેરસભાઓ કરાવીને પ્રચાર કરવાની વ્યવસ્થા કરાવી. તેની આ વ્યવસ્થાને લીધે જ પૂરણીના પ્રચારની ચૂંટણી સભાઓ આડંબર વગરની આપોઆપ થઈ. જ્યારે નવામંડપ અને બર્માવાળાએ રૂપિયા પાણીની જેમ ખર્ચ્યા હતા.

મંગલેશ્વરીઅમ્માળની સાથે પૂરણીની કલકત્તા જવાની વ્યવસ્થા થઈ ગઈ. તે લોકો કલકત્તા જવાનાં હતાં એના એક દિવસ અગાઉ અરવિંદના જીવનમાં હિમાલય પણ હચમચી જાય એવો એક બનાવ બની ગયો. બર્માવાળાનું આ નવું કાવતરું હતું. પોતાના અતુલનાત્મક આત્મસંયમથી તે પરિવર્તન પણ અરવિંદને હસતાં હસતાં સહન કરી લીધું. પરંતુ એથી તેને અસહ્ય વ્યથા તો અનુભવી જ.

તે દિવસે સવારે નિયમ મુજબ જ પ્રેસનું કામ ચાલું હતું. અરવિંદન ખંડમાં બેસીને હિસાબ જોતો હતો. ગામનાં ખેતર વેચીને લાવેલા રૂપિયામાંથી ચૂંટણીખર્ચ માટે થોડી રકમ રાખીને બાકીના રૂપિયા પ્રેસનું દેવું ચૂકવવામાં, નવાં મશીનો ખરીદવામાં વપરાયા હતા. જો તેણે પોતાના રૂપિયા રોકીને પ્રેસની સ્થિતિ સુધારી ન હોત તો પ્રેસ દેવામાં ડૂબી જાત. આવી પરિસ્થતિમાંથી તેણે પ્રેસને બચાવી લીધું હતું. પ્રેસ બચાવવાના ગૌરવથી ગૌરવાન્વિત થઈને તે હિસાબ જોવામાં વ્યસ્ત હતો.

એ સમયે મીનાક્ષીસુંદરમના ઘરના નોકરે આવીને કહ્યું, ‘મોટાં માએ તમને યાદ કર્યા છે.’ શ્રીમતી મીનાક્ષીસુંદરમને નોકરો વગેરે આદરપૂર્વક ‘મોટાં મા’ કહેતા હતા.

સૌથી નાની છોકરીના લગ્ન અંગે કદાચ મારી સલાહ લેવી હશે કે નાના છોકરાના અભ્યાસ વિશે કાંઈ પૂછવું હશે. અને જો આ બંને વાત

નહિ હોય તો, કદાચ શક્ય છે કે મને બોલાવીને જલદી લગ્ન કરી લેવાની સલાહ આપે. આવા જ વિચાર કરતો અરવિંદન એમની પાસે ગયો. પરંતુ આ બધાથી ઊલટાં કલ્પનામાં ન આવે એવા એક સમાચાર તેની રાહ જોતા હતા.

તિરુનેલવેલિ અને ત્રિચિથી મીનાક્ષીસુંદરમના બંને જમાઈ આવ્યા હતા. મીનાક્ષીસુંદરમની અંતિમ ક્રિયા પછી તેની મુલાકાત આ બંને સાથે અત્યારે જ થતી હતી.

'નમસ્તે ! કેમ પધરામણી થઈ ? લાગે છે કે બંને એક સાથે સલાહ કરીને આવ્યા હશે !' પ્રસન્ન વદને અરવિંદને તે બંનેનું સ્વાગત કર્યું. પરંતુ તેનો યોગ્ય અને સંતોષકારક જવાબ ન મળતાં તેને શંકા ઉપસ્થિત થઈ. અંદર બારણા પાસે શ્રીમતી મીનાક્ષીસુંદરમ દેખાયાં.

'માતાજી ! તમે મને બોલાવ્યો હતો ?' અરવિંદને પૂછ્યું. તેને જોયું કે એમના વદન પર હંમેશની કાંતિ જણાતી નથી. તેને કંઈક કહેવા માટે માતાજી પણ ખચકાતાં હતાં.

'તમે અત્યારે કોઈ માનસિક વ્યથા અનુભવી રહ્યાં હો, એમ જણાય છે. તો હું ફરી આવીશ.' કહી અરવિંદન જેવો જવા તૈયાર થયો ત્યાં માતાજીએ કહ્યું, 'નહિ બેસ ભાઈ ! તને કેટલીક વાત કરવાની છે, એટલા માટે બોલાવ્યો છે.'

અરવિંદન બેસી ગયો. માએ કહેવું શરૂ કર્યું, 'બંને જમાઈ તેમનાં કામ છોડીને અહીં આવ્યા છે. તેમની ઇચ્છા છે કે પ્રેસનું સંચાલન તેઓ સંભાળી લે. પ્રેસમાં અદ્યતનમાં અદ્યતન પરિવર્તન કરીને પ્રેસની વૃદ્ધિ કરવી, નવાં મશીનો ખરીદવાં અને પ્રેસના વિસ્તરણ માટે નગરની એક સુપરિચિત ધનાઢ્ય વ્યક્તિ ધન આપવા માટે તૈયાર થઈ છે.' ખમચાતાં ખમચાતાં માએ બધી વાત જણાવી. બંને જમાઈ એ વખતે શાંત બેઠા હતા. મોટા જમાઈએ ઉદ્ધતપૂર્ણ ભાષામાં મોટેથી અરવિંદનને કહ્યું,

'કોઈ ગમે તેવા તમિળ પંડિતની પુત્રીના ચૂંટણી પ્રચારની જાહેરખબર છાપવા માટે, ફાવે તેમ મિત્રો સાથે વર્તવા માટે તેમજ ગપશપ કરવા માટે સસરા તને પ્રેસ નથી સોંપી ગયા. પ્રેસ જેવું દેખાય છે આ ? જાણે ઉકરડો કરી મૂક્યું છે !'

'લૂંટી લેવાં માટે આ કોઈ વંશવારસ વગરની મિલકત નથી

ભાઈ !' નાના જમાઈએ આલાપ સાથે કહ્યું. શ્રીમતી મીનાક્ષીસુંદરમ અંદર નત મસ્તકે ઊભાં હતાં. આ બધું સાંભળીને અરવિંદનનું મન ઊકળી ઊઠ્યું. મોટાં માની મોટાઈમાં વિશ્વાસ રાખીને તે કંઈક કહેવા માટે 'મા !' શબ્દ બોલ્યો ત્યાં જ માએ કહ્યું, 'હવે ન તો તારે કાંઈ કહેવા જેવું રહ્યું કે નથી રહ્યું મારે કાંઈ સાંભળવા જેવું.' અને તે કાંઈ બોલ્યા વગર, જાણે બધું જ કાંઈ કહીને જણાવી દીધું હોય તેમ મોં ફેરવીને અંદર જતાં રહ્યાં.

અરવિંદને અનુમાન કર્યું કે કોઈએ કાવતરું રચીને તેના મનમાં અવિશ્વાસનાં બી વાવ્યાં છે. આ કાવતરું કોનું હોવું જોઈએ એનો પણ તેને ખ્યાલ આવી ગયો. હવે તે શું કરી શકે તેમ હતો ? ગરિમામયી શ્રીમતી મીનાક્ષીસુંદરમ જ જ્યાં મારી વાત સાંભળવા તૈયાર નથી ત્યાં મારે વધુ કહેવા માટે શું બાકી રહે છે ?

'લો આ ચાવીઓનો ઝૂડો.' અંદર જઈને અરવિંદને માને કહ્યું. અને તેમના ચરણોમાં ચાવીઓનો ઝૂડો મૂકી, પ્રણામ કરીને ચુપચાપ બહાર ચાલ્યો આવ્યો.

કેટલાંય વરસો પહેલાં એક અનાથ બાળક તરીકે ગામ છોડીને આવ્યાની જૂની ઘટના તેના સ્મૃતિપટ પર છવાઈ ગઈ. પોતાના જીવનમાં થયેલ તે અવદશા વિશે તેણે કોઈને પણ સહેજ ઇશારો સરખોય આવવા દીધો નહિ.

જાણે કાંઈ બન્યું નથી તેમ, પહેલાંની જેમ પ્રસન્ન વદને તે એ દિવસે પણ સંધ્યા સમયે પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળની સાથે રહ્યો અને બીજે દિવસે મદ્રાસ સેન્ટ્રલ સ્ટેશન પર હાવડા મેલમાં તેમને વિદાય આપીને મદુરૈ પાછો આવ્યો. તેણે પૂરણી તેમજ મંગલેશ્વરીઅમ્માળને આ વિશે કાંઈ જણાવ્યું નહિ.

## ૩૪

પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળને હાવડા મેલમાં વિદાય કરીને મદુરૈ પાછા આવ્યા પછી અરવિંદને પોતાના જીવનમાં પહેલી વાર આવી વ્યથા અને એકલતા અનુભવી. મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસ સાથેનો તેનો સંબંધ તૂટી જશે કે તોડી નાખવા માટે લાચાર બનાવવામાં આવશે

એવું તો તેણે સ્વપ્નેય વિચાર્યું ન હતું. પરંતુ અચાનક જોયેલા સ્વપ્નની જેમ આ બનાવ બની ગયો. મીનાક્ષીસુંદરમ જો હયાત હોત તો આવો બનાવ બનત ? પ્રેસની આર્થિક સ્થિતિ સુધરાવા માટે દિવસરાત અનેક મુસીબતો વેઠીને આપેલી પોતાની સેવાઓ યાદ કરીને તે ખિન્ન થયો. એક બાપ માટે તેનો મોટો પુત્ર જેટલી સેવા કરે, એથી પણ વધુ સેવા તેણે એમની કરી હતી.

કલકત્તા જતાં પહેલાં પૂરણી કે મંગલેશ્વરીઅમ્માળે આ સમાચાર જાણ્યા હોત તો તે લોકોએ પોતાનો પ્રવાસ બંધ રાખ્યો હોત. આ બનાવ એવો જ દુ:ખદાયક હતો. તેઓનો આ પ્રવાસ બંધ ન થાય, આ જ વિચારથી વ્યથાને દાબી રાખવામાં જ તેણે પ્રસન્નતા અનુભવી. શ્રીમતી મીનાક્ષીસુંદરમના ચરણમાં ચાવીઓનો ઝૂડો મૂકીને, આકાશને છાપરું અને ધરતીને ઘર માનીને પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળની સાથે તે મદ્રાસ ગયો હતો. મનની વ્યથા છુપાવવા માટે તેણે શક્ય પ્રયત્ન કર્યો હતો. તેમ છતાં વિદાય થતી વખતે પૂરણીએ તેને પૂછ્યું હતું, 'આજે તમે ઉદાસ કેમ છો ? તબિયત બરાબર નથી ? જો તબિયત બરાબર ન હોય તો અમને મદ્રાસ સુધી વિદાય આપવા આવવાની શી જરૂર હતી ?'

મદ્રાસથી પાછા આવ્યા પછી તે જ દિવસે સવારે પોતાની ટ્રંક, બિસ્તરો વગેરે લેવા માટે તે છેલ્લી વાર પ્રેસમાં ગયો. બધો સામાન લઈને ત્યાંથી બહાર નીકળતી વખતે, પૂરણીનો નાનો ભાઈ કુમરન તેની સાથે બહાર નીકળ્યો, પૂછતાં કુમરને જણાવ્યું 'કાલે મારો હિસાબ ચૂકવી દીધો છે. હવે અહીં મારું શું કામ છે ?'

તેઓ બહાર નીકળતા હતા ત્યાં જ તેને શોધતાં વસંતા અને મુરુગાનંદમ કારમાં આવ્યાં અને ઊતર્યાં.

મુરુગાનંદમે સ્મિત કરતાં પૂછ્યું, 'બહાર ગામ જાવ છો, અરવિંદન ?'

'મુરુગાનંદમ ! આ કંઈ બહારગામનો પ્રવાસ નથી. મારા જીવનનો પ્રવાસ છે.' અરવિંદન ધીરેથી હસ્યો.

મુરુગાનંદમે કહ્યું, 'સ્પષ્ટ વાત કરો, અરવિંદન ! મને તમારી વાતમાં કાંઈ સમજણ પડી નહિ.'

અને અરવિંદન સત્ય હકીકત છુપાવી શક્યો નહિ.

'મીનાક્ષીસુંદરમના બંને જમાઈને પ્રેસ સોંપી દીધું છે. હવે મારે અને

પ્રેસને કાંઈ સંબંધ રહ્યો નથી. કુમરન અને મારે રહેવા માટે જગાની શોધમાં નીકળ્યો છું.'

'તમારે જગા શોધવા ક્યાંય જવાનું નથી. અમારે ત્યાં ચાલો. પહેલા માળના બધા કમરા ખાલી પડ્યા છે. પૂરણી દીદીને તો માએ કેટલીય વાર કહ્યું છે કે ભાડું ભરવાને બદલે ઘર ખાલી કરીને અહીં આવી જાવ. તમારી સાથે આવું બન્યા પછી જો તમે બીજે જઈને રહો ને અમે મૂક દર્શક બનીને જોઈ રહીએ તો પાછા આવ્યાં પછી મા અમારા પર ખૂબ નારાજ થાય. તમારે ક્યાંય જવાનું નથી.' વસંતાએ કહ્યું અને અરવિંદનના હાથમાંથી ટ્રંક અને બિસ્તરો લઈને કારમાં મૂકી દીધો.

'દુનિયા ખૂબ કૃતઘ્ની છે. આજ સુધી તમે પ્રેસમાં લોહી રેડીને કામ કર્યું છે, તેનું શું ?'

'માએ મને બોલાવીને કહ્યું કે બંને જમાઈઓએ પોતાના હાથમાં લઈને, સારી મૂડીનું રોકાણ કરીને મોટા પાયા પર પ્રેસ ચલાવવાની યોજના કરી છે. પ્રેસ સારું ચલાવે, મને એથી આનંદ થશે. ચાવી આપીને હું ચાલ્યો આવ્યો. બસ ! આટલી જ વાત છે.'

'આ કાંઈ સામાન્ય વાત નથી ! આની પાછળ કોઈ યોજનાબદ્ધ ભેજું લડાવી રહ્યું છે. તમે મારાથી છુપાવો છો. પરંતુ મને ખ્યાલ આવે છે કે આ નાટકનો સૂત્રધાર કોણ હોવો જોઈએ. આજ સાંજ સુધીમાં જો માહિતી મેળવી ન આપું તો મારું નામ મુરુગાનંદમ નહિ.'

અરવિંદને ઘણી ના પાડવા છતાં પણ, તેની વાત ન ગણકારતાં વસંતા અને મુરુગાનંદમ તેને પરાણે દાનપ્પમુદલી સ્ટ્રીટ, પોતાને ઘેર લઈ ગયાં.

પહેલા માળે એક સગવડવાળા ખંડમાં અરવિંદનની વ્યવસ્થા કરવામાં આવી. સ્નાનઘર સાથેનો તે ખંડ હતો.

'નિસંકોચ તમે અહીં રહો. આ સ્થળ તમારે માટે કાંઈ નવું નથી. આને તમે તમારું ઘર સમજો. અહીં કબાટમાં ભરપુર પુસ્તકો છે' વસંતાએ કહ્યું.

તે દિવસે રાતે દુકાન બંધ કરીને આવ્યા પછી મુરુગાનંદમે અરવિંદનને કહ્યું,

'મેં પૂછપરછ કરીને ખરી માહિતી મેળવી લીધી છે. આ બર્માવાળાનું

જ કારસ્તાન છે. ત્રિચિ અને તિરુનેલવેલીમાં મીનાક્ષીસુંદરમના જમાઈ જે કંપનીમાં કામ કરે છે તેના માલિક બર્માવાળાના પરિચિત છે. તેમના પ્રયત્નથી જમાઈને ત્યાંથી છૂટા થઈને સસરાનું પ્રેસ ચલાવવાની સલાહ આપવામાં આવી છે. અને કોઈ બીજી વ્યક્તિ મારફતે પૂરતા પ્રમાણમાં પૈસા આપીને મદદ પણ કરી છે. એક ગુંડાને જ શોભે એવી યોજનાઓ જ આજના રાજકારણમાં વિજય પ્રાપ્ત કરવાનું સાધન છે. જ્યારે તમે તો ન્યાય, પ્રામાણિકતા, સત્ય વગેરેનો આગ્રહ રાખીને ચૂંટણી જીતવાની આશા રાખો છો. આજકાલ તો જે ગુનો કરી જાણે છે તે જ જીતી શકે છે !'

કલકત્તા પહોંચતાં જ પૂરણી અને મંગલેશ્વરીઅમ્માળે પોતે સહીસલામત પહોંચી ગયાં હોવાના સમાચાર જણાવવા ફોન કર્યો. ટેલિફોન આવ્યો ત્યારે અરવિંદન પાસે જ હતો. 'ભાઈ સાહેબ ! તમારા સમાચારથી તેમને માહિતગાર કરું ?' વસંતાએ અરવિંદનને કહ્યું.

'અહીં જે કાંઈ બન્યું છે એ જણાવીને તેમને પણ માનસિક ચિંતાઓ કરતાં ન કરશો. બધાં કુશળ છે કહી ટેલિફોન મૂકી દો. મારે કોઈ વાત કરવી નથી.' અરવિંદને વસંતાને કહ્યું. અને વસંતાએ અરવિંદનના સમાચાર ન જણાવતાં બીજી વાત કરીને રિસીવર મૂકી દીધું.

કુમરનને બીજે ક્યાંય કામ ન મળતાં તેને મુરુગાનંદમે પોતાની દુકાનમાં જ રાખી લીધો. ચારપાંચ દિવસમાં સ્વસ્થ થઈને અરવિંદને બહાર ફરવું શરૂ કરી દીધું. જનતાની સેવા કરવામાં પૂર્વવત ઉત્સાહ સાથે તે પરોવાઈ ગયો અને પોતાની વ્યથા ભૂલવા પ્રયત્ન કરવા લાગ્યો.

જ્યારે મુરુગાનંદમ કોઈ પણ હિસાબે ચૂંટણીમાં બર્માવાળાના માણસની હાર થાય અને પૂરણી જીતે, તે માટે યોજનાબદ્ધ કાર્યો કરવામાં રચ્યોપચ્યો હતો.

કલકત્તા પહોંચ્યાંના ચોથા દિવસે પૂરણીએ અરવિંદનને પ્રેસના સરનામે એક ઍરમેલ પત્ર લખ્યો. પ્રેસનો નોકર તે પત્ર મુરુગાનંદમની દુકાને આપી ગયો. તે દિવસે અરવિંદન બહારગામ ગયો હતો. આથી બીજે દિવસે સાંજે તે પાછો ફરતાં જ પૂરણીનો પત્ર મુરુગાનંદમે તેને આપ્યો.

કવર ઉઘાડતાં જ ચંપાના ફૂલની સુવાસ ચારે તરફ પ્રસરી ગઈ.

વ્યવસ્થિત વાળેલાં છસાત પૃષ્ઠના તે પત્રમાંથી બે ચંપાનાં ફૂલની પાંખડીઓ ખરવા માંડી. અરવિંદનને આભાસ થયો કે ચંપાનાં ફૂલો ધારણ કરીને તે ઊભી છે. તાંબાની ચાદર જેવા સપાટ, કરમાયેલાં ફૂલોને આંખે અડકાડીને પહેરણના ખિસ્સામાં મૂકીને તેણે પત્ર વાંચવો શરૂ કર્યો.

'સ્નેહાધિકારી,

નમસ્કાર.

હું લંકા ગઈ ત્યારે તમને એક લાંબો પત્ર લખવાનો વિચાર કર્યો હતો. પરંતુ સમયના અભાવે લખી શકી નહિ. અહીં સમય મળ્યો છે તો આ પત્રના માધ્યમથી ઉત્સાહપૂર્ણ અનુભવો અને નવીનતાઓ વ્યક્ત કરીને તમને પણ તેમાં સહભાગી બનાવું.

આ પત્ર ખોલતાં જ તમને તમારા પ્રિય ચંપાનાં ફૂલોની સૌરભ સૂંઘવા મળશે. કાલે એક સમારંભમાં મને ચંપાનાં ફૂલોનો હાર પહેરાવવામાં આવ્યો હતો. કેવાં અકથનીય સંમોહ અને સૌરભ ! મેજ પર પડેલા હારને સૂંઘવાનું તમને કહેવા માટે હું વ્યાકુળ થઈ ગઈ. પૂરા હારના પ્રતીક તરીકે બે ચંપાનાં ફૂલ મોકલીને પૂરો હાર મોકલવાની મારી ઇચ્છાને હું સંતોષું છું. બેલ્લૂર રામકૃષ્ણ મઠની ઉત્તરે હુગલી નદીના તીરે હરિયાળી પર બેસીને તમને આ પત્ર લખું છું. પાસે જ મંગલેશ્વરીઅમ્માળ બેસીને તેમની દીકરીને પત્ર લખે છે. સામે હુગલીના પેલા કિનારે દક્ષિણેશ્વરનું કાલીમંદિર અને તેનાથી પણ ઘણે દૂર કલકત્તા શહેર દૃષ્ટિગોચર થઈ રહ્યું છે-જાણે ધૂમાયિત્. કલકત્તા જેવું આટલું મોટું શહેરમાં આ પહેલાં મેં ક્યારેય જોયું નથી. કેવું રમણીય શહેર છે ?

ઉપર એકાંતમાં બેસીને આ પત્રની ઉક્તિ પંક્તિ વાંચતી વ''તે નીચેથી વસંતાનો બોલાવવાનો સાદ સંભળાયો.

'ભાઈ ! તમારો ફોન છે.'

પત્ર વાળી ખીસામાં મૂકીને અરવિંદન નીચે આવ્યો અને ટેલિફોનનું રિસીવર ઉપાડ્યું. અવાજ આવ્યો-

'છેલ્લી વાર પૂછું છું. ઉમેદવારી પત્ર પાછું ખેંચવાનો એક જ દિવસ-કાલનો જ દિવસ છે. તમારી કુશળતા ઇચ્છતા હો તો ઉમેદવારીપત્ર પાછું ખેંચી લો. મને વધુ દુષ્ટ થવાની ફરજ ન પાડો. હું મહાક્રોધી છું.'

બર્માવાળાનો ફૂંફાડો સંભળાયો. જવાબ આપ્યા વગર જ અરવિંદને રિસીવર એટલા જોરથી મૂક્યું કે તેનો અવાજ સામા છેડે સંભળાય. તેનું મોં લાલ થઈ ગયું. આ બધું જોઈ પાસે ઊભેલી વસંતાએ પૂછ્યું, 'શું છે ભાઈ ? કોણ હતું ? કોઈ બકવાદ કરનારો હતો ?'

'નહિ, બીજી કોઈ પંચાત હતી.' અરવિંદને ખરી વાત છુપાવતાં કહ્યું, એ જ સમયે બહારથી મુરુગાનંદમ પણ આવી ગયો.

'જરા ઉપર આવો અરવિંદન ! એકલા તમારી સાથે વાત કરવી છે' આવતાં મુરુગાનંદમે આ શબ્દો કહેતાંની સાથે અરવિંદનનો ગભરાટ વધુ વધી ગયો.

# ૩૫

એકાંતમાં વાત કરવા માટે મુરુગાનંદમ અરવિંદનને ઉપલા માળે લઈ ગયો અને કહ્યું, 'હું જાણું છું કે હું તમને જે કાંઈ કહું તે તમે લક્ષમાં લેવાના નથી. છતાં હું મારું કર્તવ્ય સમજીને તમને ચેતવું છું. તમારે માટે નહિ, પરંતુ પૂરણી દીદી અને અમારે માટે તો તમારે સાવધ રહેવું જોઈએ.'

'વાત બતાવશો કે વાતમાં મોણ નાખશો ?'

'બીજું કાંઈ નહિ પણ ચૂંટણી થાય ત્યાં સુધી એકલા ફરવા ક્યાંય જશો નહિ. સમય સારો નથી. આપણી સામે ચૂંટણીમાં ઊભા છે તેઓ સારા માણસ નથી.' ધ્યાનથી સાંભળ્યા પછી અરવિંદને તેના તરફ જોઈને સ્મિત કર્યું.

મુરુગાનંદમે સહેજ દૃઢ અવાજે કહ્યું, 'હસવા જેવી આ વાત નથી. મારા સાંભળવામાં ઘણી બધી વાતો આવી છે. એથી જ તમને સાવચેત રહેવાની ચેતવણી આપી છે.'

અરવિંદને આનો કોઈ જવાબ આપ્યો નહિ.

એ વખતે ટેલિફોન પર પોતાને ધમકી આપ્યાની વાતે તેને જણાવવાનો વિચાર અરવિંદનને આવ્યો. પરંતુ એ સાથે જ તે કોઈ પંચાત ઊભી ન કરે એ વિચાર આવતા વાત જણાવી નહિ.

રાતે વાળુ કર્યા પછી અરવિંદન જેવો ઊઠ્યો કે વસંતાએ એક સારા સમાચાર જણાવ્યા, 'ભાઈ ! હું તમને કહેવાનું ભૂલી ગઈ. પરમ દિવસે

આકાશવાણી લંકાથી પત્ર આવ્યો હતો કે આજ રાતે સાડા આઠ વાગે પ્રાદેશિક કાર્યક્રમમાં દીદીએ આપેલું મહત્ત્વપૂર્ણ ભાષણ 'આધ્યાત્મિક ચિંતન' પ્રસારિત થવાનું છે. તમે ક્યાંય બહાર ન જશો. અત્યારે આઠ થયા છે. અડધો કલાક બાકી છે. આપણે બધાં ભાષણ સાંભળીશું.' થોડો સમય વાંચ્યા પછી સાડા આઠ વાગે અરવિંદન નીચે આવી રેડિયો પાસે બેઠો. એક મુરુગાનંદમ સિવાય બીજાં બધાં ઘરમાં જ હતાં. રેડિયોની આજુબાજુ બધાં ગોઠવાઈ ગયાં.

પૂરણીના ભાષણનો થોડોક ભાગ સાંભળીને અરવિંદ પુલકિત થઈ ગયો.

'આધ્યાત્મિક ચિંતન જેમ જેમ વધતું જાય છે તેમ તેમ આપણે સાંસારિક જીવન અને ભૌતિક જીવનથી વિરક્ત થતાં જઈએ છીએ. માત્ર દેહવૃદ્ધિ માટે આધ્યાત્મિક ચિંતનની આવશ્યક્તા નથી. આહારની ચિંતા કરવી જ બસ છે. હજારો વરસથી મનને મંદિર બનાવી, વિચારોમાં પરમાત્માને વસાવીને ધર્મના નામે લોકો જીવી રહ્યા છે. વાસ્તવમાં મન અને વિચારોથી જ આપણે જીવીએ છીએ. ભાડે રાખેલા ઘર સરીખા શરીર સાથે આપણો કોઈ સંબંધ હોતો નથી. જ્ઞાનની આંખોથી જોઈએ તો આપણું શરીર ઘણા મોટા ઘા જેવું છે. સ્નાન કરતી વખતે આપણે દરરોજ ઘા સાફ કરીએ છીએ. પ્રસ્વેદ જ થાય, પરુ છે. પ્રસ્વેદ, મેલ, દવા, તથા માંસ આદિ બધાં એકત્ર થઈને દુર્ગંધ પેદા કરે છે. તે જ છે ઘાની દુર્ગંધ. ભાત, શાક, માંસ અને પાણી આદિ દેહરૂપી ઘાને માટે ઉપયોગી ઔષધિ છે. ઘાને સાફ કરી, ઔષધિ લગાવી પાટો બાંધવા જેવું જ છે. ધોતી અને ઝભ્ભો પહેરવો 'નિંદનીય તનને ત્યજીને મારા મન અને વિચારોમાં વસ, હે ભગવાન' માણિકયવાચગરની આ કવિતામાં તત્ત્વ ભરેલું છે. પૌર્વાત્ય દેશોની માન્યતા છે કે મન જ ભક્તિનું સાધન છે. પરંતુ ગરીબાઈ અને જીવનમાં સ્પર્ધા આદિથી ભરપૂર આ યુગમાં ખાનપાનની ચર્ચા જ આજકાલ સંભળાય છે. આધ્યાત્મિક ચિંતનનો તો સર્વત્ર અભાવ જ જણાય છે. આચરણ, નૈતિકતા, પ્રામાણિકતા, સભ્યતા, સામાન્ય માણસના જીવનમાંથી ક્યાંય સમાપ્ત ન થઈ જાય. આધ્યાત્મિક ચિંતન પાળની જેમ આની રક્ષા કરનાર છે. મનને ચિંતન તરફ પહોંચાડનારું ઔષધ પણ આધ્યાત્મિક ચિંતન જ છે.'

પૂરણીનું ઉપરોક્ત આકાશવાણી પ્રવચન જ તે રાતે અરવિંદનના

ગહન ચિંતનનું નિમિત્ત બન્યું. એક દિવસે કોડૈક્કેનાલમાં મંગલેશ્વરી-અમ્માળે જ્યારે પૂરણી સાથે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો અને પ્રત્યુત્તરમાં જે કારણો જણાવીને મેં લગ્ન કરવાનો ઇન્કાર કર્યો હતો, એ જ કારણો પૂરણીએ પણ કહ્યાં છે. પરંતુ શરીરને નિંદનીય બતાવીને મન અને વિચારોમાં ઈશ્વરના અસ્તિત્વની વાત કહી છે. તિરુવાયકમના સંબંધમાં જણાવીને મારી ભાવનાઓની પ્રશંસા કરી છે કે વ્યંગ ? કે વિષયને અનુકૂળ જ આ તત્ત્વનું વિવેચન કર્યું છે ? આકાશવાણીએથી પ્રસારિત ભાષણ સાંભળ્યા પછી અરવિંદને તે દિવસે પોતાની ડાયરીમાં લખ્યું-'પૂરણી ! તમે મારી સાથે સમાંનાન્તર ઊંચાઈએ ઊભાં રહીને, હસીને પ્રસન્નતાપૂર્વક વાતો કરી રહ્યાં છો-એવું જ હું માનતો હતો, વિચારતો હતો. આવું માનતી-વિચારતી વખતે હું જે ઊંચાઈએ ઊભી છું, તમારી તુલનામાં તે ક્યાંય અધિક ઊંચી છે. દૃઢ છે !' કહેતાં કહેતાં પણ તમે વધુ ઊંચાઈ પર ઊભાં રહીને બોલી રહ્યાં છો. ઊંચે ચડતાં જવાની આ હરીફાઈમાં તમે જીતી જશો, એવું મેં તમને ઘણી વાર કહ્યું હતું. આ જ વાત મારા મનમાં વારે વારે આવીને વધુ દૃઢતા પ્રદાન કરી રહી છે કે ધરતીની વ્યક્તિ પર્વતીય પ્રદેશમાં વિકસિત કુસુમને સ્પર્શ કરી શકતી નથી.'

નોંધપોથીમાં આ લખ્યા પછી જ એ રાતે તેને નીંદ આવી. બીજે દિવસે સવારે પાંચ વાગતાં પહેલાં જ તે ઊઠી ગયો. તેનું માથું ભારે હતું અને શરીર કળતું હતું. અને શરદી થઈ હતી. ગરમ પાણીએ નાહવાનું તેને મન થયું. તે નીચે જોવા ગયો કે વસંતા ઊઠી છે કે નહિ ? કોઈ ઊઠ્યું ન હતું. ઊઠશે એટલે વસંતાને પાણી મૂકવાનું કહીશ. આ વિચારથી તે પાછો ફરતો હતો ત્યાં જ બહાર સાઇકલની ઘંટડી તથા વર્તમાનપત્ર ફેંકવાનો અવાજ સાંભળીને તે અટકી ગયો. બારી પાસે પડેલું વર્તમાનપત્ર લઈને તે ઉપર આવ્યો. બત્તી કરીને તે વર્તમાનપત્ર વાંચવા લાગ્યો.

ત્યાં ભય અને વ્યથા ઊભાં કરે તેવા બે સમાચાર પર તેની નજર પડી. એક જાહેરખબર, જે મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસ સિને-અભિનેત્રી, અભિનેતાઓના આકર્ષક ફોટાઓ સાથે 'સિનેમા સુરંગ' નામના સામયિકના પ્રકાશનની હતી. એ જાહેરખબર પર દૃષ્ટિ પડતાં જ અરવિંદનને અસહ્ય દુઃખ થયું. પ્રો. અલગિય ચિદ્મ્બલમના અત્યંત મહત્ત્વપૂર્ણ ગ્રંથોનું સસ્તી આવૃત્તિઓનું પ્રકાશન કરનાર પ્રેસમાંથી આવું સામયિક પ્રગટ થઈ રહ્યું

છે ? મીનાક્ષીસુંદરમ એક આદર્શ વ્યક્તિ હતા. તેમના મૃત્યુ પછી પ્રેસ આટલી હદે નીચે આવી ગયું ? આ કેટલું નિમ્ન સ્થળ છે ? પરંતુ આવા વિચાર કરીને દુ:ખી થવાથી કાંઈ વળવાનું છે ? અને દુ:ખી થવાનો મને અધિકાર જ ક્યાં છે ? એ ભૂલવા માટે તેણે બીજું પાનું ફેરવ્યું. બીજા પાન પર 'ઝેરી તાવના પ્રકોપથી કેટલાય માણસોનાં મૃત્યુ' મથાળાથી પ્રકાશિત એક સમાચાર પર તેની દૃષ્ટિ પડી. મદુરૈ જિલ્લાના પશ્ચિમના એક ગામમાં ઝેરી તાવથી ગરીબ લોકોનાં મૃત્યુનાં આંકથી તેનું હૃદય દ્રવી ગયું. વિલંબ કર્યા વગર તે ગામમાં જઈને જે કાંઈ મદદરૂપ થઈ શકાય એ માટે તે અધીરો થઈ ગયો. પરંતુ મુરુગાનંદમ અને વસંતાના ઊઠ્યા પછી એમને કહીને જવું અશક્ય હતું. બંને તેને જવા જ ન દે. વળી મુરુગાનંદમે મને ચેતવ્યો છે કે ચૂંટણી પતે નહિ ત્યાં સુધી મારે ક્યાંય બહાર ન જવું. આવી સ્થિતિમાં ઝેરી તાવના પ્રકોપવાળા ગામમાં એક સેવક તરીકે જવાની મારી ઉત્કંઠાને મુરુગાનંદમ સફળ નહિ થવા દે. શું કરું ?...વિચાર કરી તે થોડો ખમચાયો. પણ ખમચાટની હાર થઈ. તેની અસીમ કરુણતાની, ગાંધીવાદી, ભાવનાઓની જીત થઈ. પોતાના ગયાના સમાચાર જણાવવા માટે તેણે એ સમાચારની ચારે તરફ લાલ શાહીથી ઘેરી લીટી દોરી. પછી એક થેલીમાં બેત્રણ પહેરણ મૂકી, પેટીમાંથી થોડાક રૂપિયા લઈને અરવિંદન ચાલી નીકળ્યો. પોણા-છ વાગે ઝેરી તાવગ્રસ્ત ગામમાં એક બસ જતી હતી. તે બસમાં તેને જગા મળી ગઈ. બસને ઊપડવાને હજી થોડી વાર હતી. વર્તમાનપત્રમાં લીટી દોરેલો ભાગ જોયા વગર જ કદાચ મુરુગાનંદમ તેની ચિંતા ન કરે, એ વિચારથી તેણે પહેરણના ખીસામાં પડેલું પોસ્ટકાર્ડ કાઢ્યું. અને તે લખીને મુરુગાનંદમના નામે પોસ્ટ કર્યું.

અરવિંદનનું તે કાર્ડ એ જ દિવસે પોસ્ટથી અગિયાર વાગે મળી ગયું હતું. પરંતુ મુરુગાનંદમ અને વસંતા એ પહેલાં જ વર્તમાનપત્રમાં લીટી દોરેલો ભાગ જોઈને જ સમજી ગયાં હતાં.

વસંતાએ મુરુગાનંદમને કહ્યું. 'તમે જઈને તેમને બીજી બસમાં તમારી સાથે લઈ આવો કે પછી ડ્રાઇવર આવે કે તરત કાર લઈને જાવ. ઝેરી તાવનો પ્રકોપ છે ત્યાં એમનું શું કામ છે ?'

'એ પાછો નહિ જ આવે. બીજાને મદદ કરવામાં તો અરવિંદન હઠીલો છે. કોઈનો રોક્યો તે રોકાશે નહિ' કહી મુરુગાનંદમે જવાનો

ઇન્કાર કર્યો. વાસ્તવમાં તેને પણ લાગ્યું હતું કે અહીંનું વાતાવરણ જોતાં અરવિંદન બહારગામ રહે એ એક રીતે સારું છે.

અરવિંદનના ગામ ગયાના ત્રીજા દિવસે જ પૂરણી અને મંગલેશ્વરી-અમ્માળ પાછાં આવ્યાં. પાછાં આવતાં જ મીનાક્ષી પ્રિન્ટિંગ પ્રેસમાંથી અરવિંદનને દૂર કર્યાના સમાચાર તેમને મળ્યા. તે સમચાર પૂરણીને માટે જાણે વજ્રપાત જેવા હતા. કલકત્તા જતાં પહેલાં બનેલા આ બનાવને તેમનાથી છુપાવવાની અરવિંદનની દૃઢતાએ તેમને આશ્ચર્યમાં મૂકી દીધાં. તેમને વિદાય કરવા જ્યારે અરવિંદન આવ્યો હતો ત્યારે તેના ઉદાસ ચહેરાને તેણે યાદ કર્યો. અરવિંદનને જઈને મળવાની તેને તીવ્ર ઉત્કંઠા થઈ. અરવિંદન ગયો હતો તે ગામ જવાની તૈયારીમાં તે લાગી ગઈ. મુરુગાનંદમે પૂરણીને આશ્વાસન આપી તેને જતાં રોકતાં કહ્યું, 'નહિ દીદી! બેત્રણ દિવસમાં અરવિંદન પાછો આવી જશે. જો આ દરમિયાન નહિ આવે તો હું જઈને એને ખચીત લઈ આવીશ."

પરંતુ ત્યાર પછી એક સપ્તાહ સુધી અરવિંદના કોઈ સમાચાર મળ્યા નહિ. પૂરણી આથી અકથનીય ચિંતાઓથી ઘેરાઈ ગઈ.

## ૩૬

ગામ ગયા પછી અરવિંદનના કોઈ સમાચાર ન આવવાથી પૂરણી, મંગલેશ્વરીઅમ્માળ અને વસંતા વગેરે ચિંતાતુર અને વ્યથિત હતાં. તે સમયે એક મુરુગાનંદમ જ પૂરણીના ચૂંટણી પ્રચારમાં એવો તો ડૂબી ગયો હતો કે જાણે તેને આ યાદ જ ન હોય. દરરોજની જેમ જ જલદી જલદી તે બહાર જતો હતો. એ વખતે વસંતાએ નારાજ થઈને તેના રસ્તાની વચમાં ઊભા રહીને કહ્યું—

'તમે જે કાંઈ કરો છો, એ તમને શોભે છે ? ઘરને ભૂલીને આમ કેમ ફર્યા કરો છો ? દીદી કાલ રાતથી જમ્યાં નથી. ખંડમાં બેસીને રડ્યાં કરે છે. તમે પહેલાં ગામ જાવ. અરવિંદનભાઈ જ્યાં હોય તેની માહિતી મેળવી તમારી સાથે લઈ આવ્યા પછી જ બીજાં કામ કરજો. દીદી જવા માટે કહે છે ત્યારે તમે તેને જવા દેતા નથી અને તમે પણ જતા નથી. પૂરણી દીદીનો ઉદાસ ચહેરો જોઈને મારું હૈયું કહ્યું કરતું નથી. અત્યારે જ ગામ જઈને ભાઈની માહિતી મેળવો.'

વસંતાની આ તાકીદથી મુરુગાનંદમ તરત ઉપર ગયો અને પૂરણીને મળ્યો. તે ઉદાસ અને સજળ નેત્રે બેઠી હતી. મુરુગાનંદમને જોતાં જ મંગલેશ્વરીઅમ્માળે પાસે આવીને કહ્યું, 'ગમે તેવું અગત્યનું કામ હોય, પછી કરજો. મહેરબાની કરીને તમે ગામ જઈને અરવિંદનને તમારી સાથે લઈ આવો. કાલથી આ અનશનની હઠ લઈને બેઠી છે. મારું કહ્યું માનીને તમે જલદી જાવ.'

'દીદી આવી નાદાની કરશે, એવું મેં ધાર્યું ન હતું. અરવિંદન લોકોની સેવા કરવા માટે ગયા છે. ત્યાં તેનો સહેજ પણ વાળ વાંકો કરે એવું કોઈ નથી' મુરુગાનંદમે પૂરણીને સંભળાવતાં કહ્યું.

આ સાંભળીને પૂરણીએ પણ મુરુગાનંદમ સાંભળે એમ મંગલેશ્વરી-અમ્માળને કહ્યું, 'મને ન જાણે કેમ શંકા થાય છે, માતાજી ! શાંતિ ધારણ કરવા ઇચ્છતી હોવા છતાં પણ મન કાબૂમાં રહેતું નથી. તે જે ગામ ગયા છે, તે ગામ જઈને હું પણ તેમની મદદમાં ઊભી રહું તો ?'

'તું ત્યાં કેવી રીતે જઈશ ? મલાયાની પરિષદમાં જવા માટે તેં સંમતિ આપી છે. અને ટૂંક સમયમાં જવાનું છે. ઝેરી તાવના પ્રકોપવાળા ગામમાં ફરવાથી કદાચ તને કાંઈ થયું તો મલાયાના પ્રવાસમાં મુશ્કેલી ઊભી થવાની સંભવના છે, દીકરી ! મારું કહ્યું માન, કારમાં મુરુગાનંદમને મોકલીને અરવિંદનને સાથે બોલાવી લાવવાનું કહું છું. જો તે સાથે ન આવે તો તું ત્યાં જજે. !' મંગલેશ્વરીઅમ્માળે પૂરણીને સમજાવતાં કહ્યું.

મુરુગાનંદમ કારમાં અરવિંદનને લેવા ગયો.

અરવિંદનને તે દિવસે જ્યારે મુરુગાનંદમ પોતાની સાથે તે ગામથી પાછો લાવ્યો ત્યારે રાતના અગિયાર થઈ ગયા હતા. કારનો અવાજ સાંભળીને અત્યાર સુધી જાગતી પૂરણીએ અતિ ઉત્સાહ સાથે દરવાજો ઉઘાડ્યો. પરંતુ તેણે જે દૃશ્ય જોયું તે સાથે જ તેનો બધો ઉત્સાહ માર્યો ગયો. અરવિંદન અરવિંદનના સ્વરૂપમાં પાછો ફર્યો ન હતો. જગતમાં દુઃખો દૂર કરવા માટે પોતાના પ્રયત્નમાં બુદ્ધે સમસ્ત દુઃખોને જેમ પોતાના મનમાં સ્મૃતિસ્વરૂપ ધારણ કર્યાં હતાં. એ જ પ્રમાણે ઝેરી તાવથી પીડાતા ગ્રામ્ય જનતાની સેવા કરવા માટે તે ગયો હતો. અને ઊલટાનો તે જ તાવમાં ખરાબ રીતે પટકાઈને પાછો ફર્યો હતો. અરવિંદનનું સુંદર

સુડોળ શરીર હાડકાંનો માળો બની ગયું હતું. ડ્રાઇવર અને મુરુગાનંદમ હાથનો ટેકો આપીને તેને અંદર લાવ્યા.

'દીદી ! તમારી વાત માનીને હું ગામ ગયો તે સારું થયું. ધૂપ અને સખત તાપમાં ખાધાપીધા વગર આ ખૂબ ફરતા હતા. સેવા કરવા માટે ત્યાં બધે ફરીને ઝેરી તાવનો ભોગ બન્યા. એક ખેડૂતને ત્યાં સૂઈ રહ્યા હતા. તે ગામમાં ડૉક્ટર પણ નથી. દશ માઈલ દૂરના એક ગામમાંથી આંતરે દિવસે એક વૈદ આવે છે. લોકોને દવા આપે છે. "મને કાંઈ થવાનું નથી. હું મરવાનો નથી. તમે બીજાની દવા કરો" કહી આને કોઈ દવા લીધી નહિ. એકસો ત્રણ ડિગ્રી તાવ, ઝૂંપડામાં ભેજવાળી જમીન પર કાંટા જેવી ખૂંચે તેવી પથારીમાં અનાથની જેમ આમને સૂઈ રહેલા જોઈને મને તો, દીદી ! રડવું આવી ગયું. આમને કાંઈ કહ્યા વગર મારી સાથે લેતો આવ્યો છું' મુરુગાનંદમે કરુણ અવાજે કહ્યું.

અરવિંદનની દશા જોઈને પૂરણી સૂનમૂન થઈ ગઈ. અરવિંદનને મેડા ઉપરના ખંડમાં સુવાડ્યો. પૂરણી તેના માથા પાસે ઊભી હતી. શું બોલવું એ જ તેને સૂઝતું ન હતું. સજળ અનિમેષ દૃષ્ટિએ તે અરવિંદન સામે જોઈ રહી. અરવિંદનની આંખોમાંથી અશ્રુની અવિરલ ધારા ઊમટી પડી. કૂવાના તળિયેથી બોલતો હોય એવાં મંદ અવાજે અરવિંદને કહ્યું, 'તમારો પત્ર મળ્યો હતો. ચંપાના ફૂલ અને પત્રની સૌરભને એક સાથે સૂંઘીને આનંદ અનુભવ્યો. આકાશવાણી લંકાથી પણ તમારું ભાષણ સાંભળ્યું હતું,

'આ બધી વાતો રહેવા દો. મારે લીધે જ આપને પ્રેસમાંથી છૂટા કરવામાં આવ્યા છે. મારે લીધે જ ચૂંટણીમાં અસહ્ય યાતના સહેવી પડી છે' બોલતાં બોલતાં જીવનમાં પહેલી વાર પૂરણી અરવિંદનની સામે રડી પડી,

'આવી છોકરમત કરી તમારે રડવું ન જોઈએ, પૂરણી ! અત્યારે એવું તે શું બની ગયું છે કે તમે રડો છો ?'

'કેવા દુર્બળ થઈને તમે આવ્યા છો, તે જોઈને હું રડું નહિ તો બીજું શું કરું ? પહેલાં કેવા હતા ને અત્યારે કેવા અડધા થઈ ગયા છો !'

'શરીર એક ઘા જેવું છે - તમે તમારા લંકામાં પ્રવચનમાં કહ્યું હતું. અડધા થવાનો તો અર્થ એ થયો કે અડધો ઘા રુઝાઈ ગયો છે.' અશક્ત અવસ્થામાં પણ હસતાં હસતાં અરવિંદને કહ્યું.

આવતાંની સાથે મુરુગાનંદમ ડૉક્ટરને બોલાવવા ગયો હતો. મંગલેશ્વરી-અમ્માળ અને વસંતા સૂઈ રહ્યાં હતાં. બોલવાનો અવાજ સાંભળીને તે જાગી ગયાં અને ત્યાં આવ્યાં. પૂરણીએ નંખાઈ ગયેલાં સાદે કહ્યું, 'માતાજી ! તમે જુઓ તો ખરાં, કેવા થઈ ગયા છે ?' તેનો કંઠ રૂંધાઈ ગયો. પથારીમાં સૂઈ રહેલાં અરવિંદનને જોઈને મંગલેશ્વરીઅમ્માળ અને વસંતા અવાક થઈ ગયાં. વસંતા દોડીને થરમૉમિટર લઈ આવી. તાવ એકસો બે ડિગ્રી હતો. મુરુગાનંદમ ડૉક્ટરને પોતાની સાથે બોલાવીને આવ્યો. શારીરિક તપાસ કર્યા પછી ડૉક્ટરે કોરોમાઈસીન લેવાની સલાહ આપી. જતી વખતે ડૉક્ટરે મુરુગાનંદમને બહાર એકલા લઈ જઈને કહ્યું, 'સન્નિપાતનો તાવ છે, પાંચ-છ દિવસ સુધી સાવચેતી રાખવી પડશે. ભયંકર ઝેરી તાવ છે આ ! કાલે ફરી જોવા આવીશ. મહિલાઓને આ વાત કરશો નહિ.' ચેતવણી આપીને ડૉક્ટર ચાલ્યા ગયા. ગમે તેવી મુશ્કેલભરી પરિસ્થિતિમાં દૃઢતા ન ખોનાર મુરુગાનંદમ અરવિંદનની સ્થિતિ જોઈને ચલિત થઈ ગયો. તેની આંખો સજળ થઈ ગઈ.

ઘરમાં તે રાતે કોઈને ઊંઘ આવી નહિ. બીજે દિવસે સવારે અરવિંદનનો તાવ ઓછો થઈ ગયો. રાતે ઊંઘ સારી આવી હતી. પરંતુ સાંજે તાવ ફરી એકસો-બે ડિગ્રી થઈ ગયો. ડૉક્ટર આવતા, જોઈને ચાલ્યા જતા. દરરોજ સવારે તાવ ઊતરી જતો અને સાંજે ચઢતો, આ ક્રમ જારી રહ્યો.

અરવિંદનના પલંગ પાસે બેસીને પૂરણી તેની શુશ્રૂષા કરતી, સતત આંસુ વહાવતી, ચિંતાતુર વદને બેસતી. એક પળ માટે પણ તે તેના પલંગ પાસેથી ખસતી ન હતી.

પૂરણીએ મલાયાનો પ્રવાસ મુલતવી રાખ્યો. ચૂંટણીનો દિવસ નજીક આવતો હતો. તેને માટે કોઈએ ચિંતા પણ કરી નહિ. બધાંને એક જ ચિંતા હતી - અરવિંદનના સ્વસ્થ થવાની. મંગલેશ્વરીઅમ્માળ અરવિંદનના સ્વાસ્થ્ય માટે કાર્તિકેયમંદિર, મીનાક્ષી મંદિરે દરરોજ પૂજા કરાવતાં હતાં. તાવ ઉતારવા માટે જેટલા ઉત્તમ ઉપાયો હતા તે બધા અજમાવી જોયા. દરરોજ સવારે તાવ ઓછો થતો અને સાંજે ફરી વધી જતો. પૂરણીને તેના માથા પાસે બેસીને રડવાનો કાર્યક્રમ દરરોજનો બની ગયો હતો.

જે ચહેરો અને તેના હાસ્યનું સ્મરણ કરીને દુનિયામાં ભ્રમણ કરીને

વિજય પ્રાપ્ત કરવાનું તેને ગૌરવ હતું, તે ચહેરા પર કાંતિ નથી, હાસ્ય નથી, પ્રસન્નતા નથી. સાંઢ જેવી ગંભીર ચાલ ચાલનારો આજે પલંગમાં શિથિલ પડ્યો હતો. તેની સુવર્ણ સરીખી કાયા ક્રાંતિહીન અને હાડકાંનો માળો બની ગઈ હતી.

પલંગ પાસે ઉદાસ, શિથિલ, સજળ નેત્રે જોતી પૂરણીને ધૈર્ય અને આશ્વાસન આપવા માટે અરવિંદન ભાનમાં આવતો ત્યારે હસીને વાત કરતો. જ્યારે પૂરણીએ પોતાનો મલાયાનો પ્રવાસ મોકૂફ રાખ્યાની વાત તેને કરી ત્યારે તે એના પર નારાજ થયો.

'તમારી વિદેશ યાત્રા મારે માટે શા માટે મોકૂફ રાખી ? વસંતા અને મુરુગાનંદમ મારી દેખરેખ રાખતાં નથી ? તમારી યોજના અનુસાર મંગલેશ્વરીઅમ્માળની સાથે જઈ જવું જોઈતું હતું.'

પૂરણીએ તેના મોંએ હાથ દીધો.

સવારે તાવ ઊતરવો અને સાંજે ચઢવો. આ ક્રમથી ચાર સપ્તાહથી ઘરમાં ખિન્નતાનું વાતાવરણ વ્યાપી ગયું હતું. ડૉક્ટરે પહેલેથી જણાવ્યું હતું કે ચાલીસ દિવસ સુધી આવી સ્થિતિ રહી શકે છે. આ દરમિયાન ચૂંટણીનો દિવસ પણ આવી ગયો. તે લોકોમાંથી કોઈને પણ ચૂંટણી માટે ઉત્સાહ ન હતો. પરંતુ મિત્રો મુરુગાનંદમને આવવા માટે ખૂબ આગ્રહ કરતા હતા. તે થોડો સમય ચૂંટણી કેન્દ્રોમાં ગયો. કાર અને ઘોડાગાડીમાં ફરી ફરીને બર્માવાળાના માણસો લોકોને ચૂંટણીના બૂથ પર લાવતા હતા. પરંતુ તેમાં રહસ્ય છુપાયું હતું. તે આ કે કેટલાક બર્માવાળાની ગાડીમાં મુરુગાનંદમના માણસો જ મતદાતાઓને બૂથ પર લાવીને પૂરણીને વોટ આપીને પાછા જતા હતા. નવા મંડપના માણસોને માટે બર્માવાળાએ જે વ્યવસ્થા કરી હતી એ જોઈને સહેજ પણ સંદેહ થતો ન હતો કે જીત તેમની નહિ થાય. ચૂંટણી સમાપ્ત થતાં માત્ર પરિણામ જાહેર થવાની ઇંતેજારીમાં જાણે સમગ્ર નગર મહાયુદ્ધની સમાપ્તિ થતાં યુદ્ધભૂમિના જેવું નિસ્તબ્ધ હતું. ચૂંટણી પત્યા પછી તે રાતે ઘેર આવીને મુરુગાનંદમે ચૂંટણીમાં વિજયી થવા વિશે પોતાનો વિશ્વાસ અરવિંદન સમક્ષ પ્રગટ કર્યો. આ સાંભળીને અરવિંદન હસ્યો, 'જોઈએ. તમારા કથાનુસાર પૂરણીની જીત થશે તો એ જીત એક આદર્શની જીત હશે !' તે દિવસે અને બીજા દિવસે પણ અરવિંદનની સ્થિતિ સામાન્ય હતી. તાવ ચઢ્યો ન હતો.

બે દિવસ પછી, તેનો તાવ સાંજે ફરી વધી ગયો. ડૉક્ટરે જોઈને દવા આપી. તે દિવસે સાંજે ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું હતું. તેથી મુરુગાનંદમ, વસંતા, ચેલ્લમ, વલ્લી, સંબંધન બધાં કલેકટરની ઑફિસે ગયાં હતાં - જ્યાં મતની ગણતરી થઈ રહી હતી. મંગલેશ્વરીઅમ્માળ મીનાક્ષીઅમ્મનના મંદિરે ગયાં હતાં.

અરવિંદનની પાસે ઘરમાં એકલી પૂરણી જ હતી. તાવનો પ્રકોપ ક્ષણે ક્ષણે વધતો જતો હતો. એકસો ત્રણ ડિગ્રીથી વધુ તાવ થઈ જતાં હવે તે સંન્નિપાતમાં ફેરવાઈ ગયો. તે જ વખતે મંગલેશ્વરીઅમ્માળે નીચેથી કહ્યું. 'પૂરણી ! ચૂંટણીમાં તું જીતી ગઈ છે. પાંચ હજાર વૉટે તારી જીત થઈ છે.' અને હર્ષભેર પગથિયાં ચઢીને ઉપર આવ્યાં.

'માતાજી ! ચૂંટણી જાય ચૂલામાં ! તમે ફોન કરીને તાત્કાલિક ડૉક્ટરને બોલાવો. આમને સંન્નિપાત થયો છે. બોલી શકતા નથી. શ્વાસ પણ ઊપડ્યો છે' હૃદયવિદારક રુદન સાથે પૂરણીએ ચીસ જેવી સ્થિતિમાં કહ્યું.

# ૩૭

ગોરજ સમયે મદુરૈ જિલ્લાના મુખ્ય કાર્યાલયમાંથી ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું. નભમાં પૂર્ણિમાના ચંદ્રની ધવલ ચાંદની છવાઈ ગઈ હતી. મતની ગણતરી અને તેનું પરિણામ સાંભળીને ત્યાં એકત્રિત થયેલી મેદનીના 'પૂરણીદેવી ઝિંદાબાદ'ના ગગનસ્પર્શી પોકારોથી મુરુગાનંદમની પ્રસન્નતાની અવધી રહી નહીં. એકત્રીત જનસમુદાયના ચહેરા પર ન્યાયની જીતથી ઉત્પન્ન ગૌરવ સ્પષ્ટ ચમકી રહ્યું હતું. બધાના હાથમાં વિજયી પૂરણીને પહેરાવવા માટે હાર હતા.

'વસંતા ! તમે કારમાં જાવ. ખુશીના સમાચાર દીદી, અરવિંદનને અને માતાજીને તમે જ આપો. આ બધા દીદીને જીતના આનંદમાં હાર પહેરાવવા આવે છે. હું આમને લઈને ઘેર આવું છું. દીદીને તૈયાર રહેવાનું કહેજો, સવારે અરવિંદનનો તાવ ઊતરી ગયો હતો. તેથી તેને ઉપરના ખંડમાંથી લાવીને હૉલમાં બેસાડજો. મુરુગાનંદમે આ કહીને વસંતા અને નાના છોકરાંઓને ઘેર મોકલ્યાં. નવા મંડપમાં આવેલી દેવીની સામેથી નીકળીને દાનપ્પામુદલી સ્ટ્રીટમાં જઈ પૂરણીને લઈને

ચાર રસ્તા પર સરઘસ કાઢીને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી. વીજળીની ગતિએ તાત્કાલિક બધી વ્યવસ્થા કરવામાં આવી. બે ઘોડાના રથને ચમેલીના હારથી શણગારવામાં આવ્યો. ઉત્સાહ સાથે વગાડાતાં બૅન્ડનો નાદ અને શરણાઈના સૂર મનભાવન હતા. મુરુગાનંદમ હાથમાં ગુલાબનો મોટો હાર લઈને સરઘસની આગળ ચાલતો હતો. બીજા કેટલાંય લોકો ફૂલની માળાઓ લઈને ઊભાં હતાં. દક્ષિણ ગોપુરના રસ્તે થઈને સરઘસ દાનપ્પામુદલી સ્ટ્રીટ તરફ વળ્યું હતું.

સુંદર વિશાળ અલંકૃત રથને બે સફેદ અશ્વો ખેંચતા હતા. આકાશમાં આતશબાજીની પરાકાષ્ઠા જોતાં જ લોકો આનંદવિભોર થઈ જતા હતા. શરણાઈવાદક મધુર સૂરમાં શરણાઈ વગાડતા હતા. સર્વત્ર વાતાવરણ સુવાસિત હતું. સરઘસ મંગલેશ્વરીઅમ્માળના ઘરની લગભગ નજીક આવી ગયું. હવે ઘરની સન્મુખ પહોંચવાને હજી થોડી જ વાર હતી. અરે ઘર પાસે પણ આવી પહોંચ્યું. પરંતુ હાય ! આ ખુશીના પ્રસંગે આ કેવું કરુણ ! આક્રંદ !

'થોભો ! થોભો !'

વીખરાયેલા કેશે રડતી વસંતા દોડતી આવી. મુરુગાનંદમના હાથમાંથી હાર પડી ગયો. શેરી એકાએક મૂંગી થઈ ગઈ. જાણે શરણાઈ, બૅંડના સ્વર બધાંની સાથે નિસ્તબ્ધ, સ્વરહીન થઈ ગયા. એક જ પળમાં બધાં હલનચલનરહિત, પ્રસન્નતારહિત, નિષ્ક્રિય, શિલાવત થઈ ઊભા થઈ ગયા. મુરુગાનંદમ ચીસ પાડતો અંદર દોડ્યો. નીચે હૉલમાં ચેલ્લમ, વલ્લી વગેરે મોટેથી રડી રહ્યાં હતાં. પહેલા માળે મંગલેશ્વરીઅમ્માળ અને પૂરણી આક્રંદ કરતાં હતાં. મુરુગાનંદમ ઉપરના માળે ગયો અને અરવિંદનને જોતાં જ 'અરવિંદન' બોલતો પોતાના ભયંકર રુદનને સંયમિત કરી ગંભીર થઈ ગયો. મૂળ વગરના વૃક્ષ જેવી શિથિલ ઉદાસ પૂરણી જમીન પર બેસીને કલ્પાંત કરતી હતી.

તે ખંડમાં અરવિંદનને પલંગ પર પ્રાણ છોડ્યો હતો. આંખોથી જોતા, મોંથી બોલતા, પગથી ચાલતા, ક્ષુદ્ર, અસત્ય ભૌતિક જીવનથી તે મહાન પુત્રે મુક્તિ મેળવી લીધી હતી. ધરતીના લોકોને દુ:ખોમાંથી રાહત અપાવનાર એક ભલી વ્યક્તિએ શરીરનાં દુ:ખોથી છુટકારો મેળવ્યો હતો. સત્યના જોરે પૂરણીની વિજયની આંકાક્ષા કરનાર કરુણામૂર્તિ આજે તે વિજયના આનંદને માણ્યા વગર ચાલ્યો ગયો.

'ઓ મારા દીકરા ! બધાંને નિરાશ કરીને તમે ચાલ્યા ગયા.' મોટેથી બોલતી ગંગલેશ્વરીઅમ્માળ રડતાં હતાં. એક પછી એક જૂની વાતોને યાદ કરીને પૂરણી તૂટેલા બંધની જેમ સતત અશ્રુ વહાવી રહી હતી.

ઘરની બહાર હાર લઈને રાહ જોતા લોકો એક પછી એક મૌન ધારણ કરીને છાયાની જેમ સરકતા અંદર જવા લાગ્યા. અને ખંડની બહાર નતમસ્તકે સજળનેત્રે શોકમૂર્તિ બનીને ઊભા રહ્યા. તેઓમાં એક જે વયોવૃદ્ધ હતો તેણે ખંડની અંદર હળવે પગલે પ્રવેશ કર્યો અને ભાવવિહ્વલ થઈ શોકાતુર કંપતા સાદે બોલ્યો.-

'નવયુવક ! આજે તું મૃત્યુને તાબે થયો નથી અને થઈશ પણ નહિ. અભાવગ્રસ્ત, ઉદાસ, ગરીબાઈ, ચિંતાગ્રસ્ત આ તમિળપ્રદેશમાં પ્રત્યેક પેઢીમાં તું અવશ્ય એક વાર જન્મ ધારણ કરીશ. જન્મધારણ કરવો જોઈએ. જન્મધારણ કરીને ભલું કરવું જોઈએ.' દ્રવીભૂત કરે એવા આ શબ્દો ઉચ્ચારતાં ઉચ્ચારતાં તેણે અરવિંદનના શબ પર હાર ચઢાવ્યો. તેના આ કાર્ય અને કથને બધાંના મન પાણી પાણી કરી નાંખ્યાં. રડતી પૂરણીએ માથું ઊંચું કરી જોયું. તે કથનમાં જાણે તેના મનનો નિચોડ હતો. તેને એવું લાગ્યું. જાણે એ માળા પહેરીને અરવિંદન સજીવ થઈ ગયો છે. અને મારકણું સ્મિત કરી રહ્યો છે. તિરુપરંગકુંદ્રમ પર્વત પર શરત લગાવીને ચઢતી વખતે પણ તેણે આવું જ સ્મિત કર્યું હતું. તેના પાર્થિવ દેહને આ માળા કેવી શોભા અર્પી રહી છે ? ઊભા થવાને અસમર્થ, અસહ્ય વ્યથા અને પીડાની વચ્ચે પણ આશ્ચર્યકારક એક તીવ્ર ઇચ્છા તેને થઈ. ધીરેથી ઊઠીને તેણે આંખો સાફ કરી, ખંડની બહાર મૌન ધારણ કરી છાયાની જેમ ઊભેલા લોકોના હાથમાંથી હાર લઈને એક એક કરીને અરવિંદનના શબ પર ચઢાવીને તેની શોભા નીરખતી ઊભી રહી. ઘણા દિવસો પહેલાં મહિલા સંઘમાં તેણે હૃદયસ્પર્શી ભાષણ કર્યું હતું. તે યાદ આવ્યું. એ વખતે તેને ખબર ન હતી કે તિલકવતીના જેવું મનથી જીવીને સૌરભ પ્રસારિત કરનારું જીવન જ વિધાતાએ તેના ભાગ્યમાં લખ્યું છે. ચૌળ દેશના યુદ્ધમાં તિલકવતીનો કલિપ્પગૈ માર્યો ગયો હતો. મારા અરવિંદનને જીવનયુદ્ધે જ મારી નાખ્યો. ભાવના અતિરેકમાં તેનું મન રુદન કરી ઊઠ્યું. 'તનથી મરીને પણ મનથી જીવનારી તિલકવતી જેવી

પવિત્ર નારી તમિળ પ્રદેશમાં જ જન્મ ધારણ કરી શકે છે.' બાપુજીનું આ કથન યાદ આવતાં જ તે પુલકિત થઈ ગઈ. તેને બચપણથી આકર્ષીને દ્રવીભૂત કરનારી તિલકવતીની કથા વિશે વિચાર કરી કરીને તેની આંખો ડબી ગઈ.

થોડા સમય પછી તેની આંખોમાં ચમક દેખાઈ. અરવિંદનને ચરણસ્પર્શ કરીને હાથ તેણે આંખે અડાડ્યો અને મોં ઊંચું કર્યા વગર, નતમસ્તકે જ મેદનીને ચીરીને બાજુના ખંડમાં જતી રહી. થોડી વાર પછી અંદરથી કોઈ વસ્તુ તૂટવાનો અવાજ સંભળાયો.

થોડા સમય પછી તે બાજુના ખંડમાંથી બહાર નીકળી ત્યારે તેના કપાળમાં બિંદી ન હતી, હાથમાં બંગડીઓ ન હતી, કાન, નાક, ડોકમાં જે આભૂષણ પહેલાં પહેર્યા હતાં અત્યારે તે પણ ન હતાં. ગંભીર સિંધુવત શાંત પૂરણીએ ભાવી કાર્યને પૂરા કરવા માટે મુરુગાનંદમને આદેશ આપ્યો. વિશ્વમાં શોધવા છતાં પણ ન મળે એવી અપૂર્વ શાંતિ અત્યારે તેના વદન પર બિરાજમાન હતી.

ચૂંટણીમાં વિજયી થવાથી આનંદ વ્યક્ત કરવા આવેલું સરઘસ શોક–સરઘસ તરીકે સ્મશાનમાં ગયું. અર્ધ રાત્રિના મૌન, શાંત વાતાવરણમાં પૂર્ણિમાના ચંદ્રમાની નીચે વૈગૈ નદીના ઉત્તરીય તટ પર અરવિંદનનું ગરિમાપૂર્ણ જીવન ધરતીમાં વિલીન થઈ ગયું. જ્યોત્સ્નાના કેટલાક ડાઘાને લૂછીને અરવિંદન મારકણું સ્મિત કરતો તેની બિંદીને ભૂંસીને ચાલ્યો ગયો. સુંદર કાંતિયુક્ત પરવાળા સરીખા અધરનું હાસ્ય છીનવીને તેને નીરસ બનાવીને તે ચાલ્યો ગયો. ઉચ્ચ સ્થાને જવા માટે સાથ આપનાર પોતાના અનુપમ સાથીને પૂરણીએ ગુમાવી દીધો.

કેટલાક સપ્તાહ પછી સમાચારપત્રોમાં સમાચાર આવ્યા કે પૂરણી જે બેઠક પરથી ચૂંટાઈ આવી હતી તેનું રાજીનામું આપી દીધું છે. રાજીનામું આપતાં પહેલાં કેટલાય લોકોએ તેને રાજીનામું ન આપવા માટે સમજાવી હતી. પરંતુ તેણે જણાવ્યું હું રાજકારણમાં રહેવા ઇચ્છતી નથી. પરંતુ સમાજના કલ્યાણ અને સંસ્કૃતિના વિકાસમાં હું મારું જીવન સમર્પણ કરવા ઇચ્છું છું. તેની અસ્વીકૃતિથી અન્ય લોકોને આશ્ચર્ય થયું.

કાળ પસાર થાય છે. પચાસ વરસથી વધુ ઉંમરે પણ સ્ફૂર્તિલી કાયા, કાળા કેશ અને દાડમની કળી જેવા સુંદર દાંતવાળી પોતાની ફઈબાને જોઈને

ભત્રીજી તેની કાલીઘેલી ભાષામાં કહે છે - મારી માના તો આ ઉંમરમાં જ દીદીની જેમ દાંત પડી જવાથી અને વાળ પણ પાકીને સફેદ થઈ જવાથી વૃદ્ધા જેવી દેખાય છે. અને તમે તો દેખાવમાં એવાં ને એવાં જ છો !'

તે બાલિકાની આ વાતનો જવાબ આપવાને અસમર્થ પૂરણી બેસી જાય છે. તેનું મન વ્યથાથી ભરાઈ જાય છે. આંખોમાં ઝળહળિયાં આવી જાય છે. જેને માટે હંમેશાં તેનું મન મૂક રુદન કરી રહ્યું છે આજે તેને જ માટે દિલનો બંધ ખૂલી જાય છે અને જોરથી રડી પડે છે. નાદાન ભત્રીજી તેના રુદનનું કારણ ન જાણવાથી ભયભીત થઈને જોઈ રહે છે અને આશ્ચર્યચકિત થઈ જાય છે.

કાળચક્રની દોટમાં બાર વરસ વીતી જાય છે. કોઈ એક મહિલા સંમેલનમાં પૂરણી કોડૈક્કેનાલ આવી છે. સમગ્ર પર્વત પુષ્પોથી વિકસિત છે. સંમેલનની સવારની બેઠક સમાપ્ત થઈ ગઈ છે. બધાંની સાથે પૂરણી પણ સાંજે જળાશયના કિનારે ફરવા આવી છે. નવયુવતીઓ નૌકાવિહાર માટે જાય છે. પૂરણી ત્યાંના રસ્તા પર ફરવા નીકળે છે. ફરતાં ફરતાં એક સ્ટુડિયાના દ્વાર પર કોઈ ચીજને નિર્નિમેષ દૃષ્ટિએ જોતી તે ઊભી રહી જાય છે. તે સ્ટુડિયોની ઘણી તસ્વીરોમાંથી ફક્ત એક તસ્વીર તેને આકર્ષે છે. પહેલાં ક્યારેક વરસો પૂર્વે અરવિંદન અને તેણે સંયુક્ત ફોટો પડાવ્યો હતો, એ જ અહીં મૂકેલો છે કે સ્મરણ ન કરવા યોગ્ય દુઃખદ સ્વપ્ન કોઈએ તેને યાદ કરાવ્યું ન હોય એવી તેને પ્રતીતિ થઈ. ધીરજનો બંધ તૂટવાથી તેનુ મન વ્યથાથી ભરાઈ જાય છે. તે તસ્વીર, તે પર્વતશ્રેણી, ત્યાંનું વાતાવરણ તેની જૂની સ્મૃતિઓને ખોતરે છે. તે પુષ્પો અને ચારે દિશામાં દૃષ્ટિગોચર થતી પર્વતની તળેટીઓના સૌંદર્યનો રસાસ્વાદ કરવાની કલાત્મક દૃષ્ટિને પ્રેરણા આપનાર મનને પ્રદાન કરીને ખુદ ચાલી નીકળનારની સ્મૃતિઓમાં તે તરફડિયાં મારતી ઊભી રહી જાય છે. 'તસ્વીરમાં જીવે છે, વાસ્તવિક જીવનમાં નહિ.' આ વાતનું દુઃખ મનમાં ન સમાવાથી તે ઉછાળો મારે છે. તેને થાય છે કે ક્યાંક ભાગી જઈને પરિણામ સ્વરૂપ હૃદય વિકીર્ણ થઈને વીખરાઈ જાય અને તે મૃત્યુને પસંદ કરે. વિદ્વત્તા, યશ, ગૌરવ, વય આદિ બધાંને ભૂલીને તે એક સામાન્ય, નાદાન, ભલીભોળી બાળકીની જેમ સજળ નેત્રે ઊભી રહે છે. દુઃખની સામે જ્ઞાન અને વિદ્વત્તાની વિસાત જ શી છે ?

કુરિજ્જિ ભગવાનના મંદિરમાં જ્યાં તેણે અરવિંદન સાથે બેસીને વાતો કરી હતી તે જ સ્થળ પર બેસીને ખૂબ રડીને અસહ્ય દુઃખોથી ભારે મનને હલકું કરવા માટે તલસાટ તેને થાય છે. દુનિયાનાં લોકોનાં દુઃખો પ્રત્યે કોઈ ને કોઈ પ્રકારે સહાનુભૂતિ પ્રદર્શિત કરી સદ્‌બુદ્ધિ પ્રદાન કરનારી પોતાની દૃષ્ટિથી, વાતચીતથી, સભ્ય પવિત્ર જીવન જીવતી એક આદર્શ નારી તરીકે સુપ્રસિદ્ધ તે આજે પોતાના હૃદયની વ્યથા શાંત ન થવાથી ભ્રમિત, અનાથની જેમ આશ્ચર્યચકિત ઊભી રહી છે.

ભગવાનના મંદિરની પાસે ટેકરા પર બેસીને પોતાને બીજા લોકો અને પોતે બીજા લોકોને ન જોઈ શકે એવી એકાંત જગાએ બેસીને ધરાઈને પૂરણી મન મૂકીને રડે છે. માનવના નામોનિશાનરહિત તે નિર્જન એકાંતમાં, જ્યાં એક માત્ર પર્વતમાળાઓ જ મૂક પ્રસરી છે તેની વચમાં સંપૂર્ણ દુઃખો, સંપૂર્ણ સહનશીલતા, સંપૂર્ણ ચિંતાઓ અને સંપૂર્ણ વ્યથાઓની એક માત્ર ચિહ્નસ્વરૂપ તે એકાકી બેસીને હૈયાફાટ રડે છે. અને આવા રુદનમાં વર્ણનાતીત વિહ્‌વળતાનો અનુભવ કરે છે.

પાસેના મંદિરમાંથી ઘડિયાળના ટકોરા સંભળાય છે. 'દુઃખથી મુક્ત થઈને અહીં આવો' જાણે ભગવાન જ તેને આહ્‌વાન જ કરી રહ્યા છે. અને તે જાણે સ્વપ્નમાં ઊઠીને ચાલતાં ચાલતાં કાર્તિકેયની સામે જઈને ઊભી રહી જાય છે.

પૂજારી કપૂરની જ્યોતિ કાર્તિકેય સમક્ષ મૂકે છે. પૂરણી પુલકિત થઈ જાય છે. આંખો જુએ છે તે સત્ય છે ? કે જૂઠું છે ? પુનઃ વિસ્ફારિત નેત્રે જુએ છે.

કાર્તિકેયનું મુખ જ જાણે અરવિંદનના મુખ જેવું દૃષ્ટિગોચર થઈ રહ્યું છે. કપૂરની નાની જ્યોતિ જ મોટી જ્યોતિના સ્વરૂપમાં પરિવર્તિત થઈને અરવિંદનના મુખ સ્વરૂપ હસતી નજરે પડે છે. 'દુઃખથી મુક્ત થઈને અહીં આવો..તે હાસ્યનો શો અભિપ્રાય છે ? અરવિંદન ! આપના હાસ્યમાં અમૃતભર્યું છે. અમૃતમાં પ્રાણોને પાલન કરવાની શક્તિ હોય છે' તે વિક્ષિપ્ત સ્થિતિમાં બબડે છે. તે શોકવિહ્‌વલ હૃદયમાં અરવિંદનનું હાસ્ય પ્રકાશસ્વરૂપમાં સર્વત્ર ફેલાઈ જાય છે.

પૂર્વજન્મ ન હોય !

જો પૂર્વજન્મ હોય તો તારું સ્મરણ ન હોય.

ધીરે ધીરે ગાતી તે આંસુઓની અવિરલ ધારાને તે લૂછી લે છે. આંખોથી આંસુઓને અને મનને દુ:ખને લૂછીને તે મસ્તક ઊંચું કરીને જુએ છે તો કાર્તિકેય જ અરવિંદનના સ્વરૂપમાં પરિવર્તિત થઈ હસતાં દૃષ્ટિગોચર થાય છે. કર જોડી નમન કરીને તે પર્વતાવલીના એકાકી સૂના માર્ગેથી નીચે ઊતરતી ચાલી જાય છે. માર્ગમાં બંને તરફ ઢગલાબંધ ખીલેલાં પુષ્પો દૃષ્ટિગોચર થાય છે. સંધ્યાના સમયે પ્રકાશ મંદ થવાથી અંધકારનું સામ્રાજ્ય ફેલાવા માંડે છે. પૂરણી ધીરે ધીરે આગળ ચાલતી જઈ રહી છે. પ્રપંચ રૂપી છોડ પરથી ફરી એક દિવસ ફૂલ કરમાઈને પડી જાય છે.

સ્વપ્ન થયું સાકાર !
કાળ નામનું પુષ્પ છે વિષમાં
વિકસિત થઈ સ્વપ્નકળી
અસહ્ય દૈવીય યાતનાઓથી
જે સંબંધ જોડી, ખરી પડી...!

* * *

આ ઉપસંહાર વાંચતાં પહેલાં વાચકો મારા પર અવશ્ય નારાજ થયા હશે. આ હું બરાબર અનુભવી શકું છું. અરવિંદન જેવી આદર્શ વ્યક્તિને મરવું જોઈતું ન હતું. વાચકો મજબૂત દલીલ કરે છે, દૃઢતાપૂર્વક કહે પણ છે, નારાજ પણ થાય છે. પરંતુ તે બધા વાચકોને નવલકથાકાર એક જ જવાબ આપવા ઇચ્છે છે - અરવિંદન મૃત્યુ પામ્યો નથી. આ પેઢીમાં, આવતી પેઢીમાં, તમિળધરતી પર, સ્નેહ, કરુણા, સભ્યતા, સુંદરતા, આદિ ગુણોથી યુક્ત કોઈ યુવકને-યુવકોને જ્યાં ક્યાંય પણ જુએ તો અરવિંદને જન્મ ધારણ કર્યો છે એમ જ સમજીને નમસ્કાર કરજો, આશીર્વાદ આપજો.

દેશ અને ભાષા અનુરાગી જ્ઞાનપુંજનાં સ્વરૂપમાં ઊભી રુગ્ણ અને દીનદરિદ્રોની વચમાં કરુણા-પ્રકાશને ફેલાવાને સમર્થ ઉચ્ચ જીવનની આંકાંક્ષિણી તિલકસ્વરૂપ નારીને, શ્રેષ્ઠ નારીઓને જ્યાં પણ જુઓ ત્યાં પૂરણીએ જન્મ ધારણ કર્યો છે સમજીને નમસ્કાર કરજો, આશીર્વાદ આપજો, પૂરણી અને અરવિંદન માત્ર કથાનાં પાત્રો નથી. તેઓ તમિળ કુળનાં પુરુષત્વ અને નારીત્વને સમજાવનારાં સુંદર પ્રતીક છે. માનવ માટે વિનાશ સંભવિત છે. તત્ત્વ સ્વરૂપ પ્રતીકોનો વિનાશ ક્યારેય થતો નથી. તેઓ ભૌતિક વિચારોથી

જુદા પડે છે. તેઓ મહાન છે. આ નવલકથામાં પૂરણી મૃત્યુ પામી નથી. તે તો એક અવિનશ્વર શક્તિ છે.

જ્ઞાનના પ્રકાશને પ્રસારિત કરતી તમિળની સેવામાં સો સો વરસોથી પણ વધુ રહીને ઔવૈયારની સમાન દેવી સ્વરૂપમાં પૂરણી જીવી રહી છે. ઉચ્ચ પર્વત પર અનેક વર્ષોમાં એક વાર શ્રેષ્ઠ સ્વરૂપ ધારી વિકસિત થતાં કુરિજ્જિ પુષ્પોની સમાન કાળચક્રના પૂરમાં ક્યારેક એક વાર તેના જેવી નારી જન્મ ધારણ કરે છે. સાહિત્યમાં જેમ કુરિજ્જિ પુષ્પનું મહત્ત્વ છે, એવું જ કાવ્યોમાં અમર રહેનારી નારી છે તે હું તો તેની કથાને ગદ્યમાં કંડારી શક્યો. શું કરું ? અરવિંદન સરીખું મારી પાસે કવિહૃદય નથી.

મારી પૂરણી પોતાના હાથમાં દીપક ધારણ કરીને, સજળ નેત્રે, દયાના પાત્રમાં નર-નારીઓનાં અંધકારમય જીવનમાં પ્રકાશ પ્રસારતી નિરંતર આગળ વધતી જાય, આ માટે તમારી તરફથી તેને શુભ કામનાઓ પાઠવીને આ નવલકથા સમાપ્ત કરું છું. પૂરણી અમર રહો ! અરવિંદન અમર રહો.

'મણિવણ્ણન'

# 'સ્વપ્નસુરખી'ની લાવણ્ય લકીર

પ્રાતઃકાળે નભે રેલાતી ઉષાની સ્નિગ્ધ સુરખી સમી આ નવલકથામાં પ્રેમના લાવણ્યની લકીર છે. 'સાચો પ્રેમ આત્માની અતિ ઉન્નત અવસ્થા છે.' - આ છે આ નવલકથાનો જીવનસંદેશ.

રેશમના કીડા દ્વારા રચાતા કોશેટા જેમ આ કથામાં કથની તો છે ગુલછડી સમોવડી એક કામિનીની. હા, તેનું નામ છે પૂરણી ! તે સમજે છે અને સમજાવે છે પ્રેમ અને વાસના વચ્ચેનો તફાવત. તેથી તો દૈહિક સૌન્દર્ય અને હૃદય-સૌન્દર્ય વચ્ચેનું સંઘર્ષણ સર્જાય છે.

સૃષ્ટિએ જ પુરુષ માટે પ્રકૃતિ અને પ્રકૃતિ માટે પુરુષ સર્જેલ છે. એ બંને વિના એકબીજાનો જીવનવિકાસ પૂર્ણ થતો નથી. પૂરણી અને અરવિંદન આ વિકાસ - સર્જનના સંસ્કારને પરસ્પર અભિવ્યક્ત કરે છે. સ્નેહ અને વિવેકના સમન્વય દ્વારા રચાતા સેતુબંધનું બીજું નામ છે લગ્ન ! કવિવર ન્હાનાલાલે 'જયા-જયંત'માં સ્નેહની જે વિભાવના વ્યક્ત કરી તે જ વિભાવનાને વરેલાં છે પૂરણી અને અરવિંદન !

સુવિખ્યાત લેખક ના. પાર્થસારથિની આ યશસ્વી નવલકથાના કથાવહેણમાં અસ્ખલિત સ્નેહ-સંગીત છે, તરંગમાળાની રમણીયતા છે.